સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૩ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 17
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ચૈત્ર વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૨૭ એપ્રિલ, ૨૦૨૫, (૧૮ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# અમદાવાદ-સુરતમાં ૧,૦૦૦થી વધુ બાંગ્લાદેશી ઘૂસણખોરો ઝડપાયા

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,480/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

**અટકઃ** પહલગામ આતંકવાદી હુમલાને પગલે શનિવારે અમદાવાદમાં હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પોલીસે ૮૦૦ કરતાં વધુ સ્થળાંતરીઓને અટકમાં લીધા હતા. (એજન્સી)



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસે ગેરકાયદેસર રીતે રાજ્યમાં વસવાટ કરનારા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન હાથ ધર્યું છે. આ અભિયાન અંતર્ગત એક જ રાત્રિમાં અમદાવાદ પોલીસે ૮૯૦ અને સુરત પોલીસે ૧૩૪ ગેરકાયદે બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા.

સુરત પોલીસ કમિશનરની કચેરી ખાતેથી ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ રાજ્યના તમામ જિલ્લાના પોલીસ વડાઓ, રેન્જ વડા અને લો એન્ડ ઓર્ડર તેમજ આઈ.બીના ઉચ્ચ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને આ અભિયાનને વધુ સઘન બનાવવા અને બાંગ્લાદેશીઓની તમામ ગતિવિધિઓ અંગે બારીક તપાસ કરીને કડક કાર્યવાહીના નિર્દેશ આપ્યા

(જુઓ પાનું ૨) ▸▸




## ભારત પાણી રોકશે તો... બિલાવલ ભુત્તોની શેખી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ના અધ્યક્ષ બિલાવલ ભુત્તો - ઝરદારીએ જણાવ્યું હતું કે ભારત જો નદીઓનું પાણી પાકિસ્તાનમાં આવતું રોકશે, તો લોહીની નદી વહેશે.

પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ પ્રધાને પોતાના મૂળ વતન સિંધ પ્રાંતમાંના સુક્કુર વિસ્તારમાં જાહેરસભાને સંબોધતા જણાવ્યું હતું કે સિંધુ નદી આપણી છે અને રહેશે, પછી ભલે તેમાં પાણી વહેતું હોય કે લોહી.

બિલાવલ ભુત્તોએ જણાવ્યું હતું કે સિંધુ નદી પાકિસ્તાનના સિંધ પ્રાંતમાં મોહેંજો-દડો ખાતેથી વહે છે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ વર્ષો જૂની સંસ્કૃતિ પોતાના દેશની ધરોહર હોવાનું કહે છે, પરંતુ મોહેંજો-દડો લરકાનામાં આવેલું છે.

આ બધું પાકિસ્તાનમાં જ છે અને (જુઓ પાનું ૨) ▸▸

## લશ્કરી કાર્યવાહીનું સીધું પ્રસારણ નહિ કરવા સમાચાર ચેનલોને આદેશ

નવી દિલ્હીઃ દેશના માહિતી અને પ્રસારણ મંત્રાલયે ન્યૂસ મીડિયા ચેનલોને સંરક્ષણને લગતી કાર્યવાહી અને સુરક્ષા દળોની હિલચાલનું સીધું (જીવંત) પ્રસારણ નહિ કરવાનો આદેશ આપ્યો હતો. તેણે બહાર પાડેલા આદેશમાં જણાવ્યું હતું કે સમાચારની ચેનલો, સોશિયલ મીડિયા, ન્યૂસ એજન્સીઓ સહિતના દરેક મીડિયા પ્લેટફોર્મ પર લશ્કરી કાર્યવાહીને લગતા સમાચારનું સીધું પ્રસારણ કરવાથી તેની માહિતી દુશ્મનોને તુરત મળી જાય છે અને તેની માઠી અસર દેશના સૈન્યને થઇ શકે છે. લશ્કરની કાર્યવાહીને લગતી માહિતી સંવેદનશીલ ગણાય અને તે જાહેર કરવાથી જવાનોની સલામતી સામે જોખમ ઊભું થઇ શકે છે. અગાઉ, પાકિસ્તાન સાથે થયેલા કારગિલ યુદ્ધ, મુંબઈ પર ૨૦૦૮માં થયેલા ત્રાસવાદી હુમલા અને કંદહાર ખાતે વિમાનના અપહરણની ઘટનાનું ટીવી ચેનલો પર સીધું પ્રસારણ કરવાથી શત્રુઓને તેની દરેક માહિતી જલદી મળતી હતી અને તેની ખરાબ અસર સુરક્ષા દળોની કાર્યવાહી તેમ જ જવાનોની સલામતી પર થતી હતી. ■

## કાશ્મીરમાં છ આતંકવાદીના ઘર આઈઈડીથી ધ્વસ્ત

*સુરેશ એસ. ડુગ્ગર*

જમ્મુઃ કાશ્મીરમાં આતંકવાદીઓના ઘરોને નષ્ટ કરવા બુલડોઝરને બદલે આઈઈડીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. પહલગામ નરસંહારને પગલે ઉશ્કેરાયેલા સુરક્ષા દળે દક્ષિણ કાશ્મીરના ત્રણ જિલ્લામાં લશ્કરે તૈયબાના આતંકવાદીઓના ચાર ઘર ધ્વસ્ત કરી દીધાં હતાં. ૨૪ કલાકમાં આ રીતે છ આતંકવાદીના છ ઘરને નેસ્તનાબૂદ કરી દેવામાં (જુઓ પાનું ૨) ▸▸

Khojeste Noshir Bharucha
9987289154/8454041176/9967846353
KNB TOURS

JAPAN
13 Days
23 MAY - 4 JUNE 2025
INR 480000/-
TOKYO - HAKONE - NAGANO - GIFU - NAGOYA - KYOTO - OASAKA
HIGHLIGHTS - ALL INCLUSIVE - RETURN ECONOMY CLASS AIRFARE - ACCOMMODATION IN 4 STAR HOTELS - ALL MEALS - ALL TRANSFERS - 40 SIGHTSEEING ATTRACTIONS - GST - TCS - TIPS - INSURANCE - VISAS - 2 TIMES BULLET TRAIN RIDES

BHUTAN
9 Days
11 OCT - 19 OCT 2025
INR 105000/-
PHUENTSHOLING - PARO - THIMPHU - PUNAKHA
All Inclusive - Return Airfares - Accommodation for 8 nights - All meals - All Sightseeing and Transfers - GST - Insurance - SDF Charges - Local Guide Charges
ATTRACTIONS - Zangto Pelri Lhakhang - Zangto Pelri Park - Chukha Dam Top View - Kuensel Phograng - National Memorial Chorten - Folk Heritage Museum - Takin Preserve Centre - Tashichho Dzong - Changlimthang Stadium and Archery Ground - Textile Museum - National Library - King Palace View Point - Dochu La Pass - Punakha Dzong - Chhimi Lakhang - Suspension Bridge - Royal Botanical Park - Tiger Nest View Point - Chela La Pass - Haa Valley - Paro Dzong - Much More

COASTAL AGIARIES
2nd Aug - 3rd Aug 2025 (2 Days)
Daepdin and Din Roj - Asfandarmad Mahino
ALL INCLUSIVE WITH TRANSFERS IN ZUBIN ROYAL FLEET AC COACH
INR 6700/-

AZERBAIJAN
12th Sept - 18th Sept 2025
INR 135000/-
BAKU GABALA SHAHDAG
ATTRACTIONS - Baku City Tour - Gabala Cable Car - Shahdag Gondola Lift - Fire Temple - Fire Mountain - Gobustan Museum - Mud Volcano - Maiden Tower - Funicular Ride - Venice Boat Ride - Haider Ali Museum - Alpaca Farm
All Inclusive - Return Airfares - Visas - Insurance - GST - TCS - Accommodation in 4 and 5 star hotels - All Meals - All Sightseeing - All Transfers



## સાપ્તાહિક ભવિષ્ય – પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૨૭–૪–૨૦૨૫ થી તા. ૩–૫–૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં મેષ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગીમંગળ સમગતિએ કર્ક રાશિમાં ભ્રમણ કરે છે. શીઘ્ર ગતિએ બુધ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. ગુરુ વૃષભ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મીન રાશિમાં મધ્યમ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં મંદ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. રાહુ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મેષ રાશિમાં રહે છે. તા. ૨૯મીએ વૃષભમાં, તા. ૧લીએ મિથુનમાં, તા. ૩જીએ કર્કમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના દૈનિક સાપ્તાહિક વેપારમાં લાભ થાય. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૧ શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. હસ્તગત કામકાજમાં પરિવર્તનો પણ જણાય છે. અકારણ નાણાં ખર્ચ જણાય છે. પ્રવાસમાં સગવડતા સચવાશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે અનુકૂળ તકો પ્રાપ્ત થાય.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણ માટે ગોચરગ્રહ ફળ શુભ છે તથા લે–વેંચનો વેપાર પણ લાભદાયી થશે. રાજકારણમાં સાવધાની રાખવી જરૂરી છે. નવા કામકાજનો પ્રારંભ થશે. નાણાંની આવક જળવાઈ રહેશે. પરિવારની વડીલ વ્યક્તિનો સહયોગ પ્રાપ્ત કરશો. મહિલાઓને તીર્થપ્રવાસ, ધાર્મિક પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને શિક્ષકનું માર્ગદર્શન પ્રાપ્ત થશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબના નવા નાણાં રોકાણના સાધનો પ્રાપ્ત કરશો. જૂનાં નાણાં રોકાણમાંથી પણ નાણાં મેળવશો. નોકરીના કામકાજ પ્રવાસ દ્વારા પૂર્ણ થશે. કાર્યક્ષેત્રે જૂના કામકાજ સંપન્ન થઈ શકશે. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થાય. નોકરીમાં નિયમિતતા દાખવી શકશો. પ્રવાસમાં સગવડતાઓ સચવાશે. વિદ્યાર્થીઓને સહઅધ્યાયીઓનો સહયોગ પ્રાપ્ત થાય.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા વધુ દૃઢ બનશે. જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. તેજીના વેપાર માટે તા. ૨૮, ૨૯, બીજી શુભ જણાય છે. સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં યશસ્વીપણું અનુભવશો. કાર્યક્ષેત્રે મદદનીશ મેળવશો. મહિલાઓનું નોકરીના ક્ષેત્રે વર્ચસ્વ વધશે. મહિલાઓને પરિવારજનોમાં સંપનો અનુભવ થાય. વિદ્યાર્થીઓના મિત્રો સાથેના બગડેલા વ્યવહારોનો ઉકેલ આવશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. દૈનિક સાપ્તાહિક વેપાર માટે પણ ગોચરફળ શુભ નથી. પરંતુ અનુભવ અને કાર્યક્ષમતા મુજબ લાંબા સમયના નાણાં રોકાણ માટેનો નિર્ણય લઈ શકશો. નોકરી માટે તા. ૨૮, ૩૦, ૨ શુભ જણાય છે. મહિલાઓનો તા. ૧લીનો પ્રવાસ સફળ પુરવાર થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અભ્યાસ માટે અનુકૂળતાઓ જણાશે. કઠીન અભ્યાસમાં અનુકૂળતા જણાશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. નોકરીના ધાર્યા મુજબના કામકાજ આ સપ્તાહમાં સમયાનુસાર પૂર્ણ કરી શકશો. ભાગીદાર તથા વ્યવસાયના મિત્રો ઉપયોગી થશે. કાર્યક્ષેત્રે ઉત્સાહ અને આત્મવિશ્વાસ નિર્માણ થશે. નાણાં વ્યવસ્થા સુનિશ્ચિત બની રહેશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના કઠીન અભ્યાસ સરળ બનતા જણાશે. મહિલાઓને નોકરીના ક્ષેત્રે નિયમિતતાનો અનુભવ થશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨, ૩ સાનુકૂળ જણાય છે. નોકરીના છૂપા હરીફોની ઓળખ થાય. કાર્યક્ષેત્રે નાણાં આવકની વૃદ્ધિ થશે. કામકાજ માટે જરૂરી સાધનો મેળવી શકશો. પરિવર્તનો અપનાવી શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિના કામકાજમાં મદદરૂપ થવાની અપેક્ષા પૂર્ણ થતી જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નબળા વિષયમાં માર્ગદર્શન મળવાથી આત્મવિશ્વાસ દૃઢ થતો જણાશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં યશ માનવૃદ્ધિ કાર્યક્ષમતા ઈત્યાદિનો અનુભવ કરશો. જૂનાં અનુભવ અને અનુકૂળતાઓ પૂર્ણ ઉપયોગ કરી લાંબા સમયના નાણાં રોકાણની તકને ઝડપી શકશો. નોકરીમાં તા. ૨૭, ૨૮, ૩૦ અને ૩ શુભ જણાય છે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. પરિવારજનો કારોબારમાં ઉપયોગી થશે. નાણાંની પ્રવાહીતા જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનના અધ્યયનની જવાબદારીમાં સરળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં લાંબા સમયના રોકાણની તક મેળવશો. લે–વેંચના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે તા. ૨૯, ૩૦, ૨ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરો અને ઉપરી અધિકારીની મદદ, માનપાન મેળવશો. કારોબાર માટે સગવડતાનાં સાધનો મેળવશો. વાહનના કામકાજ સફળ બનશે. મહિલાઓને કાર્યક્ષેત્રે યશસ્વીપણું અનુભવાશે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં સાવધાની દાખવવી જરૂરી છે. દૈનિક સાપ્તાહિક વેપારમાં બેધ્યાનપણું આવે તેમ છે. જોખમો ટાળવા જરૂરી છે. નોકરી માટે લાંબા અંતરનો પ્રવાસ જણાય છે. તા. ૨૯, ૧, બીજીએ સંતાન પરિવારના કામકાજમાં ઉપયોગી થશે. મિત્રોમાં નાણાં વ્યવહાર સફળતાથી પૂર્ણ કરી શકશો. સામાજિક, રાજકારણની પ્રવૃત્તિઓમાં ગેરસમજણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ પૂર્ણ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નિત્ય વાંચન, અભ્યાસમાં સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વેપારની આવકમાં વૃદ્ધિ થશે. બ્રોકરેજના કામકાજમાં સરળતા અને સફળતા જણાશે. સારા ક્લાયન્ટ મેળવશો. નોકરી માટે તા. ૨૭, ૨૮, ૨, ૩ શુભ પુરવાર થશે. નોકરીના સહકાર્યકરોમાં વિવાદનો ઉકેલ આવશે. નાણાં આવકનાં સાધનોની વૃદ્ધિ થશે. બચત થઈ શકશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે સાનુકૂળતાઓ જણાશે. મહિલાઓના સ્વાસ્થ્ય જળવાશે. વિદ્યાર્થીઓના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂની કાર્યપદ્ધતિમાં પરિવર્તનો લાવશો. વેપારની આવક વધશે. નાણાંરોકાણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૨૯, ૩૦, ૨માં સહકાર્યકરોમાં મતભેદ દૂર થતો દર્શાવે છે. વ્યવહારિકપણે જૂના મતભેદોનો ઉકેલ લાવી શકશો. કોર્પોરેટ કંપનીથી લાભ થશે. નાણાં આવકમાં વૃદ્ધિ થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં સરળતા આવેલી જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસ સુગમ સરળ થતાં જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મઋતુ,

### રવિવાર, તા. ૨૭–૪–૨૦૨૫, દર્શ અમાવસ્યા, અન્વાધાન

ભારતીય દિનાંક ૭, માહે વૈશાખ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ – ૩૦
જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ–૩૦
પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર,
માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૧૬મો મેહેર,
માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૮મો દએપઆદર,
માહે ૨જો અર્દીબહેશ્ત,સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૮મો,
માહે ૧૦મો શવ્વાલ,
સને ૧૪૪૬, મીસરી રોજ ૨૯મો,
માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૪–૩૫ સુધી (તા. ૨૮), પછી ભરણી
ચંદ્ર મેષમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૩, સ્ટા. ટા.
–ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
ભરતીઃ સવારે ક. ૧૧–૪૩, રાત્રે ક. ૨૩–૩૫
ઓટઃ સાંજે ક. ૧૭–૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૪૮ (તા. ૨૮)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭ 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – અમાવસ્યા. દર્શ અમાવસ્યા, અન્વાધાન, સૂર્ય ભરણીમાં રાત્રે ક. ૧૯–૧૧.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ તીર્થમાં તર્પણ શ્રાદ્ધ, ગંગા, ગોદાવરી, નર્મદા, કાવેરી, કૃષ્ણા, સરયુ આદિમાં નદી તીર્થસ્નાન, વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્તિ, અપૂજ શિવમંદિર, વન–વગડા, જંગલ, પહાડ, જ્યોર્તિલિંગ આદિમાં સંકલ્પ સિદ્ધિ માટેના મંત્ર અનુષ્ઠાન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, સૂર્ય–કેતુ ગ્રહ દેવતાનું પૂજન, ગાયત્રી જાપ હવન.
આચમનઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ કજિયાખોર, ચંદ્ર–સૂર્ય યુતિ સ્વભાવમાં એકલતાપણું આવે.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–મંગળ ચતુષ્કોણ, ચંદ્ર–સૂર્ય યુતિ (ચૈત્રી અમાસ યોગ) (તા. ૨૮)
ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, માર્ગી મંગળ–કર્ક, માર્ગી બુધ–મીન, માર્ગી ગુરુ–વૃષભ, માર્ગી શુક્ર–મીન, માર્ગી શનિ–મીન, રાહુ–મીન, કેતુ–કન્યા, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૨૭–૪–૨૦૨૫ થી તા. ૩–૫–૨૦૨૫

રવિવાર, ચૈત્ર વદ–૩૦, વિ. સં. ૨૦૮૧, તા. ૨૭મી એપ્રિલ, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર અશ્વિની મધ્યરાત્રિ પછી ક. ૨૪–૩૫ સુધી (તા. ૨૮), પછી ભરણી. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા, અન્વાધાન, સૂર્ય ભરણીમાં રાત્રે ક. ૧૯–૧૧. લગ્ન. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, વૈશાખ સુદ–૧, તા. ૨૮મી નક્ષત્ર ભરણી રાત્રે ક. ૨૧–૩૭ સુધી પછી કૃત્તિકા. ચંદ્ર મેષમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૫૩ સુધી (તા. ૨૯), પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, દેવદામોદર તિથિ (આસામ). સામાન્ય દિવસ.

મંગળવાર, વૈશાખ સુદ–૨, તા. ૨૯મી એપ્રિલ, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૧૮–૪૬ સુધી, પછી રોહિણી. ચંદ્ર વૃષભ રાશિ પર જન્માક્ષર. ચંદ્રદર્શન, મું. ૪૫, સમર્ઘ, દક્ષિણ શૃંગોન્નતિ ૧૩ અંશ, પરશુરામ જયંતી. લગ્ન શુભ દિવસ.

બુધવાર, વૈશાખ સુદ–૩, તા. ૩૦મી, નક્ષત્ર રોહિણી સાંજે ક. ૧૮–૧૭ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૧૪ (તા. ૧), પછી મિથુન રાશિ પર જન્માક્ષર. અક્ષયતૃતિયા, શ્રી બશ્વેશ્વર જયંતી, બદ્રીકેદાર યાત્રા, કલ્પાદિ, ત્રેતાયુગાદિ, વિનાયક ચતુર્થી, મુસ્લિમ ૧૧મો જિલ્કાદ માસ પ્રારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ૨૪–૪૫. લગ્ન, વાસ્તુકળશ ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ સુદ–૪, તા. ૧લી, નક્ષત્ર મૃગશીર્ષ બપોરે ક. ૧૪–૨૦ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. મહારાષ્ટ્ર – ગુજરાત દિન, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧–૨૫. લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, ઉપનયન, સર્વદેવ પ્રતિષ્ઠા, (બપોરે ક. ૨–૨૦ પછી શુભ.)

શુક્રવાર, વૈશાખ સુદ–૫, તા. ૨જી, નક્ષત્ર આર્દ્રા બપોરે ક. ૧૩–૦૩ સુધી, પછી પુનર્વસુ. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. શ્રી આદ્યશંકરાચાર્ય જયંતી, શ્રી રામાનુજાચાર્ય જયંતી (દક્ષિણ ભારત). વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, ઉપનયન, શુભ દિવસ.

શનિવાર, વૈશાખ સુદ–૬, તા. ૩જી, નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૨–૩૩ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૬–૩૬ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ચંદન છઠ્ઠ (બંગાલ), ગંગોત્પતિ, ગંગાપૂજન, ગંગા સપ્તમી. ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા, શુભ દિવસ. ■

## પહલગામ હુમલો

# તટસ્થ અને પારદર્શી તપાસમાં સાથ આપવાનો પાકિસ્તાનનો પ્રસ્તાવ

ઈસ્લામાબાદઃ નિર્દોષ ૨૮ જણનો ભોગ લેનારાં પહલગામ આતંકવાદી હુમલાને મામલે તટસ્થ અને પારદર્શી તપાસમાં સાથ આપવાનો પાકિસ્તાને શનિવારે પ્રસ્તાવ મૂક્યો હતો.

તાજેતરમાં જ પહલગામ આતંકવાદી હુમલાને પગલે સર્જાયેલી કરુણાંતિકા ફરી દોષારોપણની રમતનું દૃષ્ટાંત બની ગઈ છે જે અટકવી જોઈએ.

જવાબદાર દેશ તરીકેની ભૂમિકા નિભાવવા પાકિસ્તાન પહલગામ આતંકવાદી હુમલાને મામલે તટસ્થ, પારદર્શી અને વિશ્વસનીય તપાસમાં સાથ આપવા તૈયાર હોવાનું વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું હતું.

ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળકરાર રદ કર્યા હોવા અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે નદીના પાણીના પ્રવાહને રોકવાના, ઘટાડવાના કે અન્યત્ર વાળવાના ભારતના કોઈપણ પ્રયાસનો પૂરી તાકાતથી જવાબ આપવામાં આવશે.

પાકિસ્તાનના હિસ્સાનું પાણી ભારત રોકશે તો તેના જવાબમાં પાકિસ્તાન કોઈ પણ વિકલ્પ અપનાવશે એવી ધમકી તેમણે આપી હતી.

પાણી અમારી જીવાદોરી તેમ જ રાષ્ટ્રીય હિત છે અને કોઈપણ પરિસ્થિતિમાં કોઈપણ કિંમતે અમે તેનું રક્ષણ કરીશું, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાનની એક એક ઈંચ જમીન બચાવવા પ્રત્યેક દેશવાસી પાકિસ્તાની સેનાની પડખે છે. અમારી બહાદુર સેના સક્ષમ છે અને દેશના સાર્વભૌમત્વ તેમ જ પ્રાદેશિક સુરક્ષા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે, એમ તેમણે કહ્યું હતું.

અમારી સેના શૌર્ય, દૃષ્ટાંતરૂપ શિસ્ત અને પ્રતિબદ્ધતાનું પ્રતીક છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે શાંતિ અમારી પ્રાથમિકતા છે, પરંતુ તેને અમારી નબળાઈ માની ન લેવી.

દેશની સુરક્ષા અને ગૌરવ સાથે અમે ક્યારેય સમાધાન નહીં કરીએ, એમ તેમણે કહ્યું હતું.

પાકિસ્તાને હંમેશાં તમામ પ્રકારના આતંકવાદને વખોડ્યો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આતંકવાદને કારણે અમે ૯૦,૦૦૦ કરતાં વધુ લોકોને ગુમાવ્યા છે અને ૬૦૦ અબજ ડૉલર કરતાં પણ વધુનું આર્થિક નુકસાન વેઠ્યું છે. કોઈપણ પ્રકારના આતંકવાદને સહન ન કરી લેવા અમે પ્રતિબદ્ધ છીએ, એમ તેમણે કહ્યું હતું.

કોઈપણ પ્રકારના પુરાવા વિના ભારત પાકિસ્તાન પર સતત પાયાવિહોણા આક્ષેપો કરી રહ્યું છે એ ખરેખર ખેદજનક બાબત છે, એમ તેમણે કહ્યું હતું.

મોહમ્મદ અલી ઝીણાએ કાશ્મીરને પાકિસ્તાનની ધોરી નસ લેખાવી હતી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્રસંઘના ઠરાવ છતાં કાશ્મીરનો મુદ્દો વિવાદાસ્પદ અને વણઉકેલ્યો રહ્યો છે.

સ્વતંત્ર કાશ્મીરની કાશ્મીરીઓની ઝુંબેશને પાકિસ્તાન ટેકો આપતું રહેશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## ભારતે ઝેલમ નદીમાં અચાનક પાણી છોડતા પીઓકેમાં પૂર

### મુઝફ્ફરાબાદમાં ઈમર્જન્સી જાહેર કરાઈ

ઇસ્લામાબાદઃ ઝેલમ નદીમાં જળ સપાટી અચાનક વધી જતાં પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)માં પૂર આવ્યું હતું અને મુઝફ્ફરાબાદમાં આ પૂરને લીધે 'અલર્ટ' અને 'ઇમર્જન્સી' જાહેર કરાઇ હતી.

ભારતે અગાઉ જાણ કર્યા વિના ઝેલમ નદીમાં પાણી છોડતા પીઓકેમાં પૂર આવ્યું હોવાનું કહેવાય છે.

પીઓકેમાંના હટ્ટિયન બાલામાં 'પાણીને લગતી કટોકટી' જાહેર કરાઇ હતી. સ્થાનિક મસ્જિદોમાંથી આ સંબંધમાં જાહેરાત કરતા નદીના કિનારે રહેતા લોકોમાં ભય ફેલાયો હતો.

ભારતના અનંતનાગમાંથી પાણી મોટા પ્રમાણમાં ઝેલમ નદીમાં અચાનક આવવાનું શરૂ થયું હતું અને ચકોઠી વિસ્તારમાંથી જળસપાટી વધવા લાગી હતી.

હટ્ટિયન બાલા, ઘારી દુપટ્ટા, માજોઇ અને મુઝફ્ફરાબાદમાં નદીની જળસપાટીમાં ઓચિંતો ભારે વધારો થતાં સ્થાનિક વહીવટીતંત્ર ચિંતામાં મુકાઇ ગયું છે. અગાઉ, ભારતે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પર્યટકો સહિત કુલ ૨૮ લોકોની ત્રાસવાદીઓએ કરેલી હત્યાના વિરોધમાં સિંધુ જળ કરાર રદ કરવાની જાહેરાત કરી હતી. ■

## ભારત–પાકિસ્તાન જાતે જ તંગદિલી હળવી કરશેઃ ટ્રમ્પ

ન્યૂ યોર્કઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ભારત અને પાકિસ્તાનની વચ્ચે હંમેશાં તંગદિલી હોય છે અને આ બન્ને પાડોશી દેશો 'એક કે બીજી રીતે' હાલની સમસ્યા ઉકેલશે. તેમણે ઍર ફોર્સ વનના વિમાનમાં રોમ જવા રવાના થતાં પહેલાં જણાવ્યું હતું કે હું ભારત અને પાકિસ્તાનની સાથે ઘણાં સારા સંબંધ ધરાવું છું. આ બન્ને દેશ વર્ષોથી કાશ્મીર માટે લડ્યા કરે છે. તેઓની સરહદે તંગદિલી રહે છે, પણ તેઓ આ સમસ્યા ગમે તે રીતે ઉકેલશે.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પર્યટકો સહિત ૨૮ની હત્યાને પગલે ભારતે પાકિસ્તાન સાથેના સિંધુ જળ કરાર સ્થગિત કરવાની, ભારતમાંના પાકિસ્તાનના નાગરિકોનો દેશનિકાલ કરવાની અને તેઓને વિઝા નહિ આપવાની તેમ જ સરહદ બંધ કરવાની જાહેરાત કરી હતી.

પ્રતિબંધિત પાકિસ્તાનના લશ્કરે તૈયબાની સાથે સંબંધ ધરાવતા હોવાનું કહેવાતા રેઝિસ્ટન્સ ફ્રંટે પર્યટકો પરના ત્રાસવાદી હુમલાની જવાબદારી લીધી હતી. પાકિસ્તાને ભારત સાથેનો દરેક પ્રકારનો વેપાર બંધ કરવાની અને પોતાની હવાઇસીમા (ઍર સ્પેસ) ભારતીય વિમાનો માટે બંધ કરવાની જાહેરાત કરી હતી. ઇસ્લામાબાદે પણ ભારતીયોના વિઝા રદ કરવાનો નિર્ણય લીધો હતો. (એજન્સી) ■

## પાંચ વર્ષ બાદ જૂનથી કૈલાશ માનસરોવર યાત્રા શરૂ થશે

નવી દિલ્હી : ભારત અને ચીને સંબંધો સામાન્ય બનાવવાના ભાગરૂપે કૈલાશ માનસરોવર યાત્રા જૂનથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. પૂર્વ લદાખની સરહદ પર લશ્કરના જવાનો વચ્ચે થયેલી ઝપાઝપી બાદ બન્ને દેશના સંબંધોમાં ઓટ આવી હતી. પાંચ વર્ષના ગાળા બાદ યાત્રા શરૂ થશે.

વિદેશ મંત્રાલયે શનિવારે કહ્યું હતું કે યાત્રા જૂનથી ઓગસ્ટ બે રૂટ પર –ઉત્તરાખંડના લિપુલેખ પાસથી અને સિક્કિમના નથુ લાથી શરૂ થશે. ચીનના તિબેટના સ્વાયત્ત વિસ્તારમાં આવેલા માઉન્ટ કૈલાશ અને માનસરોવર તળાવનું હિન્દુઓ, જૈનો અને બૌદ્ધો માટે ધાર્મિક મહત્ત્વ છે. વિદેશ મંત્રાલયે માહિતી આપી હતી કે વિદેશ મંત્રાલયે યોજેલી કૈલાશ માનસરોવરની યાત્રા જૂનથી ઓગસ્ટમાં યોજાશે. કોરોના–૧૯ મહામારી અને પૂર્વલદાખની અંકુશરેખા પર થયેલી ભારત અને ચીનના સૈનિકો વચ્ચેની ઝપાઝપીને પગલે આ યાત્રા મોકૂફ રાખવામાં આવી હતી.

ગયા વર્ષે ૨૧ ઓક્ટોબરના કરાર પછી ભારત અને ચીનના લશ્કરે ઘર્ષણના સ્થળોએ દળો હટાવવાનું શરૂ કર્યું હતું. બે દિવસ બાદ વડા પધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગવચ્ચે થયેલી વાતચીતમાં બન્ને પક્ષોએ દ્વિપક્ષીય વાતચીતની યંત્રણા ચાલુ કરવા સંમત થયા હતા. મોદી–પિંગની વાતચીત બાદ બન્ને પક્ષો વચ્ચે અનેક બેઠકો થઈ હતી જેનો હેતુ સંબંધો સામાન્ય બનાવાનો છે.

જાન્યુઆરીમાં વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ તેમના સમકક્ષ સુન વૈડોન્ગ સાથે વાતચીત કરી હતી.

આ બેઠકમાં બન્ને પક્ષો કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાનો અને સંબંધો સ્થિર બનાવવા અને તેનું નવઘડતર કરવા જનકેન્દ્રિત પગલાં લેવા સંમત થયા હતા. વિદેશ મંત્રાલયે યાદીમાં કહ્યું છે કે આ વર્ષે ૫૦ યાત્રીની પાંચ ટુકડી ઉત્તરાખંડ રાજ્યથી લિપુલેખ પાસ પસાર કરીને યાત્રા કરશે. એ જ પ્રમાણે ૫૦ યાત્રીના એક એમ દસ બેચ સિક્કિમના નથુ લા પાસને ઓળંગીને યાત્રા કરશે. યાત્રાની અરજી સરકારી વેબસાઈટ પર સુપરત કરી શકાશે. ■

## લંડનમાં ભારતીય અને પાકિસ્તાની પ્રદર્શનકર્તા આમનેસામને

લંડનઃ પહલગામ આતંકવાદી હુમલાનો લંડનમાં પણ વિરોધ કરવામાં આવી રહ્યો છે. પાક પ્રેરિત આતંકવાદના વિરોધમાં શુક્રવારે કરવામાં આવેલા વિરોધપ્રદર્શન દરમિયાન ભારતીય અને પાકિસ્તાની પ્રદર્શનકર્તા આમનેસામને આવી ગયા હતા. પાકિસ્તાનની એલચી કચેરીની સામે બંને સમુદાયના લોકો આમનેસામને આવી ગયા હતા. પાકિસ્તાનના દૂતાવાસના અધિકારીઓ ભારતીય સમુદાયના લોકો સામે ધમકીભરી નજરે જોઈ રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.

સોશિયલ મીડિયા પર પૉસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં પાકિસ્તાની અધિકારીઓ એલચી કચેરીની બારીમાંથી ભારતીય સમુદાયના લોકોને ટોણાં મારી રહ્યા હોવાનું જોવા મળ્યું હતું.

ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારતીય હવાઈ દળના પાઈલટને બાનમાં રાખ્યો હોવાના ઉલ્લેખ કરતા અને અભિનંદન વર્ધમાનની તસવીર ધરાવતા પૉસ્ટર પર 'ચાય ઈઝ ફેન્ટાસ્ટિક' તેમ જ 'પાકિસ્તાન સ્ટેન્ડ્સ વીથ કાશ્મીરીસ' જેવાં સૂત્રો લખેલાં હતાં અને ભારતીય સમુદાયના લોકો સામે તેઓ ગળું કાપવાની ધમકી આપતા હોય તેવા હાવભાવ સાથે નજરે પડ્યા હતા.

કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે પોલીસ અધિકારીઓ બંને સમુદાયની વચ્ચે લાઈનબંધ ઊભા રહી ગયા હતા. ■

## અત્યાચારીઓને રોકવા ધર્મ છેઃ મોહન ભાગવતે મોદી સરકારને અપાવી કર્તવ્યની યાદ

નવી દિલ્હીઃ 'ધ હિન્દુ મેનિફેસ્ટો' નામના પુસ્તકનું વિમોચન કરતાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે કહ્યું હતું કે ભારત ક્યારેય પડોશી દેશને હાનિ નથી પહોંચાડતો, પરંતુ જો કોઈ દેશ કે જૂથ ખોટો રસ્તો અપનાવીને અત્યાચાર કરે તો પ્રજાની રક્ષા કરવી એ રાજાનું કર્તવ્ય છે.

અત્યાચારીઓને રોકવા એ ધર્મ છે એમ જણાવી મોહન ભાગવતે મોદી સરકારને કર્તવ્યની યાદ અપાવી હતી. પહલગામ આતંકવાદી હુમલા બાદ સંપૂર્ણ દેશ રોષમાં છે. પ્રત્યેક ભારતીય આ મામલે પાકિસ્તાન સામે બદલો લેવામાં આવે એવી માગણી કરી રહ્યા છે. ભાગવતે કહ્યું હતું કે અહિંસા આપણો ધર્મ છે, પરંતુ અત્યાચારીઓને શિક્ષા કરવી એ પણ રાજાનું કર્તવ્ય છે. અહીં રાજાનો મતલબ સરકાર છે. રાવણના વધનું દૃષ્ટાંત આપતાં તેમણે કહ્યું હતું કે ભગવાન રામે રાવણનો વધ કર્યો, પરંતુ તે હિંસા નહોતી કેમ કે જનકલ્યાણ માટે રાવણનો વધ કરવામાં આવ્યો હતો. ■

પહેલા પાનાનું ચાલુ

### અમદાવાદ–સુરતમાં

હતા. બીજી તરફ અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે પત્રકાર પરિષદ યોજી આ અભિયાનની વિસ્તૃત વિગતો આપી હતી.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, બનાવટી દસ્તાવેજો બનાવનારા બંગાળના ગુનાહિત નેટવર્કની તપાસ ચાલુ છે. ઝડપાયેલા બાંગ્લાદેશીઓને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના મૂળ દેશ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે. આ અભિયાન રાજ્યમાં ગેરકાયદેસર ઘૂસણખોરી અને ગુનાહિત પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પગલું છે, અને ગુજરાત પોલીસ આગામી દિવસોમાં આવી કામગીરીને વધુ તીવ્ર બનાવશે.

હર્ષ સંઘવીએ ગેરકાયદેસર વસવાટ કરનારા બાંગ્લાદેશીઓને બે દિવસમાં સ્વૈચ્છિક રીતે પોલીસ સ્ટેશનમાં સરેન્ડર થવા ચેતવણી આપી હતી, નહીં તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ગેરકાયદેસર ઘૂસણખોરોને આશરો આપનારાઓ સામે પણ કડક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શુક્રવાર રાતથી જ ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં અમદાવાદમાં ૮૯૦ અને સુરતમાં ૧૩૪ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ ઝડપાયા હતા. આ બાંગ્લાદેશીઓ પૈકી મોટાભાગના લોકો બંગાળમાંથી બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરી ગુજરાત સહિત ભારતનાં વિવિધ રાજ્યોમાં વસવાટ કરતા હતા. તે અંગે બારીક તપાસ જોઈન્ટ ઇન્ટ્રોગેશન સેન્ટર ખાતે ચલાવવામાં આવી રહી છે. આ બાંગ્લાદેશીઓ ડ્રગ્સ, હ્યુમન ટ્રાફિકિંગ અને અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું છે. ■

### કાશ્મીરમાં

આવ્યા હતા. આ આતંકવાદીઓ પહલગામ હુમલામાં સંડોવાયેલા હોવાની શંકા છે. સત્તાવાર સૂત્રોના

જણાવ્યાનુસાર મુરાન પુલવામાના આતંકી અહસાન ઉલ અલ શેખના મકાનને સેનાના જવાનોએ ગુરુવારે રાત્રે ધ્વસ્ત કર્યું હતું. એ જ પ્રમાણે કુલગામના આતંકી ઝાકીર અહમદ ગનિયા(૨૦૨૩થી સક્રિય)ના મતલહામાસ્થિત ઘરને વિસ્ફોટ કરીને ધ્વસ્ત કરવામાં આવ્યું હતું.

શોપિયાના ચોટીપુરામાં આતંકી શાહીદ અહમદ કુટે (૨૦૦૨થી સક્રિય), પહલગામ હુમલાના અન્ય શંકાસ્પદ આતંકવાદી આસિફ અહમદ શેખ (ત્રાલ) અને આદિલ થોકર (બિજમોરા)નું ઘર પણ નષ્ટ કરવામાં આવ્યું હતું.

પહલગામ હુમલામાં સામેલ શંકાસ્પદ આતંકવાદીઓ વિરુદ્ધ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. પુલવામામાં સેનાએ જૈશે મોહમ્મદના આતંકી અહસાન ઉલ હકનું ઘર નેસ્તનાબૂદ કર્યું હતું. અહસાને વર્ષ ૨૦૧૮માં પાકિસ્તાનમાં તાલીમ લીધી હતી અને તાજેતરમાં જ તે કાશ્મીર ખીણ પ્રદેશમાં પ્રવેશ્યો હતો. પહલગામ હુમલાના શંકાસ્પદોમાં તેનો પણ સમાવેશ થાય છે.

પુલવામાના કાચીપોરા વિસ્તારમાં લશ્કરે તૈયબાના આતંકવાદી હારિસ અહમદનું ઘર પણ બૉમ્બ વિસ્ફોટ કરીને નષ્ટ કરવામાં આવ્યું હતું. સર્ચ ઑપરેશન દરમિયાન સુરક્ષા દળોને આ ઘરોમાં શંકાસ્પદ વસ્તુઓ જોવા મળી હતી તેથી જોખમને ટાળવા તેમણે પીછેહઠ કરી હતી. પીછેહઠ કર્યાના તુરંત બાદ થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં આ ઘરને ભારે નુકસાન થયું હતું. આ ઘર પહલગામ આતંકવાદી હુમલાના આતંકી આદિલનું હોવાનું માનવામાં આવે છે. ■

### ભારત પાણી રોકશે

આપણે તેનું રક્ષણ કરીશું.

તેમણે દાવો કર્યો હતો કે મોદી સિંધના લોકો અને સિંધુ નદી વચ્ચેના સંબંધ તોડી ન શકે.

ભારતની નજર પાકિસ્તાનના પાણી પર છે. જરૂર પડશે ત્યારે ચારેય પ્રાંતના લોકો ભેગા થઇને પોતાના પાણીને પાછું મેળવવા લડશે.

બિલાવલે જણાવ્યું હતું કે સિંધુ નદીનું પાણી પાકિસ્તાનમાં વહેતું રોકવા તેને બીજે વાળવાનો મોદીનો પ્રયાસ પાકિસ્તાન કે આંતરરાષ્ટ્રીય સમુદાય ચલાવી નહિ લે. અમે દુનિયાને સંદેશો મોકલીશું કે સિંધુના પાણીની 'ચોરી' પાકિસ્તાન ચલાવી નહિ લે.

પાકિસ્તાને શિમલા કરારનો અમલ સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

આ કરાર પર ૧૯૭૨માં ભારતનાં વડાં પ્રધાન ઇન્દિરા ગાંધી અને બિલાવલના નાના તેમ જ તે સમયના પાકિસ્તાનના પ્રમુખ ઝુલ્ફિકાર અલી ભુત્તોએ સહી કરી હતી. (એજન્સી) ■

# સર્પદંશથી સાત વર્ષની બાળકીનું મૃત્યુ

થાણેઃ થાણે જિલ્લાના એક ગામમાં સર્પદંશથી સાત વર્ષની બાળકીનું મૃત્યુ થયું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મૃતક બાળકીની ઓળખ અંશિકા કાચેર તરીકે થઇ હતી. અંશિકા બપોરે રેલવે ક્રોસિંગ નજીક તેના ઘર પાસે રમી રહી હતી ત્યારે તેના હાથોમાં સાપ કરડ્યો હતો. સર્પદંશથી અંશિકા જમીન પર ફસડાઇ પડી હતી. અંશિકાને તાત્કાલિક આઇજીએમ હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેને મૃત જાહેર કરી હતી. પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરી તપાસ આદરી હતી. (પીટીઆઇ)■












# મહિલા સરપંચ ૧૯ હજાર રૂપિયાની લાંચ લેતાં પકડાઇ

થાણેઃ પાલઘર જિલ્લામાં ઓફિસના કામ માટે કોન્ટ્રેક્ટરના બિલ મંજૂર કરી આપવા માટે ૧૯ હજાર રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહિલા સરપંચની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. માગાઠાણે ગ્રૂપ ગ્રામ પંચાયતની સરપંચ શોભા ગવારી (૩૬)એ ઓફિસના વિસ્તરણ સંબંધિત બિલ ક્લિયર કરી આપવા માટે કોન્ટ્રેક્ટર પાસે લાંચ માગી હતી.

દરમિયાન કોન્ટ્રેક્ટરે આ પ્રકરણે એસીબીનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી. આ અંગે તપાસ કર્યા બાદ અધિકારીઓએ શુક્રવારે છટકું ગોઠવ્યું હતું અને શોભા ગવારીને ૧૯ હજાર રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ પકડી પાડી હતી. શોભા વિરુદ્ધ વાડા પોલીસ સ્ટેશનમાં પ્રિવેન્શ ઓફ કરપ્શન એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. (પીટીઆઇ)■












# શિવડીમાં જૈન મંદિરમાંથી દાગીના સહિત ₹ ૭.૧૫ લાખની મતા ચોરાઇ

મુંબઈઃ શિવડી વિસ્તારમાં જૈન મંદિરમાંથી દાગીના અને દાનપેટીમાંની રોકડ સહિત ૭.૧૫ લાખ રૂપિયાની મતા ચોરાતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. મંદિરમાં ઘૂસેલા ચોરે હાથફેરો કરવા પૂર્વે સીસીટીવી કેમેરાના ડીવીઆરનો વાયર કાપી નાખ્યો હતો. આરએકે માર્ગ પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરી આરોપીની શોધ આદરી હોઇ આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

શિવડી સ્થિત એ.ડી. માર્ગ પર મૂળરાજ ભવનના ત્રીજા માળે ૨૨ એપ્રિલે રાતે આઠ વાગ્યાથી ૨૩ એપ્રિલે વહેલી સવારે ૫.૩૦ દરમિયાન આ ઘટના બની હતી, જેને પગલે શિવડી જૈન સંઘના ટ્રસ્ટના સભ્યના સભ્ય બિપિન લાલને પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મૂળરાજ ભવનના ત્રીજા માળે આવેલા જૈન મંદિરની દેખભાળનું કામ પૂજારી હિતેન્દ્રસિંહ પરમાર સંભાળે છે. રોજ મુજબ ૨૩ એપ્રિલે વહેલી સવારે પૂજારી મંદિર ખોલવા આવ્યા ત્યારે તાળું બદલેલું અને હૅક્સો બ્લેડ ત્યાં પડેલી જોતાં તેમને શંકા ગઇ હતી. આથી તેમણે ટ્રસ્ટના સભ્યને બોલાવી લીધા હતા. તેઓ મંદિરના સીસીટીવી ફૂટેજ જોવા ગયા ત્યારે ડીવીઆરનો વાયર કાપેલો હોવાનું નજરે પડ્યું હતું. બાદમાં મંદિરની બારીમાંથી અંદર જોતા દાનપેટી ખુલ્લી દેખાઇ હતી, જેને પગલે પોલીસને જાણ કરાઇ હતી.

દરમિયાન અંદર જઇને તપાસ કરવામાં આવતાં મંદિરમાંથી દાગીના અને દાનપેટીમાંની રોકડ સહિત ૭.૧૫ લાખની મતા ચોરાઇ હોવાનું જાણવા મળ્યું હતું. અજાણી વ્યક્તિએ મંદિરમાં ઘૂસીને ચોરી કરી હોવાની ખાતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. ■

# ભિવંડીમાં લાકડાના ગોડાઉનમાં ભીષણ આગઃ એક ફાયરમેન જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ પાવરલૂમ નગરી ભિવંડીમાં વહેલી સવારે લાકડાની ફેક્ટરી કમ ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી, જેમાં મોટા પ્રમાણમાં ગોડાઉનમાં રહેલા કપડાં, ફૂટવેર અને લાકડાના સામાનને નુકસાન થયું હતું. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી પણ આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન એક ફાયરમેન જખમી થયો હતો. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ભિવંડી-નિઝામપુર મ્યુનિસિપલના ચીફ ફાયર ઓફિસર રાજેશ પવારના જણાવ્યા મુજબ ભિવંડીના રાહનલ વિલેજમાં સ્વાગત કમ્પાઉન્ડમાં આવેલા મણી સુરત કૉમ્પ્લેક્સ નામના ત્રણ માળના મકાનમાં શનિવારે વહેલી સવારના ૩.૩૦ વાગે આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે શનિવાર મોડે સુધી તેના પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું.

ચીફ ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ મકાનમાં મોટા પ્રમાણમાં પ્લાયવુડનો સ્ટોક કરવામાં આવ્યો હતો, તેને કારણે આગ ઝડપથી ફેલાઈ હતી. આગની જાણ થતા સ્થાનિક ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ પહોંચી ગઈ હતી પણ આગે ઝડપભેર વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ પર નિયંત્રણ મેળવવું મુશ્કેલ હોવાથી થાણે સહિત કલ્યાણથી પણ ફાયરબ્રિગેડની ગાડીઓને બોલાવવામાં આવી હતી. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ આગ એટલી ભીષણ હતી કે બિલ્ડિંગના ઉપરના બે માળા તૂટી પડયા હતા. છતાં આગ ચાલુ જ રહી હતી. આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ફાયરમેનના પગમાં માર લાગતા તેને ફ્રેકચર થયું હતું. હાલ તેની તબિયત સ્થિર છે.


(જયપ્રકાશ કેળકર)

મોડેથી મળેલી માહિતી મુજબ આગમાં લગભગ ૧૨ ગોડાઉન બળીને ખાખ થઈ ગયા હતા અને ઉપરના બે માળા તૂટી પડયા હતા. આગ એટલી ભીષણ હતી કે તેના ધુમાડા ૧૫થી ૨૦ કિલોમીટરના અંતર સુધી દેખાઈ રહ્યા હતા. આગ લાગ્યા બાદ આજુબાજુના પરિસરમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. શનિવાર મોડે સુધી આગ પર નિયંત્રણ મેળવી શકાયું નહોતું. ■

# માનખુર્દમાં આગ માટે ગૅસ એજન્સી અને પાલિકા જવાબદારઃ સિટીઝન્સ વેલફેર ફોરમનો આરોપ

મુંબઈઃ માનખુર્દના મંડાલા પરિસરમાં જનતા નગરમાં ૨૧ એપ્રિલ, સોમવારના લાગેલી ભીષણ આગમાં મા-દીકરીના મૃત્યુ થયા હતા. આ દુર્ઘટના માટે એલપીજી ગૅસ વિતરણ એજન્સી તેમ જ પાલિકા પ્રશાસન જવાબદાર હોવાનો આરોપ ગોવંડી સિટીઝન્સ વેલફેર ફોરમે કર્યો છે. ગૅસ એજન્સીની બેદરકારીને કારણે અને સંબંધિત પાલિકાની વોર્ડ ઑફિસની યંત્રણામાં રહેલી ત્રુટિને કારણે બે લોકોએ જીવ ગુમાવ્યો હોવાનો દાવો પણ આ સંસ્થાએ કર્યો છે. આ બાબતે રાષ્ટ્રીય માનવઅધિકાર પંચ અને પેટ્રોલિયમ અને નૈસર્ગિક વાયુ મંત્રાલયમાં પણ ફરિયાદ કરવામાં આવી છે. તેમ જ ગૅસ વિતરણ સંસ્થા સામે પણ પગલાં લઈને તેને બ્લેક લિસ્ટ કરવો એવી માગણી પણ કરવામાં આવી છે.

માનખુર્દના મંડાલામાં જનતા નગરમાં હનુમાન મંદિર નજીક ૨૧ એપ્રિલના રાતના ૮.૩૦ વાગે ભીષણ આગ ફાટી નીકળી હતી. શહાબાજ ખાન નામની વ્યક્તિના રસોડામાં સિલિન્ડરનો સ્ફોટ થયો હતો. આગનો ભડકો થવાથી ૩૦ વર્ષની ફરાન ખાન, ૧૫ વર્ષની શરિફા ખાન અને છ વર્ષની ખુશી ઘરમાં ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડે ત્રણેને હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા પણ સારવાર પહેલા જ શરીફાનું મૃત્યુ થયું હતું અને ત્યારબાદ ફરાન ખાનનું પણ મૃત્યુ થયું હતું. આગ લાગી તે ઘર ઝૂંપડપટ્ટીમાં આવેલું હોવાથી અહીં ગીચ વસતી છે. સંબંધિત ઑથોરિટીને આ બાબતે ફરિયાદ કરી હતી પણ તેની સામે બેદરકારી દાખવવામાં આવી હતી. આ અગાઉ પણ અનેક વખત સ્થાનિકોએ ગૅસ ગળતરની ફરિયાદ કરી હતી પણ કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. સાંકડી ગલીઓ અને રસ્તા પરના ખાડાને કારણે ફાયરબ્રિગેડ સમયસર પહોંચી શકી નહોતી. તેથી તેની ફરિયાદ રાષ્ટ્રીય માનવઅધિકાર અને નૈસર્ગિક વાયુ મંત્રાલયને કરી છે. પીડિત કુટુંબને માનવતાને ધોરણે આર્થિક મદદ કરવાની માગણી પણ કરવામાં આવી છે અને ગૅસ વિતરણ સંસ્થાને બ્લેક લિસ્ટ કરવાની પણ માગણી કરવામાં આવી છે. ■

# અંધેરીની આગમાં મહિલાનું મૃત્યુઃ ૧૦ દિવસના બાળક સહિત છ જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંધેરી (પશ્ચિમ)માં લોખંડવાલા વિસ્તારમાં ગ્રાઉન્ડ પ્લસ આઠ માળની બિલ્ડિંગમાં શુક્રવારે મોડી રાત બાદ ફાટી નીકળેલી આગમાં એક મહિલાનું મૃત્યુ થયું હતું. તો ૧૦ દિવસના અને ત્રણ વર્ષના બાળક સહિત સાત લોકો જખમી થયા હતા. લગભગ ત્રણ કલાકની જહેમત બાદ ફાયરબ્રિગ્રેડે આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. વહેલી સવારના ૫.૩૦ વાગે આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે મોડે સુધી કુલિંગ ઓપરેશન ચાલુ હતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ લોખંડવાલામાં અશોક એકેડેમી લેનમાં આઠ માળની બ્રોક લેન્ડ બિલ્ડિગ આવેલી છે. શુક્રવારે મધરાત બાદ ૨.૩૯ વાગે પહેલા માળે આવેલા ફ્લેટ નંબર ૧૦૪માં આગ ફાટી નીકળી હતી. રાતના ત્રણ વાગે ફાયરબ્રિગ્રેડે આગને એક નંબરની જાહેર કરી હતી. પહેલા માળા પર આવેલા ફ્લેટમાં લાગેલી આગ ઝડપભેર ફ્લેટમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ, કપડા, લાકડાના ફર્નિચર સહિતના ઘરવખરીના સામાનમાં ફેલાઈ ગઈ હતી.

વહેલી સવાર હોવાથી રહેવાસીઓ ભરઊંઘમાં હતા. આગની જાણ થતા જીવ બચાવવા બહાર નીકળ્યા હતા. આ દરમ્યાન આગને કારણે સમગ્ર બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો. તેથી ધુમાડાને કારણે લગભગ સાત લોકોને શ્વાસ લેવામાં તકલીફ થતા તેમને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી પાંચને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એકને કૂપર હૉસ્પિટલમાં તો એકને ટ્રોમા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સાત જખમી લોકોમાંથી એક મહિલાને ખાનગી હૉસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવી હતી.

મૃતકની ઓળખ ૩૪ વર્ષની અભિના કાર્તિક સંજનવાલિયા તરીકે થઈ હતી. ■

# ડ્રગ્સ કેસના આરોપીને મદદ કરવા માગી લાંચઃ સબ-ઇન્સ્પેક્ટર ઝડપાયો

થાણેઃ ડ્રગ્સ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીને જામીન અપાવવામાં મદદ કરવા માટે તેના ભાઇ પાસે લાંચ માગવા બદલ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરની એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. એસીબીએ શુક્રવારે ધરપકડ કરેલા સબ-ઇન્સ્પેક્ટરની ઓળખ રામનાથ તંડાલકર (૫૬) તરીકે થઇ હોઇ તે નયાનગર પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો. મેફેડ્રોન ડ્રગ્સ વેચવા બદલ ધરપકડ કરાયેલા આરોપીને જામીન અપાવવામાં મદદ કરવા અને તેની તરફેણમાં કોર્ટમાં નિવેદન આપવા બદલ સબ-ઇન્સ્પેક્ટર રામનાથે આરોપીના ભાઇ પાસે ૭૦ હજાર રૂપિયાની લાંચ માગી હતી. (પીટીઆઇ)■

# પંદર વર્ષ અગાઉ ઘર છોડી ગયેલા ભાઈએ તેનાં સંતાન, માતાને સંભાળનારી બહેનની કરી હત્યા

મુંબઈઃ પંદર વર્ષ અગાઉ ઘર છોડીને ગયેલા ભાઇએ તેનાં સંતાન અને માતાની સંભાળ રાખનારી ૫૭ વર્ષની બહેનની હત્યા કરી હોવાની ઘટના જુહુ વિસ્તારમાં શુક્રવારે બની હતી. મિલકત વિવાદને લઇ બહેનની હત્યા કરવા બદલ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને તેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. આશિષ રઘુનાથ કરંદીકર પંદર વર્ષ અગાઉ ઘર છોડીને ગયો હતો અને મેઘાલયમાં રહેતો હતો. તે બે વર્ષ અગાઉ પાછો ફર્યો હતો. આશિષના ગયા બાદ તેની મોટી બહેન અન્વયા કિરણ પૈગનકર તેની માતા અને આશિષના બે સંતાનની સંભાળ રાખવા માટે અંધેરી પશ્ચિમમાં રઘુકૂળ સોસાયટીમાં રહેવા આવી ગઇ હતી. અન્વયાનો પતિ ગોરેગામ પૂર્વ ખાતે રહે છે અને તે અન્વયાને મળવા અવારનવાર ત્યાં આવતો હતો. પોલીસમાં નોંધાવાયેલી ફરિયાદમાં જણાવાયું હતું કે આશિષ પાછો ફર્યા બાદ મિલકત વિવાદને લઇ તે વારંવાર તેની બહેન સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. શુક્રવારે સવારના ૮.૧૫ વાગ્યે આશિષની રૂમમાંથી અન્વયાની ચીસો સંભળ્યા બાદ આશિષનો પુત્ર મૃગાંક અંદર દોડી ગયો હતો. એ સમયે આશિષના હાથમાં છરી હતી અને તે અન્વયાના વાળ પકડીને તેને ખેંચી રહ્યો હતો. તેણે અન્વયા પર છરીથી હુમલો કર્યા બાદ કહ્યું હતું કે તેં બળજબરીથી મિલકત તમારા નામે ટ્રાન્સફર કરાવી. તું બહેન કહેવાને લાયક નથી. તું મૃત્યુને લાયક છે. આ જોઇને મૃગાંકે બૂમાબૂમ કરતાં તેની બહેન તથા દાદી પણ ત્યાં દોડી આવ્યા. તેઓ ઘાયલ અન્વયાને બીજી રૂમમાં લઇ ગયા હતા. ■

## કચ્છી દશા ઓસવાલ જૈન મરણ



કચ્છ વરાડીયા હાલે દેવલાલી
માતુશ્રી દેવકાંબાઈ ભવાનજી મોમાયા ના સુપુત્ર
**શ્રી રમેશભાઈ (ઉ.૮૧)**
તા. ૨૬-૪-૨૫, શનિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.
તેઓ માતુશ્રી લક્ષ્મીબેન રતનશી ભોજરાજ નાગડા ના જમાઈ.
કુસુમબેનના પતિ.
મોના અને શિલ્પાના પિતા
હર્ષ કોટક, સ્વામીનાથનના સસરા.
દેવર્ષ, દેવાંશ, તાન્યા ના નાના.
પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## સંસ્થા સમાચાર

### જીવનમાં તકવાદીને નહીં સિદ્ધાંતવાદી બનનારને દુનિયા યાદ કરે છેઃ ધીરગુરુદેવ

#### ગોંડલ રોડ (વેસ્ટ)માં પારેખ ઉપાશ્રયે ધીરગુરુદેવની પધરામણીથી ધર્મોલ્લાસ



શ્રી ભાગ્યવંતાજી મહાસતીજી સાધના સ્મૃતિ ટ્રસ્ટ (જૈન ભવન) રાજકોટ દ્વારા તા. ૪-૧૨-૯૪ના પૂ.શ્રી ધીરગુરુદેવ તથા પૂ. મુક્તાબાઈ મ.સ., પૂ. કુંદન-પુષ્પાબાઈ મ.સ., પૂ. કાંતાબાઈ મ.સ., આદિ ઠાણાની નિશ્રામાં માતુશ્રી ચંચળબેન જેઠાલાલ પારેખ ઉપાશ્રયનું ભૂમિપૂજન કરવામાં આવેલ. માત્ર ૬ મહિનામાં ૩ મંજિલમાં ઉપાશ્રય, માનવંતાબેન અફીણી - આયંબિલ ભવન, કાંતાબેન ચંદુલાલ વોરા આયંબિલ હોલ સંકુલનું ઉદ્ઘાટન તા. ૨૫-૦૬-૯૫ના પૂ. ધીરગુરુદેવ તથા પૂ. ગુલાબબાઈ મ.સ., પૂ. લીલમબાઈ મ.સ., પૂ. નિર્મળાબાઈ મ.સ., પૂ. સૂર્ય-વિજય મ.સ. પરિવાર, પૂ. કિરણબાઈ મ.સ.ની નિશ્રામાં ઉજવાયેલ અને પ્રથમ ચાતુર્માસ પૂ. ધીરગુરુદેવ તથા પૂ. પ્રફુલાબાઈ મ.સ.ની નિશ્રામાં સંપન્ન થયેલ.

જ્યારે જયાબેન નાગરદાસ શાહ-ઓમાનવાલા ઉપાશ્રય (રોયલ પાર્ક)નો ૧૨૦૦ વાર જગ્યામાં શિલાન્યાસ તા. ૯-૦૫-૧૯૯૩ના પૂ. રતિલાલજી મ.સા., પૂ. ધીરમુનિ મ.સા. તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં યોજાયેલ અને તા. ૨૧-૦૫-૧૯૯૫ના પૂ. રતિલાલજી મ.સા., પૂ. ગિરીશમુનિ મ.સા., પૂ. ધીરજમુનિ મ.સા. તથા શ્રમણસંઘીય પૂ. અરુણમુનિ મ.સા.ની નિશ્રામાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન થયેલ. તા. ૨૨-૫-૯૫ના ભામાશા રમણીકભાઈ શાહ (ઓમાનવાલા)ના ઉપવાસ વરસીતપના પારણા ઓમાનવાલા ઉપાશ્રયે ઉજવાયેલ.

આમ ભાગ્યવંતાજી ટ્રસ્ટ દ્વારા ઓમાનવાલા અને પારેખ ઉપાશ્રયના નિર્માણ થવા પામેલ.

ધર્મસભામાં ગુરુદેવે જણાવેલ કે- સંપત્તિ એકત્ર કરનાર સન્માનનીય બનતા નથી, પરંતુ મળેલી સંપત્તિનો સદુપયોગ કરનાર સર્વત્ર સન્માનનીય બને છે. પારેખે ઉપાશ્રય નિર્માણમાં તત્કાલીન પ્રમુખ શિરીષભાઈ બાવીસીની ટીમનું યોગદાન ક્યારેય ભૂલવું ન જોઈએ. સેવાભાવી મુળુભાઈ દોમડીયાની ખડેપગે સેવા આજેય સ્મરણીય છે.

દાતાઓના દાનથી ટીપે ટીપે સરોવર ભરાય તેમ પારેખ ઉપાશ્રયનું કાર્ય થવા પામેલ છે. દાતાઓ થકી સંસ્થાઓ ચાલે છે. ટ્રસ્ટીઓ રખેવાળ બની શકે, માલિક નહીં.

વધુમાં કહેલ કે- જીવનમાં ક્યારેય તકવાદીને નહીં, સિદ્ધાંતવાદી બનનારાને દુનિયા યાદ કરે છે.

સંઘપ્રમુખ કિરીટભાઈ શેઠએ સ્વાગત કરી ઉપાશ્રય નિર્માણમાં ગુરુદેવના ઉપકારનો ઋણ સ્વીકાર કરેલ. વર્ધમાન મંડળના પ્રગતિબેન શેઠ વગેરેએ ચાતુર્માસ ફાળવવા વિનંતી કરેલ. ■

## લાડકી બહિણ યોજના અને ખેડૂતોના વીજ બિલ માફી પર ૬૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ : પવાર

છત્રપતિ સંભાજીનગરઃ રાજ્ય સરકાર ૭ લાખ કરોડ રૂપિયાના બજેટમાંથી, કર્મચારીઓના પગાર, પેન્શન અને લોન પર ૩.૫ લાખ કરોડ રૂપિયા અને લાડકી બહિણ યોજના અને ખેડૂતો માટે વીજળી માફી યોજના પર ૬૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે, એમ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ શીર્ષકો હેઠળ ૪.૧૫ લાખ કરોડ રૂપિયા ખર્ચ્યા પછી, બાકીની રકમ વિકાસ કાર્યોમાં જશે. રાજ્ય સરકારના ખર્ચ વિશે વાત કરતા, નાણા વિભાગ સંભાળતા પવારે કહ્યું, ''રાજ્ય ખેડૂતો માટે વીજળી બિલ માફી યોજના હેઠળ મહારાષ્ટ્ર વીજળી વિતરણ કંપની લિમિટેડને ૧૭,૦૦૦ કરોડથી ૨૦,૦૦૦ કરોડ રૂપિયા આપી રહ્યું છે. રાજ્યને 'લાડકી બહિણ' યોજના માટે એક વર્ષમાં ૪૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર છે. ''રાજ્યનો બજેટ ખર્ચ રૂ. ૭ લાખ કરોડ છે, જેમાંથી રૂ. ૩.૫ લાખ કરોડ પગાર, પેન્શન અને લોન ચૂકવવા પાછળ ખર્ચવામાં આવે છે, જ્યારે રૂ. ૬૫,૦૦૦ કરોડ ઉપરોક્ત બે (લાડકી બહિણ અને બિલ માફી) યોજનાઓ પાછળ ખર્ચવામાં આવે છે. બાકીની રકમમાંથી, અમે રાજ્યની વિકાસલક્ષી જરૂરિયાતોને પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ,'' તેમણે કહ્યું. ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓનાં નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) બસોના ઘોષ | ૫૨ | ૫૦,૦૦૦ |
| ૨) શાવાના પ્રબિન | ૩૮ | ૫૦,૦૦૦ |
| ૩) હરેકૃષ્ણ રોય | ૫૭ | ૭૫,૦૦૦ |
| ૪) સંઝા દેવી | ૪૬ | ૨૫,૦૦૦ |
| ૫) લીના સમુણતા | ૩૬ | ૨૦,૦૦૦ |
| ૬) સીમા નિલેશ મને | ૨૮ | ૯૦,૦૦૦ |
| ૭) સાધના સિંહ | ૪૯ | ૨૦,૦૦૦ |
| ૮) ઘઝલા ખાતુન | ૪૬ | ૪૦,૦૦૦ |
| ૯) રેશ્મા પ્રવીણ | ૩૪ | ૨૦,૦૦૦ |
| ૧૦) અનિલ કુમાર રામ ચરિત્રા શર્મા | ૫૨ | ૯૫,૦૦૦ |
| ૧૧) રિઝવાન | ૩૪ | ૬૫,૦૦૦ |
| ૧૨) ગુલામ હુસૈન | ૫૧ | ૭૦,૦૦૦ |
| ૧૩) વીરેન્દ્ર કુમાર યાદવ | ૪૨ | ૨,૦૦,૦૦૦ |
| ૧૪) શબાના બેગમ શૈખ | ૪૨ | ૬૦,૦૦૦ |
| ૧૫) સાધન પ્રામાણિક | ૬૧ | ૫૦,૦૦૦ |
| ૧૬) શરીફુલ એસ કે | ૫૫ | ૮૦,૦૦૦ |
| ૧૭) મનોવારા મિલ્લક | ૪૩ | ૬૦,૦૦૦ |
| ૧૮) મણિમાળા પણ | ૫૦ | ૮૫,૦૦૦ |
| ૧૯) મોજાંમેલ હકુએ | ૩૯ | ૨૫,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) ખુશી મહેન્દ્ર નિકમ | ૬ | ૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## સ્થાનિકોના વિરોધ પ્રદર્શનને પગલે એલ્ફિન્સ્ટન બ્રિજ ટ્રાફિક માટે ખુલ્લો મુકાયોઃ સોમવારે બેઠક બાદ નિર્ણય લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય અને પશ્ચિમ રેલવે લાઈન પરથી પસાર થતો એલ્ફિન્સ્ટન બ્રિજ શુક્રવાર રાતના નવ વાગ્યાથી વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવવાનો હતો પણ શિવડી-વરલી એલિવેટેડ રોડ પ્રોજેક્ટમાં અસરગ્રસ્ત થનારા રહેવાસીઓએ શુક્રવારે મોડી રાતે રસ્તા પર ઉતરીને આંદોલન કર્યું હતું અને બ્રિજ ટ્રાફિક માટે બંધ કરવા સામે આકરો વિરોધ દર્શાવ્યો હતો. પહેલા પુનર્વસન કરો પછી પુલ બંધ કરો એવો આક્રોશ પણ તેમણે ઠાલવ્યો હતો. તેથી ટ્રાફિક પોલીસે આ પુલ ટ્રાફિક માટે ખુલ્લો રાખવો પડ્યો હતો.

સ્થાનિકોનના વિરોધને પગલે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરીટી (એમએમઆરડીએ) શુક્રવાર રાતના નવ વાગે બ્રિજ બંધ કરી શકી નહોતી. શનિવારે પણ આ બ્રિજ ટ્રાફિક માટે ખુલ્લો હતો અને સોમવારે પણ ખુલ્લો રહે એવી શક્યતા છે. સોમવારે એમએમઆરડીએ અને પ્રોજેક્ટ અસરગ્રસ્તોની બેઠક થવાની છે. આ બેઠકમાં શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌ કોઈની નજર મંડાયેલી છે. આ બેઠક બાદ જ પૂલ ટ્રાફિક માટે બંધ કરવામાં આવે એવી શક્યતા છે.

અટલ સેતુને જોડનારા શિવડી-વરલી એલિવેટેડ રોડ પ્રોજેક્ટ અંતર્ગત ૧૨૫ વર્ષ જૂના એલ્ફિન્સ્ટન બ્રિજને એમએમઆરડીએ તોડી પાડવાની છે અને તેની જગ્યાએ નવો ડબલડેકર બ્રિજ બાંધવાની છે. મુંબઈ ટ્રાફિક પોલીસે એમએમઆરડીએને આ પુલ બંધ કરીને તેને તોડી પાડવા માટે તેમ જ નવો પુલ બાંધવા માટે ૨૦ મહિના માટે નો ઓબ્જેકશન સર્ટિફિકે આપ્યું છે. તે મુજબ શુક્રવાર, ૨૫ એપ્રિલના રાતના નવ વાગ્યાથી આ બ્રિજને બંધ કરવામાં આવવાનો હતો. ટ્રાફિક પોલીસ દ્વારા બેરિગેટ્સ લગાવવાની સાથે જ પર્યાયી રોડ સંબંધી માહિતી આપનારા બોર્ડ લગાવવાની તૈયારી ચાલી રહી હતી એ દરમ્યાન પ્રભાદેવીના સ્થાનિક રહેવાસીઓ રસ્તા પર ઊતરી આવ્યા હતા.

તેમણે એમએમઆરડીના વિરોધમાં નારેબાજી કરી હતી અને પુલ બંધ કરવા સામે વિરોધ કર્યો હતો. મોડી રાત સુધી તેમના વિરોધપ્રદર્શન ચાલુ રહ્યા હતા. તેથી આ આંદોલનની નોંધ લઈને સરકારે એમએમઆરડીએને પ્રોજેક્ટ અસરગ્રસ્તો સાથે ચર્ચા કરવાનો આદેશ આપ્યો હતો અને સાથે જ સોમવાર સુધી પુલ બંધ કરવા પર સ્ટે આપી દીધો હતો.

એલિવેટેડ રોડ પ્રોજેક્ટને કારણે ૧૯ બિલ્ડિંગને અસર થવાની છે, તેમાંથી ૧૭ બિલ્ડિંગના પુનર્વસનનો કોંકડુ ઉકેલાઈ ગયું છે અને હવે ફક્ત બે બિલ્ડિંગના પુનર્વસનનું અટવાઈ પડ્યું છે. ■

## યુવતી પર બળાત્કાર ગુજારવા, તેને ત્રાસ આપવા બદલ આઈટી પ્રોફેશનલની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં યુવતી પર વારંવાર બળાત્કાર ગુજારવા અને તેને ત્રાસ આપવા બદલ ૨૪ વર્ષના આઇટી પ્રોફેશનલની ધરપકડ કરવામાં આવી હતી.

પીડિત યુવતીની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરી ગુરુવારે આરોપીની ધરપકડ કરી હતી, જે ભિવંડીનો રહેવાસી છે. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે આરોપીએ લગ્નની લાલચે પીડિતા સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હતું અને ૧૦ ઑગસ્ટ, ૨૦૨૪થી ૨૩ એપ્રિલ, ૨૦૨૫ દરમિયાન તેને સતત ત્રાસ આપ્યો હતો. આરોપીએ પીડિતાના વાંધાજનક ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની ધમકી પણ આપી હતી. દરમિયાન પીડિતાએ આરોપી સાથે સંબંધ તોડી નાખ્યા હતા અને તેના ફોટા તથા વીડિયો ડિલિટ કરી દેવાની વિનંતી કરી હતી. જોકે આરોપીએ પીડિતાને ઘરે જઇને સંબંધ કાયમ માટે તોડી નાખવા માટે બે લાખ રૂપિયાની માગણી કરી હતી. પીડિતાએ રૂપિયા આપવાનો ઇનકાર કરતાં આરોપીએ ફેક ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ બનાવ્યું હતું અને પીડિતાના ફોટા પૉસ્ટ કરી દીધા હતા. આની જાણ થતાં પીડિતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. (પીટીઆઇ) ■

## ૪૦૦ બકરીઓના ગેરકાયદે પરિવહન બદલ બેની ધરપકડ

થાણે : થાણેમાં અત્યંત અમાનવીય રીતે ૪૧૨ બકરીઓ ગેરકાયદેસર રીતે પરિવહન કરવા બદલ મૂળ ગુજરાતના બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે.

શુક્રવારે એક સામાજિક કાર્યકર્તાએ ઓવલા વિસ્તારમાં બે ટ્રકમાં ભરેલા પ્રાણીઓ જોયા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. જ્યાં ખોરાક, પાણી અને વેન્ટિલેશનની સુવિધા નહોતી. સામાજિક કાર્યકર્તાઓએ પશુ કાર્યકરોને સાવધ કર્યા અને તેમણે ટ્રકો અટકાવી પોલીસને જાણ કરી, એમ કાસરવડવલી પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે ભારતીય ન્યાયસંહિતા અને પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમ, પ્રાણીઓના પરિવહન નિયમો અને મોટર વાહન અધિનિયમ હેઠળ ઉલ્લંઘનના વિવિધ આરોપો હેઠળ ગુજરાતના રહેવાસી ઇમ્તિયાઝ અબ્દુલ મુલતાની (૪૭) અને મુલતાની શરીફ ગફૂર (૩૧) ની ધરપકડ કરી હતી.

પ્રાણીઓને બચાવી લેવામાં આવ્યા હતા અને સુરક્ષિત સ્થાને ખસેડવામાં આવ્યા હતા. ■

છેલ્લા પાનાનું ચાલુ

### એક થવાનો

આપવામાં આવ્યું છે. 'મુંબઈ અને મહારાષ્ટ્રના હિત માટે સાથે મળી જવાનો સમય આવી ગયો છે. શિવસૈનિકો મરાઠી અસ્મિતાના સંરક્ષણ માટે તૈયાર છે', એમ શિવસેના-યુબીટી દ્વારા એક્સ પર પોસ્ટ કરાયું હતું. ઉલ્લેખનીય છે કે રાજ ઠાકરેએ ફિલ્મ નિર્માતા મહેશ માંજરેકર સાથેના એક ઇન્ટરવ્યૂમાં ઠાકરે બંધુઓ સાથે આવી જવું જોઇએ એમ કહ્યું હતું તથા મરાઠી માણૂસ માટે જો સાથે આવવું પડે તો જૂની અદાવત ભૂલવાનું બહુ મોટું કામ નથી, એમ પણ જણાવ્યું હતું. ત્યાર બાદ બન્ને ભાઇઓ સાથે આવશે એવી અટકળો પ્રબળ બની હતી. તેમ છતાં હજી સુધી કોઇ નિર્ણય લેવાયો નહોતો. હવે શિવસેના-યુબીટીએ પણ ઉક્ત પોસ્ટ કરીને રાજ ઠાકરેની ઓફર સ્વીકારવાના સંકેત આપ્યા છે.

### પહલગામનો

બાપ્પાને પ્રાર્થના છે અને આ હુમલાનો જરૂરથી જડબાતોડ જવાબ આપવામાં આવશે. 'ગણપતિ બાપ્પાના આશીર્વાદથી દેશ આ મુશ્કેલીના સમયમાંથી પણ પસાર થઇ જશે અને પીએમ મોદીના નેતૃત્વમાં પહલગામ હુમલાના આતંકવાદીઓને જોરદાર જવાબ આપવામાં આવશે', એમ નડ્ડાએ જણાવ્યું હતું. હુમલામાં માર્યા ગયેલા પુણેના સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેના પરિવારને મળીને જે. પી. નડ્ડાએ શોક વ્યક્ત કર્યો હતો. ■

### તો પાકિસ્તાન પર

તેની માહિતી સરકાર પાસે છે. જે લોકો અનધિકૃત રીતે આવ્યા છે તેમની શોધ પણ ચાલી રહી છે. જે પ્રમાણે આપણે ત્યાં ગેરકાયદે વસતા બાંગલાદેશીઓ મળી આવે છે એ રીતે પાકિસ્તાનીઓ મળી આવતા નથી. તેથી જે લોકો વિઝા લઇને અહીં આવ્યા છે તેઓને સૌથી પહેલા દેશમાંથી બહાર કાઢવાના છે.

પોલીસ આ મામલે કામ કરી રહી છે ૫, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. 'પાકિસ્તાને એક વાત સમજીને ચાલવું જોઇએ કે તે ભારત પર નિર્ભર છે. છતાં આતંકવાદીઓને સમર્થન આપે છે અને એક પ્રકારે માનવતાનું ખૂન કરે છે. મારું માનવું છે કે વિશ્વનો કોઇ પણ દેશ પાકિસ્તાન સાથે ઊભો રહી શકે નહીં. આવી તેની પરિસ્થિતિ છે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

### તે છ જણનાં પરિવારને સરકારનો સહકાર

પહલગામ હુમલામાં કુલ ૨૬ જણનો જીવ ગયો હતો જેમાં છ જણ મહારાષ્ટ્રના હતા. આ છ પીડિતના પરિવારને રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ સહકાર મળશે એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું.

### ફડણવીસ જગદાળે અને ગણબોટેના પરિવારને મળ્યા

પુણેઃ પહલગામ હુમલામાં પુણેના બે રહેવાસી સંતોષ જગદાળે અને કૌસ્તુભ ગણબોટેનું મૃત્યુ થયું હતું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે બપોરે ગણબોટે અને જગદાળેના પરિવારની મુલાકાત લીધી હતી અને ખરખરો કર્યો હતો.

ગણબોટે ફરસાણનો વ્યવસાય કરતા હતા અને તેના મિત્ર તથા હુમલાના પીડિત સંતોષ જગદાળે અને તેની પત્ની સાથે કાશ્મીર ફરવા ગયા ગયા હતા. ■

### મુંબઈ પોલીસે

નહોતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

૪૬ વર્ષના પાકિસ્તાની મૂળના કેનેડિયન બિઝનેસમેન રાણાને આ મહિનાની શરૂઆતમાં મુંબઈમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલામાં તેની ભૂમિકા બદલ અમેરિકાથી પ્રત્યર્પણ કરવામાં આવ્યો હતો, જે હવે એનઆઇએની કસ્ટડીમાં છે.

રાણાના બાળપણના મિત્ર અને સહ-આરોપી ડેવિડ હેડલીની પૂછપરછ દરમિયાન મુંબઈમાં આતંકી હુમલાના કાવતરામાં રાણાની ભૂમિકા સામે આવી હતી.

ઉલ્લેખનીય છે કે મુંબઈમાં ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના રોજ આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૧૦ પાકિસ્તાની આતંકવાદીઓ સામેલ હતા. અરબી સમુદ્ર માર્ગે મુંબઈ પહોંચ્યા બાદ તેમણે રેલવે સ્ટેશન, પંચતારક હોટેલો અને યહૂદી કેન્દ્ર પર હુમલો કર્યો હતો. લગભગ ૬૦ કલાક ચાલેલા આ હુમલામાં ૧૬૬ લોકોએ જીવ ખોયા હતા.

ડેવિડ હેડલી ઉર્ફે દાઉદ ગિલાની, આતંકવાદી સંગઠન લશ્કરે તૈયબા, હરકત-ઉલ-જિહાદી ઇસ્લામી તથા પાકિસ્તાન સ્થિત સહ-કાવતરાખોરો સાથે મળીને મુંબઈમાં આતંકવાદી હુમલાનું કાવતરું ઘડ્યું હોવાનો રાણા પર આરોપ છે. (પીટીઆઇ) ■

### મારી માતાને

રહેવાસી તે ક્ષણને યાદ કહે છે કે, ''અમે બપોરનું ભોજન પૂરું કર્યું ત્યારે અમને ગોળીબારનો અવાજ સંભળાયો,'' હર્ષલના પિતા, સંજય લેલે (૫૨), હેમંત જોશી (૪૫) અને અતુલ મોને (૪૩), જેઓ પિતરાઈ ભાઈ-બહેન હતાં, ૨૨ એપ્રિલના હુમલામાં મૃત્યુ પામ્યા. હુમલા દરમિયાન હર્ષલને ગોળી વાગી હતી, અને એક ગોળી તેની બાજુમાંથી પસાર થઈને તેના પિતાને વાગી હતી.

''અમે બપોરનું ભોજન પૂરું કર્યું ત્યારે અમને ગોળીબારનો અવાજ સંભળાયો. મારી માતાને બચાવવાની જવાબદારી મારી હતી. મેં મારી જાતને મારા પિતાના સ્થાને મૂકી. તેમનો પહેલો વિચાર મમ્મીને બચાવવાનો હોત, તેથી મેં તે જ કર્યું,'' તેણે કહ્યું.

''મારી માતાને હળવો લકવો થયો હતો, તેથી ચાલવામાં તકલીફ પડતી હતી. મારા પિતરાઈ ભાઈ ધ્રુવ જોશી અને મેં તેમને અડધે રસ્તે ઉપાડ્યા હતા. ખરાબ રસ્તાને કારણે તે લપસી ગઈ અને ઈજા થઈ, પરંતુ અમારી પાસે કોઈ વિકલ્પ નહોતો,'' હર્ષલે યાદ કરતા કહ્યું. ■

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખખવાડા હાલ જોગેશ્વરી, સ્વ. દેવચંદભાઈ પટેલ (ઉં.વ. ૬૫) તા. ૨૩-૦૪-૨૫ના દેવલોક પામ્યા છે. તે સ્વ. શાંતાબેન રવજીભાઈ તથા સ્વ. રવજીભાઈ નિછાભાઈના પુત્ર. રંજનબેનના પતિ. મધુબેન (જ્યોત્સનાબેન), મીનાબેન, ભારતીબેન, નીતાબેન અને મુકેશભાઈના ભાઈ. રોશની, પ્રિયંકા અને અનુશ્રીના પિતા. આશિષ અને સંદેશના સસરા. ગામ વાસણ (મલાડ) નિવાસી નરેન્દ્રભાઈ, કિશોરભાઈના જીજા. તેમનું બંને પક્ષનું બેસણું તા. ૦૧-૦૫-૨૫ના ૨ થી ૫. બારમાની પુચ્છપાણીની વિધી તા.૦૪-૦૫-૨૫ના ૩ થી ૫. ૮૦૪, મેપલ પ્લાઝા, એ વિંગ, સુભાષનગર રોડ, જોગેશ્વરી પૂર્વ.

**લુહાર સુથાર**

ગામ અમરેલી નિવાસી હાલ કાંદિવલી, ચારકોપ સ્વ.લક્ષ્મીબેન મથુરભાઈ ડોડીયાના પુત્ર સુધીરભાઈ ડોડીયા (ઉં. વ. ૫૮) ૨૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. હર્ષાલીના પિતા. સ્વ. પ્રવીણભાઈ, ઇન્દુબેન, વાસંતીબેન, ભાનુબેન, ઇલાબેન, ગીતાબેનના ભાઈ. મગનભાઈ નારણભાઇ ચુડાસમાના જમાઈ. પ્રાર્થનાસભા ૨૮/૪/૨૫ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**પુષ્કર્ણા બ્રાહ્મણ**

શાંતિલાલ વ્યાસ (ઉં. વ. ૮૪) તા. ૨૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. આશાબેન રતનશી વ્યાસના પુત્ર. લતાબેનના પતિ. ઝંખનાના પિતા. જ્યા(ભોલ) તથા લક્ષ્મી (કાકરી)ના ભાઈ. પ્રાર્થનાસભા ૨૭/૪/૨૫ના ૫ થી ૫.૩૦. ગુરુદ્વારા શ્રી ગુરૂનાનક દરબાર, સાઈબાબાનગર મંદિર માર્ગ સાઈબાબા નગર, બોરીવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય બ્રાહ્મણ**

કમળેજ નિવાસી હાલ અહમદનગર, સ્વ. સોનલબેન ભટ્ટ (ઉં. વ. ૫૮)૨૦/૪/૨૫ રવિવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ.જયાનંદ ભટ્ટના પુત્રવધૂ, સ્વ.પ્રદીપભાઈ ભટ્ટના પત્ની. ગૌતમ, કૃપાલી, નીલુ દેવાંગ શાહ, પૂનમ દીક્ષાંત શાહ, મેઘા વંદન દોષીના માતા. હર્ષાબેન પ્રકાશભાઈના જેઠાણી. શોભાબેન દિનેશભાઈ, સુરેખાબેન પંકજભાઈના ભાભી. નાગદનીબા હાલ પુણા નિવાસી સ્વ.મહાશંકર જોશીના પુત્રી. ઉત્તરક્રિયા ૦૨/૦૫/૨૫ના નાશિક રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગં. સ્વ. મુક્તાબેન ખંધા (ઉં. વ. ૯૫) તા ૨૫/૦૪/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. લક્ષ્મીદાસ માણેકચંદ કક્કડ અને સ્વ. કસુંબાબેન કક્કડના પુત્રી. સ્વ. બચ્ચુભાઈ ખીમજી ખંધાના પત્ની. ડો. રાજેન્દ્રભાઈ અને ડો. દિનેશભાઈના માતુશ્રી. અમી, અંકિતા, આશુતોષ અને અમરના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ રાજુલા હાલ કાંદિવલી, ભરતભાઈ ડોડીયા (ઉં. વ. ૫૨) તા.૨૪/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે અ.સૌ.ત્રિવેણીબેન ભોળાભાઈ ડોડીયાના પુત્ર. અ.સૌ.જયશ્રીબેન અશોકભાઈના ભત્રીજા. ગોવિંદભાઇ તથા હસુભાઈ ચિત્રોડાના ભાણેજ. અ.સૌ. ડિમ્પલ હરીશભાઈના દિયર. પ્રાર્થનાસભા ૨૮/૪/૨૫ સોમવારના ૫ થી ૬.૩૦. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**રૈક્વ બ્રાહ્મણ**

દેવગાણા નિવાસી હાલ દહીંસર, મહેશભાઈ જમનાશંકર પંડ્યાના ધર્મપત્ની સ્વ. અ.સૌ ગીતાબેન પંડ્યા (ઉં. વ. ૬૮) તે હેમાંગીનીબેન, સુધીરભાઈના માતુશ્રી. સોહનભાઈ અને પાયલબેનના સાસુ. શૈલેષભાઈ, ભરતભાઈ, વૈભવભાઈના કાકી, જયેશભાઈ. આર. વ્યાસ, સિદ્ધાર્થભાઇ. આર. વ્યાસ, મીનાક્ષીબેન, માલતીબેન, સુધાબેનના બેન. તા.૨૧/૪/૨૫ના સોમવારે કૈલાશવાસી થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા (બેસણું) તા.૨૮/૪/૨૫ના સોમવારે ૪ થી ૬. એ/૧૦૩, હર્ષ નિકેતન બિલ્ડિંગ,સંત મીરાંબાઈ રોડ, ઘરટનપાડા-૨, દહીંસર (ઈસ્ટ)

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ રાજકોટ હાલ મુંબઈ, સ્વ. શશીબેન હસમુખલાલ પૂજારાના પુત્રવધૂ. સ્વ. અતુલ પૂજારાના ધર્મપત્ની મનીષાબેન (ઉં. વ. ૬૧) તા.૨૫/૦૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દેવાંશીના માતા, તુષાર, નીતા, રુપાના ભાભી. મૂળ સુરેન્દ્રનગર સવીતાબેન કાંતિલાલ શાહના દિકરી. અલકાના બહેન. એફ/૮, યોજના સોસાયટી, ૧લે માળે, એસ.વી.પી.રોડ, સીક્કા નગર, મું.૪. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિસલનગરા નાગર**

જ્યા નટવરલાલ પંડ્યા (ઉં. વ. ૮૦) તે સ્વ. નટવરલાલ છગનલાલ પંડ્યાની પુત્રી નરેન્દ્રભાઈ, મીનાબેન, સ્વ. પદમાબેન તથા જગદીશભાઇ પંડ્યાના બહેન, નીરાબેન અને અંજનાબેનના નણંદ. તા.૨૫/૦૪/૨૦૨૫ના શુક્રવારના હાટકેશશરણ થયા છે. બેસણું તા.૨૭/૦૪/૨૫ના રવિવાર ૪ થી ૬. બી/૧૦૩, કમલ બિલ્ડીંગ, સેકટર /૦૨ વસંતનગરી વસઈ ઇસ્ટ.

**નવગામ ભાટીયા**

મોડાવાલા હાલ સાંતાક્રુઝ, સુષ્મા પંકજ છિછિયા (ઉં. વ.૬૩) તે સ્વ.ચંદ્રિકા રામદાસ છિછિયાના પુત્રવધુ. તે પ્રમીલાબેન ધીરજલાલ ગાંધીના પુત્રી. પ્રજ્ઞા નરેન્દ્ર, દેવયાની રાજેન્દ્ર, સુનીલ તથા રાજેશ્રી નીષીધના બંધુ પત્ની. દીપના કાકી. ધૈર્યના ફૂઇ તા. ૨૫-૪-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**વીસા સોરઠીયા વણિક**

રહીજવાળા હાલ નાલાસોપારા કેતન શાહ (ઉં. વ. ૬૨) તે ગં. સ્વ. પુષ્પાબહેન પ્રવીણ શાહના પુત્ર. લીનાના પતિ. સાહીલના પિતા. હીના પરેશ શાહ અને સ્વ. નીતા પ્રકાશ પટેલના ભાઇ તા. ૨૫-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**વિસનગરા નાગર બ્રાહ્મણ**

મૂળ કપડવંજના વતની હાલ બોરીવલી સ્વ. દીનતાબેન ભટ્ટ (ઉં. વ. ૯૦) તે સ્વ. ગુણવંતરાય મહાસુખરાય ભટ્ટના પત્ની. સ્વ. કપિલાબેન છગનલાલ પંડયાના પુત્રી. સૌ. અંજનાબેન ભંડારી, ગં. સ્વ. હીનાબેન ભંડારી, સ્વ. નીતીનભાઇ, અજીતભાઇના માતુશ્રી. દિલીપકુમાર ભંડારી, સ્વ. ભરતભાઇ ભંડારી, ગં. સ્વ. શૈલાબેન, સૌ. ચિત્રાબેનના સાસુ. પ્રીતિ, દીપ્તિ, પૂર્વી, નેહા, મીનલ, હિતેશ, સ્વ. રિનાના દાદી તા. ૨૫-૪-૨૫ના હાટકેશ શરણ થયા છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૨૮-૪-૨૫ના ૫થી ૭. ઠે. આધાર હોલ, રોડ નં.૧૦, દૌલત નગર, હિન્દુજા હોલની પાછળ, બોરીવલી (ઇસ્ટ) બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**મોઢ પોરેચા વણિક**

માનસિંગ પારેખ (ઉં. વ. ૭૯) તે સ્વ. રમાવતીબેન અને સ્વ. લક્ષ્મીદાસ પારેખના પુત્ર. સ્વ. ઉર્મિલાબેન અને સ્વ. રણજીતલાલ શાહના જમાઇ. નીતિબેનના પતિ. હેતલ, મેઘા, ખુશ્બુના પિતા. સિદ્ધાર્થ, ગૌરવના સસરા. સ્વ.જયોત્સનાબેન, સ્વ.મધુસુદન, સ્વ. હેમેન્દ્ર, સ્વ. ભારતીબેન તથા દિપકના ભાઇ. મંગળવાર તા. ૨૨-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

શાવક દીનશા પંથકી તે પીલુના ખાવીંદ. તે મરહુમો નરગેસ તથા એરવદ દીનશાહજીના દીકરા. તે મરહુમો મની હોમી મહેતાના જમાઇ. તે નાજુ, કોલીના ભાઇ. તે મરહુમ કેરસીના સાલા. તે ઝરીન, ફરીદાના બનેવી. (ઉં. વ. ૮૦) રે. ઠે. ૨૭૫-એમ, દમનયા બિલ્ડિંગ, ૧લે માળે, ચીકલવાડી, પારસી કોલોની, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૮-૪-૨૫ને દિને બપોરે ૩.૪૦ મીઠાઇવાલા અગિયારીમાં છેજી.

## મુસ્લિમ મરણ

**દાઉદી વ્હોરા**

ખીરસરા(વિં) (તા.અબડાસા) કચ્છ, હિંગોરા હાજીયુસફ અલીમોહમદ (વગ વારા) (ઉં. વ. ૯૦) તે મર્હુમ હાજીઆધમ, હાજીગનીના વાલેદ સાહેબ, હાજીજકરીયા, અબ્દુલકાદર(ભાભુ)ના ડાડા, હિંગોરા હાજીઆમદ, હિંગોરા હાજીમામદના મામા, હિંગોરા ઈસ્માઈલ જાકબ, અલીઅકબર મામદ હિંગોરાના સસરા. તા.૨૬-૦૪-૨૫ શનિવારના વફાત કરી ગયેલ છે મર્હુમની જીયારત ૨૯-૦૪-૨૫ મંગળવાર સવારના ૯થી ૧૦:૩૦ કુરાન ખ્વાની રાખેલ છે. ૧૦:૩૦ થી ૧૧:૩૦ વાગ્યે સૈયદ હાજીસુલતાનશા બાપુનો બયાન બાદ જીયારત હુસૈની મસ્જીદ ખીરસરા (વિં) મધ્યે રાખેલ છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉમરાળા નિવાસી હાલ કાંદિવલી, શરદભાઈ જસાણી (ઉં. વ. ૭૧) ૨૪/૪/૨૫ના અવસાન પામેલ છે. તે તારાબેન ભીખાલાલ તલકચંદ જસાણીના પુત્ર. રંજનબેનના પતિ. કેજલ, જિનેશ, તેજસના પિતા. સ્વ. અનિલભાઈ, ભદ્રાબેન બળવંતરાય શાહ, સ્વ. ગીતા હિતેનકુમાર શાહના ભાઈ. ધરમશી ગોરધનભાઈ શાહ પાલીતાણાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓસવાલ જૈન**

કચ્છ વરાડીયા હાલ દેવલાલી માતુશ્રી દેવકાંબાઇ ભવાનજી મોમાયાના સુપુત્ર રમેશભાઇ (ઉં. વ. ૮૧) તા. ૨૬-૪-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે માતુશ્રી લક્ષ્મીબેન રતનશી ભોજરાજ નાગડાના જમાઇ. કુસુમબેનના પતિ. મોના અને શિલ્પાના પિતા. હર્ષ કોટક, સ્વામીનાથનના સસરા. દેવર્ષ, દેવાંશ, તાન્યાના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોપાલ ગ્રામ નિવાસી હાલ ઘાટકોપર સ્વ. શાંતાબેન અમૃતલાલ કામદારના સુપુત્રી વસંતબેન અમૃતલાલ કામદાર (ઉં. વ. ૮૪) શુક્રવાર, તા. ૨૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ધર્મેશના માતુશ્રી. કવિતાના સાસુ. તે રજનીકાંતભાઇ, દીપકભાઇ, હરેશભાઇ તથા મધુબેન શરદચંદ્ર પંચમિયાના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ જુહુ લીલાબેન નવલચંદ મહેતાના સુપુત્ર મહેશભાઇ મહેતા (ઉં. વ. ૭૮) તા. ૨૬-૪-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે ઇન્દિરાબેનના પતિ. વિશાલ, વિરલના પિતાશ્રી. અ. સૌ. નિકિતાબેનના સસરા. સ્વ. લક્ષ્મીદાસ નારાયણજી સોમૈયાના જમાઇ. સ્વ. પ્રવીણભાઇ, દિનેશભાઇ, સ્વ. રંજનબેન, સ્વ. જયોત્સનાબેન, સ્વ. રસિલાબેન, અ. સૌ. આશાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૭-૪-૨૫ રવિવારે ૪થી ૬. ઠે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન હોલ, જે. આર. મ્હાત્રે રોડ, જે. વી. પી. ડી. સ્કીમ, ચંદન સિનેમાની પાછળ, વિલેપાર્લે, જુહુ, મુંબઇ-૪૯.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ નાશિક કુ. પ્રતિભા (ઉં. વ. ૭૭) શુક્રવાર, તા. ૨૫-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેન તથા સ્વ. કાંતિલાલ રેવાલાલ કોઠારીની સુપુત્રી શશીકાંત કોઠારી, નિરંજન કોઠારી, ચંદ્રિકા મહેતા, વાસંતી તેજાણી, માધુરી કામાણી તથા પ્રીતિ મહેતાના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

### મહારાષ્ટ્રમાં

૧,૦૦૦ સાર્ક વિઝા પર છે જેઓ રાજ્યમાં ફિલ્મ, મેડિકલ, પત્રકારત્વ અથવા વ્યક્તિગત કાર્ય માટે આવ્યા છે', એમ તેમણે જણાવ્યું હતુ.

શોર્ટ-ટર્મ વિઝા પર જેઓ અહીં આવ્યા છે તેઓને ૨૭મી એપ્રિલ સુધી દેશ છોડી દેવા કહેવામાં આવ્યું છે, જ્યારે મેડિકલ વિઝા ધરાવનારાઓને વધુ બે દિવસનો સમય આપવામાં આવ્યો છે, એમ કદમે જણાવ્યું હતું.

પહલગામ હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોમાં તંગદિલી જોવા મળી રહી છે. ભારત તરફથી પાકિસ્તાનીઓને તાત્કાલિક દેશ છોડી દેવાનો આદેશ આપી દેવામાં આવ્યો છે.

વિદેશી બાબતન અને ગૃહ મંત્રાલય દ્વારા પાકિસ્તાનીઓને ૨૭મી એપ્રિલ સુધી ભારત છોડી દેવાની મુદત આપવામાં આવી છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ દરમિયાન નાશિક સત્તાવાળાઓને તેમના શહેરમાં છ પાકિસ્તાની મહિલા રહેતી હોવાનું જણાયું છે, પરંતુ તેઓને સત્તાવાર દેશ નિકાલ માટેનો નિર્દેશ કરાયો નથી. ■

# હવે મુત્સદ્દીગીરી સાથે મિલિટરી ઍક્શન લેવાનો સમય પાકી ગયો છે...!



**પહલગામમાં થયેલા પાકિસ્તાન પ્રેરિત-સંયોજિત આતંકવાદી હુમલાની પ્રતિક્રિયારૂપે આપણી સરકારે કેટલાક રાજદ્વારી નિર્ણયો લીધા છે,પણ એ કેટલા અંશે પાકિસ્તાનની ના-પાક હરકતોને અંકુશમાં રાખી શકે એમાં પૂરતી શંકા છે. આવા વખતે દેશની સુરક્ષા અને સ્વમાન ખાતર હવે પાકિસ્તાની આર્મી-જાસૂસી એજન્સી ISI તેમજ આતંકી આકાઓને એક યા બીજી રીતે ટાર્ગેટ કરી સખત પાઠ ભણાવવા જ પડશે.**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે આખા દેશમાં આક્રોશ છે. આતંકવાદીઓએ પહલગામમાં વેકેશન માણી રહેલાં ૨૮ પર્યટકની પોઈન્ટ બ્લેન્ક નિર્મમ હત્યા કરીને દુનિયાભરમાં હાહાકાર મચાવવાની સાથે આપણા દેશની સુરક્ષા સામે તો અનેક સવાલ ખડા કરી દીધા છે, પણ સાથે સાથે ફરી એ સવાલ આવીને ઊભો રહી ગયો છે કે, આ ના-પાક પાકિસ્તાન સામે કરવું શું જોઈએ, જેથી એ આવી ઘૃણાજનક ચેષ્ટા ફરી કરતાં પહેલાં સો વાર વિચાર કરે.

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે આતંકવાદીઓને પોષતા પાકિસ્તાન સામે કેટલાક રાજદ્વારી નિર્ણયો લીધા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૬૦માં થયેલી સિંધુ જળ સંધિ સ્થગિત કરવી, પાકિસ્તાનીઓને વિઝા પર પ્રતિબંધ, અટારી ચેક પોસ્ટ બંધ કરવી સહિતના નિર્ણય લેવાયા છે, પણ આ પગલાંથી પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ અટકે એ વાતમાં માલ નથી.

આ નિર્ણયોથી પાકિસ્તાનની સામાન્ય પ્રજાને તકલીફ પડી શકે, પણ પાકિસ્તાનમાં સામાન્ય લોકોની કંઈ હૈસિયત નથી. પાકિસ્તાનમાં સરકાર છે- સંસદ છે ને સિસ્ટમ પણ છે, પણ બધાંનો દોરીસંચાર પાકિસ્તાન લશ્કરના હાથમાં છે. પાકિસ્તાન આર્મી અને તેના બગલબચ્ચા જેવી જાસૂસી સંસ્થા ISI પાકિસ્તાનની અસલી સરકાર છે, પાકિસ્તાનીઓની અસલી ભાગ્યવિધાતા એ ગુપ્તચર એજન્સી છે.

આમ ભારત સરકારે લીધેલા રાજદ્વારી નિર્ણયોથી પાકિસ્તાની આર્મી કે ISI ને જરાય ફરક પડવાનો નથી એ જોતાં વાસ્તવિક રીતે આ નિર્ણયોનો કોઈ અર્થ જ નથી. બીજી તરફ, પાકિસ્તાનની પ્રજા તકલીફમાં મૂકાય તો પણ એનામાં આર્મી સામે પડવાની તાકાત નથી તેથી રાજદ્વારી નિર્ણયો અર્થહીન છે.

ભારતમાં મીડિયાનો એક વર્ગ એવી વાતો ચલાવે છે કે, મોદીના માસ્ટરસ્ટ્રોકથી પાકિસ્તાન તરસ્યું મરી જશે. સિંધુ જળ સંધિ સ્થગિત થશે તો પાકિસ્તાનની હાલત કફોડી થઈ જશે. ભાજપના નેતા શાહનવાઝ હુસૈને ડંફાશ મારી કે, પાકિસ્તાન અનાજના દાણા દાણા માટે મોહતાજ થઈ જશે. આવી બધી વાતો વાસ્તવિકતાથી પર અને હાસ્યાસ્પદ છે.

માની લો કે પાકિસ્તાનમાં સામાન્ય લોકો મરી જાય તો પણ તેનાથી કોઈને કંઈ ફરક જ પડતો નથી. પાકિસ્તાનમાં આતંકવાદ એટલો બેફામ છે કે રોજ પચાસ-સો માણસો તો આતંકવાદની ઘટનાઓમાં જ ઢબી જાય છે. કોઈને આ વાત 'કહેતા બી દીવાના ઔર સુનતા બી દીવાના' જેવી લાગશે પણ સાચી છે.

૨૦૨૪માં જ આતંકવાદને લગતી ઘટનાઓમાં કુલ ૩૨ હજારનાં મોત થયાં ને ૬૦૦થી વધારે આતંકવાદને લગતી ઘટનાઓ બની છે. તેના કારણે નથી પાકિસ્તાનના શાસકોના પેટનું પાણી હાલતું કે નથી આર્મી- ISIના અધિકારીઓનું રૂવાડું ફડકતું. આપણે સિંધુ જળ સંધિ સ્થગિત કરી તેના કારણે માનો કે પાકિસ્તાનમાં બે-પાંચ લાખ લોકો પાણી વિના મરી જાય તો પણ નિંભર નેતાઓ કે આર્મીના અધિકારીઓને કશું થવાનું નથી.

આ સંજોગોમાં એક જ ઉપાય બચે છે અને આ ઉપાય પાકિસ્તાન આર્મી- ISIમાં ડર પેદા કરવાનો છે. ડર પેદા કરવા માટે પાકિસ્તાન આર્મી- ISI પર હુમલો કરવો પડે એ પણ જરૂરી નથી કે, આ હુમલો સીધા આક્રમણના રૂપમાં જ હોય.

પાકિસ્તાનનું ISI આર્મી ભારતમાં જે ખેલ કરે છે એ ખેલ ભારતે પણ પૂરી મુત્સદ્દીગીરીથી કરવો પડે- પાકિસ્તાન સામે પ્રોક્સી વોર કરવી પડે. અત્યારે સ્થિતિ એ છે કે, પાકિસ્તાનના આર્મી- ISIના અધિકારીઓ રાવલપિંડી કે ઈસ્લામાબાદમાં બેઠાં બેઠાં ભારતમાં આતંકવાદ ફેલાવવાની યોજનાઓ ઘડે છે ને તેને પાર પણ પાડે છે. આતંકવાદી સંગઠનોના આકાઓ પણ મુઝફ્ફરાબાદ કે પેશાવર કે બીજા કોઈ શહેરમાં બેઠા બેઠા જિહાદના નામે ભારત સામે સતત ઝેર ફેલાવે છે તેથી આતંકવાદ ફેલાવવા માટે એમને મફતિયા માણસો પણ મળી જાય છે.

એમનું એક જ લોજિક છે આતંકવાદી હુમલાનો પ્રયાસ સફળ થાય તો તેમાં ભારતીયો મરવાના છે ને નિષ્ફળ જાય તો સામે પાકિસ્તાની મરવાનો છે, જેની એમને કોઈ ચિંતા નથી. એ લોકો નચિંત બનીને જીવે છે. ભારતે એ બધામાં ફફડાટ પેદા કરવો પડે, એમને દોડતા કરી દેવા પડે ને સતત ઉંચા જીવે જીવતા થઈ જાય એવી હાલત કરવી પડે. કાશ્મીરમાં સામાન્ય માણસ જે રીતે ગમે ત્યારે આતંકવાદના રૂપમાં મોત ત્રાટકશે એ ડરમાં જીવે છે એવો ફફડાટ ડર પાકિસ્તાની આર્મી અને આતંકવાદના આકાઓમાં પેદા કરવો પડે. એ લોકો બેઠા હોય તો પણ એવો ડર હોવો જોઈએ કે, ગમે ત્યારે પગ નીચે બોમ્બ ફૂટશે ને આપણા ફૂરચા ઉડી જશે. એમનો પરિવાર બહાર ગયો હોય તો પાછો ના આવે ત્યાં લગી ઉંચા જીવે રહેવા જોઈએ ને રાત્રે નિરાંતની ઊંઘ ના આવવી જોઈએ. ચોખલિયાઓને આ રસ્તો ના ગમે પણ નાગા સાથે નાગા થવું જ પડે. જંગમાં બધું જાયઝ હોય છે.

બીજી રીતે પણ જુઓ તો ભારત માટે અત્યારે સાનુકૂળ માહોલ પણ છે. પાકિસ્તાનમાં ચારે તરફ હોળી સળગેલી છે ને ભારત તેમાં થોડું થોડું પેટ્રોલ નાખ્યા કરે તો પણ એટલો મોટો ભડકો થાય કે આખું પાકિસ્તાન સ્વાહા થઈ જાય. પાકિસ્તાનમાં ચાર પ્રાંત છે ને કોઈ પ્રાંત એવો નથી કે જ્યાં આંતરિક વિગ્રહની હોળી ન સળગેલી હોય. બલૂચિસ્તાન, પંજાબ, સિંધ અને ખૈબર પખ્તુનવા એ ચાર પ્રાંત ઉપરાંત ઈસ્લામાબાદ ફેડરલ કેપિટલ ટેરિટરી એટલે કે કેન્દ્રશાસિત પ્રદેશ છે. સંખ્યાબંધ આદિવાસી પ્રદેશો પણ છે અને એ બધા પણ કેન્દ્રશાસિત છે મતલબ કે ત્યાં કોઈ સરકારો નથી પણ કેન્દ્રનું સીધું શાસન છે. આ બધા વિસ્તારો આતંકવાદથી ગ્રસ્ત છે. આ બધા વિસ્તારોમાં પાકિસ્તાનથી અલગ થવા સશસ્ત્ર જંગ ચાલે છે ને ભારતે ભારેલા અગ્નિ જેવા આ જંગને ભડકાવવો પડે.

આ જંગ માટે ભારતે પોતાના ગુપ્તચર તંત્રની ધાર કાઢવી પડે. આપણી ગુપ્તચર 'રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ' (રો) સહિતની એજન્સીને વધુ બળુકી બનાવવી પડે. ભારત નવી એજન્સી પણ બનાવી શકે. આ બધું કરવા માટે છૂટા હાથે નાણાં વેરવાં પડે, પણ તેની ચિંતા કરવાની જરૂર નથી. ભારત એ કાર્યક્રમ શરૂ કરવા માગે તો મદદ કરનારા બહુ મળી આવે. પાકિસ્તાન જે રીતે ધરાર મુસ્લિમ રાષ્ટ્રોનું આગેવાન બની રહ્યું છે તેના કારણે એ ઘણાંની આંખમાં ખૂંચે જ છે. તેના કારણે ભારતને આ પુણ્ય કાર્યમાં ઈઝરાયલની 'મોસાદ' જેવી સંસ્થા પણ મદદ કરી શકે. 'મોસાદ' પાસે જબરદસ્ત નેટવર્ક છે ને આવા જંગ કઈ રીતે લડાય તેનું જ્ઞાન પણ છે તે જોતાં ભારતે બહુ ચિંતા કરવાની જરૂર ના રહે.


ચીન સાથેની પાકિસ્તાનની ગાઢ દોસ્તી પણ ઘણાંને ખટકે છે. ચીનના જોરે છાકટું થયેલું પાકિસ્તાન કાલે ચીનના ઈશારે આપણને કનડી શકે તેવો ડર ઘણા દેશોને છે. જાપાન, દક્ષિણ કોરિયા જેવા ચીનના ઘણા દાઝેલ દેશો આ કારણે ખાનગીમાં આપણને મદદ કરી શકે. પાકિસ્તાનને નાથવા માટે અફઘાનિસ્તાન અને ઈરાન જેવા દેશો સાથે પણ ભારત ઘરી રચી શકે. એ બંને દેશ પાકિસ્તાનથી ત્રસ્ત છે તે જોતાં એ લોકો તેમની ધરતીનો ઉપયોગ આપણને કરવા દઈને મદદ કરી શકે.

આ બધાની સમાંતરે શત્રુ દેશના સીમાડાની અંદર ઝડપથી ઘૂસી જઈને દુશ્મનો પર આક્રમણ કરવું એને આર્મીની ભાષામાં કહીએ એવી 'હોટ પસ્યુર્ટ' પણ અજમાવી શકાય કે પછી પાકિસ્તાન સામે અગાઉ ૨૦૧૬માં આપણે ઉરીમાં સફળતાથી અજમાવેલી 'સર્જિકલ સ્ટ્રાઈક 'નું પણ મોટે પાયે પુનરાવર્તન કરીને આતંકવાદીઓના પાકિસ્તાની અડ્ડાને નેસ્તનાબુદ કરી શકીએ. પાકિસ્તાનને સીધું કરવાનો આ જ ઉપાય છે, બીજા કોઈ નહીં. ■

---

## ગ્લોબલ વોર્મિંગ ખરાબ કરી રહ્યું છે વાદળોની રચના ને તેમની કાર્યપદ્ધતિને

ફોકસ
અપરાજિતા
feedback@bombaysamachar.com



જો કોઈ તમને પૂછે કે શું ગ્લોબલ વોર્મિંગને કારણે આકાશમાં દોડતા વાદળોની રચના અને કાર્યપદ્ધતિમાં ફેરફાર થયો છે? તો આ જવાબ તમને આશ્ચર્યચકિત કરી શકે છે, પરંતુ સત્ય એ છે કે હા, આ ગ્લોબલ વોર્મિંગને કારણે થયું છે.

ગ્લોબલ વોર્મિંગને કારણે, વાદળોની રચના અને તેમની કાર્ય કરવાની રીત એટલે કે તેમના કાર્ય પર ખૂબ અસર પડી છે.

એક વૈજ્ઞાનિક સંશોધનમાં જાણવા મળ્યું છે કે પૃથ્વીનું તાપમાન જેમ જેમ વધી રહ્યું છે. વાદળોની રચના, આટલી ઊંચાઈએ તેમનું અસ્તિત્વ અને વરસાદ લાવવાની તેમની રીતોમાં ફેરફાર થાય છે.

આ વર્ષે માર્ચમાં દેશના અનેક ભાગોમાં ગરમીનું મોજું ફરી વળ્યું અને પછી એપ્રિલના પહેલા અઠવાડિયામાં, એક જ દિવસે ૨૦ રાજ્યમાં ભયંકર વાવાઝોડું આવ્યું, વાદળો ગર્જના કરતા હતા, આ બધું અચાનક થયેલી આપત્તિ નહોતી, પરંતુ સતત વધતા જતા ગ્લોબલ વોર્મિંગનું સામાન્ય પરિણામ હતું.

અગાઉ પણ, આ સંદર્ભે કરવામાં આવેલા ઘણા અભ્યાસોમાં, વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે વધતા ગ્લોબલ વોર્મિંગને કારણે, આકાશમાં તરતા વાદળોની કુદરતી ગતિમાં અનિયંત્રિત ફેરફારો થયા છે.

હકીકતમાં, જ્યારે વાદળો તેમની કુદરતી ગતિએ આકાશમાં તરતા રહે છે, ત્યારે તેઓ વાતાવરણને વધુ પડતું ગરમ કે ઠંડુ થવા દેતા નથી.

પૃથ્વીના ગરમીનાં સંતુલન પર વાદળોની અસર વોટ/ચોરસ મીટરમાં ઊર્જા પ્રવાહ તરીકે માપવામાં આવે છે.

ઉષ્ણકટિબંધીય પ્રદેશમાં, વાદળો પ્રતિ ચોરસ મીટર ૧૦૦ વોટના દરે સૌર ઊર્જાને પ્રતિબિંબિત કરીને પૃથ્વીને ઠંડુ રાખે છે. આ ઠંડક પ્રક્રિયા ગ્રીનહાઉસ અસર દ્વારા સંતુલિત થાય છે જે વાદળો સૌર ઊર્જાને પૃથ્વી પરથી પ્રતિબિંબિત થવાથી અટકાવે છે.

આમ વાદળોની નજીકનું વાતાવરણ ગરમ રહે છે અને પૃથ્વીની સપાટી પ્રમાણમાં ઠંડી રહે છે.

ઉષ્ણકટિબંધીય વિસ્તારોથી દૂરના વિસ્તારોમાં, વાદળો પ્રતિ ચોરસ મીટર ૫૦ થી ૧૦૦ વોટના દરે સૌર ઊર્જાને પ્રતિબિંબિત કરીને પૃથ્વીને ઠંડુ રાખે છે.

વિશ્વના ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે વાદળો એકંદર ગ્લોબલ વોર્મિંગમાં સરેરાશ ૧૩.૨ વોટ પ્રતિ ચોરસ મીટરનો ઘટાડો કરે છે.

એક અંદાજ મુજબ, જો આકાશમાં વાદળો ન હોય પણ બાકીની બધી વસ્તુઓ જેમની તેમ રહે, તો સૌર ઊર્જા સમગ્ર પૃથ્વીને એવી રીતે ગરમ કરશે કે જાણે સમગ્ર પૃથ્વી પર દર પાંચ ચોરસ મીટર વિસ્તારમાં ૬૦ વોટનો બલ્બ લગાવવામાં આવ્યો હોય.

હવામાનશાસ્ત્રીઓ માને છે કે વાદળો પૃથ્વી પર ગરમીનું વિતરણ સુનિશ્ચિત કરવામાં, પૃથ્વીનું હવામાન અને પૃથ્વીનું વાતાવરણ નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, અને વાદળોનું નિર્માણ પણ પૃથ્વીના તાપમાનથી પ્રભાવિત થાય છે.

આ સદીના આબોહવા ડેટા દર્શાવે છે કે સદીના સૌથી ગરમ વર્ષોમાં સરેરાશ કરતા વધારે વાદળછાયું વાતાવરણ રહ્યું છે. આ વાદળોએ પૃથ્વીને વધુ ગરમ થવાથી બચાવી છે.

આકાશમાં વાદળો સૂર્યના કિરણો પૃથ્વી પર પહોંચવાની આલ્બેડો અસરને બમણી કરે છે, પરંતુ તે જ સમયે વાદળો ગરમીને પૃથ્વી પરથી પ્રતિબિંબિત થવા દેતા નથી અને કિરણો પાછા ફરતા નથી, જેના કારણે પૃથ્વીની સપાટી ગરમ રહે છે. આ રીતે ગ્રીનહાઉસ અસર વધારે છે.

સમય, સ્થળ અને વાદળોના પ્રકાર સાથે આ વિરોધાભાસી અસરો કેવી રીતે બદલાય છે?

આ પ્રશ્ન આબોહવા વૈજ્ઞાનિકો માટે જિજ્ઞાસાનો વિષય રહ્યો છે. અત્યાર સુધી, વૈજ્ઞાનિકો આ અસરોને સીધી રીતે માપી શક્યા ન હતા. પરંતુ હવે પરિસ્થિતિ એકદમ સ્પષ્ટ છે.

ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે મહાસાગરો પૃથ્વી પરનો સૌથી અંધારો પ્રદેશ છે, જે ઉષ્ણકટિબંધીય પ્રદેશોની સૌર ઊર્જાના માત્ર દસ ટકા પ્રતિબિંબિત કરે છે.

તેનાથી વિપરીત, ધ્રુવીય પ્રદેશો સૌથી તેજસ્વી વિસ્તારો છે, પરંતુ લગભગ ૪૦ ટકા સૌર ઊર્જા સહારા અને સાઉદી અરેબિયાના રણમાંથી પણ પ્રતિબિંબિત થાય છે.

ઉષ્ણકટિબંધીય વરસાદી જંગલો પૃથ્વીના વાતાવરણના સૌથી ઘાટા પ્રદેશો છે, જ્યાં સૌર ઊર્જા માત્ર ૧૦-૧૫% જ પરાવર્તિત થાય છે.

વાદળો બનાવવામાં ભેજ પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. કોઈ વિસ્તારમાં ભેજ જેટલો વધુ હશે, તેટલા જ વાદળો ત્યાં બનશે. આ જ કારણ છે કે રણમાંથી વધુ ગરમી પ્રતિબિંબિત થવા છતાં, ભેજના અભાવે વાદળો ઓછા બને છે.

અત્યાર સુધી ઉપલબ્ધ માહિતી પરથી એ સ્પષ્ટ થાય છે કે વાદળો બનવાની પ્રક્રિયા અને તેમના સ્વરૂપ વચ્ચે ઊંડો સંબંધ છે.

હવામાનના અત્યંત ઉગ્ર મોજાઓથી બનેલા વાદળો ઘણીવાર બળેલા કપાસ જેવા દેખાય છે. તેનાથી વિપરીત, ધીમે ધીમે વધતા હવાના તરંગો દ્વારા બનેલા વાદળો ઘણીવાર એક પર એક પડવાળા દેખાય છે. ■

---

## શા માટે દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓનું ફેવરેટ ડેસ્ટિનેશન બની ગયુ છે?

સૉલ ઓફ ટૂર



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

સંસ્કૃતિ, ઈતિહાસ અને કુદરતી સૌંદર્યનું આકર્ષક મિશ્રણ આપતું દક્ષિણ કોરિયા ભારતીય પ્રવાસીઓમાં મોસ્ટ ફેવરેટ ટ્રાવેલ ડેસ્ટિનેશન બની ગયું છે. ચાલો પૂછીએ ઔરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલાને કે શા માટે ભારતીય પ્રવાસીઓમાં આ દેશને એક્સપ્લોર કરવાની ખ્વાઈશ વધી ગઈ છે.

**★ ધવલભાઈ છેલ્લા કેટલાક વર્ષોમાં ઈન્ટરનેશનલ ટ્રાવેલ માટે કોરિયાની વધતી જતી ડિમાન્ડનું એવું તે શું કારણ છે?**

આ વિશે જણાવતા ધવલભાઈ કહે છે, ''રાજધાનીનું શહેર સોલ, મોડર્ન વંડર્સ અને સમૃદ્ધ ઐતિહાસિક સ્થળો બંને સાથે એક ખળભળાટ મચાવતી મેગા સિટી છે. કોરિયન ડિમિલિટરાઇઝ્ડ ઝોન (DMZ), ઇમર્જિંગક પીસ પાર્ક, જાજરમાન ગ્યોંગબોકગુંગ પેલેસ અને પેટિટ ફ્રાન્સ જેવા યુનિક સ્થળો પર પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઊમટી પડે છે, જે આખા દેશનાં અનોખા વારસાનું પ્રદર્શન કરે છે.''

★ **જેજુ આઈલેન્ડ :** જેજુ આઇલેન્ડ એ બીજું એક ટોપનું સ્થળ છે જે પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય છે. આ શહેર તેના મનોહર લેન્ડસ્કેપ્સ અને શાંત વાતાવરણ માટે પ્રખ્યાત છે. પ્રવાસીઓ સીઓનજ્યુપ એ પારંપરિક ગામને એક્સપ્લોર કરી શકે છે, ગ્વાંગચીગી બીચ પર અદ્ભુત કુદરતી દૃશ્યોનો આનંદ માણી શકાય છે અને મનમોહક નાન્તા શોનો અનુભવ કરવા અહીં મળે છે. ચેઓનજીયોન વોટરફોલ અને હેલીમ પાર્કમાં હરિયાળીભર્યા નજારાઓ જેજુનાં કુદરતી સૌંદર્યને પ્રકાશિત કરે છે, જે તેને પ્રકૃતિના ઉત્સાહીઓ માટે મુલાકાત લેવા માટે આવશ્યક બનાવે છે.

★ **બુસાનઃ** અહીંની ખાસિયત છે સુંદર દરિયાકિનારા અને બીચ પરનાં આકર્ષણો. પ્રવાસીઓ અહીંની પ્રખ્યાત હ્યુંડે સ્કાય કેપ્સુલ અને સોંગડો સસ્પેન્શન બ્રીજનો અનુભવ લઈ શકે છે. જે સમુદ્ર અને શહેરનો પેનારોમિક વ્યુ આપે છે. આવા વૈવિધ્યસભર સ્થાનો સાથે, દક્ષિણ કોરિયાએ ભારતીય પ્રવાસીઓનું ધ્યાન નિશ્ચિતપણે કબજે કર્યું છે, જે કલ્ચર, એડવેન્ચર અને લિઝરનાં મિશ્રણવાળો અનુભવ આપે છે.

★ **કોરિયન અટ્રેક્શન :** પ્રવાસના સ્થળો ઉપરાંત, ટેક્નોલોજી, ઓટોમોટિવ અને બ્યુટી જેવા વિવિધ ક્ષેત્રોમાં દક્ષિણ કોરિયાની વૃદ્ધિએ ભારત સાથેના તેના સંબંધોને મજબૂત બનાવ્યા છે. હ્યુન્ડાઇ અને કિયા જેવી મોટી કંપનીઓએ ભારતીય બજારમાં નોંધપાત્ર સ્થાન મેળવ્યું છે. નવી - નવી કાર ઓફર કરી છે અને નોકરીઓનું સર્જન કર્યું છે, જ્યારે ટેક્નોલોજી અને વેપારમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. આ વધતું જોડાણ દક્ષિણ કોરિયાને ભારતીય પ્રવાસીઓ માટે એક આકર્ષક સ્થળ બનાવે છે, જ્યાં તેઓ સંસ્કૃતિ અનુભવવા સાથે વૈશ્વિક ઉદ્યોગોના વિકાસના સાક્ષી પણ બની શકે છે.

★ **ભારતમાં કોરિયન ફૂડ અને સ્ટ્રીટ ફૂડનો ક્રેઝ :** આજકાલ ભારતનાં વિવિધ ઠેકાણે તમને કોરિયન સ્ટ્રીટ ફૂડ સ્પેશ્યાલિટી કિમચી, ટીટોકબોક્કી, ગમ્જા હોટડોગ્સ અને કોરિયન ડમ્પલિંગ જેવી વાનગીઓ જોવા મળી છે અને ઓલરેડી આ વાનગીઓએ ભારતીયોનાં મનમાં સ્થાન મેળવી લીધું છે. મેજર ઈન્ડિયન સિટીમાં કોરિયન રેસ્ટોરન્ટ્સ અને સ્ટ્રીટ ફૂડ સ્ટોલ્સ મસાલેદાર, સ્વાદિષ્ટ અને અનોખા કોરિયન ફ્લેવર્સ પિરસે છે અને લોકો એને પસંદ પણ કરી રહ્યા છે. કોરિયન ખાદ્યપદાર્થોએ નિઃશંકપણે ભારતીય મેનુમાં તેનું વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે.







★ **કે-પોપ અને કે-ડ્રામાની દિવાનગીઃ** ભારતમાં કે-પોપ અને કે-ડ્રામાનો ક્રેઝ સર્વકાલીન ઉચ્ચતમ સ્તરે છે, BTS અને BlacPink જેવા પોપ સિંગર ગ્રૂપ્સનાં ચાહકોની ભારતમાં ખૂબ મોટી સંખ્યા છે. ખાસ કરીને જેન-ઝીમાં કે-પોપનો ખાસ ક્રેઝ છે. વિશ્વભરનાં કે-પોપ અને કે- ડ્રામાનાં ચાહકો અવારનવાર શહેરના વાઇબ્રન્ટ ગંગનમ ડિસ્ટ્રિક્ટનો અનુભવ કરવા માટે સોલની મુલાકાત લે છે, જેમાં ઘણા લોકો ગંગનમ સ્ટાઇલ સ્ટેચ્યુની મુલાકાત લે છે જે વિશ્વને તરબોળ કરનાર વાયરલ ગંગનમ સ્ટાઈલ ગીતને શ્રદ્ધાંજલિ છે. કે-પોપની સાંસ્કૃતિક નિકાસે ભારતીય ચાહકો માટે સોલને ટોચનું સ્થળ બનાવ્યું છે, જેઓ તેમનાં આઈડલનાં મૂળસ્થાન સાથે જોડાવા આતુર હોય છે.

★ **ભારતમાં કોરિયન સ્કિનકેર અને બ્યુટી પ્રોડક્ટ્સની ડિમાન્ડઃ** કોરિયન સ્કિનકેર ભારતમાં જ નહીં, પણ આખા વિશ્વમાં વખણાય છે. લોકો સ્વસ્થ અને કાચ જેવી ચમકતી ત્વચા માટે દેશનું પ્રખ્યાત બ્યુટી રૂટિન અપનાવવા આતુર છે. શીટ માસ્ક, સીરમ અને મોઇશ્ચરાઇઝર્સ જેવી પ્રોડક્ટ્ને ભારતીય બજારમાં જોરદાર પ્રતિસાદ મળ્યો છે. ભારતમાં કોરિયન બ્યુટી પ્રોડક્ટ્સની સફળતાનો શ્રેય તેમના ઉચ્ચ-ગુણવત્તાવાળા ઘટકો અને સ્કિનકેર ઇનોવેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને આભારી છે, જે દક્ષિણ કોરિયાને ભારતીય સૌંદર્ય ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી બનાવે છે.

વિવિધ ક્ષેત્રોમાં તેના વધતા પ્રભાવ સાથે, દક્ષિણ કોરિયા આજે ભારતીય પ્રવાસીઓ માટે ખરેખર એક આકર્ષક સ્થળ બની ગયું છે, જે માત્ર એક રીચ કલ્ચરલ અનુભવ લેવા માટેનો દેશ નહીં, પણ એને વૈશ્વિક પાવરહાઉસ બનાવે છે. સાથે જ આ દેશ ટેક્નોલોજી અને ઔદ્યોગિક પ્રગતિની ઝલક પણ આપે છે. ઐતિહાસિક સ્થળો માટે હોય, વાઇબ્રન્ટ પોપ કલ્ચર માટે હોય, કોરિયન ગ્લાસ સ્કિન મેળવવા માટેની પ્રોડક્ટ્સ માટે હોય કે પછી વિકાસશીલ ઉદ્યોગો માટે, દક્ષિણ કોરિયા એક એવો દેશ છે જે ભારતીયોની દરેક પ્રકારની કલ્પનાને મોહિત કરે છે. ■

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# મામા કરે ગુણાકાર ને મામી કરે ભાગાકાર



**આજના** યંગસ્ટર્સ જે કેટલીક મજા - આનંદ કે જલસાથી વંચિત રહી ગયા છે એમાંનો એક આનંદ છે મોસાળ યાને કે મામાનું ઘર. સંબંધોની વ્યાખ્યા અનુસાર માના ભાઈ મામા કહેવાય અને એમનાં પત્ની મામી થાય. એક બાળપણ હતું જ્યારે વેકેશનમાં રિઝોર્ટ કે ફોરેન ટૂર કે એક્ટિવિટી કેમ્પમાં બાળકો નહોતાં જતાં. બલ્કે મોસાળ - મામાનું ઘર એટલે મૌજા હી મૌજા એવું કહેવાતું. મીઠાશનું બીજું નામ હતું મામા. અત્યારે અનેક બાળકોને વેકેશન હશે પણ એ છુટ્ટીઓમાં આનંદ મેળવવાની વ્યાખ્યા સમૂળગી બદલાઈ ગઈ છે. **'મામાનું ઘર કેટલે? દીવો બળે એટલે'** કહેવત પણ હવે મોડર્ન સ્વરૂપમાં **'મામાનું ઘર કેટલે? રિઝોર્ટ દેખાય એટલે'** જોવા અને અનુભવવા મળે છે. અખંડ ભારતમાં ચિત્તાગોંગ નામનું શહેર હતું (હવે બાંગલાદેશમાં છે) અને અહીં રહેવાસીઓ માટે મામા શબ્દ વાપરવાનું ચલણ હતું. મામાનો એક અર્થ ચોર પણ કરવામાં આવે છે. **મામા મળવા એટલે ચોર મળવા.** જોકે, કોઈ અકળ કારણસર મુંબઈની બોલચાલની ભાષામાં પોલીસ કે ટિકિટ ચેકર માટે પણ મામા શબ્દનો ઉપયોગ જોવા મળે છે. **મામા પકડી ગયા** રજૂઆતમાં પોલીસ અર્થ છે જ્યારે વગર ટિકિટે મુસાફરી કરનારને 'ધ્યાન રાખજો, **મામા ભટકાઈ જશે તો દંડ થશે'** એમ પણ કહેવામાં આવે છે.

ઉનાળુ વેકેશનમાં પિયર આવતી સ્ત્રી માટે મા જણ્યો ભાઈ હેતનો દરિયો હતો તો ભોજાઈ - ભાભી (બાળકોની મામી) સુખદુ:ખની વાત કરવા માટે સખીથી વિશેષ હતી. મામા-મામી ભાણેજડાઓ માટે આનંદનો આવાસ, સુખનું સરનામું હતા. મામા - મામીના સંદર્ભે એ ઓછી જાણીતી પણ સંસારચક્રની વાત કરતી કહેવત જાણવા જેવી છે. કહેવત છે **મામા કરે ગુણાકાર અને મામી કરે ભાગાકાર.** પ્રથમ દ્રષ્ટિએ આ કહેવત બંને વચ્ચેનો વિરોધાભાસ વ્યક્ત કરતી હોય એવું પ્રતીત થાય છે. આ કહેવતને ઊંડાણથી તપાસવી જરૂરી છે. આપણી સમાજ વ્યવસ્થા અનુસાર મામાની જવાબદારી નોકરી ધંધો અથવા મજૂરી કરીને બે પૈસા કમાઈ લેવા. મામા કમાણી કરતા હોવાથી ધનમાં વધારો થાય અને એટલે સંપત્તિનો ગુણકારી કર્યો કહેવાય. ગણિતમાં ગુણાકાર કરવાથી મોટી સંખ્યા મળે. આ મહેનતથી મેળવેલી મૂડી અંતે મામીના હાથમાં આવે અને એ આવકમાંથી મામી જરૂરિયાત અનુસાર પૈસા ખર્ચ કરે. એટલે મૂડીનો ભાગાકાર કર્યો કહેવાય. ગણિતમાં ભાગાકાર કરવાથી મૂળ સંખ્યા ઘટી જાય. જોકે, આ રીતે ગુણાકાર અને ભાગાકાર કરવાથી જ જીવન નિર્વાહ થાય અને દેશનું અર્થતંત્ર પણ આવક અને જાવકથી જ મજબૂત બને.

રાષ્ટ્ર ભાષા

## नानी-दादी की कहावतें

વિજ્ઞાને ભલે ગમે એટલી પ્રગતિ કરી, માણસના મનમાં અમુક ખૂણે હજી પણ વર્ષો જૂના ખ્યાલો - વિચારો ઘરબાઈ પડ્યા છે. માનવ સમાજની પ્રગતિના ભલે ગમે એટલા ગુણગાન ગાવામાં આવે, એ સમાજ આજની તારીખમાં પણ મહદંશે પિતૃસત્તાક સમાજ જ છે. હિન્દી ભાષાની એક પ્રચલિત કહેવત પરથી આ વાત સ્પષ્ટ થાય છે. કહેવત છે **नानी के टुकडे खावे, दादी का पोता कहावे.** નાની એટલે મમ્મીની મમ્મી - મોસાળ પક્ષ અને દાદી એટલે પપ્પાની મમ્મી. પિતૃ પક્ષ. આ કહેવત અનુસાર **कोई व्यक्ति भले ही ननिहाल के सहारे रहा हो, लेकिन वह अपने को दादी के पोते के रुप में ही पहचानना चाहता है। यह एक पितृसतात्मक समाज में प्रचलित कहावत है, जहाँ व्यक्ति का संबंध उसकी दादी के माध्यम से ही माना जाता है, चाहे वह ननिहाल में बडा हुआ हो ।** નનિહાલ એટલે નાનાનું ઘર - મોસાળ. કોઈ વ્યક્તિ ભલે મોસાળમાં ઉછરી હોય, એના ટેકાથી જીવતી હોય, અંતે એની ઓળખાણ તો દાદીના પૌત્ર તરીકે જ આપવામાં આવે છે અને નહીં કે નાનીના દોહિત્ર તરીકે. પિતૃસત્તાક સમાજની આ લાક્ષણિકતા છે. અચ્છાઈ અને બુરાઈ આપણાં કર્મોનું ફળ છે, પ્રતિબિંબ છે એ સમજવું જોઈએ, હિન્દી કહેવત છે **कौआ के कोसे ढोर मरे तो, रोज कोसे, रोज मारे, रोज खाए.** કોસ એટલે કોઈનું અહિત વિચારવું, એના વિશે બૂરા વિચારો કરવા. કહેવતનો ભાવાર્થ એમ છે કે કોઈનું ખરાબ વિચારવાથી જ જો એનું અહિત થવાનું હોય તો લોકો બેઠા બેઠા જ બીજાની બુરાઈ કરતા ફરે. કાગડો ખોરાક માટે કોઈ જાનવરના મૃત્યુની રાહ જોતો ન બેઠો રહેત. રોજ કોઈ જાનવરના મૃત્યુ વિશે વિચારી લેત અને એને ભોજન મળી જાત. ટૂંકમાં કોઈનું અહિત એનાં ખરાબ કર્મોને લીધે થાય છે, નહીં કે બીજા કોઈએ એનું અહિત વિચાર્યું હોવાથી. જીવનનો મર્મ સમજાવે છે આ કહેવત.

ENગ્લિશ વિંGLISH

## MEANING CHANGE

અંગ્રેજી ભાષામાં એવા કેટલાક શબ્દો છે જે મૂળ સ્વરૂપે જ ગુજરાતીમાં રૂઢ થયા છે અને નિયમિતપણે બોલાય પણ છે. એને સમાનાર્થી ગુજરાતી શબ્દ હોવા છતાં એ વ્યવહારમાં ઓછો જોવા મળે છે. NICE is one such word. ગુજરાતીમાં એનો અર્થ સરસ, સુંદર, મજાનું, મનોહર, નયનરમ્ય એવો થાય છે. જોકે, આ ડ્રેસ નાઈસ છે કે પેરિસ બહુ નાઈસ સિટી છે એમ કહેવાતું હોય છે. હવે તમને જો કહેવામાં આવે કે એનો મૂળ અર્થ trivial, foolish or stupid - મામૂલી, મૂરખ કે બુદ્ધુ હતો તો મગજ ચકરાવે ચડી જાય ને. When nice came into English in the 14th century it meant "foolish," which is also what it meant in the Anglo-French that it came from, and ultimately also in Latin nescire meaning "not to know." ૧૪મી સદીમાં નાઈસ શબ્દ અંગ્રેજીમાં આવ્યો ત્યારે એનો અર્થ મૂરખ એવો થતો હતો. લેટિનમાં પણ આ શબ્દનો અર્થ અજાણ એવો કરવામાં આવતો હતો. સમય સાથે બદલાવ આવ્યો અને એ સાથે ચોકસાઈ એવો અર્થ અસ્તિત્વમાં આવ્યો. In the 19th century NICE acquired the present meaning PLEASANT or AGREEABLE. ૧૯મી સદીમાં આનંદ આપનાર કે રુચિકર એ અર્થ ધારણ થયો. કેવી નાઈસ યાત્રા છે નાઈસ શબ્દની, હેં ને.

અર્થની કાયાપલટ કરનારો બીજો અંગ્રેજી શબ્દ છે Garbage. નામ પડતા જ મોઢું બગડી જાય અથવા વાંકું થઈ જાય. ગંદકી, કચરો, પૂંજો કે વાસીદું એના અર્થ છે. જોકે, કોઈ બકવાસ વાત કરે તો He talks garbage એમ કહેવાય છે. હેરત પમાડનારી વાત એ છે કે એનો મૂળ અર્થ શરીરના અવયવ સંબંધિત છે. Originally Garbage meant the internal parts of an animal: viscera. પ્રાચીન કાળમાં પ્રાણીઓના શરીરનાં



અવયવો કે આંતરડા એવો અર્થ પ્રચલિત હતો. અલબત્ત ગાર્બેજ એક માત્ર ખોરાક સંબંધિત શબ્દ નથી જેના અર્થમાં ધરમૂળથી બદલાવ જોવા મળ્યો છે. Meat formerly was used to refer to food of any kind, and not just to the flesh of an animal. મીટ માત્ર પ્રાણીના માંસ માટે વપરાતો શબ્દ નહોતો. અનેક પ્રકારના ખોરાક માટે એનો ઉલ્લેખ કરવામાં આવતો હતો. Also liquor was once used to refer to liquid of any sort, rather than to a substance that is productive of hangovers. એ જ રીતે લિકર શબ્દ કોઈ પણ પ્રકારના પ્રવાહી માટે ઉપયોગમાં લેવાતો હતો. આજે હવે એ દારૂ - શરાબ માટે ઈસ્તેમાલ થાય છે.

સગ્ગી बहिण

## आधुनिक म्हणी

સમય મોડર્ન છે, આધુનિક યુગ ચાલી રહ્યો છે. ભાષામાં અને એના પગલે કહેવતો અને રૂઢિપ્રયોગોમાં પણ આધુનિકતા પ્રવેશે એ સાહજિક ગણાય. મરાઠીની અમુક કહેવતો નવા અવતારમાં જોવા મળી છે. જૂની અને જાણીતી કહેવત છે **थेंबे थेंबे तळे सावे.** આટલું વાંચી તમને ગુજરાતી કહેવત ટીપે ટીપે સરોવર ભરાય જરૂર યાદ આવી હશે. થેમ્બ એટલે ટીપું અને તળે એટલે નાનકડું તળાવ. **थोडं थोडं करुन साठवल्यास मोठा संग्रह होतो. थोडक्यात, नियमितपणे आणि सतत प्रयत्न केल्याने यश मिळवता येते, असे या म्हणीचे तात्पर्य आहे.** કાંકરે કાંકરે પાળ બંધાય, મતલબ કે સતત અને નિયમિત પ્રયત્નો કરવાથી સફળતા મળે એ આ કહેવતનો ભાવાર્થ છે. આને મળતી આધુનિક કહેવત છે **थेंबे थेंबे लोकसंख्या वाढे।** માનવવસ્તી એ મોડર્ન સમસ્યા છે. મનુષ્ય જન્મ (એક હોય કે અનેક) લોકસંખ્યા વધારવામાં નિમિત્ત બને છે એ આશય છે. બીજી કહેવત છે **कष्टानं कमावलं, पावसानं हरवलं.** મહેનત કરી, પરસેવો પાડી ખેતરમાં વાવણી કરી હોય પણ કમોસમી વરસાદને કારણે ઊભો પાક નાશ પામે અને ઉજ્જવળ વર્ષની આશા ઠગારી નીવડે એવું બનતું હોય છે. મહારાષ્ટ્રમાં ખેડૂતોની આત્મહત્યામાં આ પરિબળ જવાબદાર ગણાય છે. આ કહેવતનું આધુનિક સંસ્કરણ છે **कष्टानं कमावलं बाटलीनं गमावलं।** વાત ઉદ્યમની જ છે, પણ પરિશ્રમથી કરેલું ઉપાર્જન બાટલીમાં મતલબ કે શરાબના વ્યસનમાં વેડફાઈ જાય એના પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# અસહ્ય ગરમીમાં અગાસીએ ઊંઘવાના ખતરા-અખતરા



'ગિરધરલાલ, લો આ લવલેટર જુવો.' રાધારાણીએ છણકો કરીને અમારા મોં પર કાગળ છૂટો ફેંક્યો .

'કાગળમાં શું છે ?' અમે એક નિર્દોષ છૂટાછેડા જેવો સવાલ પૂછ્યો.

'કેમ, તમને ભગવાને ડુંગળીડોળા આપ્યા નથી? રંગઅંધાપો- થયો છે?' રાધારાણીએ અમારું મોઢું તોડી લીધું.

'રાધુ, તેં મને ડિવોર્સની નોટિસ ફટકારી છે કે શું?' અમે વાતાવરણ હળવું કરવા મજાક કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો.

'ગિધુ, તમારી સડેલી જોક લેખમાં લખવાની. તમારી જોક પસ્તી જેવી છે. તમારા મગજનો ફ્યૂઝ ઊડી ગયો છે..' રાધારાણી નામનો બાટલો ફાટ્યો. રાધારાણીએ નીચે ફેંકેલ કાગળ ઉઠાવ્યો. કોઇ ફિલ્મમાં બચ્ચન કહે છે કે 'શેઠજી, મૈં ગિરે હુએ પૈસે નહીં ઉઠાતા.' હોય જેવા જેના સિદ્ધાંત.'

'આટલું બધું લાઇટ બિલ ?' મારાથી આહ નીકળી ગઇ. બે મહિનાનું ૧૧,૦૦૦ રૂપિયાનું બિલ આવે તો કોના મોઢામાંથી 'ઓહ' કે 'આહ' ન નીકળે!

'ગુજરાત ઈલેક્ટ્રિસિટી' વાળા તો મારા પરમ પૂજ્ય શ્વસૂરની માલિકીની છે એમ માની તમે રૂમે રૂમે એર કન્ડીશનર, ટીવી ચાલુ રાખો પછી વધુ બિલ ન આવે તો શું થાય?, આ તો હું છું એટલે બધુ ઓલ વેલ ચાલે છે. બાકી ઘર જાય અને ઓસરી રહે તેવો તમારો તઘલખી તાલ છે' રાધારાણી ફૂલ ફોર્મમાં હતા.

'હવે શું કરવું છે?' અમે શરણાગતિ સ્વીકારી.

'ફાનસયુગમાં પુનઃ પ્રવેશ કરવો ન પડે એટલે તાણીતુંસીને બિલ તો ભરવું જ પડશે.' રાધારાણીએ લાઇટ બિલ ભરવા માટે ઓર્ડર આપ્યો.

'રાધુ, હવે બપોરે તું એસી બંધ રાખજે.' અમે નિર્દોષભાવે ડરતાં ડરતાં સૂચન કર્યુ.

'તમને બપોરે માત્ર છ કલાક ચાલતું એસી જ દેખાય છે. તમે ટોઇલેટમાં તમને પરસેવો ન થાય એટલે કૂલર ચલાવી ત્રણ કલાક ટોઇલેટમાં છાપું અને મોબાઇલ લઇ ઘલાઇ રહો છો એ યાદ આવતું નથી?'

'રાધુ એ બધુ ઠીક છે. પરંતુ, લાઇટબિલ ઘટાડવા શાસક વિપક્ષના ભેદ ભૂલી જઇને નક્કર કામ કરવું પડશે. નહીંતર મારે દર મહિને લાઇટબિલ ભરવા બેંકમાંથી લોન લેવી પડશે.' મેં રચનાત્મક દરખાસ્ત રજૂ કરી.

'જુવો ગિરધરલાલ, આપણે રાત્રે ઉંઘતી વખતે બેડરૂમમાં એસી ઓન કરીએ છીએ. અધૂરામાં પૂરું, સોળ પર એસી રાખીએ છીએ. બેડરૂમને બદલે અગાસી પર ઊંઘવાનું રાખીએ તો લાઇટબિલ અડધું થઇ જશે.'

રાધારાણીએ ઉનાળાની ગરમ રાત્રિમાં અગાસીમાં ઉંઘવા જવાના નામે માસ્ટર સ્ટ્રોક માર્યો. અમારે હા કે ના કરવાનો ક્યાં સવાલ હતો? કતલ થતાં બકરાને હલાલ કે ઝટકાનો ઓપ્શન પૂછવામાં આવતો નથી!

અગાસીએ સૂવાનું આયોજન નિયત થઇ ગયું. તે મુજબ જરૂરી પ્રબંધ કરવાનું અમારા માથે નાખવામાં આવ્યું. અમે સાંજે સાત વાગ્યે અગાસી ધોઇ આવ્યા. ભોંયતળિયેથી પાટી ભરેલા ખાટલા અગાસી પર ચડાવી આવ્યા. ગાદલા, ઓશીકા, ગાદલાની ચાદર, પેડસ્ટલ ફેન, હાથપંખો, ટીપોઇ, પાણી પીવા માટેનો કૂંજો, મચ્છરદાની વગેરે અગાસીએ ચડાવી આવ્યા.

અમે બકાસૂરના પણ વંશજ છીએ એટલે રાતે ભૂખ લાગે તો જોઈતી ખાદ્યસામગ્રી પણ ખાટલાની બંને બાજુ ટીપોઇ મૂકી ખડકવામાં આવી.

રાત્રે નવ વાગ્યે અમૃત ચોઘડિયાંમાં સીડી પર ધમધમ કરતા રાધારાણી હાથણીની જેમ અગાસીમાં આવ્યા માનો કે મા રાધારાણી અગાસીએ પ્રગટ્યા રે લોલ.

હું મારા ખાટલામાં ગોઠવાયો. રાધારાણી પણ એમના ખાટલામાં બેઠાં.

મંદ મંદ હવા લહેરાતી હતી. જો કે હવામાં ૨/૩ ગરમ અને ૧/૩ ઠંડી હવા હતી. આખા દિવસના થાકેલા હતા. ખાટલામાં લંબાવતા ઊંઘનું ઘારણ ફરી વળ્યું.

અડધી કલાકમાં પવન પડી ગયો. પરસેવાથી રેબઝેબ થઇ ગયા. પંખો ચાલુ કર્યો પણ ચાલુ ન થયો. આજુબાજુ ઘરની લાઇટો અને સ્ટ્રીટ લાઇટ બંધ હતી. અમે માન્યું કે અમારી વીજળી વેરણ થઇ. રાધારાણી તો ઠંડી ગરમીથી પર થઇ મધ્ધમ મધ્ધમ તાલબદ્ધ નેવું ડેસિબલથી વધુ નિનાદના નસકોરા બોલાવતાં હતાં. પગથી માથા સુધી ચાદર કફનની જેમ ઓઢીને ગાઢ નિંદ્રામાં હતાં.

પવન પડી જવાથી મચ્છરોએ અમારા લોહીનું કેન્ડલવિધાઉટ ડિનર લેવાનો કાર્યક્રમ જારી રાખેલો. ઉંદર ફૂંકી ફૂંકીને કરડે તેમ કહેવામાં આવે છે. મચ્છર 'ગુણ ગુણ' કરતા કરડતા હોય છે. મચ્છર કરડે પછી શરીરમાં લાય બળતી હોય એવી બળતરા થાય. મચ્છરે જ્યાંથી લોહી ચૂસ્યું હોય ત્યાં ગુપ્ત રોગ જેવી અસહ્ય બળતરા ઊપડે. તે ભાગ વલૂરવા છતાં ખંજવાળ મટે નહીં. અમે એ ભાગ પર અમારું વાસી થૂંક લગાડ્યું પણ એ નાકામયાબ નીવડ્યું . અમે પાતળી ચાદર ઓઢીને ઊંઘવા મરણિયો પ્રયાસ કર્યો. ચાદરની બહાર મચ્છર અમારી ઊંઘભંગ માટે ગણગણાટ કરતા હતા. આ પ્રકારની સિચ્યુએશન હોય તો નિંદ્રાસનને વરેલા કુંભકર્ણને પણ ઊંઘ ન આવે તો અમે કંઇ વાડીના મૂળા છીએ કે અમને ઊંઘ આવે.?

જેને ઊંઘનો એટેક આવ્યો હોય તે વગર પથારીએ ઘાસના ઢગલામાં સૂઇ જાય એમ કહેવામાં આવે છે, પરંતુ એનો પનારો કાળા બજારિયા જેવા આતંકવાદી મચ્છર સાથે પડ્યો નહીં હોય? નહિતર એ પણ અમારી જેમ ચોકીદાર બની જાગતે રહોની બાંગ પોકારતો હોય તેમાં મિનમેખ નથી.

'મુનિ જાગે છે ત્યારે પશુઓ ઊંઘે છે' એમ ભગવદ ગીતામાં કહ્યું છે. અમે પથારીમાં પડયા પડયા તરફડતા તરફડતા ભગવાનનું નામસ્મરણ શરૂ કર્યું, પરંતુ, ઉદ્વિગ્ન મને ભજન પણ ક્યાંથી થાય? બિનવારસી લાશ રઝળે તેમ અમે કરવટો બદલતા રહ્યા.'

અગાસીના સ્વર્ગે રીબાવવું એના કરતાં એસી રૂમની પરાધીનતા સારી. દુનિયાના દુખો દૂર કરવા ગૌતમ બુદ્ધે મધ્યરાત્રીએ સંસારમાંથી મહાભિનિષ્ક્રમણ કરેલ. અમે પણ ઊંઘના દુઃખને નેસ્તનાબૂદ કરવા માટે અમે પણ અગાસીમાંથી મહાભિનિષ્ક્રમણ કરી રૂમમાં મહાઆગમનીકરણ કર્યુ પછી રૂમમાં જઇ એસી ઓન કર્યું પછી અમને એસીની ઠંડકમાં ઝોકા આવવાના શરૂ થઈ ગયા ત્યારે ટાવરમાં સવારના પાંચના ડંકા વાગ્યા. ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કચ્છની કમાંગરીઃ શૈલી નહીં, એક વિશિષ્ટ કલાની ઉજવણી...

**કચ્છની** જાણીતી કમાંગરી ચિત્રકળા વિષે ઘણી વખત 'કમાંગરી શૈલી' તરીકે ઉલ્લેખ થાય છે, પરંતુ જાણીતા વિદ્વાન પ્રદીપ ઝવેરીના અનુસંધાન પ્રમાણે કમાંગરીને શૈલી તરીકે ઓળખાવું યોગ્ય નથી. તે એક વિશિષ્ટ, વૈવિધ્યસભર કલા છે જે કચ્છની ભૌગોલિક અને સાંસ્કૃતિક વિશિષ્ટતાને દર્શાવે છે.

આનું એક અગત્યનું કારણ એ છે કે વિષયો લગભગ સરખા હોવા છતાં કચ્છની જુદી જુદી જગ્યાએ જોવા મળતા આ ચિત્રોમાં કોઈ સમાનતા જોવા મળતી નથી તો વળી, કોઈ જગ્યાએ જોવા મળતા વેલ અને બુટાની ભાત, જેને નિષ્ણાતો કચ્છની આ ચિત્રકળાની ખાસિયત તરીકે ઓળખાવે છે તે પણ બહુ સીમિત જગ્યાએ જોવા મળી છે. ઓગણીસમી સદીના ચોથા દાયકાની શરૂઆતથી થયેલાં ચિત્રોમાં આ પ્રમાણેના વેલબુટા જોવા મળતા નથી. આ ઉપરાંત ઘણી જગ્યાઓએ બનાવવામાં આવેલા ચિત્રોમાં તે જમાનાના અગત્યના આધુનિક ચિત્રકારો જેવા કે રવિ વર્મા તથા એમ. વી. ધુરંધરના ચિત્રોની પ્રિન્ટની કોપી જ કરવામાં આવી છે. બીબર ગામના રામ મંદિરનાં ચિત્રો તેમજ તેરા ખાતેના દરબારગઢનાં ચિત્રોમાં જોવા મળતી કલર સ્કીમ એકબીજાથી તદ્દન વિરુદ્ધ પ્રકારની છે અને બીજે જોવા મળતાં ભીંતચિત્રો કરતાં તેમની રેખાઓ પણ ઝીણવટભરી છે જે સામાન્ય રીતે કમાંગરો દ્વારા કરવામાં આવેલા અન્ય ચિત્રોમાં જોવા મળતી નથી. આ ઉપરાંત ઓગણીસમી સદીના મધ્ય ભાગમાં બનાવવામાં આવેલા ભારાપર કુમારશાળાનાં ચિત્રો તેમજ મુન્દ્રા ખાતે કલુભા વાઘેલાના ઘરમાં બનાવવામાં આવેલાં ચિત્રોના વિષયો કંઈક અંશે મળતા આવતા હોવા છતાં તેમની રજૂઆતમાં તેમજ કલર સ્કીમમાં સમાનતા જોવા મળતી નથી. જોકે કલુભાના ઘરમાં કંપની શૈલીની અસર વધુ જોવા મળે છે. ખાસ કરીને યુરોપિયન સૈનિકોની પરેડનું ચિત્ર ભારાપરના સૈનિકોની સવારીના ચિત્રણથી ઘણું અલગ પડે છે.











મુન્દ્રાના દેવસી સારંગના ઘરમાં જોવા મળેલાં ચિત્રો સંપૂર્ણપણે કંપની શૈલીની અસર નીચે વર્ષ ૧૯૪૦ની આસપાસ ગોવિંદજીભાઈ પઢિયાર દ્વારા આલેખવામાં આવ્યાં હતાં જે કમાંગર સમુદાયના ન હતા પરંતુ કચ્છમાં કોઈપણ વ્યક્તિ જે ચિત્રકામ કરતી હોય તેને કમાંગર તરીકે ઓળખવાનું ચલણ હતું. આ ઉપરાંત પ્રારંભિક ચિત્રોમાં પ્રાકૃતિક રંગો વાપરવામાં આવ્યા હતા જ્યારે ઓગણીસમી સદીના ચોથા દાયકાથી જે ચિત્રો થવા માંડ્યા તેમાં તૈલીય રંગો વડે લાકડાની છત પર યુરોપિયન મોટીફ બનાવવાનું શરૂ થયું હતું. જૈન દેરાસરો અને સ્વામિનારાયણ મંદિરોમાં પણ મહદ અંશે આવા અપ્રાકૃતિક રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અબડાસા તાલુકામાં થયેલાં ચિત્રોમાં અને ત્યારબાદ મુન્દ્રા અને માંડવી તાલુકાના ઘરોમાં થયેલા ચિત્રણમાં લોકકલાની અસરની નીચે ચિત્રોની રેખાઓ બળૂકી છતાં જાડી તેમજ બરછટ જોવા મળે છે તેમજ રંગપુરણીમાં ઘણો બધો ફરક જોવા મળે છે.

કોઈ એક પ્રદેશની એક વિશિષ્ટ શૈલીમાં જોવા મળતા ચિન્હોનો કચ્છના ભીંતચિત્રો તેમજ અન્ય ચિત્રોમાં અભાવ જોવા મળે છે. આ ઉપરાંત આઈના મહેલ તેમજ ભુજ ખાતેના કચ્છ મ્યુઝિયમમાં જોવા મળતા પટચિત્રો (scroll) કમાંગર ચિત્રકારો દ્વારા બનાવવામાં આવ્યા હોવા છતાં તેમાં પ્રચુર માત્રામાં કંપની શૈલીની અસર જોવા મળે છે. કચ્છના એક અગત્યના ચિત્રકાર કમાંગર દ્વારા બનાવવામાં આવેલા ત્રણ ચિત્રો જે શ્રીરાવ ખેંગારજી IIIના લગ્ન પ્રસંગે બનાવવામાં આવ્યાં હતાં તે સંપૂર્ણપણે કંપની શૈલીની અસર તળે બનાવવામાં આવ્યા છે. કમાંગર ચિત્રકારો ઉપરાંત કચ્છના અન્ય ચિત્રકારો જે સોની તેમજ કંસારા જ્ઞાતિના હતા તેમણે પણ કાગળ પર ચિત્રો બનાવ્યા છે જે ભીંતચિત્રોથી સંપૂર્ણપણે અલગ પડે છે. કચ્છ મ્યુઝિયમના સંગ્રહમાં રહેલા એક ફોલિયોમાં કચ્છની વિવિધ કળાઓમાં વપરાતી પેટર્નનું નિરૂપણ થયેલું જોવા મળે છે જે લગભગ સોની અથવા કંસારા સમુદાયમાંથી આવતા ચિત્રકાર દ્વારા બનાવવામાં આવ્યા છે.

સ્થળપ્રવાસ કર્યા પછીના આ તમામ અવલોકનો પ્રદીપભાઈ સાથે અમારા પ્રકાશિત કલાતીર્થ ગ્રંથ 'ગુજરાતનો વિસરાતો ભીંતચિત્રોનો કલાવૈભવ'માં પણ માણી શકાશે અને અહીં પણ ઉપર ઉલ્લેખિત કરેલ સ્થળોના ચિત્રો સરખામણી માટે ફોટોમાં પ્રસ્તુત કરવામાં આવ્યા છે. જે સ્પષ્ટ કરે છે કે ભલે વર્ષોથી એવું કહેવાતું આવે કે કમાંગરીને એક શૈલી તરીકે નહિ, પરંતુ કચ્છની એક અનોખી અને વૈવિધ્યસભર ચિત્રકળા તરીકે ઓળખવી વધુ યોગ્ય છે. પ્રખર ચિત્રવિદ શ્રી રવિશંકર રાવળે પણ કચ્છની કમાંગરીનું વર્ણન એ જ રીતે, એક વિશિષ્ટ કળા તરીકે કર્યું હતું.

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# હિમાલયમાં ‘અટકી’ ગયેલા એટકિન, જેણે નંદાને મુગટ બનાવી ને ગંગાને ગોદ!


‘જ્યારે મેં ૧૯૫૯માં દુનિયાનું ભ્રમણ કરવાનું શરૂ કર્યું ત્યારે મને હિમાલય વિશે લગભગ કંઇ ખબર નહોતી. એવરેસ્ટ શિખર પર ધ્વજ ફરકાવતા તેનજિંગને જોઈને મને વિશ્વની સૌથી ઊંચી પર્વતમાળાનો એવો કોઈ જાદુ મહેસૂસ નહોતો થયો, જેટલો મારી અંદર એ વિશ્વાસ મજબુત થયો કે હિમાલયની ઉંચાઈ જ તેની અસલી પહેચાન નથી. મારા માટે સાધનામાં લીન યોગીઓવાળી કંદરાઓમાંથી મળતી અંતર્દષ્ટિની સંભાવના કંઇક વધુ લલચામણી હતી. જ્યારે મેં મહાત્મા ગાંધીના ધર્મશાસ્ત્ર પર એમએની થિસિસ પૂરી કરી ત્યારે મારા પરીક્ષકે મને ભારતમાં કોઈનું નામ અને સરનામું આપ્યું હતું. મારા માટે તો, વિશ્વના પૂર્વી છેડા તરફનું આ ભ્રમણ તુલનાત્મક ધર્મ સમજવા માટે માત્ર એક ફિલ્ડ ટ્રિપ જ હતું, જે આ પ્રવાસ પછી બ્રિટનમાં મારા શિક્ષણ કાર્યને થોડું સન્માનજનક બનાવશે. ધરતીની પરિક્રમા કરવાની મેં જે યોજના બનાવી હતી તેનો એક તૃતીયાંશ હિસ્સો પણ હું ક્યારેય પૂરો કરી ન શક્યો. મારા માર્ગમાં આવેલી અડચણો બીજું કશું નહીં, પણ હિમાલયનું સંમોહન હતું.’


‘ફૂટલૂસ ઇન ધ હિમાયલ’ નામના એક પુસ્તકનો આ એક અંશ છે. શીર્ષકનો અર્થ થાય છે : હિમાયલનો સ્વચ્છંદી. બિલ એટકિન નામના એક પ્રવાસીએ ૨૦૦૩માં આ પુસ્તક લખ્યું હતું. હિન્દીમાં આ જ પુસ્તકનો અનુવાદ ‘એટકિનનો હિમાલય’ ત્રણ વર્ષ પહેલાં જ થયો હતો.

બિલ એટકિન સ્કોટલેન્ડમાં જન્મ્યા હતા. ૬૫ વર્ષ પહેલાં એ દુનિયા ફરવા નીકળ્યા હતા અને ધરતીનું ચક્કર લગાવીને પાછા પોતાના દેશ જતા રહેવાના હતા. તે વખતે એમની પાસે માત્ર ૫૦ પાઉન્ડ હતા. પાછા જવાની યોજનામાં હિમાલય એમની ‘આડે’ આવ્યો.

એ ૧૯૫૯માં ભારત આવ્યા હતા અને સાત વર્ષમાં તે હિમાલયના પ્રેમમાં એવા ‘વટલાઈ’ ગયા કે ૧૯૬૬માં મસૂરીમાં કાયમ માટે વસી ગયા. એટકિનને અહીં ‘અટકી’ જવાનો અફસોસ નહોતો. એમણે ભારતનું નાગરિકત્વ સ્વીકાર્યું હતું એટલું જ નહીં, ભારતીય દર્શન અને સંસ્કૃતિને પણ આત્મસાત કરી હતી. એમને પહાડોથી એટલો પ્રેમ હતો કે એમણે હિન્દી અને ગઢવાલી બોલી પણ શીખી લીધી હતી.

ગયા અઠવાડિએ ૯૧ વર્ષના બિલ એટકિનનું અવસાન થઇ ગયું. એમની ઈચ્છા પ્રમાણે હિંદુ રીત-રિવાજ અનુસાર ગંગા કિનારે એમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા. ઘરકામ કરતી વખતે એ ગબડી પડ્યા હતા ને ગંભીર રીતે ઘાયલ થયા, જે જીવલેણ નીવડ્યું. બાકી આમ તો એમનું સ્વાસ્થ્ય અલમસ્ત હતું. રોજ બે વખત પાંચ પાંચ કિલોમીટર ચાલતા હતા અને ઘરનું કામ જાતે જ








કરતા હતા.

એમણે પોતાના પ્રકૃતિ અને આધ્યાત્મના પ્રેમના નીચોડ રૂપે ‘ફૂટલૂસ ઇન ધ હિમાયલ, ૧૦૦૦ હિમાલય ક્વિઝ શ્રી સત્યસાઇ બાબા-અ લાઇફ, નંદાદેવી અફેર, ટ્રાવેલ બાય લેસર લાઇન, ટચિંગ અપ ઓન ધ હિમાલય, સેવન સેક્રેડ રિવર, રાઈડિંગ ધ રેંજીસ’ સહિત ૧૪ પુસ્તક લખ્યાં હતાં. એમને મસુરીના મશહૂર બાળલેખક રસ્કિન બોન્ડની સમકક્ષના લેખક માનવામાં આવે છે.

દહેરાદૂનમાં રહીને એ મા નંદાદેવીના ભક્ત બની ગયા હતા. ૨૦૨૨માં એક ઇન્ટરવ્યુમાં એટકિને કહ્યું હતું કે, ‘દિવ્યતા શું છે તે સમજવા માટે મેં (લીડ્સ યુનિવર્સીટીમાં) તુલનાત્મક ધર્મનો અભ્યાસ કર્યો હતો અને મને તેનો જવાબ નંદાદેવીમાં મળ્યો હતો.’

નંદાદેવી પર્વત ભારતનું બીજું અને વિશ્વનું ૨૩મુ સૌથી ઊંચું શિખર છે. તેનાથી ઊંચું શિખર કાંચનજંઘા છે. નંદા દેવીને પાર્વતીની બહેનના રૂપમાં જોવામાં આવે છે. પુરા ઉતરાંચલમાં તેની પૂજા થાય છે અને તે કુમાઉના કત્યુરી રાજવંશની ઇષ્ટદેવી ગણાય છે.

પહાડો પ્રત્યેનો એટકિનના પ્રેમનું મૂળ સ્કોટલેન્ડમાં એમના બાળપણમાં છે. એમણે કહ્યું હતું, ‘હું દુમ્યાત નામની એક નાનકડી ટેકરીની નીશ્રામાં જન્મ્યો હતો. એ ટેકરી બહુ મોટી નહોતી, પરંતુ મેદાનમાંથી જુઓ તો ભવ્ય લાગતી હતી. મને ચર્ચ જવાનું ગમતું નહોતું. તેના બદલે હું ટેકરીની ટોચે જઈને બેસતો હતો. ત્યાં મને બ્રહ્માંડ સાથે એકતાનો અનુભવ થતો હતો. અને મને થતું હતું કે આ જ તો દિવ્યતા છે.’

ભારત ભ્રમણ દરમિયાન એ કલકત્તામાં રહ્યા હતા ત્યારે ત્યાંની નેશનલ લાઈબ્રેરીમાં એમના હાથમાં બ્રિટિશ યાત્રી એરિક શિપટને લખેલું ‘નંદા દેવી’ નામનું પુસ્તક હાથમાં આવ્યું હતું. તે પુસ્તક એમની જિંદગી બદલી નાખવાનું હતું.

એટકિન કહે છે, ‘જે માણસ લાઈબ્રેરીમાં ગયો હતો, તે બહાર નીકળ્યો ત્યારે એ નહોતો. હું સંમોહિત થઇ ગયો હતો. મારી નિયતિ પહાડોમાં હતી. મને થયું કે મારે જઈને નંદાદેવીનો ચરણસ્પર્શ કરવો છે.’

૧૯૬૦માં એ ઉત્તરાખંડના કૌસાની સ્થિત એક આશ્રમમાં માળી કામ કરવા આવ્યા. ત્યાં તે ચાર વર્ષ રહ્યા. અહીં એમને પહેલીવાર નંદાદેવીનું શિખર જોવા મળ્યું હતું. એમણે સ્થાનિક કુમાઉની અને ગઢવાલ સંસ્કૃતિમાંથી નંદાદેવી વિશે જાણકારી એકત્ર કરવાનું શરૂ કર્યું. એમાંથી એમને દર બાર વર્ષે યોજાતી નંદાદેવીની યાત્રાની પણ ખબર પડી.

બિલ એટકિન ત્યાં ‘દેવતા નાચ’માં ભાગ લેતા હતા, જેને આશ્રમના લોકો અંધવિશ્વાસ ગણતા હતા. એકવાર એમને ટાઈફોડ થઇ ગયો હતો. દવા લેવાને બદલે ૪૦ દિવસના ઉપવાસ કર્યા હતા. એ દિવસોમાં એમને બ્રહ્માંડના યથાર્થનો અનુભવ થયો હતો.

હિમાલયના પ્રેમની એ શરૂઆત હતી. જ્યારે પણ સમય મળે ત્યારે એટકિન નંદાદેવીની આસપાસના ક્ષેત્રમાં ભટકવા નીકળી પડતા, જેથી પર્વત વિશે બને એટલી જાણકારી મળે અને તેનો અનુભવ પણ. એમની મૂળ ઈચ્છા નંદા દેવીની તળેટીમાં જવાની હતી. નંદાદેવીનો પર્વત એકસરખા ઊંચા પહાડોનાં બે વર્તુળો વચ્ચે છે એટલે તેની નજીક પહોચવું સહેલું નથી. એટકિન છેક ૧૯૮૦માં નંદાદેવી સુધી પહોંચી શક્યા હતા.

‘એ જુલાઈનો મહિનો હતો,’ તે દિવસો યાદ કરીને એટકિને કહ્યું હતું, ‘ચોમાસું ચરમ પર હતું. દસ દિવસ સુધી મને બરફનું શિખર જોવા ન મળ્યું. હું વાદળો તરફ તાકીને બેઠો હતો અને અચાનક બધું સાફ થયું અને મને પર્વતનું શિખર જોવા મળ્યું. જાણે એ વિશેષ દર્શન હતાં. મારી યાત્રાઓની એ પરાકાષ્ઠા હતી. એ મારી દેવી છે. એણે મારા જીવનને અર્થ બક્ષ્યો છે.’

એટકિન કહેતા હતા કે હિમાલયનું મહત્વ તેનાં ઊંચા શિખરો કરતાં વધુ તો ત્યાં મળતા વિરાટ અનુભવોમાં છે. એ પર્વતારોહણની આંધળી દોડના ઘોર વિરોધી હતા. ‘ફૂટલૂસ ઇન ધ હિમાયલ’માં એ લખે છે;

‘આ કુદરતી ભવ્યતા જોઇને મેં હંમેશાં જાતને યાદ આપી છે કે આપણે અહીં ફક્ત મહેમાનો છીએ, ભગવાનના મહેમાન,આ ગ્રહના મુસાફરો છીએ, કોઈ માલિક નહીં. જ્યારે આપણે આ વિશાળ બ્રહ્માંડમાં આપણે આપણી તુચ્છતાને ભૂલી જઈએ છીએ ત્યારે આપણે પ્રકૃતિ પર વિજય મેળવવાનો પ્રયાસ કરીએ છીએ. પર્વતારોહણ કરતા અને શ્રદ્ધાવાળા બે જૂથો એક વિરોધાભાસને સ્પષ્ટ બતાવે છે. એક લોકો એવા છે જે સંખ્યામાં ઓછા છે અને પ્રકૃતિ પ્રત્યેના પ્રેમના કારણે પર્વત ચઢે છે અને બીજા લોકો એ છે જે પ્રસિદ્ધિ અને પૈસાની લાલચમાં ચઢે છે.’ ■

ઈકો-સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@
bombaysamachar.com

## મ્યુચ્યુઅલ ફંડ ઈન્વેસ્ટરના વારસદારોને મદદરૂપ થવા આવી ગયો છે એક ‘મિત્ર’...

# આ ‘મિત્ર છે’ કોણ?

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને અને ખાસ કરીને તેમાં રોકાણ કરતા રોકાણકારોને અને એમના પરિવારને એક નવો મદદગાર મળ્યો છે. આ મિત્ર નિયમન સંસ્થા સિક્યોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ની એક ‘ભેટ’ છે. એટલે એના પર વિશ્વાસ રાખી શકાય. આ સુવિધાની સ્થાપના રોકાણકારોના પરિવારના-લીગલ વારસદારો-નોમિનીઝના હિતમાં શરૂ કરવામાં આવી છે માટે એને જરા નજીકથી જાણી સમજી લઈએ.

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે છેલ્લા એક દાયકામાં જબરદસ્ત વિકાસ કર્યો છે. આનું દેખીતું કારણ છે ઈન્વેસ્ટરોનો તેમાં વધેલો વિશ્વાસ. ઉદ્યોગની એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (AUM)માં છ ગણો વધારો થયો છે. ૨૦૧૫ના માર્ચમાં તે ૧૦.૮૩ ટ્રિલિયન ડૉલર હતી, જે ૨૦૨૫ના માર્ચમાં વધીને ૬૫.૭૪ ટ્રિલિયન ડૉલર થઈ હતી. આ જ સમયગાળા દરમિયાન પોર્ટફોલિયોનો આંકડો ૪.૧૭ કરોડથી વધીને ૨૩.૪૫ કરોડ થયો હતો.

જોકે છેલ્લાં ઘણાં વર્ષોમાં દુર્લક્ષ સેવવામાં આવ્યું હોય કે ઉપેક્ષા કરવામાં આવી હોય એવા ઈન્વેસ્ટમેન્ટ્સના ઘણા પ્રશ્નો ઊભાં થયા છે. મોટા ભાગના ઉપેક્ષિત ઈન્વેસ્ટમેન્ટ્સ મર્યાદિત કેવાયસી (નો યોર કસ્ટમર)ની વિગતના ફિઝિકલ સ્વરૂપમાં કરવામાં આવ્યા હતા.

વધુમાં, અપડેટ વગરના સરનામા કે વપરાશમાં ન લેવાતા ઈમેલ આઈડી જેવી અનિયમિતતાને લીધે પણ કોન્સોલિડેટેડ એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં ફોલિયો નજરે પડતા નથી. મૂળ યુનિટધારકનું મૃત્યુ પણ ભૂલી જવાતા ઈન્વેસ્ટમેન્ટ્સ પાછળનું એક અન્ય કારણ હોય છે. ‘સેબી’ ના જણાવ્યા મુજબ, સક્રિય ફોલિયોમાં પડેલા નાણાં ત્યાં સુધી ડોર્મન્ટમાં પડ્યા રહે છે જ્યાં સુધી ઈન્વેસ્ટર (નોમિની કે કાનૂની વારસદાર) રિડેમ્પશન અથવા ટ્રાન્સફર માટે સંબંધિત એસેટ મેનેજમેન્ટ કંપનીનો સંપર્ક ન કરે. આવા બિનસક્રિય ફોલિયોઝ છેતરપિંડીથી રિડેમ્પશન માટે શંકાસ્પદ બની શકે છે. ‘મિત્ર’ અહીં મદદરૂપ થશે.

આવા ઈન્વેસ્ટમેન્ટ્સને શોધવા માટે ‘સેબી’ એ ‘મિત્ર‘ (મ્યુચ્યુઅલ ફંડ ઈન્વેસ્ટમેન્ટ ટ્રેસિંગ એન્ડ રીટ્રાઈવલ આસિસ્ટન્ટ -MITRA) નામનું ઓનલાઈન પ્લેટફોર્મ બનાવ્યું છે. બિનસક્રિય અને દાવાવિહોણા (અનકલેઈમ્ડ) મ્યુચ્યુઅલ ફંડ ફોલિયોઝની શોધને યોગ્ય આ ઉદ્યોગ સ્તરીય ડેટાબેઝ છે. ગુમાયેલા ફોલિયોઝને શોધવા ઉપરાંત આ પ્લેટફોર્મ ઈન્વેસ્ટરોને વર્તમાન ધારાધોરણો અનુસાર કેવાયસી નિયમો પરિપૂર્ણ કરવા પ્રોત્સાહિત કરે છે. કોઈ




મૃતક સંબંધીએ કરેલા પણ ભૂલાઈ ગયેલા ઈન્વેસ્ટમેન્ટ્સ અંગે દાવો કરવા માટે આ ‘મિત્ર’ પ્લેટફોર્મ કાનૂની વારસદારોને મદદરૂપ થાય છે.

‘સેબી’ બિનસક્રિય ફોલિયોને એવા ફોલિયો તરીકે ગણાવે છે જેમાં યુનિટનું બેલેન્સ ઉપલબ્ધ હોય છે, પરંતુ છેલ્લા દસ વર્ષમાં કોઈ ઈન્વેસ્ટરે નાણાકીય કે બિનનાણાકીય વ્યવહારો કર્યા ન હોય. ‘મિત્ર’ પ્લેટફોર્મ રેકોર્ડ્સમાં વિભાજન થતું ઘટાડવામાં અને નાણાકીય ઈકોસિસ્ટમને મજબૂત કરવામાં મદદરૂપ થાય છે. પ્રક્રિયામાં પારદર્શકતા લાવવા, ઈન્વેસ્ટરના હિતોનું રક્ષણ કરવા અને લાંબા સમયથી ભૂલાઈ ગયેલી સંપત્તિને ખાસ કરીને કાનૂની વારસદારો અને નોમિનીઝ માટે ખુલ્લી કરવાની દિશામાં આ સમયસરનું પગલું છે.

આ પોર્ટલને એક્સેસ કેવી રીતે કરવું?

આ માટે ઈન્વેસ્ટરે https://www.mfcentral. com/ લિન્ક પર લોગ-ઓન કરવાનું રહેશે. જે મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન્વેસ્ટરો પાસે PAN નંબર હોય એમણે એમએફ સેન્ટ્રલ વેબસાઈટ પર સાઈન-અપ કરવું અથવા જેમની પાસે PAN કે મોબાઈલ નંબર કે ઈમેલ આઈડી ન હોય તેવા ઈન્વેસ્ટરોએ PEKRN (PAN Exempt KYC Reference Number) પર સાઈન-અપ કરવું. યૂઝરને પ્રમાણીકરણ માટે એક OTP મળશે. તે પ્રમાણિત થઈ જાય એ પછી યૂઝરે ‘એમએફ સેન્ટ્રલ’ વેબસાઈટ પર મિત્ર વિભાગ પર ક્લિક કરવાનું રહેશે. ઈન્વેસ્ટરનું નામ લખવું ફરજિયાત છે. મહત્ત્વની ઓળખ તરીકેની વિગતોમાં પેન નંબર, PEKRN, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર, જન્મતારીખ અથવા બેન્ક એકાઉન્ટ નંબરનો સમાવેશ થાય છે. અતિરિક્ત વિગતમાં સરનામું, પિનકોડ, શહેરનું નામ કે નોમિનીનું નામ આપવાનું રહે છે. ધારો કે યૂઝર્સ પાસે ઈન્વેસ્ટરની ઓળખને લગતી મહત્ત્વની વિગતો ન હોય તો ‘None’ સીલેક્ટ કરીને સંબંધિત વિભાગમાં અતિરિક્ત વિગતોમાંથી કોઈ ત્રણ માહિતી આપવાની રહેશે. યૂઝરે ફોલિયો નંબર અને AMC નામ પણ આપવાના રહેશે, જેથી સર્ચ પ્રક્રિયા ઝડપી બની શકે. એ પછી ‘Proceed’ બટન પર ક્લિક કર્યા બાદ સિસ્ટમ તમામ મ્યુચ્યુઅલ ફંડ ડેટાબેઝીસ પર સ્કેન કરશે. ઈન્વેસ્ટરો ડિજિલોકરનું મહત્ત્વ પણ સમજે ડિજિલોકર મારફત ડેટા એક્સેસ માટે નોમિનીઝ અપોઈન્ટ કરી શકે છે. ઈન્વેસ્ટરનું મૃત્યુ થયું હોય એવા કેસમાં નોમિનીઝને આપોઆપ નોટિફિકેશન્સ મળશે, જેથી ટ્રાન્સમિશન પ્રક્રિયા આગળ વધારી શકાય. આ ડિજિલોકર શું છે અને તેનું મહત્ત્વ શું છે એ સમજવું પણ જરૂરી છે. ડિજિલોકર એ કલાઉડ બેઝડ પ્લેટફોર્મ છે, જેમાં વ્યકિતના વિવિધ દસ્તાવેજો ડિજિટલ સ્વરૂપે એકાઉન્ટમાં સચવાય છે. હાલ આમાં લોકોના આધાર કાર્ડ, પેન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ, વોટર્સ આઈડી કાર્ડ, ઈન્સ્યુરન્સ પેપર્સ, એકાઉન્ટ સ્ટેટમેન્ટસ, માર્કશીટ, સર્ટિફિકેટસ, વગેરે જેવા મહત્ત્વના દસ્તાવેજ સચવાય છે. ડિજિલોકરને ‘ડિજિટલ વોલેટ’ પણ કહેવાય છે, જેમાં એકાઉન્ટ ધરાવતી વ્યક્તિ પોતાના નોમિનીઝને તેના એકસેસ (તેમાં જોવાની) નો અધિકાર આપી શકે છે. મજાની વાત એ છે કે આ ડિજિલોકર સુવિધા વિનામૂલ્ય પ્રાપ્ત થાય છે.

ડિજિટલની રાહત સર્વાંગી હિતમાં હવેના સમયમાં ફાઇનાન્સિયલ દસ્તાવેજો સાચવવાનું મહત્ત્વ વિશેષ વધ્યું છે. એક તો ફિઝિકલ દસ્તાવેજો સાચવવાનું કઠિન બનતું જાય છે, કારણ કે આમાંના મોટાભાગના દસ્તાવેજો જીવનભર સાચવી રાખવાના હોય છે, જયારે કે ફિઝિકલ સ્વરૂપે તે ગુમ થઈ જવાના, બળી જવાના, ચોરાઇ જવાના કિસ્સા ગમે ત્યારે બની શકે છે. એ પછી તેની ડુપ્લિકેટ કોપી મેળવવાનું આસાન હોતું નથી,

આજની તારીખમાં મોટાભાગના નાણાકીય વ્યવહારો ડિજિટલ થતા ગયા છે, જેથી તેનું સ્વરૂપ ડિજિટલ રહે એમાં જ સાર છે. સૌથી મોટી સમસ્યા તો વ્યક્તિ જયારે અવસાન પામે ત્યારે કેટલાંય કિસ્સાઓમાં તેની સંપત્તિ-મિલકત-એસેટસ વિશે પરિવારના સભ્યો કે કાનૂની વારસદારોને તો શું, તેણે જેમને નોમિનીઝ રાખ્યા હોય તેમને પણ ખબર હોતી નથી. ડિજિલોકર નોમિનીઝને આ જાણકારી પ્રાપ્ત કરવાની સુવિધા ઉપલબ્ધ બનાવીને અનકલેઈમ્ડ એસેટસ કે મિલકતની સમસ્યાને ઊગતી જ ડામી શકે છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@
bombaysamachar.com

# વિશ્વની સૌથી મોટા પક્ષીની પ્રતિમા ભારતના કેરળમાં છે

મોટા ભાગના દુબઇ, સિંગાપોર, થાઇલેન્ડ કે કાશ્મીર-કાશ્મીર કર્યા કરે પણ ભાઇ તમે પૂરું કે બાકીનું ભારત જોઇ લીધું ખરું? દુનિયામાં પક્ષીની સૌથી મોટી પ્રતિમા ભારતના કેરળમાં છે. આ પ્રતિમા ગરુડ જટાયુની છે. માત્ર વિક્રમ કે સ્થાપત્યની બાબત નથી, એ ભારતીય સંસ્કૃતિ સંસ્કારનું તોતિંગ પ્રતીક છે.

જટાયુનો સંબંધ ઉલ્લેખ આપણા મહાગ્રંથ ‘રામાયણ’માં છે. આ મહાકાવ્ય મુજબ લંકાપતિ રાવણ જયારે માતા સીતાનું અપહરણ કરીને શ્રીલંકા લઇ જવાનો પ્રયાસ કરતો હતો, ત્યારે જટાયુ બહાદુરીપૂર્વક રાવણ સાથે લડયા હતા. જટાયુ વૃદ્ધાવસ્થામાં હોવાથી રાવણે તેમને હરાવી દીધા, અને પાંખ કાપી નાખી. અને જટાયુ ચાદ્દ્યમંગલમ પહાડની ટોચ પર પડી ગયા. સીતાજીની ખોજમાં નીકળેલા રામ અને લક્ષ્મણને રાવણની જાણકારી આ જટાયુએ આપી હતી. જટાયુ જયાં પડયા હતા એ ચાદ્દ્યમંગલમ પર્વતની ટોચ પર રચાયેલી વિશાળ પ્રતિમા માત્ર આ કિંવદંતીનું પ્રતિનિધિત્વ જ નથી કરતી પણ નારી સન્માન અને સુરક્ષાનું પણ પ્રતીક છે.


ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરનારા જટાયુ રોક સેન્ટર કે જટાયુ નેચર પાર્કમાં અનેક વિશિષ્ટતા છે. જટાયુ અર્થ સેન્ટરમાં સલામતી રક્ષકો તરીકે માત્ર મહિલાઓને જ રખાયાં છે. ચાર પર્વતો પર બનેલું જટાયુ અર્થ સેન્ટર વિશ્વનું સૌથી મોટું પક્ષી મૂર્તિ સેન્ટર પણ ગણાય છે.

આ જટાયુ અર્થ સેન્ટરમાં રખાયેલી પક્ષીની મૂર્તિ ૨૦૦ મીટર લાંબી છે અને ૬૫ એકરમાં ફેલાયેલી છે, ને પહોળાઇ ૧૫૦ ફૂટ સમુદ્રની સપાટીથી ૩૫૦ મીટર (૧૨૦૦ ફૂટ)ની ઊંચાઇએ આવેલું આ કેન્દ્ર પર્યટકોને ખૂબ આકર્ષે છે.

જટાયુ અર્થ સેન્ટર, જટાયુ નેચર પાર્ક અને જટાયુ રોકને નામે ઓળખાતું આ








વિશિષ્ટ સ્થળ કેરળના કોલ્લમના ચાદ્દ્યમંગલમમાં આવેલું છે. આ રોક-થીમ પ્રકૃતિ પાર્ક કેરળ સરકારના પહેલાં બી.ઓ.ટી. (બિલ્ડ-ઓપરેટ ટ્રાન્સફર) મોડલનો સરકારી-ખાનગી ભાગીદારીનો પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ કેરળની રાજધાની તિરુવનંતપુરમથી ૪૬ કિલોમીટર અને નિકટતમ શહેર કોલ્લમથી ૩૮ કિલોમીટરના અંતરે છે.

રાજીવ આંચલની કલ્પના અને ડિઝાઇન મુજબનો આ પાર્ક ૨૦૧૮ની ચોથી જુલાઇએ આમ જનતા માટે ખુલ્લો મુકાયો હતો. પાર્કમાં જવા માટે કોઇ વિશેષ વાહનની જરૂર નથી પણ પર્યટકોએ કેબલ કારનો ઉપયોગ કરવાનો રહે છે. અહીં સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા કરાઇ છે. મુલાકાતીઓને કેમેરા સિવાય કંઇ જ અંદર લઇ જવાની છૂટ નથી.

આ પાર્કની બહાર એક શિલાલેખમાં પહાડ પર પટકાયેલા જટાયુને શ્રદ્ધાંજલિ આપતી કવિતા કોતરાઇ છે.

રસપ્રદ બાબત એ છે કે કેરળ સરકારે ધર્મ, સંસ્કાર, સંસ્કૃતિ, નારી-સુરક્ષા અને પંખીને એક ૧૦૦ કરોડના પ્રોજેક્ટમાં સામેલ કર્યા છે. આને માત્ર અભ્યાસ કે જ્ઞાનનું કેન્દ્ર બનાવવાને બદલે એને પર્યટન, સાહસનું, પર્યાવરણ અને પક્ષી-પ્રેમને સમજાવતું આકર્ષણ બનાવ્યું છે.

જટાયુ નામના વિશાળ ગરુડની મૂર્તિ ચાર-ચાર પર્વત પર બને એવી કલ્પના કરવી, એને સાકાર કરવી અને લોકપ્રિય બનાવવી એ નોંધપાત્ર બિના ગણાય જ. આપણે પશ્ચિમના આંધળા અનુકરણ અને અંગ્રેજી માધ્યમના વળગણમાં પોતાની ભાષા, સંસ્કૃતિ અને સંસ્કારને સદંતર ભૂલી રહ્યાં છીએ, ત્યારે કેરળમાં કરેલો પ્રયાસ એકદમ આવકાર્ય, અનિવાર્ય અને આનંદપ્રેરક જ ગણાય. ■

# નાનીનાની વાતે રાજી થવાનું શીખવું જોઈએ

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

થોડા દિવસ અગાઉ 'કૌન બનેગા કરોડપતિ'નો એક જૂનો એપિસોડ અચાનક જોવા મળી ગયો. એમાં અલોલિકા ભટ્ટાચારજી નામની એક મધ્યમવર્ગી ગૃહિણી અમિતાભ બચ્ચનની સામે હોટ સીટ પર બેઠી હતી અને તે વાતે વાતે હસી રહી હતી. એ સહેલાઈથી બાર સવાલ સુધી પહોંચી ગઈ. બારમા સવાલનો જવાબ આપી દીધો એ પછી અમિતાભ બચ્ચન અને એની વચ્ચે જે વાતો થઈ એ મને ખૂબ ગમી અને વાચક મિત્રો સાથે શેર કરવાનું મન થયું. જેમકે...

અલોલિકા નામની એ યુવતીએ અત્યંત સહજ રીતે હસતાં-હસતાં કહ્યું કે 'જય હો કેબીસી!'

અમિતાભે કહ્યું: 'કેમ?'

યુવતી : 'કેબીસીને કારણે હું જિંદગીમાં પહેલીવાર પ્લેનમાં બેસી શકી. બાકી મારા પૈસે તો હું જિંદગીમાં પ્લેનમાં બેસી શકવાની નહોતી. અને મારા પતિ પાસે પણ પૈસા નથી કે તે મને પ્લેનમાં બેસાડી શકે!'





અલોલિકા ભટ્ટાચારજી – અમિતાભ બચ્ચન

ફૂલો વેચવાવાળી

એ કોઈ પણ વાત કરે ત્યારે હસી રહી હતી. એણે કહ્યું કે 'મેં તો આજ સુધી ટ્રેનમાં જ મુસાફરી કરી છે. ટ્રેનમાં મુસાફરી કરીએ એટલે બર્થ નીચે બેગ મૂકી રાખવાની અને પછી વારેવારે જોતાં રહેવાનુ કે બેગ છે ને?'

એ વાત કહ્યા પછી એ ખૂબ હસી. પછી કહ્યું: 'ટ્રેનમાં પ્રવાસ કરતાં હોઈએ ત્યારે રાતે અચાનક ઊંઘ ઊડે તોપણ પહેલાં બર્થ નીચે ડોકિયું કરીને બેગ જોઈ લઈએ કે હજી છે ને! (બેગ ચોરાઈ નથી ગઈ ને?)એને બદલે પ્લેનમાં કેવી મજા! બેગ પણ એ જ લોકો લઈને સાચવીને મૂકી દે અને પછી ઊતરીએ ત્યારે પાછી આપી દે!.'

અમિતાભ બચ્ચને પૂછ્યું: 'તમે હોટલમાં રોકાયા છો એ સરસ છે ને?'

યુવતી: 'કેટલી મોટી હોટલ! મેં તો મારી જિંદગીમાં આટલી મોટી હોટેલ જોઈ જ નહોતી. મને તો એટલી મજા આવી ગઈ! મારું તો જીવન સફળ થઈ ગયું!'

અમિતાભ: 'તમે કેટલું ભણ્યા છો?'

એણે કહ્યું: 'એવું કંઈ હું ભણી જ નથી. અને સાચું કહું તો બીજા બધા હોટ સીટ પર આવવા મળે તો શું કરશું એની તૈયારી કરી રહ્યા હતા ત્યારે હું તો અહીં - ત્યાં બધે રખડી રહી હતી, કારણ કે મને ખાતરી જ હતી કે હું કંઈ આવીશ નહીં! પણ મારો નંબર લાગી ગયો! મારું તો થઈ ગયું હવે! બીજા કોઈને બોલાવવા હોય તો બોલાવી લો!'

અમિતાભ પણ તે યુવતી સાથે વાત કરતા કરતા ખૂબ હસી રહ્યા હતા અને ઓડિયન્સ પણ વારે વારે ખડખડાટ હસી પડતું હતું.

અમિતાભ બચ્ચને પૂછયું : 'તમે આટલું જ હસતાં રહો છો?'

અલોલિકા : 'હા,મને હસવું આવે છે. કારણ કે હું મને ગમી હોય, મને ખુશી થઈ હોય એવી નાની-નાની વાતો યાદ કરીને હસતી રહું છું. મારી સાસુ પણ મને કહેતી હોય છે કે 'તને આટલું હસવું કેમ આવે છે?' પણ બસ મને હસવું આવે છે. હું આવી જ છું.'

એ પછી એણે એ પણ વાત કરી કે, 'લોકો જિમમાં શરીર સાચવવા માટે જતા હોય છે. હું જિમમાં નથી જતી, હું જિમમાં ગયા વિના જ આવી - તંદુરસ્ત છું! હું બધું જ ખાઈ લઉં છું. રોટી,દાળ-ભાત, શાક, મચ્છી બધું ખાઈ લઉં છું અને ખુશ રહું છું. હું જિમમાં જવાનો કોઈ ખર્ચ કરતી નથી અને બસ ફ્રીમાં જ હું આવી તંદુરસ્ત રહી શકું છું!'

દોસ્તો, વાત અહીં 'કેબીસી' કે અમિતાભ બચ્ચન કે એમાં સ્પર્ધક તરીકે આવેલી આ યુવતી કેટલા પૈસા જીતીને ગઈ એ મહત્ત્વની નથી. મહત્ત્વની વાત એ છે કે માણસ મધ્યમવર્ગી હોય કે ગરીબ હોય તો પણ ખુશ રહી શકે. નાની-નાની વાતે ખુશ થઈ શકે.

પેલી યુવતીને જોઈને મને વર્ષો અગાઉ વાંચેલી એક નાનકડી વાર્તા યાદ આવી ગઈ.

એ વાર્તા એવી હતી કે શિયાળાની કડકડતી ઠંડીમાં એક મધરાતે એક માતાએ પોતાના નાના છોકરાને ઝૂંપડીમાં છાપાંઓ પાથરીને સુવડાવ્યો હતો અને તેના પર છાપાં ઓઢાડયાં હતાં. તે છોકરો કૈંક વિચારતો હતો. એણે અચાનક માતાને સવાલ કર્યો : 'હેં મા, જેમની પાસે છાપાં નહીં હોય એ લોકોને કેવી ઠંડી લાગતી હશે, નહીં?'

થોડા દિવસો અગાઉ એક સાંજે એક યુવતીને અંધેરીના એક સિગ્નલ પાસે પોતાના નાનકડાં બાળક સાથે મોકળા મને હસતી જોઈ હતી. એ યુવતી ટ્રાફિક સિગ્નલ પાસે ઊભેલાં વાહનો નજીક જઈને ફૂલો વેચવાની કોશિશ કરી રહી હતી. એમાં કોઈ વાહનમાં બેઠેલી વ્યક્તિએ એના બાળક સામે જોઈને સ્મિત કર્યું. એટલે એ પોતાના બાળકને પેલાની સામે સ્મિત કરવા પ્રોત્સાહિત કરી રહી હતી અને પોતે પણ હસી રહી હતી. પોતાના બાળકને ખુશ થતું જોઈને એના ચહેરા પર ખુશી છલકાઈ રહી હતી. એનો હસતો ચહેરો જોઈને મેં મારી બાજુમાં બેઠેલા એક શ્રીમંત બિઝનેસમેન એવા મિત્રને કહ્યું,:

'આપણે અનેક મુદ્દે ફરિયાદ કરતા હોઈએ છીએ, પણ આ યુવતી આવા ટ્રાફિકમાં, વાહનોના ધુમાડા વચ્ચે આવી ગરમીમાં સાવ નાની વાતે હસી શકે છે!'

માણસ ધારે તો અગવડો વચ્ચે પણ પોતાની પાસે કશુંક તો છે એ વાતનો આનંદ માણી શકે અને જે માણસને ફરિયાદો કરવાની આદત હોય તેને ગમે એટલી સુવિધા મળે કે ગમે એટલી સફળતા મળે તો પણ તે સુવિધા કે સફળતાને માણી શકતો નથી.

જીવન પ્રત્યે બહુ ફરિયાદો હોય એવા પરિચિતોને હું એલીનોર એચ. પોર્ટરની અદભુત નવલકથા 'પોલીએના' વાંચવાની સલાહ આપું છું. એ નવલકથાની નાયિકા એવી ટેણકી છોકરી પોલીએના ગમે એવી સ્થિતિમાં ખુશ રહે છે અને કહે છે કે કોઈ પણ ખરાબ સ્થિતિમાં કશુંક તો સારું હોય જ છે. એ સારું શોધીને રાજી થવાનું શીખવું જોઈએ. ■

# અલગ અવતરણ ગંગા....'શબ્દો મેં ડૂબ ગયા સો પાર'

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

*ટાઇટલ્સ*

*વ્યુંઇગ-ગમની શોધ ચૂપ રહેનારાએ જ કરી હશે. (છેલવાણી)*


રેલ્વેના પાટા પર એક માણસ આપઘાત કરવા માટે સૂતેલો ને દૂરથી 'ગાડી બૂલા રહી હૈ સીટી બજા રહી હૈ..ચલના હી ઝિંદગી હૈ, ચલતી હી જા રહી હૈ..' ગીત રેડિયો પર વાગવાનું શરૂ થયું. ગીતના શબ્દો સાંભળીને માણસ ઊભો થઇ ગયો ને જીવનમાં પાછો ફરેલો...

આ સાચો કિસ્સો, એ ગીતના ગીતકાર સ્વ.આનંદ બક્ષીએ કહેલો. એનો પત્ર પણ બક્ષીએ મને દેખાડેલો. ઘણીવાર એક કવિતા કે એક વાક્ય આખેઆખા માણસને બદલી નાખે છે. જીવનના ખરાબ તબક્કામાં કોઇ આઇ લવ યુ, યુ આર ધ બેસ્ટ! એમ કહે તો બીજા ૧૦૦ વરસ જીવવાનું ટોનિક મળી જશે!

હમણાં લાઇબ્રેરી ફેંદતા, એક જૂનું પુસ્તક જડી આવ્યુ વીસમી સદીના પચાસ અવાજ (એમેરી કોલન). આ પુસ્તકમાં ૫૦ મહાન કવિઓ, લેખકો, વૈજ્ઞાનિકો, સંગીતકારો અને નેતાઓના કેટલાંક યાદગાર અવતરણો છે. હું જાણી જોઇને એને કહેનારના નામ નથી આપતો, કારણકે નામ વાંચીને વાતને જોવાની આપણી દૃષ્ટિ બદલાઇ જતી હોય છે.

દાખલા તરીકે ગાંધીજીએ અમુક વાત કહી હોય તો એમ થાય કે 'ઠીક છે, એક મહાત્મા માટે આવું કહેવું સહેલું છે, આપણને એ ના લાગુ પડે!' માટે આ ક્વોટેશન કોણ કહી ગયું છે એ નહીં પણ એ લોકો શું કહી ગયા છે એના પર ધ્યાન આપજો.

- જ્યારે માણસ સુંદર છોકરી સાથે એક કલાક ગાળે ત્યારે એ કલાક એક ક્ષણ જેવો લાગે છે, પણ અગ્નિ પર એક ક્ષણ ગાળે ત્યારે એ કલાકથી પણ વિશેષ લાગે છે. સાપેક્ષતા આને કહેવાય... (આઇન્સટાઇન)
- શસ્ત્રો કરતાં શ્રદ્ધા જ મહત્ત્વની છે...
- પ્રામાણિક હોવું એ સારી વાત છે, પણ સાચા હોવું એ વધારે મહત્ત્વનું છે..
- દુનિયાના ખરાબમાં ખરાબ રોગોમાં જો કોઇ રોગ હોય તો તે અહમનો છે...
- મારી પ્રયોગશાળામાં હું કદીયે પુસ્તકોને લઇ જતો નથી અને એની જરૂર પણ નથી.
- વિજ્ઞાનમાંથી પૈસા બનાવવા એને હું નકારું છું અને મારી પ્રતિભા વેચવા માટે નથી...
- કવિતા જિંદગીને સહેજ વધારે વહાલથી જુએ છે...
- તમારે સંગીતને સારી રીતે સમજવું હોય તો એને સાંભળવું, એનાથી વિશેષ કશું નથી...
- એ તો જાણીતી હકીકત છે કે એકવાર હું જન્મ્યો હતો !




*ઇંટરવલ*

*વો લડકી ક્યા ટ્રેન સે ઉતર ગઇ,*

*લગા કી પૂરી ટ્રેન હી ખાલી હો ગઇ! (શરદ જોશી)*

આ ક્વોટેશન કિતાબમાં અમુક અવતરણો આત્માને અડી જાય છે અને અમુક મનને મચલાવી મૂકે છે. ક્યાંક પીછું છે તો ક્યાંક તીર...

- તમે ધારીધારીને પ્રાણીઓ જુઓ, પછી એ બિલ્લી હોય, કૂતરો હોય કે પંખી હોય. એ લોકો બધા બરાબર છે. એમને કોઇ સંકોચ નથી. એમને શું કરવું અને કેમ વર્તવું એનો ખ્યાલ છે. એ લોકો ખુશામત કે ઢોંગ નથી કરતા. એ જેવા હોય છે તેવા છે...
- પાર્લમેંટે શાસન ન ચલાવવું જોઇએ પણ લોકોએ પાર્લમેંટ દ્વારા શાસન ચલાવવું જોઇએ...
- આખી જિંદગી હું નિયમિતપણે સવારે ચાર વાગ્યે જાગ્યો છું. જંગલમાં ફર્યો છું. ઇશ્વર સાથે વાતો કરી છે એણે મને આખા દિવસ દરમિયાન શું કરવું એની આજ્ઞા આપી છે...
- હું નાના અમથા શિંગના દાણા સાથે પણ વાત કરું છું અને એ એનું રહસ્ય મારી પાસે પ્રગટ કરે છે...
- મારી પાસે લોહી, શ્રમ, આંસુ અને પરસેવા સિવાય આપવા જેવું કશું નથી...
- હિટલર, તારાથી જેટલું અધમ થાય તેટલું તું કરી લે અને અમારાથી જેટલું ઉત્તમ થાય એટલું અમે કરી લઇશું!
- બહાદૂરી એ શરીરનો નહીં. આત્માનો ગુણ છે... આપણે પ્રભુથી ભય પામશું તો માણસથી ભય નહીં પામીએ...
- વાણીના સ્વાતંત્ર્યથી વિશેષ અદ્‌ભુત કશું જ નથી...
- પ્રાર્થનાને વાણીની જરૂર નથી...
- લોખંડી સાંકળ કરતાં સોનાની સાંકળ વધારે ખરાબ છે...
- સત્ય હમેશાં ખુલ્લેખુલ્લી રીતે કહેવાતું નથી પણ એ કોઇક ને કોઇક રીતે પ્રગટ તો થાય જ છે...
- પ્રેમ માટે પૃથ્વીથી વધારે સારી જગા કઇ?
- અડધી દુનિયા એવા માણસોની બનેલી છે કે જેમને કશુંક કહેવું છે અને કહી શકતા નથી. બાકીની અડધી દુનિયા એવા માણસોથી ભરેલી છે કે જેમને કશું કહેવાનું હોતું નથી છતાં કહ્યા કરે છે...
- એકાંત એ જ સાચી સ્વતંત્રતા છે...
- જ્યારે માણસ પોતાની જાતને ગંભીરતાથી લેતી નથી ત્યારે જ સાચા રમૂજનો પ્રારંભ થાય છે...
- જિંદગી કેવળ વિતેલી ગઇકાલોથી બનતી નથી...
- અશાંતિના સમયમાં માણસ થવું એના કરતાં શાંતિના સમયમાં કૂતરા થવું વધુ સારું છે...
- માણસ મૃત્યુ પામે છે. રાષ્ટ્રનું ઉત્થાન કે પતન થાય છે, પણ વિચાર જીવી જાય છે. વિચારને કદી મૃત્યુ નથી હોતું...
- આપણા પ્રશ્નો એ મનુષ્યે ઊભા કરેલા પ્રશ્નો છે.એટલે માણસ જ એને ઉકેલી શકે...
- સ્વર્ગના પંખીને ન પકડી શકો તો ધરતી પરની મરઘીને તો તમારી કરો...
- ઇતિહાસ એ કાંઇ ઘોડો નથી કે એને તમે ચાબુક મારીને ચલાવી શકો...
- ગુલામ થવું એના કરતાં મરી જઇને કબરમાં દટાવું એ વધુ સારું છે...
- ભૂતકાળ એ બીજું કશું નથી પણ એ રાખની છાબડી છે...
- પ્રામાણિક શાળા વિના પ્રામાણિક સરકાર અશક્ય છે અને અપ્રામાણિક સરકાર જે શાળાઓ આપે છે એ ગેરકાયદે છે...

*એંડ ટાઇટલ્સ*

*ઇવ આજે કયો વાર છે?*

*આદમ રજા-વાર!* ■

# વૃદ્ધાવસ્થામાં વધારો-પડકારોમાં વધારો...

ફોકસ પ્લસ

લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

આ સત્યના આંકડા વાસ્તવમાં, એપ્રિલ ૨૦૧૯માં જ બહાર આવ્યા હતા, જ્યારે સંયુક્ત રાષ્ટ્રએ જાહેર કર્યું હતું કે વિશ્વમાં ૬૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ લોકોની સંખ્યા ૭૦.૫ કરોડ છે અને શૂન્યથી ચાર વર્ષ સુધીના બાળકોની સંખ્યા લગભગ ૬૮ કરોડ છે.

પછીના વર્ષોમાં, આ ડેટા સતત અપડેટ થતો રહ્યો, પરંતુ ડેટાનો ટ્રેન્ડ સતત વૃદ્ધો તરફ નમતો રહ્યો.

વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર, ૨૦૨૩માં ૬૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોની સંખ્યા ૧.૧ અબજ સુધી પહોંચશે અને ૨૦૩૦ સુધીમાં તે ૧.૪ અબજ સુધી પહોંચવાનો અંદાજ છે.

૨૦૨૪માં, જ્યારે વિશ્વની કુલ વસ્તી ૮.૧ અબજ હતી, ત્યારે ૦ થી ૧૪ વર્ષની વયના બાળકોની સંખ્યા આશરે ૨.૨૫ અબજ હતી અને ૬૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ લોકોની સંખ્યા ૮૧ કરોડથી વધુ હતી.

આ રીતે, ૦ થી ૧૪ વર્ષની વયના બાળકોની સંયુક્ત ઉંમર ૬૫ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ લોકોની સંખ્યા કરતાં વધુ છે, પરંતુ આ આંકડાઓનો ખેલ છે કારણ કે ૦ થી ૧૪ વર્ષની વય જૂથમાં બે કે તેથી વધુ પેઢીઓનો સમાવેશ થાય છે, જ્યારે ૬૫ વર્ષથી વધુ વય જૂથમાં, સૌથી મોટો તફાવત ૬૦ અને ૬૫ વર્ષ વચ્ચેનો છે, કારણ કે સૌથી વધુ વૃદ્ધ લોકો એવા છે જેઓ ૬૦ વર્ષની ઉંમર પછી તરતનાં છે.

જોકે, ડેટાના આ સમગ્ર વિશ્લેષણનો નિષ્કર્ષ એ છે કે વર્ષ ૨૦૧૯થી, વિશ્વમાં વૃદ્ધોની સંખ્યા બાળકો કરતાં સતત વધી રહી છે અથવા બીજા શબ્દોમાં કહીએ તો વૃદ્ધોની સંખ્યા સતત વધી રહી છે.

ટેકનિકલી કહીએ તો, આ કોઈ દુર્ઘટના નથી; તેને એક સિદ્ધિ તરીકે નોંધવી જોઈએ કારણ કે વૃદ્ધ લોકોની વધતી સંખ્યા એ વાતનો પુરાવો છે કે લોકોનાં આયુષ્યમાં વધારો થયો છે. લોકો લાંબા સમય સુધી સ્વસ્થ રહે છે, જેનું કારણ અદ્યતન તબીબી સુવિધાઓ અને આહાર છે, પરંતુ દરેક સિદ્ધિ પાછળ મુશ્કેલીઓનો અંધકાર છુપાયેલો હોય છે.

એક તરફ, જ્યારે વિશ્વમાં વૃદ્ધોની સંખ્યા વધી રહી છે, ત્યારે બીજી તરફ, વૃદ્ધોને લગતી ઘણી સમસ્યાઓ પણ ઊભરી રહી છે. ઉદાહરણ તરીકે, પહેલાં, વડીલોને જ્ઞાન અને આદરનો સૌથી મોટો સ્રોત માનવામાં આવતો હતો. પરંતુ માહિતી ટેકનોલોજીના આ ડિજિટલ યુગમાં, આ ખ્યાલ હવે સાચો રહ્યો નથી.

આજે, વૃદ્ધો સૌથી યુવા પેઢી કરતાં વધુ જ્ઞાની કે બુદ્ધિશાળી નથી. આજે ૧૪ વર્ષના બાળકને ઇન્ટરનેટ દ્વારા સૂક્ષ્મ વિગતો અને માહિતીના સ્રોતો મળે છે જેની નજીક લાખો વૃદ્ધો પહોંચી પણ શકતા નથી.

માનવ ઇતિહાસમાં કદાચ આ પહેલો એવો સમયગાળો છે, જ્યારે વૃદ્ધો ટેકનોલોજીની દ્રષ્ટિએ માત્ર યુવાનો જ નહીં, પણ કિશોરો કરતાં પણ ઘણાં પાછળ રહી ગયા છે.

એક સમયે, મોટી ઉંમરનો અર્થ વધુ અનુભવ અને વધુ સમજણ હતી, પરંતુ હવે એવું રહ્યું નથી. હવે વૃદ્ધોની વધતી સંખ્યાનો અર્થ શ્રમબળમાં ઘટાડો છે, જે વિશ્વની ઉત્પાદકતા માટે ખતરો બની રહ્યો છે.



વૃદ્ધ વસ્તીનો એક ગેરલાભ એ છે કે વિશ્વભરની આરોગ્ય પ્રણાલીઓ પર સંભાળનો વધતો બોજ.

આર્થિક કટોકટી અને સાંસ્કૃતિક પુનર્ગઠન પણ આ પરિવર્તનના નકારાત્મક કારણો છે.

વિશ્વની લગભગ દરેક સરકાર વૃદ્ધોને પેન્શન અને આરોગ્ય સંભાળ ખર્ચ પૂરા પાડવાની જવાબદારીનો બમણો બોજ ઉઠાવી રહી છે.

આ સાથે, વૃદ્ધોની સામાજિક ભૂમિકા પણ નવેસરથી બનાવવામાં આવી રહી છે. જે દેખીતી રીતે વૃદ્ધો માટે યોગ્ય નથી.

વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા, જાપાન પણ હવે તેના વૃદ્ધોને ગૌરવની બાબત માનતું નથી; તેના બદલે, તેઓ જાપાનના અર્થતંત્ર પર બોજ જેવા લાગવા લાગ્યા છે, કારણ કે જાપાનમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોની સંખ્યા ૩૦ ટકાથી વધુ છે અને અહીં જન્મ દર માત્ર ૧.૩ ટકા રહ્યો છે. આનો અર્થ એ થયો કે ઘણા પ્રયાસો છતાં, જાપાનમાં વસ્તી વધી રહી નથી પણ ઘટી રહી છે.

જ્યારે જન્મદર બે ટકાથી વધુ હોય છે ત્યારે વસ્તી વધે છે અને જ્યાં સુધી જન્મદર બે ટકા રહે છે ત્યાં સુધી વસ્તી સમાન રહે છે.

આ સમયે, કેટલાક આફ્રિકન દેશોમાં વિશ્વમાં સૌથી વધુ જન્મદર છે, જે લગભગ ૪ ટકા છે, અને વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવતા દેશ ભારતનો જન્મદર ઘટીને બે ટકા થઈ ગયો છે.

આનો અર્થ એ છે કે ભારતના અમુક ચોક્કસ વિસ્તારો અથવા અમુક ચોક્કસ સમુદાયોમાં વસ્તી હજુ પણ વધી રહી હોઈ શકે છે, પરંતુ એકંદરે ભારતમાં વસ્તી સ્થિર થઈ રહી છે.

ભય એ છે કે આગામી દાયકામાં દેશના ઓછામાં ઓછા એક તૃતીયાંશ ભાગમાં વસ્તી વધવાને બદલે ઘટશે.

ઇન્ડોનેશિયામાં વસ્તી ભારત કરતાં થોડી વધુ ઝડપથી વધી રહી છે. કેન્યા અને તાંઝાનિયા જેવા આફ્રિકન દેશોમાં વસ્તી ઝડપથી વધી રહી છે.

જો આપણે એકંદર વસ્તી પર નજર કરીએ તો, ૨૦૫૦ પછી વિશ્વની વસ્તી ઘટતી રહેશે, બિલકુલ વધશે નહીં અને ૨૦૫૦માં જે સ્તરે પહોંચી હોત તે સ્તરે પણ રહેશે નહીં.

આનો અર્થ એ છે કે ભવિષ્યમાં વિશ્વની વસ્તી ઘટવાની છે, તેથી પ્રશ્ન એ ઊભો થાય છે કે વિશ્વના લગભગ બે ડઝન દેશમાં હાલમાં ધ્યાન ખેંચી રહેલા વસ્તી ઘટાડાને આપણે કેવી રીતે જોવું જોઈએ અને એકંદરે વૃદ્ધોની સંખ્યા બાળકો કરતા વધુ છે?

આને જોવા માટે ઘણા દૃષ્ટિકોણ છે. સૌપ્રથમ, ૨૧મી સદી માનવ ઇતિહાસમાં પહેલી સદી છે જ્યારે એકંદર આયુષ્ય ૭૩ વર્ષ કે તેથી વધુ છે. જ્યારે આ સદી પહેલાની કોઈપણ સદીમાં, આયુષ્ય ૪૦ વર્ષથી વધુ ન હતું.

આનો અર્થ એ થયો કે આજે વિશ્વભરના લોકો ઇતિહાસમાં અન્ય કોઈપણ સમય કરતાં સરેરાશ ૩૩ વર્ષ વધુ જીવી રહ્યા છે. આનો અર્થ એ થયો કે આધુનિક તબીબી વ્યવસ્થાને કારણે મૃત્યુદરમાં ઘટાડો થયો છે અને લોકો લાંબા સમય સુધી સ્વસ્થ પણ રહે છે.

વિશ્વ આરોગ્ય સંગઠન અનુસાર, આયુષ્યમાં વધારો થવામાં સૌથી મોટો ફાળો રસીઓ, એન્ટિબાયોટિક્સ, વધુ સારા પોષણ અને માતા-બાળક સંભાળને કારણે છે.

લોકોનું શિક્ષણ વધ્યું છે, ખાસ કરીને મહિલાઓનું, રોજગાર વધુ સ્થિર અને વૈવિધ્યસભર બન્યો છે, અને કુટુંબ નિયોજનમાં નિયંત્રણ પ્રાપ્ત થયું છે.

આ વસ્તી વિષયક પરિસ્થિતિને જોવાનો એક દૃષ્ટિકોણ એ છે કે સામાજિક અને સાંસ્કૃતિક પરિમાણો ખૂબ જ ઝડપથી બદલાયા છે. સમગ્ર વિશ્વમાં રોકેટ ગતિએ સંયુક્ત પરિવાર પરમાણુ પરિવારમાં પરિવર્તિત થઈ રહ્યો છે. વડીલો, જે એક સમયે સાંસ્કૃતિક જવાબદારી હતા, હવે તેમને વધુને વધુ પડકારવામાં આવી રહ્યા છે.

ભારત અને ચીન જેવા દેશોમાં પણ જે પરંપરાગત રીતે વડીલોનું સન્માન કરે છે, કરોડો વૃદ્ધોને તેમના ઘરથી દૂર વૃદ્ધાશ્રમોમાં રહેવાની ફરજ પડી છે.

આ પરિસ્થિતિને કારણે બીજુ એક મોટું સાંસ્કૃતિક પરિવર્તન એ આવ્યું છે કે વૃદ્ધ લોકો હવે જ્ઞાનના સ્રોત અને નવા વિચારોની દૃષ્ટિએ શાબ્દિક રીતે જૂના થઈ ગયા છે.

એક સમય હતો જ્યારે લોકો પરમ જ્ઞાન મેળવવા માટે વડીલો પાસે જતા હતા, હવે દુનિયા પરમ જ્ઞાન મેળવવા માટે યુવાન ટેકનિશિયન પાસે જાય છે.

તાજેતરના દાયકાઓમાં વિજ્ઞાનના ક્ષેત્રમાં થયેલી બધી ક્રાંતિઓ જ્ઞાન સાથે સંબંધિત રહી છે અને વૃદ્ધોની તેમાં લગભગ શૂન્ય ભૂમિકા છે. જો આ રીતે જોવામાં આવે તો, વડીલોનો આદરણીય દરજ્જો ફક્ત ભાવનાત્મક રીતે જ ઘટ્યો નથી પરંતુ તેનો વૈજ્ઞાનિક આધાર પણ ઊભરી આવ્યો છે.

જોકે, આ બધાનો નિષ્કર્ષ એ છે કે દુનિયા ધીમે ધીમે વૃદ્ધાવસ્થા તરફ આગળ વધી રહી છે. તેથી, આપણે દુનિયાને કેવી રીતે જોઈએ છીએ, તેને કેવી રીતે સમજીએ છીએ અને તેના સૌંદર્ય શાસ્ત્રને કેવી રીતે અનુભવીએ છીએ તેને ફરીથી વ્યાખ્યાયિત કરવાની જરૂરિયાત વધી રહી છે. ■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@
bombaysamachar.com

# મડિયાના ત્રણ નાટક સાથે ઈસ્ટ આફ્રિકા







**શોભના** દેસાઈને દમદાર નિર્માત્રી તરીકે તો અનેક લોકો ઓળખે છે. નાટક ઉપરાંત ટીવી સિરિયલોમાં પણ એમનું યોગદાન માતબર રહ્યું છે. જોકે, એક વ્યક્તિ તરીકે પણ શોભના ઉમદા સ્વભાવની હતી. એનો અનુભવ મને પોતાને થયો હતો. જીવનની કેટલીક સ્મૃતિ કાયમ દાબડીમાં સાચવી રાખવા જેવી હોય છે. શોભના સાથેનો અનુભવ એવો સંઘરી રાખવા જેવો જ છે.

ગયા એપિસોડમાં મેં રોહિણી હટ્ટંગડી કરતી હતી એ ‘સીમાચિહ્ન’ નાટકમાં મેં કામ કર્યું એની માંડીને વાત કરી હતી. અલબત્ત એ કામચલાઉ ગોઠવણ હતી અને રોહિણી શૂટિંગમાં વ્યસ્ત હોય ત્યારે રિપ્લેસમેન્ટ તરીકે જ મારે રોલ કરવાનો હતો. જોકે, સુરતના ૨૦ શો દરમિયાન રોહિણી અચાનક ટપકી પડી અને ‘હવે હું જ આ રોલ કરીશ’ એવી રટ પકડી. શોભના મૂંઝવણમાં મુકાઈ ગઈ. ન રોહિણીને ના પાડી શકે અને એનો સમય સાચવી લેનારી મહેશ્વરીને એટલે કે મને ‘બહેન, હવે તમારે આ રોલ નથી કરવાનો’ એવું કહી શકે. પરિસ્થિતિ પારખી મેં જ શોભનાને હૈયાધારણ આપી અને ચિંતા ન કરવા કહ્યું. અને ઝઘડો, દલીલ કર્યા વિના નાટકમાંથી હું તરત ખસી ગઈ.

મારી સાંત્વનાથી ટેન્શન મુક્ત થયેલી શોભનાએ મને કહ્યું કે ‘મારે લીધે તમારું નુકસાન થયું છે તો એક સિરિયલમાં તમને લઈને નુકસાન ભરપાઈ કરી આપીશ.’ થોડા સમય પછી શોભનાએ વચન પાળ્યું અને ‘આગંતુક’ નામની ટીવી સિરિયલમાં એક સરસ રોલ મને આપ્યો હતો. આ સિરિયલમાં અજિત વાચ્છાની, વિપુલ શાહ, શોભના પોતે પણ કામ કરતી હતી. મેં વિપુલ શાહની માતાનો રોલ કર્યો હતો.

આ બધું ચાલી રહ્યું હતું એવામાં એક દિવસ કાંતિ મડિયાનો મેસેજ આવ્યો કે ‘મહેશ્વરી, મળવા આવજે.’ નાટ્ય રસિકો ઝાંખી રહ્યા હતા એ નવું તત્ત્વ આપવાનું કૌશલ અને કૌવત કાંતિભાઈમાં હતા એટલે એમના આ કહેણથી હું હરખાઈ ગઈ. ગ્રાન્ટ રોડમાં તેમના રિહર્સલ ચાલતા હતા ત્યાં હું તેમને મળવા ગઈ. ‘મહેશ્વરી, આપણે ત્રણ નાટક લઈ આફ્રિકાના પ્રવાસે જવાનું છે.’ મડિયાએ ખુલાસો કર્યો. ત્રણ નાટક હતા ‘અમે બરફના પંખી’, ‘સ્નેહરંગ’ અને ‘અમે તમે ને રતનિયો’. અને આ ત્રણ નાટક એક જ મહિનામાં તૈયાર કરવાનાં હતાં. મારા માટે કે કોઈ પણ કલાકાર માટે રોલ કે નાટકની ચેલેન્જ કે પડકાર ચિંતાનું કારણ ક્યારેય નથી હોતા. મારી ચિંતા હતી ચાર મહિનાના વિદેશ પ્રવાસની.

કાંતિભાઈનું ‘અમે બરફનાં પંખી’ લેખન, દિગ્દર્શન અને અભિનયના ઉચ્ચ ત્રિવેણી સંગમનું વિશિષ્ટ ઉદાહરણ છે. એકથી વધુ દિગ્દર્શકે એની ભજવણી જુદા જુદા કલાકારો સાથે કરી પ્રસિદ્ધિ - પ્રશંસા મેળવ્યા છે. હું ભૂલતી ન હોઉં તો સિદ્ધહસ્ત મરાઠી નાટ્યકાર વસંત કાનેટકરના નાટક ‘અખેરચા સવાલ’ પરથી કાંતિભાઈએ રૂપાંતર કર્યું હતું. કેન્સર જેવી જીવલેણ બીમારી સામે લડત એ આ નાટકનું કથા બિંદુ છે અને નાટકની માવજત અને અભિનયમાં આ વાત સુપેરે પ્રગટ થઈ દર્શકોને હચમચાવી ગઈ હતી. એ વાત બધા જાણે છે કે આ કથા પરથી ઋષિકેશ મુખરજીએ ‘મિલી’ નામની હિન્દી ફિલ્મ બનાવી હતી જેમાં મુખ્ય ભૂમિકા જયા ભાદુડીએ ભજવી હતી. જોકે, બહુ ઓછા લોકો જાણતા હશે કે આ નાટક હિન્દીમાં ‘ડો. મુક્તા’ નામથી ભજવાયું હતું અને એમાં પણ લીડ રોલ જયા ભાદુડીએ જ કર્યો હતો.

મુંબઈમાં આ નાટકોની નિર્માણ વ્યવસ્થા કૌસ્તુભ ત્રિવેદી સંભાળતો હતો અને અમારા ગ્રુપ લીડર હતા કાન્તિભાઈ. ઉપેન્દ્ર ત્રિવેદી - અરવિંદ ત્રિવેદીના ભત્રીજા કૌસ્તુભ ત્રિવેદીની નાટ્યસૂઝ ગજબની. નાટકનો વિષય અને પ્રેક્ષકની નાડ પારખવામાં એ ઉસ્તાદ હતો. આજની તારીખમાં પણ છે. નવા નવા વિષય પર નાટક કરવાની તેની ધગશમાં હજી ઓટ નથી આવી એ બહુ આનંદની વાત છે.

ત્રણ નાટક સાથે આફ્રિકાની ટુર ચાર મહિનાની હોવા છતાં મેં હા પાડી દીધી. ‘મુંબઈ સમાચાર’ના વાચકોને આશ્ચર્ય થશે કે દીકરા શાંગ્રિલના ભણતર પર સરખું ધ્યાન આપી શકાય એ માટે મેં એક નાનકડી ટુરમાં જવાની ના પાડી હતી અને હવે ચાર મહિનાની ટુર માટે કેમ તૈયાર થઈ ગઈ? વાત એમ હતી કે મારી દીકરી ચેરીના સાસુ - સસરા એમનું વડાલાનું ઘર વેચી બેંગ્લોર શિફ્ટ થવાના હતા. જોકે, ચેરી, એનો પતિ અને બાળક તો મુંબઈમાં જ રહેવાના હતા. ચેરી ભાડાનું ઘર શોધી રહી હતી. એટલે મેં મારી દીકરીને કહ્યું કે જો તું અહીં મારા ઘરમાં રહેવા તૈયાર થાય તો ઘર શોધવાની કડાકૂટમાંથી તને મુક્તિ મળે. એથી વધુ મહત્ત્વની વાત તો એ કે તું મારા ઘરમાં રહે તો શાંગ્રિલની દેખરેખ થાય અને તો જ હું ચાર મહિના આફ્રિકાના પ્રવાસે જઈ શકું. સદનસીબે દીકરીને મારી વાત ગળે ઊતરી ગઈ અને હું આફ્રિકા જવા તૈયાર થઈ ગઈ. કૌસ્તુભ ત્રિવેદીએ ખૂબ મદદ કરી અને મારો નવો પાસપોર્ટ તૈયાર કરાવી આપ્યો.

રિહર્સલ જોરશોરથી ચાલી રહ્યા હતા. ત્રણ નાટક હતાં એટલે કલાકારોનો કાફલો પણ ખાસ્સો મોટો હતો. અને એ દિવસ આવી ગયો જ્યારે અમારું પ્લેન મુંબઈ એરપોર્ટથી ટેક ઓફ થઈ ઈસ્ટ આફ્રિકા જવા નીકળ્યું. ૧૯૩૦ - ૫૦ના દાયકામાં મોટી સંખ્યામાં ગુજરાતીઓ ઈસ્ટ આફ્રિકા જઈ ત્યાં સેટલ થયા હતા. કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા... વગેરે દેશોમાં ગુજરાતીઓની સમૃદ્ધિની ઘણી વાતો સાંભળી હતી. હવે પ્રત્યક્ષ પરિચય થવાનો હતો. ■

## નાટકના શો વખતે ઘોડિયાં - હીંચકા

પ્રારંભિક વર્ષોમાં રંગભૂમિ પારસીઓને હસ્તક રહી હતી. ધંધાદારી નાટ્યમંડળીની શરૂઆત ખુશરુ કાબરાજીએ ૧૮૬૮માં સ્થાપેલી ‘વિક્ટોરિયા નાટક કંપની’થી થઈ હોવાની નોંધ છે. લેખન પ્રવૃત્તિને ઉત્તેજન આપવાના આશય સાથે નાટ્ય લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિજેતા બનેલા નાટકોનું મંચન કરવામાં આવ્યું હતું. પરિણામે ‘ખણવો ડુંગર કહાડવો ઉંદર’ તેમજ ‘કરણી તેવી પાર ઉતરણી’ નાટકોની ભજવણી થઈ. ખુશરુ કાબરાજીએ શાહનામા (મહાકવિ ફિરદૌસીએ ફારસી ભાષામાં લખેલું ઈરાનનું મહાભારત) પર આધારિત નાટક ‘બેજન મનીજેહ’ લખી ભજવ્યું. આની ખાસિયત એ હતી કે નાટકમાં પહેલી વાર સંગીતને મૂળ વાર્તા - પ્રસંગો સાથે સાંકળી લેવામાં આવ્યું હતું. નાટકને મળેલી સફળતા પછી નટ પાત્રના નામથી જાણીતા બન્યા. આખું નાટક ગીતો સાથે પ્રસિદ્ધ પણ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને પારસી સમાજ માટે લખાયેલા આ નાટક ઉપરાંત એવાં જ અન્ય નાટક ‘શાહજાદો શ્યાવક્ષ’, ‘જહાંબક્ષ અને ગુલરૂખસાર’ વગેરે ખૂબ લોકપ્રિય નીવડ્યાં. બીજું એક નાટક હતું ‘સૂડી વચ્ચે સોપારી’ (૧૮૭૫) અને આ નાટક જોવા આવનારા પ્રેક્ષકોમાં સન્નારીઓની સંખ્યા ખાસ્સી વધારે રહેતી. એટલે આ નાટક જોવા આવતી મહિલાઓનાં બાળકોની સાર સંભાળ માટે કાબરાજીએ ઘોડિયાં અને હીંચકા રાખ્યાં હતાં. આજથી ૧૫૦ વર્ષ પહેલા પ્રેક્ષકોની કાળજી રાખવા કેવી તકેદારી રાખવામાં આવતી હતી એ સમજવા જેવું છે. અભિનવ પ્રયોગ રંગભૂમિની લાક્ષણિકતા ગણાય છે. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@
bombaysamachar.com

# આતંકવાદ પડછાયો છે કે પ્રતિબિંબ?



**તાજેતરમાં** કાશ્મીરમાં ઘટેલી આતંકવાદની દુર્ઘટનાનો ગુસ્સો હજુ દિવસો - મહિનાઓ સુધી નથી નહીં ઊતરે એ આપણે સૌ જાણીએ છીએ. આમ છતાં પણ થોડાં વર્ષ પહેલાની જ એક અજાણી વાત કરીએ.

૨૦૦૮ના જુલાઈ મહિનામાં આખું વિશ્વ ચોંકી ઊઠે એવી અજીબોગરીબ ઘટના બની. અમેરિકાએ તે સમાચારને દાબવાની પૂરી કોશિશ કરી અને અંશતઃ સફળતા પણ મળી. વર્લ્ડ મીડિયામાં હળવા ભૂકંપો સર્જનાર એ ઘટના એવી હતી કે અમેરિકાએ તે સમયમાં પોતે બનાવેલા આતંકવાદીના લિસ્ટમાંથી એક આફ્રિકન ‘ત્રાસવાદી’નું નામ હટાવી નાખ્યું. ૯/૧૧ના વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર હુમલો થયો તેના પછી તો અમેરિકાએ ઘણા બધા લિસ્ટ બનાવ્યા હતા અને તે લિસ્ટમાં રહેલાં નામોની ધરપકડ કરવામાં આવતી તથા શકમંદો ઉપર સતત ચાંપતી નજર રાખવામાં આવતી. સંભવિત આતંકવાદીના આ લિસ્ટમાંથી એક આફ્રિકન વ્યક્તિનું નામ અમેરિકાએ દૂર કર્યું. અમેરિકાના આવા લિસ્ટમાંથી નામ નીકળે તેનો જે તે વ્યક્તિને ફાયદો શું થાય?

ફાયદો એ જ કે અમેરિકન કાયદા મુજબ તે માણસ ખાસ મંજૂરી વિના અમેરિકામાં પ્રવાસ કરી શકે અને અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં પ્રવેશી શકે. અમેરિકાએ જે આફ્રિકન માણસને વર્ષો સુધી આતંકવાદીઓની સૂચિમાં સ્થાન આપ્યું હતું તે માણસનું નામઃ નેલ્સન મંડેલા.

હવે આ જાણીતાં વાક્યો વાંચોઃ

આતંકને કોઈ ધર્મ નથી હોતો ચામડીનો કોઈ રંગ નથી હોતો કે પછી કોઈ અટક નથી હોતી. આ બધાં થર્ડ પાર્ટી જનરેટેડ સ્ટેટમેન્ટસ છે- ઘડેલાં વાક્યો છે. જેની ઉપર હુમલો થયો, જે વધુ અસુરક્ષા ભોગવે છે અને પોતાના ઉપર થયેલા આક્રમણ માટે જેને કસૂરવાર ઠેરવે છે તે પોતાના દુશ્મનને કોઈ એક ચોક્કસ ધર્મ, નાત, જાત અને રંગની કેટેગરીમાં મૂકી જ દે છે.

ગુલામીપ્રથા એ શું છે? સદીઓ સુધી મુખ્યત્વે અશ્વેત વ્યક્તિઓ ઉપર જુલમ થતા રહ્યા. આજે પણ ગુલામીપ્રથા ચાલુ છે- ભારતમાં અને ચાઈનામાં ખાસ. લઘુતમ રોજિંદા વેતન કરતાં પણ ઓછી રોજી આપીને કામ કરાવવામાં આવે તો એ મજૂરી કે નોકરી નહિ, પરંતુ વેઠ થઇ કહેવાય. વેઠિયા અને ગુલામ એ બંને પર્યાયવાચી શબ્દ છે અને એવા વેઠિયાઓ એશિયામાં ને બાકીની દુનિયામાં લાખોની સંખ્યામાં છે, પણ એ આતંકવાદ કેટલાને દેખાય છે અગર તો તે પ્રવૃત્તિ એક જાતનો આતંક નથી શું? (મિનિમમ કરતાં પણ ઓછું વેતન દેવું એ ગુલામી છે.)

અંગ્રેજીમાં એક શબ્દ છે : ‘ઝેલટ’, જેનો અર્થ છે અતિઉત્સાહી અને ઝનૂની માણસ. ઈ.સ. પહેલી સદીમાં ‘ધ ઝેલટસ’ નામનું એક સંગઠન હતું. યહુદીઓના મુલકમાં એ લોકોએ રોમન સામે આતંકવાદ ચાલુ કર્યો. યહૂદીપ્રથામાં જેને ‘સેકંડ ટેમ્પલ જ્યુડાઈઝમ’ કહેવામાં આવે છે એના એ કટ્ટરપંથી હતા. કાયદેસરના રેકોર્ડો મુજબ એવું કહી શકાય કે આતંકવાદનો એ પ્રથમ કિસ્સો હતો. એ પછી પૃથ્વીના લગભગ દરેક દેશમાં આતંકવાદ સતત ચાલુ જ રહ્યો છે.

પેલેસ્ટાઈનની ભૂમિ હોય કે મિડલ-ઈસ્ટના દેશો, બધાએ આતંકવાદી છાવણીમાં દાયકાઓ કાઢી નાખ્યા. ફિદાયીનોથી લઈને અનેક કટ્ટરવાદીઓએ એશિયા-યુરોપમાં સતત હાહાકાર મચાવ્યો. એકવીસમી સદીની શરૂઆતમાં જ લાદેને વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપર હુમલો કરાવ્યો. અફઘાનિસ્તાન-ઈરાક-અમેરિકાનાં યુદ્ધ થયાં.

૨૦૧૬ની સાલમાં અમેરિકામાં જેટલા લોકો બંદૂકની ગોળીથી મર્યા એ બધા કિસ્સાઓમાં બંદૂક આતંકવાદીઓના હાથ કરતાં બાળકોના હાથમાં વધુ હતી. અમેરિકન સરકાર બંદૂકની જાણે લહાણી કરતી હોય એમ બંદૂકો કોઈને પણ આપ્યા કરે તો તેનાં આવાં પરિણામ ભોગવવા પડે. યુરોપ અને અમેરિકામાં જેટલી હત્યા થઈ તેમાંથી માત્ર ૨.૨ ટકા લોકો આતંકવાદીઓના હાથે મર્યા છે, જ્યારે એ જ આંકડો મોટા ભાગના મુસ્લિમ દેશમાં ૭૫ ટકાનો છે. પોતાના શીંગડા જ ભારે પડે છે એનું આ જીવતું જાગતું ઉદાહરણ છે. ‘વરુને પાળો તો વરુ તમારો જ શિકાર કરે’ આ જૂની કહેવત છે. બીકણ લોકો આતંકવાદનો રસ્તો અપનાવે છે. એ રસ્તો પાક્કો રહે માટે તેમાં કહેવાતા ધર્મના નામનું સિમેન્ટ લગાવે અને રસ્તો તૂટવાની અસુરક્ષા અનુભવતા સાઉદી અરેબિયા જેવા દેશ નાસ્તિકતાને કાયદેસરનો આતંકવાદ ગણાવે પછી ભોગવવું પડે.


આ બધી રેન્ડમ-આડીઅવળી એકઠી કરેલી માહિતી અને આંકડા શું દર્શાવે છે? જે દેશમાં મોટાભાગનો ધર્મ સમય સાથે નથી ચાલતો ત્યાં બંધિયારપણું વધી જાય છે એ બંધનમાંથી આતંકવાદનો ભોરિંગ જન્મે છે.

જે ધર્મ બદલાવને સ્વીકારતો નથી, જે ધર્મગુરુઓ અપડેટ થવા માગતા નથી ત્યાં ધર્મના નામે હિંસા વધુ ફેલાય છે. માણસ બદલાય, જમાનો બદલાય, ટેક્નોલોજી અપગ્રેડ થાય પણ અમુક ધર્મ બંધિયાર ખાબોચિયામાં જ રહે છે છે- નદીની જેમ વહેતા નથી.

હવે બીજી બાજુ એક નજર કરો...

જે ધર્મમાં દેવી-દેવતાના નવા નામ ઉમેરવાની છૂટ હોય, દેવીના નામે ફિલ્મો બનતી હોય અને લોકો એમને પૂજવા માંડતા હોય, વિધિવિધાનો બદલાતાં રહેતાં હોય એવા ધર્મની છાપ ગ્લોબલ લેવલ ઉપર શાંતિપ્રિયની રહે છે અને એમાંથી આતંકનો જન્મ સામાન્ય રીતે થતો નથી. જે ધર્મમાં બદલાવ સ્વીકાર્ય હોય એ ધર્મ પાળતા લોકો ઓછા જોવા મળે છે આવું ઈતિહાસ કહે છે.

સિનેમા સમાજનું દર્પણ છે એવું કહેવાય છે તો આતંકવાદ શું છે?



માનવજાતે પાડેલા સંપ્રદાયોના ભાગલાના ઝેરનું પ્રતિબિંબ કે પાછળ રહેતો સાઈડ પ્રોડક્ટજેવો કાળા રંગનો પડછાયો? લોકોમાં ખરું અને નક્કર નેશનાલીઝમ (રાષ્ટ્રવાદ) કેમ પ્રગટતું નથી અને પ્રગટતું હોય તો અમુક સમસ્યાઓનો ઉકેલ લાવવામાં એ જ પ્રજામાંથી સર્જાતું તંત્ર કેમ નિષ્ફળ જાય છે?

સ્કોલરો કહે છે કે દુનિયામાં કોઈ પણ વ્યક્તિ સુધી પહોંચવા માટે મહત્તમ સાત વ્યક્તિની મદદ લેવી પડે. આ જ થિસિસની સમાંતર એક બીજું થિસિસ હોવું જોઈએ કે કોઈ પણ પ્રોબ્લેમ જે થિયોરિટિકલી- સૈદ્ધાંતિક રીતે સોલ્વ થઇ શકે એવો હોય તો તેનું પ્રેકટિકલ સોલ્યુશન સાત જુદા જુદા રસ્તે આવી જ જવું જોઈએ. હવે પ્રશ્ન એ થાય કે એક સમસ્યા જે સીતેર વર્ષથી ફેણ ચડાવીને ઊભી છે અને સાત નહીં સિત્તેર કરતાં વધુ સરકારો બદલાઈ ગઈ હોવા છતાં એકસાથે કરોડો લોકો મળીને તેનું કાયમી સોલ્યુશન કેમ ન લાવી શકે?

આ સવાલ વિચારવા જેવો ખરો. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@
bombaysamachar.com

# ‘ઈમ્પલ્સ બાયિંગ’ ટેક્નિકથી સેલ સુધારી શકાય-વધારી શકાય!




આપણે સ્ટોરમાં જઈએ વિચારેલી અમુક વસ્તુ લેવા અને સાથે સાથે બીજી પણ કોઈ ચીજ-વસ્તુ દેખાય તો એને પણ આપણે ખરીદી લઈએ.

આવી ખરીદીની પ્રક્રિયા ‘ઇમ્પલ્સ બાયિંગ ’ એટલે કે ‘ઈચ્છા થઈને વસ્તુ ખરીદી લીધી’ તરીકે ઓળખાય છે. આ બિનઆયોજિત ખરીદી કે પૂર્વ ઇરાદા વિના ખરીદી સ્થળ પર લેવામાં આવતા નિર્ણય છે.

આ પ્રકારની ખરીદી ઘણીવાર માર્કેટિંગની યુક્તિઓ, તમારી ઇર્દગિર્દ લોકોના અનુભવ અથવા તાત્કાલિક સંતોષની ઇચ્છા જેવાં વિવિધ પરિબળોથી પ્રભાવિત થાય છે. આ વર્તન ઘણીવાર મનોવૈજ્ઞાનિક પરિબળને આભારી હોય છે, જે ક્ષણભરના ઉશ્કેરાટને લીધે ખરીદી કરવાની ઇચ્છા થાય છે. માર્કેટર્સ લાંબા સમયથી આવી ઇમ્પલ્સ ખરીદીને એમની માર્કેટિંગ વ્યૂહરચનામાં ઉપયોગ કરવા માટે વિવિધ તકનીકોનો ઉપયોગ કરે છે.

અમુક ઉદાહરણો જોઈએ તો- દુકાનમાં ચેકઆઉટ કાઉન્ટરની (જ્યાં આપણે પૈસા ચૂકવીએ છીએ)બાજુમાં વ્યૂહાત્મક રીતે મૂકવામાં આવતી ચોકલેટ્સ, પીણાં, નાના બાળકો માટેના અમુક ઉત્પાદન, વગેરે. આ બધી વસ્તુ ખરીદીને ઉત્તેજિત કરવાનું ઉત્તમ ઉદાહરણ છે. એનાં અનિવાર્ય આકર્ષણથી ખરીદદારને લલચાવે છે. ઘણીવાર અમુક ખાવાની ચીજો પણ જોવા મળે છે, જે શોપમાંથી બહાર જતાં પહેલા એક છેલ્લી વાર આનંદ માણવા માટે લલચાવે છે.

આ જ વાત ઓનલાઇનમાં ફ્લેશ સેલ ગ્રાહકોને ખરીદી માટે મર્યાદિત સમયમર્યાદા નક્કી કરીને કુશળતાપૂર્વક અછતના સિદ્ધાંત પર રમે છે. અહીં ઘડિયાળનું ટીકર પણ હોય છે, જે ઘડિયાળની ટિક ટિક ખરીદદારોને સમય પૂરો થાય તે પહેલાં તકનો લાભ લેવા આડકતરું દબાણ પણ કરે છે.

સ્ટોરના જે વિભાગમાં વધુ ગ્રાહક હોય ત્યાં ઇમ્પલ્સ શેલ્ફ ધ્યાન આકર્ષિત કરવા માટે ડિઝાઇન કરવામાં આવે છે. અહીં વ્યૂહાત્મક રીતે કરેલા ડિસ્પ્લે વિવિધ મનમોહક ઉત્પાદન પ્રદર્શિત કરે છે, જેમાં આકર્ષક ગેજેટ્સથી લઈને, રમકડાંઓથી લઈને નાસ્તાનો સમાવેશ થાય છે. જેમ જેમ ખરીદદાર આ શેલ્ફ નજીક આવે છે, તેમ તેમ એની નજર આ આકર્ષક ડિસ્પ્લે તરફ ખેંચાય છે, જે એને આવેગજન્ય ખરીદી કરવા માટે લલચાવે છે. આજ વાત ડિજિટલ વિશ્વમાં, ઓનલાઈન રિ-ટાર્ગેટિંગ જાહેરાતો એ વસ્તુઓની સતત યાદ અપાવે છે જે પોતે ખરીદ્યા વગર રહી ગઈ હોય.

આ જાહેરાત વપરાશકર્તાને એની ઓનલાઈન યાત્રા ચાલુ રાખતી વખતે અનુસરે છે. ગ્રાહકની રુચિ અને પસંદગી સાથે મેળ ખાતી તૈયાર કરવામાં આવેલી આવી જાહેરાતો ધીમેધીમે આગળ વધે છે, વપરાશકર્તાઓને એવી વસ્તુઓની યાદ અપાવે છે જે એમના ધ્યાનમાં આવી હતી, પરંતુ ખરીદી ન હતી. આવી દરેક જાહેરાત અગાઉ વિચારેલી ખરીદી કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

આપણે જાણીયે છીએ કે બ્રાન્ડ બનાવવી અને માર્કેટિંગ તે એક વિજ્ઞાન છે અને કન્ઝ્યુમરની સંવેદનાને ધ્યાનમાં લઇ આની વ્યૂહરચના બને છે. હવે ઈમ્પલ્સ બાયિંગનાં કારણ જાણીએ તો સ્પેશ્યલ ડીલ કુપન દ્વારા અથવા વધુ ખરીદો ઓછા દામમાં જેવી તરકીબ, મર્યાદિત સમય માટેની ડીલ વગેરે. બીજુ, આકર્ષક ડિસ્પ્લે, આકર્ષક સંગીત પણ આપણું ધ્યાન ખેંચે છે. તાત્કાલિક સંતોષ જેને ‘ઇન્સ્ટન્ટ ગ્રેટિફિકેશન’ કહેવાય છે તે. ઉત્પાદનોને એવી જગ્યાએ રાખે જેથી ખરીદવાની લાલચ ઊભી થાય.

ઈમ્પલ્સ ખરીદીને પ્રોત્સાહન આપવા માટે ઉત્પાદન પસંદગી અને ઉત્પાદન પ્લેસમેન્ટનું યોગ્ય મિશ્રણ જરૂરી છે. જ્યારે ગ્રાહક તમારા સ્ટોરમાં પૂર્વનિર્ધારિત જગ્યાએ લટાર મારતા હોય છે ત્યારે ઈમ્પલ્સ ખરીદી માટે શ્રેષ્ઠ પ્લેસમેન્ટ શોધવાનું તમારા માટે ખૂબ સરળ બને છે. ચોક્કસ સ્ટોર લેઆઉટ અને આંતરિક ડિઝાઇન સિદ્ધાંતોનો ઉપયોગ કરીને તમે ગ્રાહકોને તમારી ઉચ્ચ-માગવાળી વસ્તુઓથી અવગત કરી શકો છો.

બીજું, તમે ઓછી કિંમતનાં ઉત્પાદનો ચેકઆઉટ કાઉન્ટર નજીક રાખો, કારણ કે ઈમ્પલ્સ ખરીદી ઊંચી કિંમતનાં ઉત્પાદનોની થવાની શક્યતા ઓછી છે. તમે ડિસ્કાઉન્ટવાળાં ઉત્પાદનો પણ રાખી શકો છો જેથી ગ્રાહક ખરીદવા માટે લલચાય. ચેકઆઉટ ઉપરાંત તમે ઈમ્પલ્સ ઉત્પાદનોનું ડિસ્પ્લે વધુ વેચાતાં ઉત્પાદનોની શેલ્ફ પાસે રાખી શકો જેથી લોકોનું ધ્યાન ત્યાં પડે અને એની ખરીદી થાય.

ડેટાનું મહત્ત્વ આપણે જાણીયે છીએ અને તેના સહારે તમને જણાશે કે કન્ઝ્યુમરને શું જોઈએ છે અને આના થકી નવા ઈમ્પલ્સ ઉત્પાદનોનું લિસ્ટ બનાવી શકો છો. આ તમને વધુ વેચાણ માટે મદદ કરશે. આને તમે આકર્ષક ડિઝાઇન, ફ્રી સેમ્પલિંગ અને ડેમોના સહારે પણ કરી શકો છો.

વેપારી તરીકે ઈમ્પલ્સ બાયિંગનો લાભ લેવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ખરીદદારો તમારા સ્ટોરમાં જેટલો વધુ અનુભવ માણશે તેટલી જ એમને ઈમ્પલ્સ બાયિંગ પ્રત્યે સકારાત્મક લાગણીઓ થશે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




'હલો.... મૈં મોતીબાબુ આપ કૌન?' મોતીએ હાથ લંબાવ્યો.

રઝાક મોતીને કતરાઇને જોતો અંદર ગયો.

'પીઓગે.?' મોતીએ ગ્લાસ બતાવ્યો. રઝાકે અકળાઇને બસ્તા શેઠની સામે જોયું.

'મોતી ચૂપ...તુજે ચડ ગઇ હૈ.' બસ્તાએ એને ટપાર્યો. 'રઝાકભાઈ, સોરી ઇસ કે લિયે.'

'તુમ લોગ બચ ગયે.....પુલીસ પકડતી તો મુશ્કીલ હોતી થી. માર માર કે સચ ઉગલવાતી....ઔર હમ કૂછ નહીં કર પાતે.' રઝાકે કહ્યું.

'રઝાકભાઈ, મુઝે આપસે કૂછ કહેના હૈ.' બસ્તાએ કહ્યું.

'કહો....ક્યા કહેના હૈ.?'

'અભિ કે મર્ડર મેં મેરા કોઇ હાથ નહીં હૈ...બસ પ્લાન બનાયા થા..'

'અભિ કે મર્ડર મેં તુમ્હારા હાથ થા યા નહીં યે તો મૈં નહીં જાનતા મગર તુમ્હારા હાથ હબીબભાઇ કે મર્ડર મેં થા.' સાંભળીને બસ્તા ઠાઠડીમાં બાંધેલા મડદા જેવો થઇ ગયો.

'મૈં સબ ઇન્ક્વાયરી કર કે બૈઠા હું..' રઝાક એકદમ ઠંડે કલેજે બોલ્યો.

'રઝાકભાઈ વો એક્સિડેન્ટ થા..' બસ્તાનું જુઠાણું બબડ્યું.

'બસ્તા શેઠ, બંસી ડ્રાઇવર સે હબીબભાઇ કા એક્સિડેન્ટ કરવાનેવાલા તુ થા.'

'હમલોગોંને એક ગદ્દાર પે ભરોસા કિયા....બંસી કો હમને કિડનેપ કર કે મૌત કે ઘાટ ઉતાર દિયા.' રઝાક મોતી તરફ ફર્યો. 'ઔર તુ....બંસી કો જામીન દિલાને કી કોશિશ કરતા થા.' મોતીબાબુ બે હાથની વચ્ચે માથું નાખીને બેસી ગયો. રઝાકે પોતાના ખિસ્સામાંથી બે રિવોલ્વરો કાઢી.

'પકડો ઇસકો.' એણે જબરજસ્તીથી બંનેના હાથમાં એકએક રિવોલ્વર પકડાવીઃ 'બસ્તા, ઉડા દો મોતી કો ઔર મોતી, તુમ ખતમ કરો બસ્તા કો.'

'રઝાકભાઈ માફ કર દો મુઝે....મૈં આદિલ કી બાતોં મેં આ ગયા.'

'બસ્તા શેઠ, તુમ્હારી નિયતમેં ખોટ થી. તુમ્હે ફિલ્મ ઇન્ડસ્ટ્રી પર રાજ કરના થા.'

'ફિર કભી એસી ગલતી નહીં હોગી...એક મૌકા દો મુઝે' બસ્તા શેઠ કરગરવા લાગ્યા. મોતીએ પગ પકડી લીધા. 'મૈં આપકે પૈર પડતા હું. માફ કર દો.' રઝાકે એને લાત મારતા કહ્યુંઃ 'યે કામ મૈં યહાં બૈઠકર કર સકતા થા લેકિન સૌચા મેરી નઝર કે સામને હો તો હબીબભાઈ કી રૂહ કો ચેન મિલેગા.' રઝાકે મ્યુઝીક લાઉડ કર્યું. પેન્ટની પાછળ ભરાવેલી ગન કાઢીને બંને તરફ તાકતા બોલ્યોઃ 'મૈં તીન તક ગીનુંગા. 'એક' રઝાકે બોલવાનું શરૂ કર્યું. બસ્તા અને મોતીએ કમને....ન છુટકે એકબીજાની સામે રિવોલ્વરો તાકી. ત્રણ બોલે તે પહેલાં ઘોંઘાટિંયા સંગીતમાં ગોળીઓનો અવાજ રૂમમાં જ ગોંધાઇ ગયો. રઝાકે બંને ખતમ થઇ ગયા હોવાની ખાતરી કરી ને બહાર નીકળી ગયો.

***************

'ભાઇ, હબીબભાઇ કી મૌત કા બદલા લે લિયા હૈ. ગદ્દાર આદિલ ખાન બચ ગયા. વો આયા હોતા તો ઉસ કો ભી સાથે મેં ટપકા દેતા.' રઝાક બોલ્યો.

'નહીં, અપ્પા સાહબને ઉસકો અભી ટચ નહીં કરને કા બોલા હૈ. બમ્બઇ મેં ફિલમ ઇન્ડસ્ટ્રી કૌન સંભાલેગા યે સોચો રઝાક.' ભાઇએ મુદ્દાની બે વાત કરી, પણ રઝાકે ભાઈને બીજી એક મહત્ત્વની વાત કરવી હતી.

'ભાઈ, મોતીને મરને સે પહેલે બસ્તા કો એક બાત બતાઇ.'

'ક્યા બોલા વો.?' ભાઈએ પૂછ્યું. રઝાકે ભાઈના કાનમાં એ વાત નાખી દીધી. પછી આદાબની અદાથી હાથ ઝુલાવતો નીકળી ગયો. એના ગયા પછી ભાઇએ અપ્પા સાહેબને ફોન લગાડ્યોઃ 'મંડળી આપલી આભારી આહોત. યે દોનોંને બતાયા કી ઉન્હોને અભિ કા મર્ડર નહીં કિયા. તો ઉસ એક્ટર કા મર્ડર કિસને કિયા.?'

'તુને હબીબ કી મૌત કા બદલા લે લિયા...તેરા કામ તો હો ગયા ના....અબ પુલીસ કો અપના કામ કરને દે.' અપ્પા સાહેબનું રાજકીય અટ્ટહાસ્ય ભાઈના કાનને ખૂંચ્યું.

'અપ્પા સાહેબ, આપ હમસે એકદમ ફાસ્ટ સોચતે હો. મૈં કભી કભી સોચતા હું કી આપ પોલિટિશ્યન લોગ કા દિમાગ તેઝ ચલતા હૈ કી હમ ભાઇલોગોં કા.' ભાઇએ હસીને ફોન કાપી નાખ્યો.

***************

'સર, બસ્તા શેઠ ઔર મોતીબાબુને મલેશિયા કી હોટલ મેં એક દુસરે કી હત્યા કર દી.' શિંદેએ એસીપી મોરેને ખબર આપ્યા.

'હાં, પતા ચલા. બડા ગેમ હો ગયા. અપ્પા સાહેબને મુઝે બસ્તા કે ઘર પે ભેજા તબ મુઝે ડાઉટ હો ગયા થા કી કૂછ બડા હોનેવાલા હૈ....લેકિન ઇસકા અંદાજા નહીં થા.'

'ક્યા ગેમ થા?' શિંદેએ જાણવાની ઇચ્છા દર્શાવી ત્યાં ફોનની ઘંટડી વાગી.

'જી સાહબ, પહોંચ જાઉંગા. જી ઓકે સાહબ.' મોરેએ ફોન મૂકીને કહ્યુંઃ 'શિંદે, યે પોલિટિશ્યન લોગ ભી.'

'અબ ક્યા હુઆ.?'

'અપ્પા સાહબને બુલાયા હૈ.' એસીપી મોરેએ કેપ પહેરતાં કહ્યું.

**************

'અભિનંદન, મોરે તુમને અભિ મર્ડર કેસ કો સોલ્વ કર દિયા.'

'નહીં સાહબ અભી તો ઇન્ક્વાયરી ચલ રહી હૈ.'

'પ્રેસ કોન્ફરન્સ બુલાઓ. ઔર બતા દો પત્રકારો કો કી બસ્તા ઔર મોતીબાબુને મિલ કે અભિ કા મર્ડર કિયા થા.....ગિરફતારી સે બચને કે લિયે દોનોં મલેશિયા ભાગ ગયે,... આપસી મામલે મેં દોનોંને એક દુસરે કો ગોલી માર કે હત્યા કર ડાલી.' અપ્પા સાહેબ શ્વાસ લેવા થોભ્યા...પાણી પીને બોલ્યાઃ 'અભિ મેરા ખાસ થા. વો સિર્ફ એક બડા એક્ટર નહીં, પોલિટિકલ લીડર ભી થા. ઉસ કે ખૂની કો પકડના મેરા પ્રાયોરિટી થા. કેસ સોલ્વ...ફાઇલ બંધ.'

> 'મૈં કભી કભી સોચતા હું કી આપ પોલિટિશ્યન લોગ કા દિમાગ તેઝ ચલતા હૈ કી હમ ભાઇલોગોં કા.' ભાઇએ હસીને ફોન કાપી નાખ્યો

'અપ્પા સાહબ, માફ કરના લેકિન મેરી ઇન્ક્વાયરી કહેતી હૈ કી'

'મોરે, તુમ્હારી ઇન્ક્વાયરી ભી યહી કહેતી હૈ કી તુમ બસ્તા કે ઘર ગયે....તુમને ઉસકો બતાયા કી બસ્તા, તુમ્હારી કભી ભી અરેસ્ટ હો સકતી હૈ....ફિર વો....ઔર ઉસકા સાથી મોતી દોનોં ભાગ ગયે.'

'અપ્પા સાહબ, મેરા માનના હૈ કી ખૂની વો દોનોં નહીં હૈ....કોઇ ઔર હૈ.'

'ક્યા ફરક પડતા હૈ....ઔર તુમકો કેસે પતા ચલા કી ખૂની કોઇ ઓર હૈ.? ક્યા પ્રૂફ હૈ તુમ્હારે પાસ.? મર્ડર કા ચશ્મદીદ ગવાહ હૈ કોઇ? ઉસકી બાયકો સોઇ થી...બાથરૂમ મેં સે કોઇ નિશાન નહીં મિલા...પોસ્ટ મોર્ટમ રિપોર્ટ મેં કૂછ નહીં. મોરે, તુમ મેરી તકલીફ સમજો....મુઝે ભી ઉપર જવાબ દેના હૈ. ઇલેક્શન આ રહે હૈ.'

'સાહબ, શાયદ આપ ભી જાનતે હો કી અસલી ખૂની બસ્તા ઔર મોતી નહીં થે....આપને ઉન દોનોં કો મલેશિયા ભગાને મેં મલેશિયા મેં બૈઠે ભાઈ કી મદદ કી હૈ. ભાઈ હબીબ કી મૌત કા બદલા લેના ચાહતા થા.'

'તુઝકો કૌન બતાયા યે સબ.'

'મેરે ખબરીને બહુત કૂછ બતાયા હૈ. આપ મુઝે એક હપ્તા દો. મૈં ખૂની કા નામ આપકો બતાઉંગા. ફિર આપ ડિસાઇડ કરના...અસલી ખૂની કી અરેસ્ટ કરની હૈ યા બસ્તા ઔર મોતી કા નામ ડિક્લેર કરના હૈ.'

'મોરે, ઉસસે તુમ કો ક્યા મિલેગા.?'

'તસલ્લી....મુઝે તસલ્લી મિલેગી સાહબ.'

'ઠીક હૈ. સિર્ફ એક હપ્તા દેતા હું.' અપ્પા સાહેબે કહ્યું. મોરે સેલ્યુટ કરીને નીકળી ગયો.

***************

એસીપી મોરેના કહેવાથી અશોક ટંડને ફિલ્મનો ખાસ શો એ જ નાનકડા થિયેટરમાં રાખ્યો હતો. શોમાં માત્ર એસીપી મોરે અને સિનિયર ઇન્સ્પેક્ટર શિંદે ઉપરાંત અકબર પીઆર અને અશોક ટંડન હતા. એસીપી મોરે અને શિંદે સાથે બેઠા ને ટંડન અને અકબરે અલગ અલગ સીટ પસંદ કરી. થિયેટરની લાઇટ ધીમે ધીમે ઓફ થઇ. ફિલ્મ શરૂ થઇ. થોડી જ વારમાં સાદા ડ્રેસમાં ફિલ્મ જોઇ રહેલા બે પોલીસવાળા ફિલ્મમાં એટલા ઓતપ્રોત થઇ ગયા કે ક્યારે ઇન્ટરવલ પડી ગયો એનું સુધ્ધાં ભાન ન રહ્યું. થિયેટરમાં અજવાળું થયું ત્યારે આશ્ચર્યચકિત મોરેએ ઊંચા ચડી ગયેલા ભવાં સાથે શિંદેની સામે જોયું.

'કૂછ સમજા. ફિલ્મ મેં અભિ કા ફિલ્મી મર્ડર....બિલકુલ વેસે હી ઘર મેં રિયલ મર્ડર.' એસીપી મોરે થિયેટરમાં લાંબા પગ કરીને ખુરસીમાં આલરીને બેઠા બેઠા જ બોલ્યા.

'ક્યા કલ્પના કેલી આહે....મેરી તો સમજ કે બાહીર હૈ' શિંદે બોલ્યો એટલામાં ટંડન અને અકબર એમની પાસે પહોંચ્યા.

'અભિ કા લાઇફ કા પુરા પિક્ચર.....ઓટોબાયોગ્રાફી. વો ભી ખુદને બનાઇ.' ટંડને કહ્યું.

'ફિલ્મમેં કૂછ તો કલ્પના...ફિક્શન...ડ્રામા...ફેક મસાલા ડાલા હોગાના? મોરેએ અકબરને પૂછ્યું.

'સર, યે સચી કહાની હૈ..' અકબર બોલ્યો.

'અભિ કો છોડ કર સબ કલાકાર અલગ હૈ. સબ નયે એક્ટર લગતે હૈ. મૈંને કભી દેખા નહીં ફિલમ મેં' શિંદેએ કહ્યું.

'સીમા, ચંદન, બસ્તા, પ્રિયા, પિન્ટો, ચૌબે.....નામ ભી વોહી રખા હૈ...

ક્યા ડેરિંગ કિયા એક્ટર ને......ડિફેમેશન કા ભી ડર નહીં લગા ઉસકો.' મોરેએ કહ્યું.

'સર, અભિ એક અલગ હી આદમી થા.....વો હી કર સકતા હૈ યે સબ' ટંડન બોલ્યો.

'કમાલ કા રાઇટર હૈ....કૌન હૈ રાઇટર ઇસ ફિલ્મ કા.?' મોરેએ ટંડનને પૂછ્યું.

'કોઇ નહીં. અભિ અપને મન સે સેટ પર હી લિખતા થા ઔર મૈં શૂટ કરતા થા.'

'હાયલા શિંદે, એસા કૌન ફિલ્મ બનાતા હૈ રે?' એસીપી મોરેએ કહ્યું.

'સર, ઇમેજિનેશન નહીં હૈ...યે હકીકત હૈ. યે કહાની અભિ કી હૈ,' અકબર બોલ્યો.

'ફિલ્મ દેખને કૌન કૌન આયા થા.?' મોરેએ પૂછ્યું. હવે ટંડનને બેય પોલીસવાળાનો ઇરાદો સમજાયો. ફિલ્મ જોવાને બહાને ઇન્ક્વાયરી અને પૂછપરછ થવા લાગી હતી. એણે એકપછી એક બધાના નામ લીધા.

'ઇન સબ મેં ફિલ્મેં કૌન કૌન બનાતે હૈ?'

'મૈં અશોક ટંડન, મહિન્દર મોહન, સુખવિન્દર ગુલાટી....ઔર સત્યદીપ ચૌબે-નાટ્ય લેખક-દિગ્દર્શક હૈ.' ટંડને કહ્યું.

'ચૌબેજી ફિલ્મ દેખને ક્યું આયે થે.?'

'અભિ કો સબ સે પહેલે નાટક મેં રોલ ઉસને દિયા થા....અભિને ઉનકો ખાસ ઇન્વાઇટ કિયા થા.'

'કૌન સા નાટક થા..?' શિંદેએ પૂછ્યું.

'અંતહીન અંત.' અકબરે કહ્યું.

'અંતહીન અંત....જિસકા અંત નહીં એસા અંત...જૈસે ઇન્ટરવલ તક કી ફિલ્મ. એન્ડ બટ નો ધી એન્ડ.' મોરેના શબ્દોમાં કટાક્ષ હતો. ચૌબેજી કહાં મિલેંગેં..?' અચાનક એના હાવભાવ બદલાયા.

'એક્ટર્સ અડ્ડા...જુહુ..શામ કો વહાં હોતે હૈ. સાહબ, આપ ચૌબે કો ક્યું મિલના ચાહતે હો.' ટંડને અચકાતાં પૂછ્યું.

'શિંદે કો નાટક મેં કામ કરના હૈ.' મોરેએ ઊભા થતાં કહ્યું.

(ક્રમશઃ) ■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# હોમ મિનિસ્ટર જિંદાબાદ



'યાર, રોહિત તને તો જેકપોટ લાગી ગયો. આ જોને આઠ વર્ષથી આ ટેક-કંપનીમાં કામ કરું છું, પણ મને કોઈ પ્રમોશન મળ્યું નહીં અને બે વર્ષમાં તો તું ડીરેક્ટર ટીમમાં પહોંચી ગયો.' આમ કહેતાં મેહુલ પોતાની હતાશા છુપાવી ન શક્યો.

'અરે, યાર શું તું પણ આ બે વર્ષમાં મેં કેટલી હજૂરગિરી કરી છે, તું સમજી નહીં શકે. આ બોસને ખુશ રાખવા તમારે સતત તૈયાર રહેવું પડે. જરા વાંકુ પડે ને તો તમારી ધૂળ કાઢી નાંખે.' રોહિતે કહ્યું.

'જો, રોહિત તારી સફળતાનું રહસ્ય હું જાણું છું.' વૈભવીએ કહ્યું.

'યસ, સફળતાનો શોર્ટકટ એટલે મિસ. માલવિકાની મૈત્રી.' રોહિતે આંખ મિચકારતા કહ્યું.

'ના, સાવ એવું નથી. મને ફોરેનની કંપનીનો અનુભવ છે. મારી પાસે ઈનોવેટીવ પ્રોજેકટ્સ છે. કદાચ એટલે ડિરેક્ટર્સની ટીમમાં મારી નિમણુંક થઈ છે.' રોહિતે કહ્યું.

'વી આર ફ્રેન્ડસ અમને કોઈ પ્રોબ્લેમ નથી. પણ, તારી કાબેલિયત સાથે જો તારી આયડેન્ડીટી જ છીનવાઈ જાય તો? અમે નજરે જોયું છે કે મિરચંદાની પોતાની એકની એક દીકરી માટે એવો મૂરતિયો શોધે છે- જે કંપની સાથે એમનો પણ જી હજુરીયો બની રહે.' મેહુલે કહ્યું.

'ઈટ્સ ફાઈન, આય વીલ લાઈક ટુ હેવ રેડીમેડ રીચ લાઈફ.' રોહિતે કહ્યું.

'બટ, એટ વોટ કોસ્ટ?.' માલવિકાના ત્રણ અફેર અમે આ જ કંપનીમાં જોયા છે. શી ઈઝ વેરી એરોગન્ટ અને રૂડ. એ હવે તને- નવા બકરાને ફસાવશે. તારું મગજ ફરી જશે. એનાથી દૂર રહેજે.' વૈભવીએ કહ્યું.

સફળતાની સીડી ચઢવા એના જેવી ગેમ હું પણ રમી શકું છું.

છ મહિનામાં જ રોહિત અને માલવિકાના ધામધુમથી મેરેજ થયાં. ગ્રાન્ડ પાર્ટી અપાઈ.

મિરચંદાનીએ અંધેરી લોખંડવાલા કોમ્પલેક્ષમાં ત્રણ બેડરૂમનો ફલેટ લીધો. એ ફલેટ માલવિકા મિરચંદાનીનાં નામે હતો.

ફલેટના દસ્તાવેજ વાંચતા જ રોહિતે મેનેજરને કહ્યુંઃ-

'આ ફલેટ મારા નામે હોવો જોઈએ. મેં પણ આમાં ૫૦ ટકા ઈન્વેસ્ટ કર્યા છે.

વો હમકો નહીં સાહબ કો પૂછના.' મેનેજરે માલવિકા સામું જોતા કહ્યું.

'કાલે કદાચ આપણું બ્રેકઅપ થાય તો હું કયાં જઉં?'

'આ જે કંઈ છે એ મારા પપ્પાની જ પ્રોપર્ટી છે. અને નોમિનીમાં તો તારું નામ છે જ ને!' માલવિકાએ રોહિતને સમજાવતાં કહ્યું.

રોહિતને સાચી વાસ્તવિકતા સમજાઇ. પોતાની મૂડી તો ગઈ. અને આવું ડિપેન્ડન્ટ જીવન- આ ઘર જ મારું નથી તો મારાં ઘરડાં મા-બાપને અહીં કેવી રીતે રાખીશ. શું આ માલવિકા એમને સ્વીકારશે- નિરાશાના વમળમાં ફસાયેલા એના મનમાંથી અવાજ પડઘાયો- હોમ મિનિસ્ટર જિંદાબાદ.

હવે એક બીજો પ્રસંગ જોઈએ. ઈન્ટર નેશનલ સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરતી એકદમ સરળ સ્વભાવની ભોળી કામિની શ્રોફને મળીએ. કામિની ભણવામાં હોંશિયાર- પપ્પા કહે તેમ જ કરવાનું. શિક્ષિકા તરીકે નોકરી મળી એટલે પપ્પાના કહેવાથી બેંકમાં પહેલી વાર ખાતું ખોલાવ્યું. ફોર્મ પપ્પાએ ભર્યું એણે તો માત્ર સહી કરી.

કામિનીના પપ્પાએ કહ્યું - 'હવે દર મહિને તારો પગાર આ ખાતામાં જમા કરવાનો. પગાર આવે તે જ દિવસે, શું ? સમજી ને?'

કામિનીની પાસબુક પપ્પા પાસે જ રહેતી. બેંકિંગ ટ્રાન્જેકશન તો પપ્પા જ કરતા. કામિનીએ કહ્યું- 'પપ્પા, મારી ફ્રેન્ડ કહે છે કે હવે તો બધું શોપિંગ ઓનલાઈન કરવાનું. પર્સમાં તો મિનિમમ ખપ પૂરતા જ પૈસા રાખવા જોઈએ.'

'હા,પણ આપણે ઓનલાઈન પેમેન્ટ નહીં કરવાનું સમજી? તારે જે જોઈતું હોય મમ્મી સાથે જઈને જ ખરીદવું. અત્યારે ઓનલાઈન ક્રાઈમ બહુ થાય છે. ડાયરેકટ તમારા પૈસા ઉચાપત થઈ જાય.'

કામિની બેંકિંગની નવી ટેકનિકથી અજાણ જ હતી. દર મહિને ૪૦ હજારનો પગાર મેળવતી કામિની પોતાના આર્થિક નિર્ણય લઈ શકતી નહીં.

એક વાર બેંકમાંથી કામિનીને અચાનક ફોન આવ્યો- તમારા ૨૫ હજારના આ ચેકમાં વેરીફિકેશન માટે તમે તુરંત આવો.

'પણ, મેં કોઈ ચેક મોકલ્યો જ નથી. હંમેશાં મારા પપ્પા જ પૈસા ઉપાડવા આવે છે.' કામિનીએ કહ્યું.

અડધા કલાકમાં જ કામિની અને પપ્પા બેંકમાં પહોંચી ગયા.

આ ચેકની રકમ લેવા આવેલો એ અજાણ્યા શખ્સને હવે અહી ઊભા રહેવું જોખમ લાગ્યું. એટલે ત્યાંથી છટકી ગયો.

કામિનીએ જોયું કે બરાબર એની જ સહી ચેક પર કોઈએ કરી હતી. એને યાદ આવ્યું કે તે દિવસે પપ્પા તેના ટેબલ પર ચેકબુક ભૂલી ગયા હતા, ત્યારે તેના ભાઈનો મિત્ર મહેશ આવ્યો હતો અને મારી ચેકબુક જોતો હતો. કદાચ એણે બ્લેન્ક ચેક ફાડી લીધા હશે.

પપ્પાએ એ ચેક ફાડી નાંખ્યો અને બેંકના મેનેજર સુલભા જોશીનો આભાર માન્યો.

સુલભાએ કહ્યું- 'કામિની તમે પોતે શિક્ષિકા છો, તો તમે જાતે બેંકિંગનું કામ કેમ કરી ન શકો? જુઓ સાચી સલાહ આપું છું કે શિક્ષણ આપણને આર્થિક રીતે પગભર બનાવે છે, પણ આપણું કમાયેલું ધન આપણે કેવી રીતે સાચવવું કે કેવી રીતે વાપરવું એ પણ શીખી લેવું જોઈએ.'

'પણ, મારા પપ્પા છે ને?'

'પપ્પા છે તેમ છતાંય તારે શીખી લેવું જોઈએ. કાલે તારા લગ્ન થશે તો તારે બેંકિંગનું બધું કામકાજ તારે જ કરવું પડશે. નહીં તો પૈસા માટે આપણા પોતાના માણસોની પણ નિયત બગડે છે.' મેનેજર મેડમે કહ્યું.

'મેડમ મારે બેંક ટ્રાન્ઝેકશન વિશે શીખવું છે. જેથી મારાં નાણાકીય નિર્ણયો જાતે લઈ શકું.'

મેડમે એને ઓનલાઈન કોર્સ કરવા જણાવ્યું અને ત્રણ અઠવાડિયા માટે બેંકિંગની પ્રત્યક્ષ ટ્રેનિંગ પણ અપાવી.

આજે બેંગલોરમાં પરણીને સાસરે ગયેલી કામિની શાળાની પ્રિન્સીપાલ તરીકે કામ કરે છે. પોતાનો નાણાકીય નિર્ણય નહીં એક મોટી સંસ્થાનું ફાઈનાન્સ સંભાળે છે.

બેંગલોરમાં એક મોટો ફલેટ ખરીદનાર કામિનીએ પોતાના બિઝનેસમેન પતિને કહ્યું- આ ફલેટ માટેના બધા ડોક્યુમેન્ટસ હું વાંચી જઈશ. આ ફલેટમાં સમાન હકક મારો પણ રહેશે, કારણ કે મેં પણ આમાં મારા નાણાં રોકયા છે. આ ફલેટ આપણા બંનેના નામ રહેશે.

'વાહ,મેડમ તમને મારા પર ભરોસો નથી કે તમારે આ બધી સ્પષ્ટતા કરવી પડે છે.'

'સવાલ વિશ્વાસનો નથી પણ સંબંધોમાં પારદર્શિતા જરૂરી છે.'

'તો શું આપણા સંબંધોમાં તને કોઈ સંદેહ જણાય છે?'

ના, જરાય નહીં. દરેક સ્ત્રીએ સ્વમાન પૂર્વક રહેવું જોઈએ. આર્થિક રીતે પગભર થવું જોઈએ. ત્યારે જ સાચા અર્થમાં વુમન એમપાવરમેન્ટ થયું કહેવાય.

બિઝનેસમેન મેહુલને પોતાના મિત્ર રોહિતની પત્ની માલવિકા યાદ આવી ગઈ.

મીઠું હાસ્ય વેરતા મેહુલે કહ્યું- હોમ મિનિસ્ટર જિંદાબાદ. ■

વિશેષ

સાશા
feedback@bombaysamachar.com

# ભારતમાં કેવી રીતે બને સ્પોર્ટ્સનું સુપર કોર્પોરેટ મોડલ?



આપણે વસ્તી, શિક્ષણ, ટેકનિકલ નિપુણતા અને અંગ્રેજીમાં પ્રાવીણ્ય હોવા છતાં ભારતના રમતગમતના માહોલ તરફ એક નજર કરીએ, ત્યારે આશ્ચર્ય થાય છે? કારણ કે વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ હોવા છતાં, આપણે ઓલિમ્પિક જેવી રમતગમતની સ્પર્ધામાં એક ગોલ્ડ મેડલ માટે ઝંખતા હોઈએ છીએ, જ્યારે વિશ્વના ઘણા એવા દેશો કે જેમની વસ્તી આપણા કોઈપણ રાજ્યને તો છોડો, તે રાજ્યના એક જિલ્લા કરતા પણ ઓછી છે, તેમ છતાં તેમની પાસે આપણા કરતાં વધુ મેડલ હોય છે. સ્પોર્ટ્સમાં ભારતની આ સ્થિતિ આપણને હંમેશાં પરેશાન કરે છે, જેની પાછળનું એક મોટું કારણ સરકાર દ્વારા સ્પોર્ટ્સ પરના રોકાણનો મોટો અભાવ માનવામાં આવે છે. જ્યારે આપણે સ્પોર્ટ્સમાં રોકાણ કરવા વિશે વિચારવાનું શરૂ કરીએ છીએ, ત્યારે એક વસ્તુ જે આપણું ધ્યાન સૌથી વધુ આકર્ષે છે તે છે ખાનગી રોકાણ. સવાલ એ છે કે જો આપણી કેન્દ્ર અને રાજ્ય સરકારો રમતગમતમાં આટલું રોકાણ નથી કરી શકતી, જેટલા રોકાણની જરૂર છે, તો પ્રશ્ન એ છે કે ખાનગી ક્ષેત્ર શા માટે રોકાણ નથી કરી રહ્યું? છેવટે, આનું કારણ શું છે? શું આનું એકમાત્ર કારણ એ છે કે દેશમાં સ્પોર્ટ્સનું કોઈ કોર્પોરેટ મોડલ નથી? કે પછી આની પાછળ નોકરશાહીનો અવરોધ છે?

વાસ્તવમાં આનું કોઈ એક કારણ નથી, ઘણા કારણો છે પરંતુ સૌથી મોટું કારણ રાજકારણ અને નોકરશાહી છે. આ કારણોને લીધે દેશમાં સ્પોર્ટ્સનું કોઈ સફળ અને પ્રેરણાદાયી કોર્પોરેટ મોડલ વિકસી રહ્યું નથી. વસ્તી અને અન્ય સંસાધનોની દૃષ્ટિએ વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ દેશોમાંના એક હોવા છતાં, ભારત રમતગમતમાં ખાનગી ક્ષેત્રના રોકાણના સંદર્ભમાં વિશ્વના ટોચના ૧૦ દેશોમાં પણ સ્થાન ધરાવતું નથી. સ્પોર્ટ્સમાં ખાનગી (કોર્પોરેટ) રોકાણના સંદર્ભમાં વિશ્વના ટોચના ૧૦ દેશો અનુક્રમે યુનાઇટેડ સ્ટેટ્સ, ચીન, યુનાઇટેડ કિંગડમ, જર્મની, જાપાન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દક્ષિણ કોરિયા અને બ્રાઝિલ છે.

આ તમામ દેશો રમતગમતમાં ખાનગી રોકાણને લઈને માત્ર સભાન જ નથી પરંતુ ખૂબ સક્રિય પણ છે. આ દેશોમાં, કોર્પોરેટ ક્ષેત્રો વ્યાવસાયિક સ્પોર્ટ્સ લીગ ચલાવે છે. સ્પોર્ટ્સની અત્યાધુનિક સુવિધાઓનું નિર્માણ કરે છે અને પોતાના ખેલાડીઓને માત્ર રમતનું શ્રેષ્ઠ વાતાવરણ જ નહીં પરંતુ કારકિર્દી સંબંધિત સુવિધાઓ આપવા માટે પણ હંમેશાં પ્રતિબદ્ધ રહે છે.

બીજી તરફ, જ્યાં સુધી ભારતનો સવાલ છે, આપણે સ્પોર્ટ્સમાં ખાનગી રોકાણના ક્ષેત્રમાં ઊભરતું બજાર તો છે જ. પરંતુ ક્રિકેટ સિવાય, એવી ઘણી ઓછી રમતો છે જે અત્યાર સુધી કોર્પોરેટ જગતને રોકાણ માટે આકર્ષવામાં સફળ રહી છે. ક્રિકેટ પછી, તાજેતરના વર્ષોમાં ખાનગી ક્ષેત્રના રોકાણને આકર્ષતી અન્ય રમતોમાં બેડમિન્ટન, કબડ્ડી અને ફૂટબોલનો સમાવેશ થાય છે. જોકે પરિસ્થિતિ ધીમે ધીમે બદલાઈ રહી છે, પરંતુ વર્તમાન વાસ્તવિકતા એ છે કે રમતગમતમાં ખાનગી ક્ષેત્રનું રોકાણ ઘણું ઓછું છે. સાથે હકીકત એ છે કે રમતગમતમાં ખાનગી ક્ષેત્રના રોકાણને ત્યારે જ વેગ મળશે જ્યારે દેશમાં પરિપક્વ રમત સંસ્કૃતિનો વિકાસ થશે. કારણ કે સત્ય એ છે કે આપણી પાસે ભલે વસ્તુઓ હોય પણ દેશમાં રમતગમતની સંસ્કૃતિનો સદંતર અભાવ છે. તેથી સ્પોર્ટ્સમાં ખાનગી ક્ષેત્રનું રોકાણ ખૂબ મર્યાદિત છે. આપણા દેશમાં ક્રિકેટ એકમાત્ર એવી રમત છે જેણે પોતાનું અસરકારક કોર્પોરેટ સપોર્ટેડ મોડલ વિકસાવ્યું છે અને તેનું સૌથી મોટું અને જીવંત ઉદાહરણ ઇન્ડિયન પ્રીમિયર લીગ છે જે આઇપીએલના નામથી વધુ પ્રખ્યાત છે.

દેશની અન્ય રમતોમાં ન તો મોટી સંખ્યામાં દર્શકો હોય છે અને ન તો મીડિયાનું એટલું ધ્યાન હોય છે. આ કારણે બ્રાન્ડ્સને રોકાણ પર ઓછું વળતર મળે છે. આ ઉપરાંત, આજના ટેક્નોલોજીથી ભરપૂર રમતગમતની દુનિયામાં, આપણી પાસે અત્યાધુનિક સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ અભાવ છે. દેશના ટુ ટિયર અને થ્રી ટિયર શહેરોમાં સ્પોર્ટ્સ ગ્રાઉન્ડ, કોચિંગ સુવિધાઓ, સ્પોન્સરશિપ નેટવર્કની ભારે અછત છે. જેના કારણે ખાનગી કંપનીઓને સ્પોર્ટ્સમાં રોકાણ કરવા માટે સ્પષ્ટ માળખું મળતું નથી. સાથે જ નીતિ અને વહીવટના સ્તરે પણ સંદિગ્ધતા છે. દેશમાં સ્પોર્ટ્સ ફેડરેશન (જેમ કે હોકી ઈન્ડિયા, બાસ્કેટબોલ ફેડરેશન)ની કામગીરી પારદર્શક માનવામાં આવતી નથી. તેથી ખાનગી ક્ષેત્ર ભ્રષ્ટાચાર અને નોકરશાહીથી બચવા માગે છે. ખાનગી ક્ષેત્રને આ તરફ આકર્ષવા માટે કમર્શિયલ અપીલનો અભાવ છે કારણ કે ક્રિકેટ સિવાયની તમામ રમતોમાં ટીવી ટીઆરપી, ટિકિટ વેચાણ અને મર્ચેન્ડાઇઝિંગ મર્યાદિત છે. ખાનગી ક્ષેત્રના રોકાણકારો એવા પ્લેટફોર્મ પર નાણાનું રોકાણ કરવાનું પસંદ કરે છે જ્યાં પ્રેક્ષકો, ખેલદિલી અને બ્રાન્ડ વેલ્યુ હોય.

ભારતથી વિપરીત, અમેરિકામાં પરિપક્વ સ્પોર્ટ્સ ઇકોનોમી અને ઇકો સિસ્ટમ છે. તેથી જ અહીં એનબીએ, એનએફએલ, એમએલબી જેવી લીગમાં સંપૂર્ણપણે ખાનગી રોકાણ આધારિત મોડલ ચાલે છે. અહીં ખેલાડીઓ બ્રાન્ડિંગ, ફ્રેન્ચાઈઝી મોડલ અને મીડિયા અધિકારોથી અબજો ડૉલરની કમાણી કરે છે. ઇંગ્લેન્ડમાં પણ આવી જ સ્થિતિ છે જ્યાં જાહેર-ખાનગી સહયોગ સંપૂર્ણપણે સફળ છે. ઈંગ્લેન્ડમાં ફૂટબોલ ક્લબને ખાનગી કંપનીઓ અને અબજોપતિઓ (જેમ કે માન્ચેસ્ટર સિટી અબુ ધાબી ગ્રૂપ) સ્પોન્સર કરે છે. એટલું જ નહીં, સરકાર યુવાનો માટે સ્પોર્ટ્સ સબસિડી આપે છે. ચીનમાં રાજ્ય-પ્રાયોજિત કોર્પોરેટ રોકાણ અસ્તિત્વમાં છે કારણ કે ચીનમાં રમતગમતને રાષ્ટ્ર નિર્માણના પ્રતીક તરીકે જોવામાં આવે છે. અહીં સરકારની ભાગીદારી સાથે મોટી ટેક કંપનીઓ (જેમ કે અલીબાબા) રમતગમતમાં રોકાણ કરે છે.

સવાલ એ છે કે સ્પોર્ટ્સમાં ખાનગી કોર્પોરેટ રોકાણના આ વૈશ્વિક મોડલમાંથી ભારત માટે કયું યોગ્ય છે. જો ઘણા નિષ્ણાતોના તારણો એકસાથે મૂકવામાં આવે તો ભારત માટે આ વિકલ્પ છેઃ

પ્રો કબડ્ડી, આઇએસએલ (ફૂટબોલ) જેવી સ્પોર્ટ્સ લીગનું વિસ્તરણ અને આવી લીગ મોડલને વધુ રમતોમાં લઈ જવું જોઈએ.

આપણી રમતની નીતિઓ પારદર્શક હોવી જોઈએ. રમતગમત સંગઠનોમાં પારદર્શિતા અને કોર્પોરેટ ભાગીદારીને પ્રોત્સાહન આપવું જોઈએ. પાયાના સ્તરે એટલે કે યુવા અને શાળા સ્તરે પ્રતિભા વિકસાવવા માટે સીએસઆર ભંડોળનો ઉપયોગ થાય.

ખેલાડીઓનું બ્રાન્ડિંગ જરૂરી છે. ખેલાડીઓ માત્ર મેડલ નહીં પણ બ્રાન્ડ વેલ્યુ બને, તેનાથી ખાનગી કંપનીઓનો રસ વધે છે. ■

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# હવે આઈપીએલમાં જ મસ્ત રહ્યા તો ખલાસ... ગયા કામથી...



આજના લેખમાં ભાષા ભાન ખોઇ બેસે એ પહેલાં 'લાખો નિરાશા'માંથી મળેલી 'અમર આશા' તમને પહોંચાડું. ટિપિકલ કાશ્મીરી નાક અને દાઢીવાળા સજ્જાદ એહમદ ભટ્ટ પહેલગામના બૈસરણ ઇલાકામાં પેન્ટ ઉપર જાડું ગંજી પહેરીને ગુજરાન ચલાવતા એક ફેરિયા છે. નિઘૃણ નરાધમ ઘટનાની વચોવચ એણે ભયંકર જખ્મી, લગભગ લાશ જેવા એકને ખભે ઊંચકીને જયાં બચવા માટે જવાનું હોય એ પાર ઉતાર્યા છે, આ શબ્દો સાથે; 'ડર તો ખૂબ હતો, મનમાં, પણ ઇન્સાનિયતનો ધર્મ ડરને વટાવી ગયો. ઇન્સાનિયત બહુ મોટી ચીજ છે. પહેલાં ઇન્સાનિયત છે, ધરમ પછી આવે છે.' સજ્જાદ એહમદ ભટ્ટનું આ એક જ વાક્ય ત્રાસવાદીઓની આખી નરાધમ પ્રજાનું, આત્માને નામે મોટું મીંડું એવા કાચી ખુદાઇ હોજરીમાં ઠાલવી ગુજરાન ચલાવતા નૃશંસ ઘાતકીઓનું અને માનવજાતનું કલંક એવા કોઇ દેશનું પ્રજનન અંગ કાપીને એમનો ઠઠ્ઠા નથી ઉડાવતું?!

હું શોભિત પોતે, બે વખત અમૃતસર ગયો છું. પહેલી વખત અટારી બોર્ડર પર પરેડ જોવા ગયો જ હતો. આનાથી વધારે હીપોક્રેટ અને બોરિંગ શો મેં મારી જિંદગીમાં નથી જોયો. હું, (અસંખ્ય હોત તો અસંખ્ય હાથે, પણ નથી એટલે બે હાથ અને માથાથી) સરકારના આ પરેડ બંધ કરવાના નિર્ણયને વધાવું છું. સરકારને સૂચન પણ છે કે આ બકવાસ ખરાબ નાટકના શો જેવી પરેડ હવે ક્યારેય શરૂ ન થવી જોઇએ.

વિઝા ખતમ કરી નાખ્યા, ડિપ્લોમેટ્સને રવાના કર્યા ઇત્યાદી કર્યું એ જાગૃતિને સલામ. કોંગ્રેસ આ ય નહોતી કરતી, ગૃહ પ્રધાન લાશોના ખડકાતા જથ્થા સાથે બંધ ગળાનો કોટ કે નકશીદાર ઝભ્ભો કે અલગ ચશ્માની ફ્રેમ સજાવી પ્રેસ બ્રિફિંગ્સમાં હાજર રહેતા.

સમગ્ર ભારતવાસીઓનું પુરુષાતન જાગૃત થઇ જાય એવી રીતે સરકારે ઇન્ડસ એકોર્ડ (૧૯૬૦, તત્કાલીન વડા પ્રધાનનો નોબેલ પ્રાઇઝ માટેનો કદાચ આખરી પેંતરો) જેનો ૮૦ ટકા ફાયદો પાકિસ્તાનને થયો, (પાકિસ્તાન ટળવળત ભારતનાં જળ વગર) અભરાઇએ ચઢાવી દીધો છે. પેટ ફૂલાવીને હાથણીનો ભ્રમ ઊભો કરવાની નાકામ કોશિશ કરતી દેડકી એટલે પાકિસ્તાન. આખી દુનિયા જાણે છે કે પાકિસ્તાનની આંતરરાષ્ટ્રીય ઓવરપ્રાઇસ્ડ વેલ્યૂ છે બે કોડી. એ બે કોડીના પાકિસ્તાનને હવે ઇમોશનલ બ્લેકમેઇલિંગ, કરાર પરત્વેના કમિટમેન્ટ, માણસાઇની દૃષ્ટિ ઇત્યાદિના ભદ્દા નુસખા સૂઝે છે. સાલા તમે પોતે ઇન્સાનિયતના મોટામાં મોટા દુશ્મનો છો અને તમે અમને કે આખા જગતને માણસાઇના પાઠ ભણાવવાના?! ભઇલા પાકિસ્તાન! આ બધું તારે તારા નરાધમોને પહેલગામ મોકલતા પહેલાં વિચારવાનું હતું...

જનમતી વખતે જ ઇન્સાનિયત ખુદા તાલાને ગિરવે આપી આવેલુ પાકિસ્તાન, એનું મિલિટરી શાસન, એના મહાલંપટ-ભ્રષ્ટ-લાંચિયા શાસક અને એના પોણિયા માફિયા આકાઓ ક્યારનાં નાદારી નોંધાવવા તલપાપડ છે. ભારત સરકારને એટલી જ અરજ કે આપે સત્વરેમાં સત્વરે એમને એક ચાન્સ. મોદીજી જે સંયમી કડકાઇથી બોલ્યા છે એનું પૂર્ણપણે પાલન એમના કેબિનેટ સાથીઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અમલદારશાહી કરે એવી દુઆ પોતપોતાના પરમાત્મા પાસે હર ભારતવાસી માગે એવી અપેક્ષા અને હઠાગ્રહ.

ફોડલીને વકરવા દીધી તો ગૂમડું બની ગઇ, એ શરીરનાં અવયવો ન ખાઇ જાય એ દરેક ભારતવાસીએ જોવું જ રહ્યું. આ જ ક્ષણથી...

*જાગીએ આજથી ચાલો, જાગીએ*
*સૌ મળીને આવો! જાગીએ*

*વહાલની સાથે હેત દીધાં*
*ને ભાઇ ગણી ઓવારણાં લીધાં*
*પેટમાં પેસી પગ પહોળા કરનારનાયે*
*સન્માન રે કીધા.*

*આજથી હવે છેતરાવાનું બંધ કરીને હક માગીએ...*
*જાગીએ આજથી ચાલો જાગીએ*

*તોફાની તત્ત્વોને કહી દો, દેખાવો કરવા રહેવા દે*
*ભારત નામની નાવથી ટકરાશો તો દરિયા ડહોળાશે*

*રોષથી આંક કરી ત્રાંસી ઊભા*
*૧૪૦ કરોડ દેશવાસી ઊભા*
*મોદીજી! હવે ચઢાવો બાણ*
*હવે યુદ્ધ એ જ કલ્યાણ.*

આજે આટલું જ... ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

## સિંહ વસતિ ગણતરી સ્પેશિયલ

# એશિયાઈ સિંહ ને તેનું ઘર ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

'नाभिषेको न संस्कार : सिंहस्य क्रियते बने'।
विक्रमार्जितसत्वस्य स्वयमेव मृगेन्द्रता ।। हितोपदेश

અર્થાત્ - સિંહને રાજા ઘોષિત કરવા માટે કોઈ સંસ્કાર કે અભિષેક કરવામાં નથી આવતો પણ એ એના ગુણ અને પરાક્રમ થકી જ રાજાનું પદ પ્રાપ્ત કરે છે.

**સિંહ** એ માત્ર જાનવર નહીં આપણા જીવનમાં વણાયેલો એક સભ્ય છે, સિંહ એ આપણી સંસ્કૃતિ છે. આખાયે એશિયાનાં જંગલો ખૂંદીને ગુજરાતનાં ગીરમાં પોતાનું ઘર બનાવનાર સિંહ આપણી સંસ્કૃતિમાં, આપણા સાહિત્યમાં ગજબ રીતે વણાયેલો છે. ક્યારેક ગીરનાં જંગલમાં એની ડણક સાંભળો, હૃદયનાં ધબકારા વધી જશે. ક્યારેક એને જંગલમાં મહાલતો જુઓ, આંખો આશ્ચર્યથી પહોળી થઈ જશે. ચારણકન્યા, અકૂપાર જેવું સર્જન વગેરે ભેટ આ સિંહે જ આપી છે. આગામી મે મહિનામાં ૧૧ થી ૧૩ તારીખ દરમ્યાન ગુજરાતમાં સત્તાવાર રીતે ૧૦ વર્ષ પછી સિંહ ગણતરી થવા જઈ રહી છે ત્યારે સમગ્ર વિશ્વની નજર એશિયાઈ સિંહોની વસ્તીના આંકડા તરફ મંડાયેલી છે. ગુજરાત રાજ્યના વન વિભાગ દ્વારા સ્વયંસેવકો અને વન કર્મચારીઓ મળીને વનરાજની ગણતરી કરશે. ૮મી મે થી ૧૫ મે સુધી સત્તાવાર રીતે ગણતરીના ભાગરૂપે ગીર રાષ્ટ્રીય ઉદ્યાન પર્યટન માટે બંધ રહેશે.

સિંહનું નામ સાંભળતા જ આંખ સમક્ષ રૂઆબદાર રાજા તરવરે અને કાનમાં ગર્જના ગુંજે. વિશ્વભરના જનમાનસ પર આ પ્રભાવક જનાવરની એક અલગ જ છાપ છે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર સ્થળે જેનું કુદરતી અસ્તિત્વ હોય એવા દેશનાં જ નહિં પણ આખા એશિયાનાં ગૌરવ સમા એશિયાઈ સિંહો આપણા ગુજરાતમાં ધરાવીએ છીએ. પાંચ વર્ષ પહેલા થયેલી બિનસત્તાવાર ગણતરીમાં ૬૭૪ જેટલા સિંહો નોંધાયા હતા. હવે આશા રાખીએ કે સિંહોની વસ્તીનો આંકડો નવી સિંહ ગર્જના કરશે.

એક સમયે સમગ્ર એશિયામાં ગર્જના કરતા એશિયાઈ સિંહોની વસતિ ધીરે ધીરે કરતા સમગ્ર વિશ્વમાંથી ખતમ થઇ ગઈ અને છેલ્લે સાસણગીરમાં આંગળીનાં વેઢે ગણી શકાય એટલી જ રહી ગઈ. જે તે સમયે સરકાર અને નવાબનાં સંરક્ષણના પ્રયત્નો અને સિંહ સાથે તાલમેલ મેળવીને જીવતા માલધારીઓનાં કારણે અહીં સિંહની વસતિ ફરી જંગલમાં ગર્જના કરતી થઇ અને છેક પાલિતાણા સુધી તો આ તરફ છેક ઊના સુધી આજે સિંહની ડણક સંભળાય છે. વિશાળ ગિરનાર પહાડને ઘેરીને આવેલું કુદરતનું અદભુત જંગલ સાસણગીર ૧૪૧૨ ચોરસ કિમી વિસ્તારમાં અભ્યારણ્ય તરીકે અને



૧૧૫૩ ચોરસ કિમી રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે સંરક્ષિત છે. અહીં આજે ૬૭૪ કરતાં પણ વધારે સિંહો મુક્તપણે જંગલમાં મહાલતા જોવા મળે છે અને એને કુદરતી વાતાવરણમાં મહાલતા જોવાની તક ક્યારેક ન ચુકી શકાય. વિશ્વભરમાંથી પ્રકૃતિપ્રેમીઓ અહીં વનરાજની એક ઝલક જોવા માટે ઉમટી પડે છે.

ગીરનાં જંગલોમાં ફરવું એટલે કુદરતી સંપદાને નજીકથી નિહાળવી. ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની મુલાકાત લેવા માટે સૌપ્રથમ વન વિભાગ દ્વારા સંચાલિત વેબસાઈટ - https://girlion.gujarat.gov.in/ પરથી સફારીનું બુકિંગ થઇ શકે છે. એ કરાવ્યા બાદ સાઈટ પર જ રજીસ્ટર્ડ ડ્રાઈવર્સના નંબર્સ હોય છે જે મેળવીને જંગલનાં સફરે જઈ શકાય. વહેલી સવારે ૬-૩૦ વાગ્યે, ત્યાર બાદ નવ વાગે અને ત્યાર બાદ સાંજનાં સમયની સફારીના અલગ અલગ વિકલ્પો ઉપલબ્ધ છે. ખરા અર્થમાં જંગલનો માહોલ માણવો હોય તો સવારની છ વાગ્યાની સફારીમાં મુલાકાત લેવી વધુ યોગ્ય છે. ગીરનાં જંગલમાં પ્રવેશતાં જ વિવિધ પક્ષીઓ એના કલરવથી જ આપણું સ્વાગત કરીને એમની હાજરીનો પરિચય આપશે. અહીં આવીને આંખો અને કાન ખુલ્લા રાખવા એટલે ક્યાંક ઝાડની ઓથે સાવ ઝાડનાં થડને મળી આવતું ઘુવડ જોવા મળશે તો એવી જ રીતે કુદરતી માહોલમાં પોતાની જાતને ઢાળી દેતું વન દશરથીયું પણ જોવા મળશે. થોડા આગળ વધો કે હિરણની કર્ણપ્રિય ધૂન સંભળાય અને એની આસપાસ વાંદરાઓ કાન સરવા કરીને બેઠા હોય. હરણો એકસાથે ટોળાંમાં ચોતરફ નજર ફેરવીને એકદમ સચેત હોય એવા જોઈ શકાય. અહીં હરણ અને વાંદરાઓ એકમેક સાથે મળીને એકબીજાનું અસ્તિત્વ ન જોખમાય એ રીતે જીવતા હોય છે. હરણાંઓની ઘ્રાણેન્દ્રિય શક્તિ ખૂબ જ તીવ્ર હોય છે તો વાંદરાંઓની દ્રષ્ટિ ખૂબ જ સચોટ અને તીવ્ર હોય છે અને તેઓ છેક ઝાડની ટોચેથી દૂરથી આવતા ખતરાને પારખી શકે છે. વાંદરાંઓ જેવા દીપડા કે સિંહને જુએ કે એક અલગ જ પ્રકારના અલાર્મ કોલથી હરણાંઓને ચેતવણી આપે છે અને એ ચેતવણી સૂચક કોલથી હરણાંઓ સાવધ થઇ જાય છે અને બીજા હરણાંઓને પણ આવા જ કોલથી સચેત કરે છે. આ રીતે જ ક્યારેક વાંદરાંઓ જમીન પર બેધ્યાન થઈને ફરતા હોય અને હરણાંઓ સિંહ કે દીપડાને આવતો પારખી લે તો તેઓ પણ ચેતવણી સૂચક કોલ આપીને વાંદરાંઓને સચેત કરે છે અને વાંદરાંઓ સુરક્ષિત સ્થળે જતા રહે છે. કુદરતની રચના કેટલી અદભુત છે કે નાનામાં નાનો જીવ એકબીજાને મદદ કરીને શાંતિપૂર્વક આનંદમય જીવન જીવવાનો પ્રયાસ કરે છે જેમાં પોતાનાં અસ્તિત્વને ટકાવી રાખવા સિવાયનો કોઈ પ્રકારનો સ્વાર્થ નથી હોતો. જીવનના ખરા પાઠ કુદરત અને વન્યજીવો આ રીતે જ શીખવી જાય છે.

રસ્તામાં સાવ જ સાદું જીવન જીવતા માયાળું લોકોનાં નેસડાં દેખાય, આ એ જ માલધારીઓ છે જેની અમાન્યા સાવજ અને સાવજની અમાન્યા તેઓ જાળવે છે અને એકબીજાનાં સહ-અસ્તિત્વમાં કુદરતી જીવનશૈલીથી જીવન જીવે છે. તેઓની ગાય, ભેંસ કે બકરી જ્યારે સાવજનો શિકાર બને તો તેઓ સાવજને ધુત્કારવાનાં બદલે શાંતિથી એનું ભોજન કરી લેવા દે એટલા દિલેર છે. નેસડાં આસપાસ સિંહ પણ જાણે પોતાની જાતને સુરક્ષિત મહેસૂસ કરતો હોય એમ આરામથી મહાલતો જોવા મળે છે. જરાક આગળ ધપીએ કે આખુંયે જંગલ જેના પર નભે છે એવો વિશાળ કમલેશ્વર ડેમ જોવા મળે. એક સમયે મગરમચ્છનાં અસ્તિત્વ સામે ખતરો હતો પણ વનવિભાગના પ્રયાસથી અહીં ક્રોકોડાઈલ બ્રીડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું અને જોતજોતામાં હજારોની સંખ્યામાં મગર થઇ ગયા. આ જ ડેમમાં ઠેરઠેર મગરમચ્છ જોવા મળે છે વળી ક્યારેક અહીં દીપડો કે સિંહ પણ સરળતાથી જોઈ શકાય.

ગીરનો વૈભવ સદીઓ જૂનો છે અને ગુજરાતી લોકસાહિત્યમાં અલગ અલગ લોકબોલી, વિવિધ શૈલીથી કવિઓ- લેખકોની કલમે ખૂબ જ લખાયો છે અને સાવજને આપણી સંસ્કૃતિનાં અવિભાજ્ય અંગ તરીકે સમાવ્યો છે. ક્યાંકને ક્યાંક અહીંનું લોકજીવન અહીંના વન્યજીવો અને વન્યસૃષ્ટિ સાથે જોડાયેલું છે અને એટલે જ એશિયાઈ સિંહો આ વિસ્તારને પોતાનો બનાવીને મોજથી જીવી રહ્યા છે. ઝવેરચંદ મેઘાણીએ હાવજની ડણકને સાહિત્યમાં ઉતારી છે તો ધ્રુવ ભટ્ટે અહીંનું જંગલ, લોકજીવન અને સંસ્કૃતિને આબેહૂબ રજૂ કરી છે તો વળી કવિ દાદે અહીંના વગડાને સરળ રીતે સમજાવ્યો છે જાણે આપણે ગીરને નિહાળતા હોઈએ. ઝવેરચંદ મેઘાણીની ચારણકન્યામાં નેસડામાં રહેતી કન્યાની બહાદુરી અને સાવજ પ્રત્યેનો એનો અભિગમ દર્શાવ્યો છે તો ધ્રુવ ભટ્ટ સાહેબની અકૂપારમાં એક સરસ મજાનું દશ્ય વર્ણવ્યું છે એવું મને આછું પાતળું યાદ છે. જંગલનાં જનાવરોમાં નાનાં બચ્ચાઓનો ઉછેર કરવો સહુથી ચેલેંજિંગ હોય છે એવું કહો તો ચાલે. જંગલમાં દરેક પ્રજાતિનાં કોઈને કોઈ દુશ્મન હોય છે પણ સિંહના આમ તો કોઈ જ દુશ્મન નથી હોતા એટલે જ એની જ પ્રજાતિથી એને ડર હોય છે. સિંહણને બચ્ચા જન્મે કે સહુથી પહેલો ખતરો નર સિંહથી જ હોય છે જે બીજા સિંહના બચ્ચાનો ખાત્મો બોલાવી દે છે જેથી પોતાનો જ વંશવેલો વિકસે અને પોતાનું વર્ચસ્વ કાયમ રહે, આ સિવાય બચ્ચાઓ દોઢ બે વર્ષના ન થાય ત્યાં સુધી તેઓને શ્રેષ્ઠ શિકારી બનાવવા, શિકાર કરવાથી માંડીને જંગલ પર સંઘર્ષ કરીને વર્ચસ્વ જમાવતા શીખવવું અને છેલ્લે બચ્ચાઓ મોટા થાય એટલે પોતાના વિસ્તારમાંથી કાઢી મૂકવા જેથી કરીને પોતાનો વિસ્તાર જાતે બનાવીને પોતાનું અલાયદું સામ્રાજ્ય બનાવી શકે. અહીં આવીને સિંહનાં નાનાં બચ્ચાંઓને સિંહણ સાથે વિહરતાં જોવા એટલે જાણે જેકપોટ કહી શકાય. અહીં જ ખૂબસૂરત સિંહણ સાથે નાનકડું બચ્ચું ગમ્મતે ચઢતાં મા સાથે વ્હાલ કરતા કરતા મારા કેમેરામાં ઝડપાઇ ગયું હતું. કુદરત જાણે અજાણે આપણી સમક્ષ તેનો સાક્ષાત્કાર કરતું જ હોય છે, આપણે ભૌતિક આનંદમાં ધ્યાન ન ભટકાવીએ તો.

ગીરનો રાજા સઘળી તાકાત ધરાવતો હોવા છતાં સૌમ્ય જ જોવા મળે છે. એની શાલીનતા જ એનો ખરો પરિચય છે. પ્રાણી સામાન્ય રીતે હિંસક વૃત્તિ ધરાવતું હોય છે પણ પ્રાણીઓનાં રાજા સિંહમાં એવું જોવા નથી મળતું અને એટલે જ એ રાજા છે. આ સિંહના શાલીન સ્વભાવને જોઈને એક વસ્તુ દ્રઢપણે સમજાઈ ગઈ, જીવનમાં ગમે તેટલું મેળવી લો પણ સ્વભાવમાં શાલીનતા વિના સઘળું નિરર્થક છે. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# લો, બદલી ગયું વૉટ્સઍપ નાઉ, ચેટ વીથ ચેન્જ!




'કરાગ્રે વસતે લક્ષ્મી...' આ શ્લોકનું પાલન કરનારા હવે ગણી શકાય એટલા હશે. હકીકત એ સ્વીકારવી પડે કે, હવે નેટ બંધ થાય ત્યારે નીંદર (ઊંઘ) આવે છે અને હવે એલાર્મ કરતાં જવાબદારીના કોલ્સથી મોર્નિંગ થાય છે. એ પછી ગુડ છે કે બેડ એ વ્યક્તિના કામ પરથી નક્કી થાય છે. અગાઉ એવું કહેવાતું કે, જે વ્યક્તિની ચા બગડી એનો આખો દિવસ બગડ્યો. હવે વોટ્સએપમાં એક અણગમતો મેસેજ આવ્યો એટલે ચા બગડી. દૈનિક જીવનમાં એક અભિન્ન ડિજિટલ અંગ સમાન બની રહેલી એપ્લિકેશન વોટ્સએપથી દરેક વ્યક્તિનું જીવન બદલ્યું છે. મેસેજથી લઈને મસ્તીભરી ક્ષણને લોકો સુધી પહોંચાડવા સુધી. રિએક્શનથી લઈને રિલેશનશીપમાં કોઈને બર્થ - ડે કે એનિવર્સરી વિશ કરવા સુધી. સ્ટીકરથી લઈને મેસેજ સ્ટોર કરવા સુધી. વર્ષ ૨૦૦૯માં આવેલી આ એપ્લિકેશ હવે જડમૂળથી બદલી રહી છે અને હવે વાત ત્યાં સુધી ચાલી રહી છે કે, વોટ્સએપ અને ઈન્સ્ટાગ્રામ 'મેટા'એ વેચવા પડી શકે છે. જોકે, રેવન્યૂની વાતને બાજુએ મૂકી આ એપ્લિકેશનમાં ટૂંકા સમયમાં આવેલા કેટલાક મહત્ત્વના બદલાવ અંગે વાત કરીએ.

વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં એક અપડેટ એવી આવી કે, જ્યાં સુધી તમે કોઈનો નંબર સેવ ન કરો ત્યાં સુધી એનું પ્રોફાઈલ કે સ્ટેટસ પણ ન દેખાય. સિક્યોરિટી અપડેટમાં પછી એવું આવ્યું કે, જેને સ્ટેટસ કે પ્રોફાઈલ પિક્ચર જોવા જ નથી દેવા એવા લોકોને આ લીસ્ટમાં મૂકી શકાય છે.

અગાઉ વોટ્સએપ એપ્લિકેશનની ટીમે એવું નોંધ્યું કે, બીજી કોઈ એપ્લિકેશનમાંથી એડિટ કરેલા વીડિયો અને મ્યુઝિક એડ કરીને લોકો પોતાના સ્ટેટસ પર મૂકે છે.

વાત વીડિયો પૂરતી સીમિત ન હતી. કંપનીએ મ્યુઝિકના પ્લગઈન લઈ લીધા. એમાં પણ એડિટનું ઓપ્શન આપીને વોટ્સએપના સ્ટેટસને ફેસબુકની સ્ટોરીની બરોબર બનાવી દીધું. અગાઉ ફેસબુકની સ્ટોરી મૂકી હોય એ ડાઉનલોડ કરી શકાતી પણ જ્યારે એ જ ફાઈલ વોટ્સએપ પર મૂકીએ એટલે મ્યુઝિક આવતું નહીં. નવી અપડેટમાં વોટ્સએપના સ્ટેટસ મૂકવા સાથે જ ઉપરની બાજુમાં મ્યુઝિકનું ઓપ્શન આપી દીધું.

હવે એંધાણ એવા પણ છે કે, કોઈ ટેક્સ મેસેજ કે સ્ટેટસ ઉપર પણ મ્યુઝિક સેટ કરી શકાશે. બોરિંગ લાગતી ચેટને રસપ્રદ બનાવવા માટે કંઈક નવું તો કરવું જ પડે. આ વાતને આત્મસાત કરીને કંપનીએ ચેટ ઓપ્શનમાં બેગ્રાઉન્ડ કલર અને ફોટા સેટ કરવાનો વિકલ્પ આપી દીધો છે. હવે એમાં પણ ચોક્કસ ગ્રૂપ અને વ્યક્તિને ચેટબોક્સમાં થીમ સેટ કરી શકે છે. આને કહેવાય યુઝર્સને સતત એપ્લિકેશન સાથે જોડી રાખવાના નુસખા. કંપનીએ અખતરા કરવામાં બાકી નથી રાખ્યું. વોટ્સએપના વીડિયોકોલમાં લાઈવ કોલમાં ફિલ્ટરના ફીચર્સ આપી દીધા. એટલે ચાલુ કોલ હોય ત્યારે પાછળનું બેકગ્રાઉન્ડ બદલવું હોય તો થાય. રિએક્શનમાં વધારે ઈમોજી મૂકવાની મોકળાશ આપી દીધી.

ડિજિટલ પ્લેટફોર્મ પર ચેટને લઈને થયેલો સર્વે એવું કહે છે કે, ઈમોજી તમારી વાતચીતને થોડી લાઈટ અને ઈફેક્ટિવ બનાવે છે. સરળતાથી સમજાવે છે અને ક્લોઝનેસ વધારે છે. હવે આ જ ઈમોજીને કોઈના આવેલા મેસેજ પર રિએક્શન તરીકે મોકલી શકાશે.

'કોલ ઈફેક્ટ' નામનું ફીચર્સ નવું છે. જેમાં ચાલુ કોલ પર જે તે વ્યક્તિના ફેસ પર માસ્ક કે ઈમોજી સેટ કરી શકો છો. હા, ડેસ્કટોપ કે લેપટોપર પરથી કોલ કરશો અને વેબકેમેરો સારો હશે તો જ આ ઈફેક્ટની મજા માણી શકાશે. જે રીતે સાઉથની કે અંગ્રેજી ફિલ્મમાં નીચે સબટાઈટલ્સ આવે છે. જેથી ડાયલોગ્સ કે પાત્ર શું કહેવા માગે છે એને સમજી શકાય, આ જ ફીચર્સ હવે વોટ્સએપ પણ આપે છે. આના માટે સેટિંગમાં જઈ, ચેટ ઓપ્શનમાં જઈ વોઈસ મેસેજ ટ્રાંસસ્ક્રિપ્ટ ઓપ્શન એક્ટિવ કરવું પડશે. આમ કરતા જ મેસેજમાં આવતા વોઈસનોટની સાથે નીચે સબટાઈટલ્સ પણ આવશે. એટલે મેસેજ સાંભળવા કરતાં પહેલા સરળતાથી વાંચી શકાશે.!


સૌથી સારી અને જોરદાર વાત એ છે કે, એક વધારાનું મેનું એડ થઈ ગયું, જેમાં અનરીડ મેસેજ, ગ્રૂપ, ફેવરિટ એવું બધુ સરળતાથી કસ્ટમાઈઝ કરી શકાય છે. આ ઉપરાંત એને પણ અનુકૂળતા પ્રમાણે સેટ કરી શકાય છે. ■

**આઉટ ઓફ બોક્સ**

*૯ માર્ચ ૧૯૯૮ના દિવસે 'યાહુ' મેસેન્જર શરૂ થયેલું. ઈન્ટરનેટ બેઝ સોફ્ટવેર યુગની એ શરૂઆત હતી. વીડિયો કોલિંગનું ફિચર્સ સૌ પ્રથમ ઈન્ટરનેટની દુનિયામાં લાવનાર કંપની 'યાહુ' છે.*

કિતાબી દુનિયા


## જોઉં જગદંબા રૂપ પ્રેમાંજલિ




સંકલનઃ અમી પંડ્યા. મૂલ્ય રૂ. ૪૫૦. (કુરિયર ચાર્જ રૂ. ૫૦) પૃષ્ઠ સંખ્યાઃ ૩૪૫. પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર, એન. એમ. ઠક્કરની કંપની ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, દવાબજાર, ગોવિંદ બિલ્ડિંગ, મુંબઈ-૪૦૦૦૦૨. મો. નં. ૯૯૬૭૪૫૪૪૪૫.

લોકપ્રિય ગુજરાતી ગરબાઓ, સંતવાણી, પ્રખ્યાત ગુજરાતી ગીતો, સ્તોત્રો, આરતીઓ, થાળનું દળદાર અનોખું પુસ્તક. પાકું બાઈન્ડીંગ. આ પુસ્તકની વિશેષતાઓ વિશે પ્રખ્યાત લેખિકા અને પત્રકાર નંદિની ત્રિવેદી લખે છે, ''પુસ્તકમાં પારંપારિક ગરબા ઉપરાંત રાગ આધારિત તેમ જ અર્વાચીન ગરબા અને પ્રખ્યાત ગુજરાતી ગીતોનો પણ સમાવેશ કર્યો છે.'' ગરબા અને ગીતોના શબ્દો સાથે QR Code (ક્યુ આર કોડ) અને યુટ્યુબ લીંક પણ આપી હોવાથી પુરુષોત્તમ ઉપાધ્યાય, આશિત દેસાઈ, હેમા દેસાઈ, કૌમુદી મુનશી, નિશા-સોલી કાપડિયા, પાર્થિવ ગોહિલથી લઈને નાના મોટા ગરબા વૃંદને સાંભળવાની તક આ પુસ્તક દ્વારા મળે છે. મારા ધ્યાનમાં આજ સુધી આવો કોઈ સંગ્રહ આવ્યો નથી. માતાજી સમક્ષ આપણે ઘીનો દીવો કરીએ છીએ. અમીબહેને આ ગર્ભદીપ પ્રગટાવીને આપણી સમક્ષ ધર્યો છે. કુલ ૩૪૫ પાનાનાં આ દળદાર ગ્રંથનું મૂલ્ય બજારભાવે રૂ. ૫૫૦ થાય પણ કિંમત ફક્ત રૂ. ૪૫૦/- રાખવામાં આવી છે. લિમિટેડ એડીશનમાં માત્ર ગણતરીની નકલો પ્રગટ કરવામાં આવી છે.

## અતીતના સ્મરણોની હળવી સફર




લેખિકાઃ ડૉ. કૃષ્ણા ગાંધી. મૂલ્ય રૂ. ૧૭૫. પૃષ્ઠ સંખ્યાઃ ૧૨૦. માટુંગા એસ. એન. ડી. ટી. કૉલેજ અને વિલેપાર્લેની ઋતંભરા કૉલેજના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ ડૉ. કૃષ્ણા ગાંધીની જીવનની રસપ્રદ વાર્તા હાસ્યસભર શૈલીમાં રજૂ કરતું આ એક અનોખું પુસ્તક છે. આ પુસ્તક વિષે સેવામંડળ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ પ્રવીણભાઈ જી. શાહ લખે છે, ''મને ખાતરી છે કે આ પુસ્તકને પણ આગલાં પુસ્તકો જેવો જ બહોળો પ્રતિસાદ મળશે.'' ઋતંભરા વિદ્યાપીઠના પ્રમુખ અશ્વિનભાઈ મહેતા આ પુસ્તક માટે લખે છે ''તેમની શૈક્ષણિક સિધ્ધિઓ જોઈ સૌ કોઈ પ્રભાવિત થઈ જાય. સંસ્થાના ઉત્થાન માટે અમે ઋતંભરા સાથેનાં વર્ષોમાં તેમણે શરૂ કરેલી પદ્ધતિઓને અનુસરીને કાર્ય કરીએ છીએ.'' મોહનભાઈ પટેલે કૃષ્ણાબેનનાં પુસ્તકો વિશે લખ્યું છે, ''ગુજરાતી ભાષામાં કંઈક નવું કંઈક જુદું પીરસીને ભાષાને સમૃદ્ધ કરવાનું કાર્ય કર્યું છે. કહેવાય છે કે હાસ્ય એ શ્રેષ્ઠ ઔષધ છે. હાસ્ય સાહિત્યમાં રસ ધરાવતા સૌએ વસાવવા જેવું પુસ્તક. પ્રાપ્તિસ્થાનઃ એન. એમ. ઠક્કરની કંપની. મો. નં. ૯૯૬૭૪૫૪૪૪૫.

## કર્મનો સિદ્ધાંત




લેખકઃ હીરાભાઈ ઠક્કર મૂલ્ય રૂ. ૧૦૦. પ્રકાશકઃ હેમંત એન. ઠક્કર, એન એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, ગોવિંદ બિલ્ડિંગ, દવાબજાર, મુંબઈ-૪૦૦૦૦૨. મો. નં. ૯૯૬૭૪ ૫૪૪૪૫.

કર્મબંધન માનવીને જ નહીં, પરંતુ દેવ-દેવીઓ, સંતો અને મહંતોને પણ નડે છે. અરે પરમ કૃપાળુ પરમાત્મા પણ કર્મના બંધનમાંથી છૂટી શકતા નથી. આ પુસ્તકમાં કર્મના સિદ્ધાંત વિષે, ક્રિયમાણ કર્મ, સંચિત કર્મ, પ્રારબ્ધ કર્મ વિષે વિસ્તૃત વિવરણ કરી જનસમાજને સાચી દિશા સૂઝ બતાવી છે. આ પુસ્તકમાં પ્રારબ્ધ ક્યાં લડાવવું, પુરુષાર્થ ક્યાં કરવો. મોક્ષ ક્યારે, ફળ ભોગવવા દેહ ધારણ કરવો જ પડે, પુરુષાર્થથી પ્રારબ્ધ ફેરવી શકાય, સંચિત કર્મમાંથી કેવી રીતે છૂટવું, કર્મયોગ- જ્ઞાનયોગ- ભક્તિયોગ સહિત કુલ ૪૧ પ્રકરણો છે. આ લોકપ્રિય પુસ્તકની હજારો નકલો વેચાઈ ચૂકી છે. આ સુંદર પુસ્તક પ્રાર્થનાસભામાં ભેટ આપવા જેવું છે. ■

## ૪. ધાર્મીક સંબંધી

સમસ્ત જૈન સંઘ અંતર્ગત
**શ્રી શંખેશ્વર મહાતીર્થ મધ્યે**
**અમુલ્ય મહાલાભ મેળવવાની સોનેરી તક**
52 જિનાલયમાં પ્રભુજી ભરાવવા-પ્રતિષ્ઠા અને કાયમી ધજાના આદેશો નકરાથી આપવાના છે.
**વાત્સલ્યધામ**
73834 67711, 73834 67722
73834 67733, 72839 91199
(બી-૧૫૮૮૪)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૫૮૨૮/એ)

**JAIN GIRL:**
November 79, Educated, MNC Working, 5.5 Height, Fair, Slim. Gujarati Boys can Contact 9323268284. (No Dowry) (15860/A)

## ૯. લગ્ન સંબંધી

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15783-A)**

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાલા ચપ્પલ**
પગના દુખાવા માટે સોફ્ટ ચપ્પલ/સ્લીપર જેન્ટ્સ અને લેડીજ માટે બોરીવલી પશ્ચિમ 9869669633. (એસડીબી-૨૫૬૯)

## ૧૨. યાત્રા સહેલગાહ

**શ્રી યમુના**
ગંગોત્રી - યમનોત્રી - કેદારનાથ - બદ્રીનાથ - વૈષ્ણવદેવી- કાશ્મીર - વ્રજયાત્રા - મહારાષ્ટ્રના જ્યોતિર્લિંગ - હૈદરાબાદ. 9892377559. (૧૫૩૪૩-ડી)

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/મંગળવાર/ગુરુવારે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ૧૨૦ પ્રવાસ ભરાઈ ગયા છે, ૨૦૨૬નું બુકિંગ શરૂ થઈ ગયું છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૩૬)

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝ્ડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૨. યાત્રા સહેલગાહ

**ચિરાગ શ્રીનાથજી**
05 દિવસ, 06 પુસ્કર નાથદ્વારા, અંબાજી 07 દિવસ, સાવરીયા, શ્રીનાથજી, કુંભલગઢ 8 દિવસ, 7 શામળાજી ડાકોર, પાવાગઢ, 9 દિવસ, 9 શ્રીનાથજીના 12 ચરણ ચોકીમાં ઝારી ચરણ સ્પર્શ. 7303560200/ 9833009445. (૧૫૩૪૫/બી)

**ચિરાગ ચારધામ**
ચારથી ચારસો જાત્રાળુના ગ્રૂપના દિવસ તારીખ મુજબ. ઓગષ્ટથી ઓક્ટોબરમાં શ્રાવણમાસમાં કેદારનાથના દર્શનનું આયોજન કરી આપશું 9833009445/ 7303560200. (૧૫૩૪૫/એ)

**''મુકેશ ટ્રાવેલ્સ...''**
નાની-મોટી બસો, અરબેનીયા, ઈનોવા, અરટીંગા, મર્સીડીઝ, ડીઝાયર ભાડેથી - 9892877307. (બી-૧૫૮૪૩)

## ૧૪. નોકરી ખાલી છે

**ઘેરબેઠાં કમાણી**
સહેલાઈથી તાત્કાલિક અઢળક રકમ મેળવવા રૂબરૂ સંપર્ક - 9326554121. (બી-૧૫૮૯૩)

**બોરીવલી (વેસ્ટ)**
**એલ. ટી. રોડ, પ્રતિષ્ઠિત ગોલ્ડ જ્વેલર્સ શોરૂમ માટે સેલ્સગર્લ જોઈએ છે. અનુભવી/ બીનઅનુભવી આકર્ષક પગાર રૂબરૂ મળો. (બપોરના 1 થી 5) સંપર્ક:- 8452059802. (૧૫૮૦૨-સી)**



(B-15907)

**URGENT HIRING**
મનોજ ઓર્નામેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ ખાતે આવેલ પ્રતિષ્ઠિત જ્વેલરી શોરૂમ માટે Retail Sales Executive (Male/Female), CRM (Female), Sales Coordinator (Female), HR Executive, Personal Assistant. જ્વેલરી ઇન્ડસ્ટ્રીનો અનુભવ હોવો પ્રધાન્યભર્યો. રિઝ્યુમ મોકલો: hr@manojornaments.com / સંપર્ક 8828627211 / 9769825850. (૧૫૮૫૦-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વડાલા**
મકાન ખરીદો પહેલા દિવસથી કમાઈ, ભવિષ્યમાં રીડેવલપમેન્ટનો ફાયદો. વિનોદ : 9892980593. (બી-૧૫૮૭૨)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 BHK, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હોટેલ્સ નજીકમાં. પાર્કિંગ સાથે, રેડી પઝેશન. - 9920445444. (બી-૧૫૮૮૯)

**DADAR WEST**
Tallest Tower
All amenities
Prime location
Jain Mandir Nearby
2, 3 BHK, 3.65 cr, 7 cr ++
Special launch Pricing
Group Booking
Possession in 3 yrs
98190 16316
86557 39820
(B-15778)

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
1 બેડરૂમ 483 રેરા કાર્પેટ / 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબ્જો. સંપર્ક - 9821030822. (૧૫૮૧૪-ડી)

**બોરીવલી ઈસ્ટઃ દૌલત નગરમાં**
2 BHK, 3 બાથરૂમ, દેરાસર મંદિર નજીક, હવાઉજાસવાળો ફ્લેટ, 1 પાર્કિંગ. વેચાણથી સંપર્ક ઓનરઃ 7977922699. (૧૫૮૫૪-એ)

**PAREL EAST**
Ready OC Flats
Investors Deals
Exclusive amenities
Pool, gym, party hall
Freehold Land
2 BHK 3 to 3.5 cr +
3 BHK 4.3 to 4.75 cr +
3 large 5.5 to 6 cr
+91 86559 29524
+91 86559 85818
(B-15777)

**જુહુ બંગલો**
વેચાણથી. ગ્રાઉન્ડ + બે માળ, પાંચ બેડરૂમ, બે કાર પાર્કિંગ અંદાજે 3000' સ્કે. ફીટ. કારપેટ. સંપર્કઃ માલિકઃ 9619910170 / 9833766747. (૧૫૮૬૯-એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે/વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016-9082933313. (૧૫૭૨૭-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 km, એસ વી રોડ, 22 માળના નવા ટાવરમાં, 2 બેડરૂમ 1.45 કરોડ/ 1.83 કરોડ+, 3 બેડરૂમ 2.68 કરોડ+, 20+ અમેનિટીસ, પોડિયમ, RooftTop Garden marketed by: M. G. Realtors 9820964062, Radha estate agency 9821034272. (જેપી-૪૯૮૪-એફ)

**''ચારકોપ - કાંદિવલીમાં, બોરીવલીમાં..''**
૨૫/ ૩૦/ ૪૦ મીટરનાં રોહાઉસ, ૬૦થી ૧૨૫ મીટરનાં બંગલાઓ, ૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો, ગોડાઉન તૈયારમાં/ બંધાતામાં લેવા વેચવા / ભાડે થી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૪)

**વિરારમાં અર્જન્ટ**
વેચાણથી 1) - 3 બેડ, 900, કારપેટ, 11000000/- 2) - 2 બેડ જોડી 1050 કાર્પેટ 11500000/- 3) ચાલુ ભાડાની 6600/- શોપ 156 કાર્પેટ 3500000/- 8806349777. (૧૫૮૫૬-સી)

**અંધેરી**
૪૮૦૦ બંગલો ભાડેથી અંબોલીમાં. બે બેડરૂમ ફર્નિશ્ડ ભાડેથી તથા ૩ બેડરૂમ વેચાણથી પાર્લા (વેસ્ટમાં) તથા રીઝર્વેસન પ્લોટ પવઈ નજીક. સંપર્કઃ ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૭૭૪-સી)

**લોઅર પરેલ**
**World Tower વેચાણથી ''વર્લ્ડ ક્રેસ્ટ'' 2200 કાર્પેટ, 3 BHK ફુલ્લી ફર્નીશ્ડ, 12.5 Cr. નેગોશીયેબલ. અશ્વિન સંપટ 9820143391. (૧૫૮૨૧-એ)**

**અંધેરી (વેસ્ટ)**
1 BHK ગંગાવિહાર - ઓનરશીપ (1.70 કરોડ), 2 BHK ગ્રીનકોર્ટ - (2.50 કરોડ), 3 BHK (4.25 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK (6.90 કરોડ) તથા પંચવટી, લલ્લુભાઈ પાર્ક, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ - જુહુ સ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોષી'' 9322236433 / 9821069632. (૧૫૮૪૮-એ)

**સાંતાક્રુઝ (વેસ્ટ)**
૨ બેડરૂમ હોલ-કિચન ૩.૦૬ CR++
૩ બેડરૂમ હોલ-કિચન ૪.૪૮ CR++
રેડી પજેશન-OC Received
• સારૂ પ્લાનીંગ,
• પાર્કિંગની સારી સુવિધા છે
એરપોર્ટ, સ્કુલ, કોલેજ, દેરાસર અને મંદિર નજીક
98212 28907/98332 42388
(બી-૧૫૯૦૩)

**કાંદિવલી પશ્ચિમ**
બે રૂમ કિચનનો ટેરેસ ફ્લેટ, મથુરાદાસ રોડ, ઓનરશીપથી, હવેલી, દેરાસર બાજુમાં, રેસિડેન્શિયલ, કોમર્શિયલ, વેચાણથી. -9833315710. (બી-૧૫૮૨૮)

■ ગ્રાન્ટ રોડ (ઈસ્ટ) આઉટ રાઈટ સ્પેશિયસ બે બેડરૂમ (ત્રણ થઈ શકે) (ઓનરશીપ) ત્રણ બાજુ ખુલ્લી ૩૯૦ લાખ (નેગોશીએબલ) ૯૩૨૧૦૯૬૮૫૦ દલાલ માફ. (એસડીબી-૨૫૬૧)

**મલાડ (વેસ્ટ)**
**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમનાં ફ્લેટો વેચાણથી - ભાડેથી. લેવા- ભરત પટેલ - 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૨૫૩૭)**

**માટુંગા - કિંગ્સ સર્કલ**
2 બેડરૂમ હોલ કિચન વેચાણ માટે, નવી બિલ્ડિંગ - O.C. સાથે, ઈન્ડિન જિમખાનાની નજીક, 12મો માળ, 770 Sq.ft. પાર્કિંગ, 3.40 કરોડ., સંપર્કઃ 9374543885. (૧૫૮૨૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. તિલક રોડ, ભાનુશાલી લેન, ૨ બેડરૂમ, હોલ, કિચન-800' કારપેટ. વેલફર્નીશ્ડ, હાયર ફ્લોર, રેડી પઝેશન. મનીશ વોરા- 9324339343. (૧૫૮૪૪-જી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ૩ બેડરૂમ હોલ, કિચન-1010' કારપેટ, 2.11 CR, 1050' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ, 3.25 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન, 605' કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ અનટચ ફ્લેટ 1.70 CR બધા ચાર્જીસ સાથે. જુગ્નુ શાહ- HOME- ALONE PROPERTY- 9833352224. (૧૫૮૪૪-ઈ)**

**૨ બેડરૂમ**
પાર્લા (વેસ્ટ) - ફર્નિશ્ડ - 3 બાજુ ખુલ્લો - લિફ્ટ - કાર પાર્કિંગ - રેડી પઝેશન. (3,10,00,000/-) હિના પ્રોપર્ટીઝ - 9322274791. (એસડીબી-૨૫૪૭)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર ઈસ્ટ**
2 બેડરૂમ હોલ કિચન વિથ ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ, સ્ટેશનની નજીક, જૈન દેરાસરની સામે, વેચવાનો છે. દલાલ માફ, contact no: 9820788049. (૧૫૮૪૫-એ)

**મુલુન્ડ (વેસ્ટ)**
2 BHK, 705' અને 3 BHK, 951', વાલજી લધા રોડ, પોડિયમ પાર્કિંગ સાથે ફ્લેટ વેચવાનો છે. 2-વે રેમ્પ, સંપર્ક - 9930333456 (P51800055546). (૧૫૮૩૨-એ)

**વર્લ્ડ ટાવર**
ભાડા માટે લોઅર પરેલ 4 BHK - હાયર ફ્લોર - ફર્નિશ્ડ - 3 પાર્કિંગ સાથે તૈયાર કબજો દર મહિને 7 લાખ ''અગ્રવાલ'' 9821231619. (૧૫૮૨૭-એફ)

**''વિલેપાર્લામાં..''**
૧થી ૫ બેડરૂમનાં ફ્લેટો, ડુપ્લેક્ષ, પેન્ટહાઉસ, ઓફિસ, દુકાનો તૈયારમાં / બંધાતામાં લેવા / વેચવા / ભાડે થી - 9869463304, 7738151065. (બી-૧૫૮૯૫)

**તારદેવ**
2 બેડરૂમ - 800' - કાર્પેટ - પાર્કિંગ - 3,50,00000/- નેગોશીએબલ શાહ - 9820068382. (૧૫૩૪૭/ડી)

**કેમ્પ્સકોર્નર**
2 બેડરૂમ - 1050' - કાર્પેટ - પાર્કિંગ - ગેરેજ - 6,10,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/સી)

**નાનાચોક**
1 બેડરૂમ - 400' - કાર્પેટ- પાર્કીંગ- 1,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૫૩૪૭/બી)

**મલબાર હીલ**
3+4 બેડરૂમની જોડી- 3500' - કાર્પેટ- ગેરેજ- પાર્કીંગ- સી. ફેસીંગ- ફરનીસ્ટ 30,00,00000/= નેગોશીએબલ - 9820068382. (૧૫૩૪૭/એ)

**WORLD TOWER**
For Rent Lower Parel 4 BHK - Higher Floor - Furnished - 3 Parking Ready Poss. Per Month 7 Lac. "Agarwal" 9821231619. (15827-D)

**DADAR EAST, BIG LAUNCH**
**Main Highway Ramp Parking All amenities, Play area, Group Booking Offers 2 Bed 3.5 to 4 Cr. 9769884999. (B-15877)**

**SALE VILE PARLE (WEST)**
S.V. Road, Near Jain Mandir, 3 BHK, 1050 sq. ft., 2 Car Park, 4.30 Cr. Owner: 9820912133. (SDB-2540)

**TARDEO, BIG LAUNCH**
**Prime Location Reputed Builder Pay only 40 now Bal on possn. Pool, Gym Roftop 2, 3 Bed 3.99 to 6.5 Cr. Best yr end discounts - 8450997242. (B-15618)**

**WORLI NAKA**
Ansal Height, 3.5 BHK 7.25 Cr. Value Deal, 1450+ Carpet, Balcony, Higher Floor, 2 Parkings. 7738894300 / 9326410411. (15825-C)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ભિવંડી - વાડા રોડ**
ભાડે / લીઝ માટે તૈયાર ફેક્ટરી - કોઈપણ પ્રકારના મેન્યુફેક્ચરીંગ માટે યોગ્ય, શેડ વિસ્તારઃ અંદાજે 18,000 ચોરસ ફૂટ, ઊંચાઈઃ 35 ફૂટ, ત્રણ બાજુ ખુલ્લુ 20,000 ચોરસ ફૂટ કમ્પાઉન્ડ, ક્રેન સુવિધા ઉપલબ્ધ, વિજળી, પાણી, લેબર ક્વાર્ટર, મેનેજર રૂમ, ટોઈલેટ / બાથરૂમ, ફેક્ટરી ઓફિસ - બધી સુવિધાઓ તૈયાર. સંપર્કઃ વિવેક - 9820097060. (૧૫૩૪૩-સી)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લા (ઇસ્ટ)**
**મેઈન માર્કેટમાં, ભવ્ય દુકાનો, 277' - 1020' કાર્પેટની (સેલ્ફ કન્ટેન્ડ) 14' હાઈટ, વેચાણથી. 9769605225. (૧૫૮૨૦-સી)**

**કાંદિવલી પશ્ચિમ**
દહાણુકરવાડી લિંક રોડ પાસે ૩ દુકાનો વેચવાની. રેડી પઝેસન ઓસી ૮૧૦૦૦/- ભાવ, કાર્પેટ ૩૨૨', ૪૩૩', ૧૦૦૦' ફુટ. ઓનરઃ ૯૮૧૯૮૨૭૭૧૪. (બી-૧૫૮૦૪)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**કૈલાસ પ્લાઝામાં ૧૬૫' ફુલ્લી ફર્નિશ્ડ ઓફિસ ભાડેથી / વેચાણથી લેવા ઓનર - ૯૩૨૨૭૪૪૮૮૩. (બી-૧૫૮૮૬)**

**PRE LEASED BANKS**
**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

# મણિપુરમાં કેફી દ્રવ્યો પકડાયા

ઇમ્ફાલઃ મણિપુરના થૌબલ જિલ્લામાં બે લોકો પાસેથી 'બ્રાઉન સુગર' અને હેરોઈન સહિત અનેક ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા, તેમની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે શનિવારે આ માહિતી આપી હતી. આ મામલે એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે લિલોંગ હાઓરીબી વિસ્તારમાં વાંગમાયુમ બાસ્લ આલમના ઘરે સર્ચ ઓપરેશન દરમિયાન ડ્રગ્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. ■

## ૨૦. ધંધાદારી જગ્યા

**ANDHERI EAST**
MIDC Available 1) Industrial Building 1500 Sq Meter Plot, Construction 22000' + 5000' FSI Balance. Sale Price 50 Cr. 2) Industrial Building for Rent (40000') Suitable for Manufacturing Products. Vaibhavlaxmi Realtors. 7047156786. (B-15835)

**ANDHERI (WEST)**
**Shop for Sale Four Bungalows Main Market, Road Facing, Area - 275 Carpet with good frontage. 9820031682 / 7498442927. (B-15871)**

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''દાંડિયા'', ''સંગીત સંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'':- 9820889938. (૧૫૮૫૮/એ)

## ૩૨. જમીન - મિલકત

■ વાલ્કેશ્વર, 3.5 bhk+SRB, ફર્નીશ્ડ, ૨ પાર્કિંગ On rent. contact :- 7977354508 / 9004121999. (બી-૧૫૯૦૨)

## ૩૩. ધંધાદારી

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10%નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨/ ૮૪૫૨૦૩૭૨૩૮. (બી-૧૫૮૮૭)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**"WILL - VASIYATNAMU"**
**Married Females have right in Father's Property. Make your Will.: 9594385838, 9819545656. (15867/A)**

## ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ બંધ**
સ્પેશિયાલીસ્ટ વોટરપ્રૂફિંગ, ટેરેસ, આઉટસાઈડ ક્રેક, છજ્જા, ટાંકી, બિલ્ડીંગ રીપેરીંગ, પેન્ટીંગ. 9594599769. (બી-૧૫૮૮૦)

**શિવશક્તિ**
વોટર પ્રુફિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ, ક્રેક ફીલિંગ, પેન્ટિંગ, પ્લાસ્ટરિંગ, બિલ્ડિંગ, રીપેરીંગ. 7208719414/ 8454847542. (૧૫૭૯૪-સી)



(B-15879)

**PLOT FOR SALE**
**Ghatkopar (West) 10 minutes walking distance from Station. 10,400 sq. feet Freehold Plot. Bhatt Wadi, Clear Title. Very good for Ownership Project. Plot Possession in 3 months M-8591977078 / 8108119801. (B-15851)**

IN SAPUTARA HATGAD, Final NA Plots with Separate 7/12 immediately for Sale. Contact - Magare Sir 9421520090. (B-15875)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
50 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૦૫-એ)



(બી-૧૫૯૦૫)

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031. (૧૫૭૯૪-ઈ)**

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com



(B-15906)

# ગુજરાતમાં રહેતાં ૪૩૮ પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કાશ્મીરના પહલગાવના આતંકવાદી હુમલામાં ૨૮ નિર્દોષ લોકોની કરપીણ હત્યાને પગલે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. કેન્દ્ર સરકારે વળતા પ્રહાર રૂપે પાકિસ્તાન સામે આકરાં રાજદ્વારી પગલાંનું શસ્ત્ર ઉગામ્યું છે. જેમાં સાર્ક સહિતના વિવિધ પ્રકારના વિઝા મારફતે ભારત આવેલા પાકિસ્તાની નાગરિકોના વિઝા તત્કાળ અસરથી રદ કરવાની જાહેરાત કરી હતી. એટલું જ નહીં, સમગ્ર દેશમાં પાકિસ્તાનથી આવેલા તમામ લોકોને નિયત સમય મર્યાદામાં ભારત છોડવા આદેશ જારી રહ્યા હતા.

ગુજરાતમાં પણ ટૂંકા અને લાંબાગાળાના વિઝા ધરાવતા લગભગ ૪૩૮ પાકિસ્તાની નાગરિકો હોવાની વિગતો જાણવા મળી છે. આ તમામને ડિપોર્ટ કરવા રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ સંબંધિત જિલ્લા તંત્રને સૂચના આપી છે. આ સંદર્ભે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, પહલગાવ આતંકી હુમલા બાદ તેની પાછળ જવાબદાર પાકિસ્તાન સામે હવે સખતાઇથી પગલાં લેવાની શરૂઆત થઇ છે એમાં વિવિધ વિઝા પર ભારત અને ગુજરાત આવેલા નાગરિકોના વિઝા રદ કરાયા છે એમને ડિપોર્ટ કરવામાં આવશે. આ માટે સંબંધિત જિલ્લા વહીવટી અને પોલીસ તંત્રને સૂચના આપી દેવામાં આવી છે.

રાજ્યમાં શોર્ટ ટર્મ વિઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોમાં અમદાવાદમાં ૫, ભરૂચ અને વડોદરામાં ૧-૧ નાગરિકનો સમાવેશ થાય છે. જ્યારે લોંગ ટર્મ વિઝા ધરાવતા નાગરિકોમાં સૌથી વધુ ૭૭ પાક નાગરિકો અમદાવાદમાં વસવાટ કરી રહ્યા છે. જ્યારે સુરતમાં ૪૪ અને કચ્છમાં ૫૩ નાગરિકો છે. જ્યારે ૨૯ જેટલા પાકિસ્તાની નાગરિકો ગાંધીનગર જિલ્લામાં મુખ્યત્વે ગાંધીનગર શહેર, કલોલ, માણસા તથા દહેગામમાં રહે છે. આ તમામ નાગરિકોને શોધીને તેમને પરત મોકલવા માટે મોટાપાયે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. ગૃહ વિભાગનાં સૂત્રોના કહેવા પ્રમાણે, અલગ અલગ ૧૭ પ્રકારના વિઝા પર પાકિસ્તાની નાગરિકો ભારત આવતા હોય છે. ભારતમાં શરણાર્થી તરીકે આવેલા પાકિસ્તાની હિન્દુ(લઘુમતીઓ)ના વિઝા રદના નિર્ણયની કોઇ અસર થશે નહીં. ■

# કાશ્મીર માત્ર મુસ્લિમોનું છે તેવી માનસિકતાને જડમૂળથી ઉખેડી નાખવાની જરૂરઃ શારદાપીઠના શંકરાચાર્ય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જમ્મુ-કાશ્મીરના પહલગામમમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ હુમલામાં આતંકીઓએ ધર્મના આધારે હિન્દુ પુરુષ અને તેમને મદદ કરતા એક અન્ય પુરુષની હત્યા કરી હતી. આ ઘટના બાદ સમગ્ર દેશમાં ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજે ઉગ્ર વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, દેશ માટે આ ચિંતાની વાત છે કે લોકોને ધર્મ પૂછીપૂછીને મારવામાં આવે. હવે વૈશ્વિક સ્તરે સાબિત થયું છે કે આતંકવાદમાં કયા ધર્મના લોકો સામેલ છે. જેહાદના નામે એક ચોક્કસ ધર્મના લોકો હવે આતંકવાદ માટે આખી દુનિયામાં કુખ્યાત થઈ ગયા છે.

પહલગામના આતંકી હુમલા અંગે વિરોધ કરતા દ્વારકા શારદાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીએ વધુમાં જણાવ્યું હતું કે, ૨૨મી એપ્રિલે ભારતીય કાશ્મીરમાં જે રીતે ૨૭ થી વધુ હિન્દુઓની હત્યા કરવામાં આવી તે એક નિંદનીય ઘટના છે.

આ ઘટનામાં ધર્મ વિશે પૂછપરછ બાદ માત્ર હિંદુઓની જ હત્યા કરવામાં આવી હતી. ભારતીય લોકતાંત્રિક દેશમાં કોઈ ચોક્કસ ધર્મના લોકોની હત્યા થઈ રહી છે તે ચિંતાનો વિષય છે. આ એટલો સંવેદનશીલ મુદ્દો છે કે તેનાથી સાંપ્રદાયિક તણાવ વધી શકે અને ગૃહયુદ્ધ થઈ શકે, પરંતુ ભગવાન ભારતનું રક્ષણ કરે. ત્રેતાયુગમાં રાવણનું એ કર્તવ્ય હતું, દ્વાપરમાં કંસનો એ ધર્મ હતો. કળિયુગમાં આ આતંકીઓ રાવણ અને કંસના રૂપમાં ઉત્પન્ન થઈ આપણી રાષ્ટ્રીયતા પર હુમલો કરે છે. તેની સામે એકતાની આવશ્યક્તા છે.

આ મુદ્દામાં પાકિસ્તાનની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. હવે સમય આવી ગયો છે જ્યારે કાશ્મીર તંત્રની જવાબદારી નક્કી થવી જોઈએ. સુરક્ષિત ભારત માટે કાશ્મીર માત્ર મુસ્લિમોનું છે તેવી માનસિકતાને જડમૂળથી ઉખેડી નાખવાની જરૂર છે.

આતંકવાદ સામે લડવા માટે આપણી એકતા જ સૌથી મોટી તાકાત છે.

ભારત સરકાર, સ્વયંસેવી સંસ્થા, હિન્દુ ધર્માવલંબી, મુસ્લિમ ધર્મના લોકો પાસે પણ અપેક્ષા કરીએ છીએ કે તેમણે આતંકવાદ સામે બોલીને તેમની ભારતીયતા સિદ્ધ કરવી જોઈએ. કોઈને પણ ભારતમાં નિવાસ કરનારા કોઈપણ સમુદાયના લોકોને એ અધિકાર નથી કે તે આતંકવાદીઓને પ્રોત્સાહિત કરે. અમે લોકો અધ્યાત્મવાદી લોકો છીએ. આજે આપણા દેશની ત્રણેય સેના એટલી મજબૂત છે કે આમને-સામને યુદ્ધ કરવાની તેમનામાં હિંમત નથી. ભારતને નિર્બળ કરવા માટે આતંકવાદનો આશરો લઈને વિદેશી ષડયંત્ર આ પ્રકારના કૃત્ય કરે છે. ■

# અમદાવાદમાં શોર્ટ ટર્મ વિઝા પર રહેતા ૩૦૦થી વધારે પાકિસ્તાની નાગરિકને એક્ઝિટ પરમિશન બાદ અટારી બોર્ડરથી પરત મોકલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામમાં આતંકી હુમલા બાદ ભારત સરકાર એક્શનમાં આવી છે. પાકિસ્તાની નાગરિકોને પરત મોકલવાની પ્રક્રિયા યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. અમદાવાદમાં ૩૦૦થી વધુ પાકિસ્તાની નાગરિકો શોર્ટ ટર્મ વિઝા પર રહેતા હોવાનો ખુલાસો થયો છે, આ તમામ પાક નાગરિકોને પરત મોકલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એક દિવસમાં ૯ પાક નાગરિકોને એક્ઝિટ પરમિશન અપાઈ છે. ૩૦થી વધુ નાગરિકોની એક્ઝિટ પરમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એક્ઝિટ પરમિશન મળ્યા બાદ એક જ રૂટથી જઈ શકશે.

અટારી-વાઘા બોર્ડર પરથી જ પાકિસ્તાનીઓને પરત મોકલાશે. જે નાગરિક ભારત નહીં છોડે તેની સામે કાર્યવાહી હાથ ધરી છે. પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ૨૭ એપ્રિલ સુધીમાં પાકિસ્તાની નાગરિકોએ ભારત છોડવા આદેશ અપાયો છે. હૉસ્પિટલમાં સારવાર માટે આવેલા નાગરિકોને ૨૯ તારીખ સુધી પાકિસ્તાન પરત જવા માટે આદેશ ભારત સરકારે આપ્યો છે. ■

# ૨૮ એપ્રિલથી કાળઝાળ ગરમીની આગાહી

## રાજકોટ, અમદાવાદ ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હવામાન વિભાગે એપ્રિલના અંત અને મે મહિનાની શરૂઆતમાં ૪૦થી ૪૪ ડિગ્રી વચ્ચે તાપમાનની આગાહી કરી હતી. રાજકોટ, અમદાવાદ અને ભુજમાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે, ૨૭ એપ્રિલ બાદ હાલમાં જે તાપમાન નોંધાઈ રહ્યું છે એમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરવામાં આવી હતી. જ્યારે દરિયાકાંઠા વિસ્તારમાં તાપમાન ઓછું રહેશે, પરંતુ ગરમ પવનના કારણે અસહજ સ્થિતિ બની રહેવાની આગાહી કરી હતી.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા હવામાન અંગે જાણકારી આપવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, ૨૫-૨૭ એપ્રિલ સુધી તાપમાનમાં કોઈ મોટા ફેરફારોની સંભાવનાઓ નથી પરંતુ તે પછી તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ છે. ગુજરાતમાં ૧ મે સુધી તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રીની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

આમ રાજ્યમાં ગરમીનું પ્રમાણ સામાન્ય વધારા-ઘટાડા સાથે યથાવત રહેવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ૨૭ એપ્રિલથી ૧ મે દરમિયાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર કચ્છના દરિયાકાંઠા વિસ્તારોમાં ગરમ હવાને કારણે અસહજ સ્થિતિ રહેવાની સંભવાના છે. પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે.

અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. આમ, હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી હવામાન સામાન્ય રહ્યા બાદ તેમાં નજીવો વધારો થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ સિવાય ગુજરાતમાં ક્યાંય હીટવેવની આગાહી વ્યક્ત કરવામાં આવી નથી. ■

# રાજકોટમાં હિટવેવનો કેર

## પાંચ દિવસમાં ૩૦થી વધુ લોકોને હૉસ્પિટલમાં ખસેડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે, આ દરમિયાન છેલ્લા પાંચ દિવસથી રાજકોટ શહેરમાં હિટવેવનો ભોગ બનેલા લોકોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધી છે.

લૂનો ભોગ બનેલા ૩૦થી વધુ લોકોને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ૧૦૮ ઇમર્જન્સી સુવિધામાં આઈસીયુ વિથ બેડ સહિતની પ્રાથમિક સારવાર પૂરી પાડવામાં આવે છે, જેમાં ગ્લુકોઝ અને ઓઆરએસ પણ સામેલ છે.

હિટવેવના કારણે ડિહાઇડ્રેશન, હિટ લાગવી, હાઈફીવર, ઝાડા, અને ઊલટી જેવી તકલીફો જોવા મળી રહી છે. આ પ્રકારના દર્દીઓને તાત્કાલિક સિવિલ હૉસ્પિટલે ખસેડી તેમની સારવાર શરૂ કરવામાં આવે છે. સિવિલ હૉસ્પિટલે સ્પેશિયલ વોર્ડ ઊભો કર્યો છે, જ્યાં હિટવેવની અસરગ્રસ્ત વ્યક્તિઓની સંપૂર્ણ સારવાર કરવામાં આવે છે. ૧૦૮ ટીમ સતત દોડી રહી છે.

મળતી વિગતો મુજબ, ૧૫ એપ્રિલના ૭ કેસ, ૧૬ એપ્રિલના ૩ કેસ, ૧૭ એપ્રિલના ૬ કેસ, ૧૮ એપ્રિલના ૩ કેસ, ૧૯ એપ્રિલના ૨ કેસ, ૨૦ એપ્રિલના ૩ કેસ, ૨૧ એપ્રિલના ૧ કેસ, ૨૨ એપ્રિલના ૩ કેસ અને ૨૩ એપ્રિલના ૪ કેસ નોંધાયા છે.

હિટવેવની અસરથી હજી સુધી કોઈ હિટ સ્ટ્રોકનો કેસ નોંધાયો નથી. આ દરમિયાન રાજકોટ મહાનગરપાલિકાએ જાહેર જનતાને માર્ગદર્શિકા અનુસરવા અપીલ કરી છે. ■

# પહલગામની ઘટનાના પગલે એર ટિકિટ કેન્સલ કરતાં ગ્રૂપ બુકિંગ રિફંડ આપવામાં એરલાઇન્સની આનાકાની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પહલગામમાં આતંકવાદીઓ દ્વારા થયેલા હત્યાકાંડ બાદ હજારો પ્રવાસીઓ પરત ફરી રહ્યા છે. આ સ્થિતિમાં મોટા ભાગની એરલાઈન્સોએ કાશ્મીરની ટિકિટ કેન્સલ કરાવતા તમામ પ્રવાસીઓની ટિકિટોને રિફંડ આપ્યું હતું. જો કે સ્પાઈસ જેટ દ્વારા પહેલાં વાયદો કરીને પછી રિફંડ આપવાની ના પાડતાં મોટી સંખ્યામાં પ્રવાસીઓના કરોડો રૂપિયા ફસાયા છે.

અમદાવાદથી શ્રીનગરની જૂન મહિના સુધીની ટિકિટો જામ પેક હતી. જે પહલગામ ઘટના બાદ ૯૦ ટકા કેન્સલેશન થઈ છે. આવા સમયે મોરલ ગ્રાઉન્ડ પર મોટા ભાગની એરલાઈન્સ દ્વારા દરેક કેન્સલેશન પર રિફંડ આપવાનું નક્કી કર્યું હતું, પરંતુ સ્પાઈસ જેટ દ્વારા ગ્રુપ બુકિંગના રિફંડ પરત કરવામાં આવ્યા નથી. આ રકમ રોજની ૩૬ લાખ જેટલી થાય અને મહિના પ્રમાણે ૯ કરોડ જેવી થાય છે. સ્પાઈસ જેટ દ્વારા બ્લોક બુકિંગ પર રિફંડ કરવાની ના પાડતા હજારો પ્રવાસીઓનાં નાણાં અટવાયા છે, અનેક મુસાફરોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આ અંગે વાત કરતાં એક પ્રવાસીઓએ જણાવ્યું હતું કે હાલની પરિસ્થિતિ એવી છે કે અમારે બ્લોકમાં ટિકિટો કેન્સલ કરાવવાની નોબત આવી છે. જ્યારે આટલી મોટી સંખ્યામાં હત્યાકાંડ થાય ત્યારે સ્વાભાવિક રીતે માનસિક ધોરણે ફરવા જવાની ઈચ્છા ના થાય. હાલમાં મોટા ભાગની એર લાઈન્સ કેન્સલેશન માટે લોકોને પૂરેપૂરા રિફંડ આપી રહી છે ત્યારે સ્પાઈસ જેટ દ્વારા બ્લોક બુકિંગ કરેલા મુસાફરોને રિફંડ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. જો કે આ અંગે પ્રવાસીઓએ સરકારને પણ પત્ર લખીને તેમની પરિસ્થિતિની જાણ કરી છે. આ જ સ્થિતિ અનેક ટૂર ઓપરેટરોની પણ થઈ છે જેના કારણે અનેક ટૂર ઓપરેટરોને આર્થિક ફટકો પણ પડ્યો છે. ■

# એએમટીએસની ફરિયાદ હવે વોટ્સએપથી કરી શકાશેઃ મનપા તંત્રએ બે નંબર જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દોડતી મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (એએમટીએસ)ની બસ સેવાનો દરરોજ હજારો લોકો ઉપયોગ કરે છે. લાલબસ તરીકે ઓળખાતી આ બસ સર્વિસ સામે લોકોની અનેક ફરિયાદો છે, કથળી રહેલી બસ સેવાની નોંધ લેતા અમદાવાદ મનપાએ નવા ફરિયાદ નંબરની જાહેરાત કરી હતી. આ સેવાનો લાભ લેતા મુસાફરો હવે વોટ્સએપથી પણ તેમની ફરિયાદ નોંધાવી શકશે. તંત્ર દ્વારા ૮૫૧૧૧૭૧૯૪૧ અને ૮૫૧૧૧૬૫૧૭૯ બે વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યા હતા. બંને નંબર ઉપર કોઈપણ મુસાફર ફોટા અને વીડિયો મોકલીને ફરિયાદ નોંધાવી શકે છે. મુસાફરોને સારી સુવિધા અને પરિવહન સેવાને વધુ સારી બનાવવા તેમ જ સુરક્ષિત મુસાફરી કરવા મળે તેના માટે આ ફરિયાદ નંબર જાહેર કરવામાં આવ્યો છે.

આ નંબર ઉપર ડ્રાઇવર દ્વારા ઓવર સ્પીડમાં બસ ચલાવવી, સ્ટેન્ડ પર બસ ઉભી રાખવી નહીં, મુસાફરો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન, ગંદકી, અવસ્થા તેમ જ અન્ય કોઈ ખામી અંગેની ફરિયાદ કરી શકાશે. તંત્ર દ્વારા મુસાફરોની ફરિયાદના આધારે તપાસ કરી જે તે જવાબદાર વ્યક્તિ અથવા કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે.

સૂત્રોના કહેવા મુજબ, અત્યાર સુધી ટેલિફોનિક ફરિયાદ કરી શકતા હતા, જે ફરિયાદ નોંધવામાં આવતી હતી અને ત્યારબાદ તેમાં કાર્યવાહી થતી હતી. પરંતુ હવે મુસાફરો સ્થળ ઉપરથી જ ફોટા અને વીડિયો મોકલીને ફરિયાદ નોંધાવી શકે છે.

બસમાં મુસાફરી કરનારા મુસાફરોને વધારે સારી સુવિધા મળી રહે અને પરિવહન સેવાને વધુ સારી બનાવવા માટે બે વૉટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યા છે. ■

# સરકારી કચેરીઓ સવારે ૯.૩૦થી સાંજે ૫.૧૦ સુધી ખુલ્લી રાખવાની વહીવટી સુધારણા પંચની ભલામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શાસનના વહીવટી માળખા અને તેની કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે રાજ્ય સરકારે નિયુક્ત કરેલા ગુજરાત વહીવટી સુધારણા પંચના બીજા અહેવાલમાં ૧૦ ભલામણો કરવામાં આવી છે, જેમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓ સિવાયની સરકારી કચેરીઓ માટેનો સમય સવારે ૯:૩૦થી સાંજે ૫:૧૦ કરવા સૂચવાયું છે. આ ફેરફારથી કર્મચારીઓની કાર્યક્ષમતા વધશે અને વર્ક લાઇફ બેલેન્સના અભિગમને ધ્યાનમાં રાખતા અસરકારક કાર્યદિવસ વ્યવસ્થાપન દ્વારા ઉત્પાદકતામાં વધારો લાવી શકાશે.

સિનિયર નિવૃત્ત આઈએએસ ઓફિસર ડો. હસમુખ અઢિયાના ગુજરાત વહીવટી સુધારણા પંચ (જીએઆરસી)ની રચના કરી હતી. આ પંચે એક જ મહિનામાં પોતાનો પ્રથમ ભલામણ અહેવાલ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો. અધ્યક્ષે બીજા મહિને ૧૦ ભલામણો સાથેનો દ્વિતીય અહેવાલ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને સુપરત કર્યો હતો. જીએઆરસીના આ દ્વિતીય ભલામણ અહેવાલમાં જે વિષયો આવરી લેવામાં આવ્યા છે. તેમાં સરકારી વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સની ગુણવત્તા, સુલભતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં બધી સરકારી વેબસાઇટ્સનું મૂલ્યાંકન કરવા અને ભારત સરકારની વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સ માર્ગદર્શિકાનું પાલન કરવા જણાવાયું છે. સરકારના પારદર્શિતા અને એકાઉન્ટેબિલિટીના અભિગમને ધ્યાનમાં રાખતા સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પ્રમાણપત્રો, લાઇસન્સ, મંજૂરીઓ અને અન્ય દસ્તાવેજોની અધિકૃતતા ચકાસવા માટે સરકારે ટેક-ઇનેબલ્ડ ક્યુઆર-આધારિત પદ્ધતિ વિકસાવવા પર ભાર મુકાયો છે. હાલના સ્વાગત પ્લેટફોર્મને વધુ વ્યાપક બનાવીને સરકાર વિવિધ ફરિયાદ નિવારણ પદ્ધતિઓને એકીકૃત કરાશે. જેના કારણે નાગરિકોને તેમની ફરિયાદો નોંધાવવા માટે ઇમેઇલ, વોટ્સએપ, ફોન કોલ્સ, ઓનલાઈન પોર્ટલ જેવી બહુવિધ ચેનલો પ્રદાન કરશે. આ ઉપરાંત એવી પણ ભલામણ કરવામાં આવી છે કે, સરકારી વિભાગો દ્વારા ઉપયોગમાં લેવાતા જૂનાં વાહનોના નિકાલ માટે સરકાર વાહન નિકાલ પ્રોટોકોલ નક્કી કરશે અને બિન-ઉપયોગી વાહનોના નિકાલ માટેની હાલની વ્યવસ્થાને વધુ સરળ બનાવવા અંગેની ભલામણ પણ કરવામાં આવી છે. સરકાર આગામી ૬ મહિનાની અંદર તમામ જાહેર કચેરીઓમાં ફર્નિચર નિકાલ પ્રોટોકોલ વિકસાવશે અને તે અનુસાર બિનઉપયોગી ફર્નિચરનો નિકાલ કરવા અંગે પણ આ અહેવાલમાં સૂચવાયું છે. આ ભલામણ અહેવાલો જીએઆરસીની વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવ્યો છે.

સરકાર 'નોલેજ ટ્રાન્સફર પ્રોટોકોલ' વિકસાવશે. બધા કર્મચારીઓ(ટ્રાન્સફર થઈ રહ્યા હોય અથવા નિવૃત્ત થઈ રહ્યા હોય)ને અન્ય આવનાર કર્મચારીને નોલેજ ટ્રાન્સફર દસ્તાવેજ રજૂ કરવાનો રહેશે. જેથી સંસ્થાકીય જ્ઞાનને વધુ સુદૃઢ કરી શકાય. આ ઉપરાંત સરકારના વિભાગો અને કચેરીઓ તેઓની કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી સંદર્ભે નો યોર ડિપાર્ટમેન્ટની થીમ પર મલ્ટીમીડિયા સામગ્રી વિકસાવવાની રહેશે. જેથી નાગરિકોને સરકારી કામગીરી સમજવામાં મદદરૂપ થશે.

સિટિઝન ફર્સ્ટના અભિગમ સાથે તમામ નાગરિક સેવા વિતરણ વિભાગો માટે સેવાઓ અને તે સેવાઓ પૂરી પાડવાની સમયમર્યાદા, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ ઉપરાંત જવાબદેહિતા અંગેની પ્રણાલી વિશે સંપૂર્ણ વિગતો સાથે નાગરિક ચાર્ટર પર બનેલી એક મજબૂત સિસ્ટમ વિકસાવાશે. તમામ સરકારી સેવાઓ માટે સિંગલ સાઇન-ઓન બનાવવાની ભલામણ કરાઈ છે. નાગરિકને વિવિધ લાભો મેળવવા માટે સમાન પ્રકારની ડેમોગ્રાફિક અને ઓળખ અંગેની માહિતી અલગથી દાખલ કરવાની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. ■

# ગુજરાત યુનિવર્સિટીમાં બે સ્પોર્ટ્સ ફેસિલિટી બંધ, ૩ ભાડે આપી દેવાતા હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટીમાં કરોડો રૂપિયાના ખર્ચે સ્પોર્ટસ કોમ્પલેક્ષ બન્યું છે અને અનેક સારી સ્પોર્ટસ ફેસિલિટી છે, પરંતુ યુનિ.ના અણઘડ આયોજન અને બેદરકારીને લીધે સ્પોર્ટસ ફેસિલિટીનો વિદ્યાર્થીઓ ઉપયોગ કરી શકતા ન હોઈ ખાનગીકરણ મુદ્દે એબીવીપી દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો અને ભાડે અપાયેલી ત્રણ સ્પોર્ટ્સ ફેસિલિટી સહિતના ખાનગીકરણ મુદ્દે વિરોધ કરીને સ્પોર્ટસ સેલની રચના કરવા માગ કરવામાં આવી હતી.

ગુજરાત યુનિવર્સિટીમાં તાજેતરમાં આવેલી નેકની ઈન્સ્પેકશન ટીમે પણ કેમ્પસમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને સ્પોર્ટસ ફેસિલિટી વણ વપરાયા હોવાનું પોતાના રિપોર્ટમાં નોધ્યું હતું. એબીવીપીના વિદ્યાર્થી નેતાઓએ યુનિ.માં સ્પોર્ટસ ફેસિલિટીને લઈને ભારે હંગામો મચાવ્યો હતો અને ઉગ્ર સૂત્રોચ્ચાર કરી હોબાળો કરતા કુલપતિ કેબિનમાં જઈને સ્પોર્ટસ સેલ રચવાની માગણી કરી હતી.એબીવીપીની ફરિયાદ મુજબ યુનિ.માં દ્રોણાચાર્ય એકેડમી ઓફ શૂટિંગ એન્ડ આચારીમાં કોચ નથી જેથી બંધ છે તેમજ ગુજરાત યુનિ.ના ઈન્ડોર સ્ટેડિયમમાં પણ કોચ ન હોવાથી હાલ બંધ છે.

આ ઉપરાંત ગુજરાત યુનિ.દ્વારા બેડમિન્ટન સેન્ટર તેમજ ટેનિસ સેન્ટર બે ખાનગી કંપનીઓ-એજન્સીઓને ભાડેથી ચલાવવા આપી દેવાયું છે, આ ઉપરાંત યોગ અને શોટ પૂટ માટે પણ ખાનગી એકેડેમીની પ્રક્રિયા કરવામાં આવી છે. સ્પોર્ટસ કોમ્પલેક્ષને યુનિ. દ્વારા ખાનગી સંસ્થાઓને સોંપી દેવા માટે પ્રક્રિયા કરવામાં આવી રહી છે. જેથી કોઈ પણ વિદ્યાર્થીઓ તેનો લાભ મેળવી શકતા નથી. યુનિ.એ ખાનગી કંપનીઓ દૂર કરીને સ્પોર્ટસ સેલની રચના કરવી જોઈએ તેવી ઉગ્ર માગણી કરવામાં આવી હતી.

જો કે યુનિ. દ્વારા થોડા દિવસો પહેલા સ્પોર્ટસ કોમ્પલેક્ષ એન્ડ એથ્લેટિક ટ્રેક તથા ટેનિસ કોર્ટ એન્ડ જીમ્નેશિયમ હોલ અને દ્રોણાચાર્ય શૂટિંગ એકેડેમીના મેનેજમેન્ટ તથા ડેવલપમેન્ટ માટે ઈ-ટેન્ડર નોટિસ દ્વારા કંપનીઓ-એજન્સીઓ પાસેથી અરજીઓ મંગાવાઈ હતી. પરંતુ થોડા જ દિવસમાં આ જાહેરાત રદ કરી દેવાઈ હતી અને હવે યુનિ. દ્વારા ફરીથી ઈ ટેન્ડર નોટિસ અપાશે અને જેમાં ઈન્ડોર સ્ટેડિયમ, એથ્લેટિક તેમજ સ્વીમિંગ તથા શૂટિંગ એકેડેમી સહિતની ફેસિલિટી માટે કંપનીઓ-એજન્સીઓ પાસેથી અરજીઓ મંગાવાશે. હાલ યુનિ.માં વિવિધ ગેમ્સના કોચ જ નથી તેમજ સ્પોર્ટસ ડિરેક્ટર પણ નથી. જેથી ઘણી સિન્થેટિક ટ્રેકથી માંડી એકેડેમી સહિતની ઘણી સ્પોર્ટ્સ ફેસિલિટી બંધ હોવાની ફરિયાદ કરાઈ છે. ■

# અમદાવાદમાં એસજી હાઇવે પર ૧૨ દુકાનો સીલઃ ગેરકાયદે દબાણો મુદ્દે કડક કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યા અને ગેરકાયદેસર દબાણો મામલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. જેના પગલે એસજી હાઇવે પર ગેરકાયદેસર પાર્કિંગ સામે તંત્રએ લાલ આંખ કરી છે. દક્ષિણ પશ્ચિમ ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા આજે ૨૫/૦૪/૨૦૨૫ કર્ણાવતી ક્લબની સામે આવેલી ઇસ્કોન ગાંઠિયા, કર્ણાવતી તોક્સ, રજવાડી ચા, ગાત્રાળ ટી સ્ટોલ, ગજાનંદ પૌંઆ હાઉસ સહિત ૧૨ દુકાનોને સીલ કરી દેવામાં આવી હતી.

આ કાર્યવાહી દુકાનો દ્વારા તેમના ગ્રાહકો માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા નહીં કરવાના કારણે કરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર એસ્ટેટ વિભાગ દ્વારા આ દુકાનોને તેમના ગ્રાહકો માટે પાર્કિંગની વ્યવસ્થા કરવા માટે લેખિત તેમજ મૌખિક સૂચનાઓ વારંવાર આપવામાં આવી હતી. દુકાનદારોએ પાર્કિંગની વ્યવસ્થા કરવા માટે બાંહેધરી પણ આપી હતી, પરંતુ તેમ છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નહોતા. જેના પરિણામે એસજી હાઇવે પર વાહનોના પરિવહનમાં ભારે મુશ્કેલી સર્જાતી હતી. ટ્રાફિકની સમસ્યાને ધ્યાનમાં રાખીને અને વાહનોની અવરજવર સરળ બનાવવા માટે આખરે એસ્ટેટ વિભાગે કડક કાર્યવાહી કરતા ૧૨ દુકાનોને સીલ મારી દીધા હતા. ■

# ચાર વર્ષથી નાના બાળકો માટે વપરાતી ચાર કફ સિરપ પર સરકારે પ્રતિબંધ લગાવ્યો

અમદાવાદઃ ભારત સરકારે ચાર વર્ષથી નાના બાળકો માટે ખાસ વપરાતી કફ સિરપના ઘટકોમાં ક્લોરોફેનિરામાઈન માલેટી અને ફેનિલેફરાઈન હાઈડ્રોક્લોરાઈડના ઘટકો હોય તો તેનો ઉપયોગ ચાર વર્ષથી નાની વયના બાળકોની સલામતી માટે આ દવાઓનો ઉપયોગ ન કરવાની સૂચના આપી દેવામાં આવી હતી. આ કફ સિરપ ફિક્સ ડોઝ કોમ્બિનેશનથી બનાવવામાં આવતી હોવાથી તેને એફડીસી મેડિસિન તરીકે પણ ઓળખાવવામાં આવે છે. બાળકોની દવાઓના નિષ્ણાતોની સમિતિએ કરેલી ભલામણ પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ દવાઓની બાળકોના આરોગ્ય પર ગંભીર આડઅસર થતી હોવાથી વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ તેનો ઉપયોગ અટકાવવા અગાઉ સૂચના આપી હતી.

આ દવાઓમાં ગ્લેનમાર્ક કંપનીની એસ્કોરિલ ફ્લુ ડ્રોપ, ગ્લેક્સોસ્મિથ ક્લાઈનની આઈ-મિનિક, ઝુવેન્ટસ હેલ્થકેરની મેક્સટ્રાનો સમાવેશ થાય છે. આ મેન્યુફેક્ચરર્સે તેમની દવાની બોટલ પર ચાર વર્ષથી નીચેના બાળકોને આ દવાઓ આપવી નહીં તેવી ચેતવણી પણ લખવાની રહેશે. ■




# વરસાદને કારણે પંજાબ-કોલકાતા મૅચનો અકાળે અંત

## ▶ મેઘરાજાના વિઘ્ન પહેલાં પ્રિયાંશ-પ્રભસિમરને પંજાબને પડકારરૂપ સ્કોર અપાવ્યો

કોલકાતાઃ અહીં ઇડન ગાર્ડન્સમાં ગઈકાલે કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર) સામે પંજાબ કિંગ્સ (પીબીકેએસ)એ બૅટિંગ પસંદ કર્યા બાદ ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૦૧ રન કરીને ડિફેન્ડિંગ ચૅમ્પિયનને જીતવા ૨૦૨ રનનો પડકારરૂપ લક્ષ્યાંક આપ્યો હતો. જોકે કોલકાતાનો સ્કોર વિના વિકેટે સાત રન હતો ત્યારે વરસાદ શરૂ થતાં મૅચ અટકી ગઈ હતી. મોડી રાત્રે આ જ સ્કોર પર મૅચને અનિર્ણિત જાહેર કરવામાં આવી હતી. બંને ટીમને એક-એક પોઈન્ટ આપી દેવામાં આવ્યો હતો.

પ્રભસિમરન સિંહ (૮૩ રન, ૪૯ બૉલ, છ સિક્સર, છ ફોર) અને પ્રિયાંશ આર્ય (૬૯ રન, ૩૫ બૉલ, ચાર સિક્સર, આઠ ફોર)ની ઓપનિંગ જોડીએ ટીમને જબરદસ્ત શરૂઆત અપાવી હતી. તેમની વચ્ચે પ્રથમ વિકેટ માટે ૧૨૦ રનની ભાગીદારી થઈ હતી. બેમાંથી એક પણ ઓપનર સદીની નજીક નહોતો પહોંચી શક્યો, પણ તેમણે ટીમને ૨૦૦-પ્લસના સ્કોરનો પાયો નાખી આપ્યો હતો.

કૅપ્ટન શ્રેયસ ઐયરે ૧૬ બૉલમાં એક છગ્ગા અને એક ચોક્કાની મદદથી પચીસ રન કર્યા હતા અને અણનમ રહ્યો હતો. જોકે ઑલરાઉન્ડર ગ્લેન મૅક્સવેલ (સાત રન) અને માર્કો યેનસેન (ત્રણ રન) સારું રમવામાં નિષ્ફળ રહ્યા હતા, પરંતુ તેમની બોલિંગ પર ટીમે મદાર રાખ્યો હતો.

કોલકાતા વતી વૈભવ અરોરાએ બે વિકેટ તેમ જ વરુણ ચક્રવર્તી અને આન્દ્રે રસેલે એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, શ્રેયસ ઐયરે ટૉસ જીત્યા બાદ પ્રથમ બૅટિંગ કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો. ૧૫મી એપ્રિલે ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં જે મૅચ રમાઈ હતી એમાં પણ શ્રેયસે પ્રથમ બૅટિંગ પસંદ કરી હતી અને પંજાબે એ મુકાબલામાં કોલકાતાને હરાવ્યું હતું.

ગઈકાલની મૅચ માટે પંજાબની ટીમમાં બે ફેરફાર કરવામાં આવ્યા હતા. માર્કસ સ્ટોઇનિસ અને ઝેવિયર બાર્ટલેટના સ્થાને અનુક્રમે ગ્લેન મૅક્સવેલને અને અફઘાનિસ્તાનના અઝમતુલ્લા ઓમરઝાઈને ઇલેવનમાં સમાવવામાં આવ્યા હતા.

**આજે કઈ બે મૅચ?**

મુંબઈ વિરુદ્ધ લખનઊ
વાનખેડે, બપોરે ૩.૩૦

બેંગલૂરુ વિરુદ્ધ દિલ્હી
દિલ્હી, સાંજે ૭.૩૦

અજિંક્ય રહાણેની કૅપ્ટન્સીમાં રમી રહેલી કોલકાતાની ટીમે પણ બે ફેરફાર કર્યા છે. મોઇન અલી તથા રમણદીપ સિંહના સ્થાને અનુક્રમે રૉવમૅન પોવેલ તથા ભાવનગરના લેફ્ટ-હૅન્ડ પેસ બોલર ચેતન સાકરિયાને ઇલેવનમાં સામેલ કર્યો હતો. જોકે ચેતનને ૩૯ રનમાં એકેય વિકેટ નહોતી મળી શકી. હર્ષિત રાણા અને સુનીલ નારાયણ પણ વિકેટ વિનાના રહ્યા હતા. ■



**ચેન્નઈના મોટા ભાગના ખેલાડીઓના ફ્લૉપ-શોએ કૅપ્ટન ધોનીને કર્યો નિરાશ**
શુક્રવારે ચેન્નઈમાં સનરાઈઝર્સ હૈદરાબાદ સામે હારી ગયા પછી વિજેતા ટીમને કૅપ્ટન ધોનીના નેતૃત્વમાં મળી રહેલા ચેન્નઈના ખેલાડીઓ. હૈદરાબાદે આઠ બૉલ બાકી રાખીને પાંચ વિકેટના ભોગે ૧૫૫ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. ચેન્નઈ સ્પર્ધાની લગભગ બહાર થઈ ગયું છે. નિરાશ ધોનીએ કહ્યું, 'ટીમમાં એકાદ-બે ખામી હોય તો ઠીક કરી શકાય, પરંતુ જ્યારે ટીમના મોટા ભાગના ખેલાડીઓ સારું ન રમતા હોય તો બધુ સરખુ કરવું મુશ્કેલ થઈ જાય છે.' (બીસીસીઆઇ)

# વાહ! મોદીજીએ અંગ્રેજીમાં ભાષણ કરીને આતંકવાદીઓ માટેની ચેતવણી આખી દુનિયામાં પહોંચાડી દીધીઃ કનેરિયા

## પાકિસ્તાનના ગુજરાતી હિન્દુ ક્રિકેટર દાનિશે ભારતના વડા પ્રધાનની ખૂબ વાહ-વાહ કરી

કરાચીઃ પહલગામની હૃદયદ્રાવક ઘટનાને લગતી બે દિવસ પહેલાંની રૅલીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હિન્દી ઉપરાંત થોડું અંગ્રેજીમાં પણ પ્રવચન કર્યું એ બદલ પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર અને ગુજરાતી વૈષ્ણવ સમાજના જગવિખ્યાત સ્પિનર દાનિશ કનેરિયાએ મોદીના ખૂબ વખાણ કર્યા છે.

૪૪ વર્ષનો દાનિશ પ્રભાશંકર કનેરિયા ૨૦૦૦થી ૨૦૧૦ની સાલ સુધીમાં પાકિસ્તાન વતી ૬૧ ટેસ્ટ અને ૧૮ વન-ડે રમ્યો હતો અને એમાં તેણે અનુક્રમે ૨૬૧ તથા ૧૫ વિકેટ લીધી હતી.

કનેરિયાએ સોશિયલ મીડિયામાં પીએમ મોદીની ખૂબ પ્રશંસા કરી છે. મંગળવારે પહલગામના હિન્દુ નાગરિકોને લક્ષ્યાંક બનાવવાના હેતુથી પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓએ ૨૮ જણની હત્યા કરી હતી. મોદીએ મધુબની ખાતેની રૅલીને સંબોધતા કહ્યું હતું કે 'આતંકવાદીઓ, તેમના સૂત્રધારો અને તેમને મદદ કરનારાઓને અમે એવી સજા કરીશું કે જેની તેમણે કલ્પના પણ નહીં કરી હોય. અમે ત્રાસવાદીઓને ધરતીના કોઈ પણ છેડેથી શોધીને મારીશું. હુમલાનો ભોગ બનેલા લોકોને ન્યાય અપાવવા અમે દરેક પ્રયત્ન કરીશું. આખો દેશ અમારી પડખે છે.'

૧૯૮૦ની સાલમાં પાકિસ્તાનના સિંધ પ્રાન્તના કરાચી શહેરમાં હિન્દુ પરિવારમાં જન્મેલા દાનિશ કનેરિયાએ 'એક્સ' પર લખ્યું છે કે 'વડા પ્રધાન મોદીએ રૅલી દરમ્યાન હિન્દી ઉપરાંત અંગ્રેજીમાં પણ બોલવાનું પસંદ કર્યું એ બહુ સારું કર્યું. એ સાથે, આખી દુનિયાએ



(આતંકવાદીઓ માટેની) તેમની ચેતવણીને સ્પષ્ટ શબ્દોમાં સાંભળી લીધી. હું આશા રાખું છું કે આ સાથે હવે (ગાઝાની જેમ) દક્ષિણ એશિયામાં પણ આતંકવાદના અંતની શરૂઆત થઈ ગઈ છે.'

કનેરિયાએ નીડરતાથી અને નિખાલસપણે સોશિયલ મીડિયામાં મોદીની પ્રશંસા કરી એ બદલ 'એક્સ' પર કનેરિયાની ખૂબ પ્રશંસા થઈ રહી છે. લલિત ગોર નામના એક યુઝરે લખ્યું છે, 'તું પાકિસ્તાનનો નાગરિક હોવા છતાં ભારતીય નાગરિક હોય એ રીતે તેં જે પ્રતિક્રિયા વ્યક્ત કરી છે એના પરથી કહેવાનું મન થાય છે કે મોટા ભાગના ભારતીયો પણ આવી સુંદર પ્રતિક્રિયા વ્યક્ત નહીં કરી શકતા હોય.'

સુશાંત ઝા નામના યુઝરે 'એક્સ' પર લખ્યું છે કે 'પાકિસ્તાન સરકાર કનેરિયાની ધરપકડ કરે એ પહેલાં તેને સીએએ (સિટિઝનશિપ અમેન્ડમેન્ટ ઍક્ટ, ૨૦૧૯) હેઠળ ભારતનું નાગરિકત્વ આપી દેવું જોઈએ.' ■

# પાકિસ્તાની મહિલા પ્લેયરનો બફાટ, 'શ્રીલંકા કે દુબઈમાં રમીશું, પણ ભારતમાં તો નહીં જ'

## ▶ જોકે આઈસીસીએ પહેલેથી જ નક્કી કર્યું છે કે પાકિસ્તાનના ખેલાડીઓ ભારતના વર્લ્ડ કપમાં પોતાની મૅચો અન્ય દેશમાં રમશે



કરાચીઃ આગામી સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં ભારતમાં મહિલાઓનો વન-ડે વર્લ્ડ કપ રમાવાનો છે અને પાકિસ્તાનની મહિલા ટીમ એ વિશ્વ સ્પર્ધા માટે ક્વૉલિફાય થઈ ચૂકી છે, પરંતુ પાકિસ્તાનની ટીમ આ ટૂર્નામેન્ટ રમવા માટે ભારત આવવા તૈયાર નથી. ખાસ કરીને પાકિસ્તાનની ઓપનર ગુલ ફિરોઝાએ કહ્યું છે કે 'અમે ભારતમાં આ વર્લ્ડ કપ રમવા નહીં આવીએ.' જોકે હકીકતમાં થોડા મહિના પહેલાં જ ભારતના આગ્રહ બાદ ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) દ્વારા નક્કી થઈ ગયું હતું કે (હાઇ-બ્રિડ મૉડેલ હેઠળ) ભારતમાં જો કોઈ ટૂર્નામેન્ટ રમાવાની હોય તો પાકિસ્તાનની ટીમ ભારત નહીં આવે અને કોઈ તટસ્થ સ્થળે પોતાની મૅચો રમશે અને એ જ રીતે સ્પર્ધા જો પાકિસ્તાનમાં યોજાય તો ભારતની મૅચો પાકિસ્તાનને બદલે કોઈ ન્યૂટ્રલ ગ્રાઉન્ડ પર રમાશે.

આ સ્પષ્ટતા અગાઉ થઈ જ ગઈ છે એ જોતાં ગુલ ફિરોઝાએ બફાટ કર્યો કહેવાય, કારણકે સપ્ટેમ્બરના વર્લ્ડ કપ માટે પાકિસ્તાને પોતાની ટીમને ભારતમાં મોકલવાની જ નથી અને જે તટસ્થ સ્થળ નક્કી થશે ત્યાં મોકલવાની રહેશે.

પહલગામમાં મોટા ભાગના હિન્દુ નાગરિકો સહિત કુલ ૨૮ જણનો જાન લેનાર જે આતંકવાદી હુમલો થયો એને પગલે ભારત-પાકિસ્તાનના રાજકીય સંબંધો વધુ વણસી ગયા છે. મહિલા વન-ડેના ટીમ-ટેબલમાં નવમું સ્થાન ધરાવતી પાકિસ્તાનની ટીમની ઓપનિંગ બૅટર ગુલ ફિરોઝાએ પોતાના દેશની એક ચૅનલને કહ્યું, 'અમે આગામી વન-ડે વિશ્વ કપ માટેની ક્વૉલિફાઇંગ મૅચો ઘરઆંગણે રમ્યા હતા. હવે મુખ્ય વર્લ્ડ કપ ભારતમાં રમાવાનો છે, પણ અમે ત્યાં રમવા નહીં જઈએ. શ્રીલંકા કે દુબઈ જઈશું, પરંતુ ભારતમાં તો નહીં જ. એશિયા ખંડમાં હવામાન સહિતની પરિસ્થિતિ બધે એકસરખી હોય એટલે અમને શ્રીલંકા કે દુબઈ ચાલશે.' ■

# 'તમને શરમ આવવી જોઈએ': કનેરિયાએ પાકિસ્તાનના નાયબ વડા પ્રધાનની ઝાટકણી કાઢી

## ▶ હુમલાખોરોને સ્વાતંત્ર્ય સેનાની ગણાવવા બદલ ગુસ્સે કાઢતા કહ્યું, 'હિન્દુ હોવાનો મને ગર્વ છે'

કરાચીઃ દાનિશ કનેરિયાએ સોશિયલ મીડિયામાં પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક દરને ખૂબ વખોડ્યા છે.

પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક દરે ભારતના કાશ્મીર રાજ્યના પહલગામમાં મંગળવારે હિન્દુ પર્યટકો પર હુમલો કરનાર પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદીઓને 'આઝાદીની ચળવળ માટેના લડવૈયા' તરીકે ઓળખાવ્યા એટલે કનેરિયા ગુસ્સે થયો છે.

બે દિવસ પહેલાં જ કનેરિયાએ પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ વિશે સોશિયલ મીડિયામાં કહ્યું હતું કે 'ભારતના પહલગામમાં આટલો મોટો આતંકી હુમલો થયો અને તમે કેમ ચૂપ છો, કેમ કંઈ બોલતા નથી?'

૨૦૧૯ના પુલવામા અટૅક પછીના સૌથી મોટા પહલગામ આતંકી હુમલામાં ૨૮ નાગરિકોના મૃત્યુ થયા છે. આ હુમલો હિન્દુઓને લક્ષ્યાંક બનાવીને જ કરવામાં આવ્યો હતો.

ઈશાક દરે ગુરુવારે પત્રકારોને કહ્યું હતું કે 'યે તો હમેં શુકર ગુઝાર હોના ચાહિયે. વો ફ્રિડમ ફાઈટર્સ ભી હો સકતે હૈ...હમેં નહીં પતા કૌન થે વો. હમનેં ઑનેસ્ટી કે સાથ સ્ટેટમેન્ટ દિયા થા લેકિન મૈં સમઝતા હું ઉન્હોં ને (ઇન્ડિયાને) અપને ફેઈલિયર કો જો ઇન્ટર્નલ હૈ...એક બાર ફિર ઈન્ડાયરેક્ટલી પાકિસ્તાન કો જો હૈ હવાલા કરને કી કોશિશ કી હૈ...'

કનેરિયાએ 'એક્સ' પરના પોતાના હૅન્ડલ પર જણાવ્યું છે કે 'પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક દરની આ પ્રતિક્રિયા શરમજનક તો છે જ, તેઓ આડકતરી રીતે પાકિસ્તાન-પ્રેરિત આતંકવાદને ખુલ્લેઆમ પોષણ પણ આપી રહ્યા છે.'

હિન્દુ હોવા બદલ ગર્વ અનુભવતા કનેરિયાએ 'એક્સ' પર બીજી એક પોસ્ટમાં એવું લખ્યું છે કે 'હું હિન્દુ છું એનો મને ગર્વ છે. હિન્દુ હોવા છતાં જે દેશમાં મારો જન્મ થયો એને મેં ક્રિકેટના ક્ષેત્રે ભરપૂર સેવા આપી છે. વિશ્વભરમાં હિન્દુઓનો સ્પષ્ટ અભિગમ રહ્યો છે કે તેઓ જે દેશમાં જન્મ્યા હોય કે સ્થાયી થયા હોય એ દેશને વફાદાર રહેતા હોય છે. મને પાકિસ્તાનની પ્રજાનો ઘણો પ્રેમ મળ્યો છે, પરંતુ પાકિસ્તાનના શાસકો મારી સાથે ઓરમાયુ વર્તન કરી રહ્યા છે. ભારત-પાકિસ્તાનના ભાગલા પછી પાકિસ્તાનમાં મારા હિન્દુ ભાઈ-બહેનો સાથે જે ભેદભાવભર્યું વર્તન થયું છે એવું જ મારી સાથે પણ થયું છે.' ■

# સુપરમૅન મેન્ડિસના અદ્‌ભુત કૅચ સાથે સનરાઈઝર્સનું ભાગ્ય ખૂલી ગયું!

## ▶ બ્રેવિસનો કૅચ ઝીલીને ચેન્નઈને મુસીબતમાં મૂકી દીધું અને હૈદરાબાદે પહેલી વાર ચેપૉકમાં વિજય મેળવ્યો

ચેન્નઈઃ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ)ના શ્રીલંકન ઑલરાઉન્ડર કમિન્ડુ મેન્ડિસે શુક્રવારે અહીં ચેપૉકના મેદાન પર ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ડેવાલ્ડ બ્રેવિસ (૪૨ રન, પચીસ બૉલ, ચાર સિક્સર, એક ફોર)નો અદ્‌ભુત કૅચ પકડીને સીએસકેની ટીમને ૧૫૪ રન સુધી સીમિત રખાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મેન્ડિસે ઝીલેલા આ કૅચની ગઈ કાલથી બોલબાલા છે.

'કૅચીઝ વિન મૅચીઝ'ની કહેવત અહીં અચૂક લાગુ પડે છે, કારણકે મેન્ડિસના હાથે બ્રેવિસ કૅચઆઉટ થયા પછી ચેન્નઈની ટીમ ૧૫૪ રન સુધી મર્યાદિત રહી હતી અને હૈદરાબાદે ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૫ રન કરીને પ્લે-ઑફ માટેની રેસમાં પહોંચવા માટે અત્યંત જરૂરી વિજય મેળવ્યો હતો.





કમિન્ડુ મેન્ડિસે કૅચ પકડતાં જ બોલર હર્ષલ સ્તબ્ધ થઈ ગયો હતો. (બીસીસીઆઇ)

થોડા મહિનાઓથી ફીલ્ડરો ડાઇવ મારીને (વિશ્વના સર્વશ્રેષ્ઠ ફીલ્ડર સાઉથ આફ્રિકાના જૉન્ટી રહોડ્સની માફક) અફલાતૂન કૅચ પકડવામાં સફળ થયા હોય એવા કિસ્સા વારંવાર બની રહ્યા છે. ગ્લેન ફિલિપ્સ યાદ છેને? બીજી માર્ચે દુબઈમાં ચૅમ્પિયન્સ ટ્રૉફીની મૅચમાં વિરાટ કોહલી ૧૧ રન પર હતો ત્યારે ફિલિપ્સે બૅકવર્ડ પૉઇન્ટ પર ડાઇવ મારીને તેનો અદ્‌ભુત કૅચ પકડ્યો હતો. એ જ મહિનામાં ક્રાઇસ્ટચર્ચમાં ન્યૂ ઝીલૅન્ડના જ ટિમ રૉબિન્સને ડાઇવ મારીને પાકિસ્તાનના શાદાબ ખાનનો કમાલનો કૅચ ઝીલ્યો હતો.

શુક્રવારે ૧૩મી ઓવરમાં ૧૧૪ રનના સ્કોર પર ચેન્નઈની ચાર વિકેટ પડી ચૂકી હતી અને બ્રેવિસ ૪૨ રને રમી રહ્યો હતો. હર્ષલ પટેલે ફુલ લેન્ગ્થમાં ઑફ સ્ટમ્પની બહાર થોડો ધીમો બૉલ ફેંક્યો હતો. બ્રેવિસે લૉફ્ટેડ શૉટમાં સિક્સર કે ફોર ફટકારવાનો પ્રયાસ કર્યો હતો, પણ લૉન્ગ-ઑફ પરથી દોડી આવેલા મેન્ડિસે ડાબી તરફ ડાઇવ મારીને અકલ્પનીય કૅચ પકડ્યો હતો. બૅટ્સમૅન બ્રેવિસના માનવામાં જ નહોતું આવ્યું એ તો ઠીક, બોલર હર્ષલ પટેલ પણ સ્તબ્ધ થઈ ગયો હતો અને મોં પર હાથ રાખીને આશ્ચર્યચકિત ભાવે મેન્ડિસ સામે જોતો રહી ગયો હતો. મેન્ડિસે સફળ કૅચનો સંકેત આપીને ટીમના સૌને ખુશ કરી દીધા હતા અને ચેન્નઈના સ્ટેડિયમમાં સન્નાટો છવાઈ ગયો હતો.

હૈદરાબાદના હેડ-કોચે કહ્યું હતું કે 'આવો કૅચ પકડવા ગજબની ચપળતા જોઈએ અને એ મેન્ડિસે બતાવી. પોતાની દિશામાં આવી રહેલા બૉલ પર ઝડપથી ધ્યાન કેન્દ્રિત કરવું અને પળવારમાં (પરફેક્ટ ટાઇમિંગથી) ડાઇવ મારીને કૅચ આબાદ પકડી લેવો એ ભાગ્યે જ કોઈ ફીલ્ડર કરી શકે.' ■

# રોહિતે શાર્દુલને કહ્યું, 'ક્યા રે એ હીરો, ઘર કા ટીમ હૈ ક્યા?'

મુંબઈઃ વાનખેડે સ્ટેડિયમમાં આજે (બપોરે ૩.૩૦ વાગ્યાથી) મુંબઈ ઇન્ડિયન્સ (એમઆઇ)ની લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે જે મૅચ છે એ માટે શુક્રવારે વાનખેડેના મેદાન પર આયોજિત પ્રૅક્ટિસ સેશન દરમ્યાન એમઆઇનો ઓપનર રોહિત શર્મા મજાકના મૂડમાં હતો. તેણે એમઆઇના સાથી ખેલાડીઓ તો ઠીક, લખનઊની હરીફ ટીમના પ્લેયર્સને પણ નહોતા છોડ્યા. ખાસ કરીને તેણે મૂળ મુંબઈની જ રણજી ટીમમાં પોતાની સાથે રમતા શાર્દુલ ઠાકુરને મજાકમાં સાણસામાં લીધો હતો.

એમઆઇની ટીમ પહેલી પાંચમાંથી ચાર મૅચ હારી ગઈ હતી, પરંતુ છેલ્લી ચારેય મૅચ જીતીને ચોથા નંબર પર આવી ગઈ. એમઆઇ માટે 'અચ્છે દિન' આવી ગયા એટલે શુક્રવારે રોહિત ખુશમિજાજમાં હતો.

પ્લે-ઑફમાં પહોંચવા ઝઝૂમી રહેલી એમઆઇ અને એલએસજીની ટીમની શુક્રવારે એક જ સમયે મેદાન પર અલગ-અલગ પિચ પર નેટ-પ્રૅક્ટિસ હતી. રોહિત એ દિવસે બપોરે ભારતના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર અને લખનઊની ટીમના મેન્ટર ઝહીર ખાન તથા અન્ય ખેલાડીઓ સાથે બેઠો હતો ત્યારે લખનઊની ટીમનો મુખ્ય પેસ બોલર શાર્દુલ ઠાકુર મેદાન પર ઊતરીને નજીક આવ્યો ત્યારે રોહિતે તેને કહ્યું, 'ક્યા રે એ





હીરો, અભી આ રહા હૈ...ઘર કા ટીમ હૈ ક્યા?'

શાર્દુલને સંજીવ ગોયેન્કાની લખનઊની ટીમના ફ્રૅન્ચાઇઝીએ ઈજાગ્રસ્ત પેસ બોલર મોહસિન ખાનના સ્થાને બે કરોડ રૂપિયામાં મેળવ્યો છે.

રોહિતની આ રમૂજી ટિપ્પણી સાંભળીને ઝહીર ખાન સહિત આસપાસના બધા ખેલાડીઓ હસી પડ્યા હતા અને શાર્દુલે મોડા આવવા બદલ ખૂબ વિનમ્રતાથી ઝહીરને 'સૉરી' કહ્યું હતું અને રોહિત પાસે ઊભા રહીને તેની સાથે મજાક-મસ્તી કરવા લાગ્યો હતો. ■

# હર્ષલ પટેલે મૅચ-વિનિંગ પર્ફોર્મન્સનું શ્રેય પરિવારને આપ્યું

## ▶ હૈદરાબાદનો પહેલી વાર ચેપૉકમાં વિજય, ચેન્નઈ સ્પર્ધાની લગભગ બહાર થઈ ગયું

ચેન્નઈઃ આઈપીએલના ઇતિહાસમાં પહેલી જ વાર ચેન્નઈમાં ચેપૉકના ગ્રાઉન્ડ પર ચેન્નઈ સુપર કિંગ્સને સનરાઇઝર્સ હૈદરાબાદે શુક્રવારે રાત્રે હરાવ્યું એનો સંપૂર્ણ જશ હર્ષલ પટેલ (૪-૦-૨૮-૪)ને ફાળે જાય છે અને હર્ષલે મૅચ-વિનિંગ પર્ફોર્મન્સનું શ્રેય પોતાના પરિવારને આપ્યું છે.

મૅન ઑફ ધ મૅચ હર્ષલ પટેલે સૅમ કરૅન (૯ રન), ચેન્નઈ વતી સૌથી સારું રમનાર ડેવાલ્ડ બ્રેવિસ (૪૨ રન, પચીસ બૉલ, ચાર સિક્સર, એક ફોર), ૪૦૦મી ટી-૨૦ મૅચ રમનાર એમએસ ધોની (૬ રન) અને નૂર અહમદ (બે રન)ની વિકેટ લીધી હતી.

હૈદરાબાદના ફ્રૅન્ચાઇઝીએ હર્ષલને ૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો છે.

હર્ષલે માત્ર ૨૮ રનમાં ચાર વિકેટ લીધી એને લીધે જ ચેન્નઈની ટીમ બૅટિંગ માટે અનુકૂળ પિચ પર માત્ર ૧૫૪ રન સુધી સીમિત રહી હતી. હૈદરાબાદે ૧૫૫ રનનો લક્ષ્યાંક ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો જેમાં ઈશાન કિશનના ૪૪ રન હાઈએસ્ટ હતા. ચેન્નઈના બોલર્સમાં નૂર અહમદે સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

નવમાંથી ત્રણ મૅચ જીતનાર હૈદરાબાદની ટીમ છ પોઇન્ટ સાથે હવે આઠમા નંબર પર છે. ચાર પોઇન્ટ સાથે રાજસ્થાનની ટીમ નવમા નંબર પર અને નવમાંથી સાત મૅચ હારી ચૂકેલી ચેન્નઈની ટીમ છેલ્લા (૧૦મા) સ્થાને છે અને આ સ્પર્ધાની લગભગ બહાર થઈ ગઈ છે.

ચેન્નઈમાં ચેપૉકના ગ્રાઉન્ડ ઉપર સીએસકેની ટીમ લાગલગાટ ચોથી મૅચ હારી છે. હૈદરાબાદની પહેલાં ચેપૉકમાં આ સીઝનમાં ચેન્નઈની ટીમને ત્રણ ટીમે હરાવી હતી. કોલકાતા સામે ચેન્નઈ પોતાના લોએસ્ટ સ્કોર (૧૦૩/૯) બાદ હારી હતી, દિલ્હીએ ચેન્નઈને ચેપૉકમાં ૧૫ વર્ષે પહેલી વખત માત આપી અને બેંગલૂરુનો ૧૭ વર્ષ બાદ પહેલી વાર ચેપૉકમાં ચેન્નઈ સામે વિજય થયો હતો.

હર્ષલ પટેલે આ સીઝનમાં બીજી વખત એક મૅચમાં ચાર વિકેટનો તરખાટ મચાવ્યો. તેણે મૅચ પછી અવૉર્ડ સ્વીકારતી વખતે કહ્યું હતું કે મેં સારી લેન્થમાં બૉલ ફેંકતા રહેવાના સતત પ્રયાસો કર્યા હતા એટલે જ વધુ વિકેટો લઈ શક્યો. મેં ખાસ કરીને ધોનીને એવા બૉલમાં કૅચઆઉટ કરવાનું નક્કી કર્યું હતું અને એમાં હું સફળ થયો.'

ધોની ફક્ત એક ફોરની મદદથી બનેલા ચાર રનના પોતાના સ્કોર પર અભિષેક શર્માના હાથમાં કૅચઆઉટ થયો હતો.

ભારત વતી પચીસ ટી-૨૦ મૅચ રમીને એમાં ૨૯ વિકેટ લઈ ચૂકેલા ૩૪ વર્ષના રાઈટ-આર્મ પેસ બોલર હર્ષલ પટેલે એવું પણ કહ્યું હતું કે આઇપીએલ દરમ્યાન મારો પરિવાર મારી આસપાસ હોય છે એ મારા માટે સૌથી મોટા આશીર્વાદ છે. સ્ટેડિયમમાં તેમની હાજરીને કારણે જ હું ખુલ્લા મનથી રમી શકું છું અને સારું પર્ફોર્મ કરી શકું છું. હું મેદાન પર હોઉં ત્યારે ૧૦૦ ટકા ક્રિકેટ વિશે જ વિચારું છું, પરંતુ મેદાનની બહાર જાઉં ત્યારે સારો પિતા અને સારો પતિ બનવા પર જ બધું ધ્યાન કેન્દ્રિત કરું છું.' ■

## દેશભક્તિનો ધર્મ સર્વોપરિ તેથી પહલગામ જેવી ઘટનાઓ પરેશાન કરતી રહેશેઃ પીયૂષ ગોયલ

### કાશ્મીરનો વિકાસ હંમેશાં ધમધમતો રહેશે અને તેને કોઇ રોકી નહીં શકે એમ પણ કહ્યું

મુંબઈઃ ભારતીયો માટે દેશભક્તિ એ સર્વોપરી ધર્મ અને જ્યાં સુધી ૧૪૦ કરોડ ભારતીયો દેશભક્તિને સન્માન આપતા રહેશે ત્યાં સુધી પહલગામ જેવા હુમલા પરેશાન કરતા રહેશે. તેમ છતાં ભારતીયોના જુસ્સાને આવાં કૃત્યો ક્યારેય તોડી નહીં શકે, એમ કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલે જણાવ્યું હતું.

ભારતીયોમાં જુસ્સો જ એવો છે કે કાશ્મીરમાં પર્યટન ફરી ધમધમતું થશે અને અમરનાથ યાત્રામાં શ્રદ્ધાળુઓ જરૂરથી જોડાશે. વૈશ્વિક સ્તરે ભારતના માનમાં જે વધારો થઇ રહ્યો છે તે ચોક્કસ પરિબળોની આંખોમાં ખૂંચી રહ્યું છે અને આવા કૃત્ય કરીને તેઓ પોતાનો રોષ ઠાલવી રહ્યા છે. આ અસહ્ય હુમલો હતો, પરંતુ અમે પણ કોઇને છોડીશું નહીં, એમ ગોયલે જણાવ્યું હતું.

૧૪૦ કરોડ ભારતીય દેશભક્ત છે અને દેશભક્તિ સર્વોપરી ધર્મ છે. તેથી આવી ઘટનાઓ દેશને પરેશાન કરતી રહેશે, પરંતુ ભારત મજબૂત દેશ છે અને આવી ઘટનાઓને જવાબ આપવા માટે પરિપૂર્ણ છે, એમ તેમણે કહ્યું હતું.

ભારતને આંતરિક સંકટોને મહાત આપવામાં સફળતા મળી છે. જેમ કે નકસલીઓનો પણ સતત ખાતમો કરાઇ રહ્યો છે. એ રીતે જ આતંકવાદીઓને પણ ધૂળ ચાટતા કરી દેવામાં આવશે. ભારતના જુસ્સા અને મજબૂતીને કોઇ આંગળી પણ અડાવી નહીં શકે, એમ ગોયલે કહ્યું હતું. કાશ્મીરના પર્યટન વ્યવસાય અંગે પૂછતા કેન્દ્રીય પ્રધાને કહ્યું હતું કે ભારતીયો બહુ મજબૂત અને બહાદુર છે. ટૂંક સમયમાં જ કાશ્મીરમાં પર્યટન શરૂ થઇ જશે. શ્રદ્ધાળુઓ પણ તેમની અમરનાથ યાત્રામાં ઉત્સાહથી જોડાશે. કાશ્મીરમાં વિકાસ હંમેશાં ધમધમતો રહેશે અને તેને કોઇ અટકાવી નહીં શકે, એમ તેમણે કહ્યું હતું. ■

### પુણે પોર્શે કાર કેસ

## સુપ્રીમ કોર્ટે આપ્યા સગીર આરોપીની માતાને વચગાળાના જામીન

પુણેઃ પુણે પોર્શે કાર કેસમાં સુપ્રીમ કોર્ટે જામીન મંજૂર કર્યાના ચોથા દિવસે શનિવારે સગીર આરોપીની માતા જેલની બહાર આવી હતી. આ કેસમાં લોહીના નમૂના સાથે કથિત ચેડાં કરવા માટે ૧૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તેમાંથી પ્રથમને જામીન મળ્યા છે.

સગીરના પિતા, સાસૂન હોસ્પિટલના ડોક્ટર અજય તવારે અને શ્રીહરિ હાલનોર, હોસ્પિટલના સ્ટાફ અતુલ ઘટકાંબળે, બે વચેટિયા અને અન્ય ત્રણ હાલમાં જેલમાં છે. ૧૯મી મેના રોજ ૧૭ વર્ષના સગીરે પોર્શે કાર દ્વારા બે આઇટી પ્રોફેશનલની ટુ-વ્હિલરને ટક્કર મારી હતી જેમાં બન્નેનાં મૃત્યુ થયાં હતાં. ત્યાર બાદ દીકરાને બચાવવા માટે માતાએ તેના લોહીના બદલે પોતાના લોહીના નમૂના આપ્યા હતા જેથી સગીરે અકસ્માત વખતે દારૂ પીધો હોવાનું મેડિકલ રિપોર્ટમાં ન આવે.

સુપ્રીમ કોર્ટે સગીર આરોપીની માતાને જામીન આપતી વખતે પુણેની કોર્ટને જામીન માટેની શરતો નક્કી કરવાનું કહ્યું હતું. સુપ્રીમના કહેવા પ્રમાણે ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ કોર્ટમાં શુક્રવારે બન્ને પક્ષની દલીલો થઇ હતી.

સરકારી વકીલે જણાવ્યું હતું કે અમારા તરફથી આરોપીની માતાને પુણે જિલ્લાની બહાર ન જવા દેવાની, તેનો પાસપોર્ટ લઇ લેવાની, પોલીસ સ્ટેશનમાં ફરજિયાત હાજરી આપવાની તથા હંમેશાં મોબાઇલ લોકેશન ઓન (ચાલુ) રાખવાની શરતો મૂકવામાં આવી હતી. ■

## 'પર્યટકોને પાછા લાવવામાં આવી રહ્યા છે એ સરકારની મોટી ભૂલ'

### કાગળ પર રમત રમવાને બદલે સરકારે મજબૂત પગલાં લેવાની જરૂરઃ આંબેડકર

પુણેઃ પહલગામ હુમલાને ધ્યાનમાં લઇને સરકાર તરફથી ત્યાંના પર્યટકોને પાછા લાવવામાં આવી રહ્યા છે, તેના બદલે સરકારે પર્યટકોને સુરક્ષા પૂરી પાડવી જોઇએ, એમ વંચિત બહુજન આઘાડી (વીબીએ)ના પ્રમુખ પ્રકાશ આંબેડકરે શનિવારે જણાવ્યું હતું.

'સરકાર આ ભૂલ કરી રહી છે. જમ્મુ-કાશ્મીર ફરવા ગયેલા પર્યટકો, જેઓ આતંકવાદીઓથી ગભરાઇ રહ્યા નથી, તેઓને સરકારે સહકાર આપવો જોઇએ, સુરક્ષા પૂરી પાડવી જોઇએ, નહીં કે તેમને પાછા લાવવા જોઇએ. પરિસ્થિતિ સામાન્ય થઇ જશે', એમ ડો. બાબાસાહેબ આંબેડકરના પ્રપૌત્ર અને વીબીએના નેતા પ્રકાશ આંબેડકરે જણાવ્યું હતું. સરકારે પર્યટકોનો ખર્ચ ઉઠાવવો જોઇતો હતો, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. પહલગામ હુમલાના જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની સરકારને વિનંતી કરવા માટે બીજી મેના રોજ હસ્તાક્ષર ઝુંબેશ હાથ ધરવામાં આવશે, એવી જાહેરાત પણ આંબેડકરે કરી હતી. સિંધુ જળ કરાર અંગે પ્રતિક્રિયા આપતા તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે સિંધુ નદીનું પાણી અટકાવવામાં આવે તો તે પાણીનો સંગ્રહ કરવાની ભારતમાં વ્યવસ્થા છે? સરકારે ફક્ત કાગળ પર રમત રમવાને બદલે, કોઇ મજબૂત પગલાં લેવા જોઇએ. ■

## ટક્કરને કારણે બસને થયેલા નુકસાન માટે થાણે ટીએમટીને ૧૪,૮૫૦ રૂપિયા ચૂકવવા બેસ્ટને આદેશ

થાણેઃ મહારાષ્ટ્રના થાણેમાં મોટર એક્સિડન્ટ ક્લેઇમ ટ્રિબ્યૂનલે બેસ્ટને ૨૦૧૭માં થયેલી ટક્કરમાં થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની બસને નુકસાન પહોંચાડવા બદલ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના પરિવહન સંસ્થાને ૧૪,૮૫૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે.

ટ્રિબ્યુનલના પ્રમુખ સભ્ય એસ.એન. શાહે થાણે મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ (ટીએમટી)ને ચુકાદાની તારીખથી ચુકવણી સુધી આઠ ટકા વાર્ષિક વ્યાજ સાથે ૧૪,૮૫૦ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો.

૭ જૂન, ૨૦૧૭ના રોજ, જ્યારે એક ટીએમટી બસ મુંબઈના અંધેરી વિસ્તારમાંથી થાણે પરત ફરી રહી હતી, ત્યારે તે મુલુંડના એરોલી બ્રિજ બસ સ્ટોપ પર ઊભી રહી હતી. તે જ સમયે, એક બેસ્ટ બસે ટીએમટી બસને ટક્કર મારી દીધી હતી. બેસ્ટનો ડ્રાઇવર ટ્રાફિક નિયમો અને નિયમોનું ઉલ્લંઘન કરીને વધુ પડતી ઝડપે ગાડી ચલાવી રહ્યો હતો, એમ ટીએમટી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે.

તેમાં કહેવામાં આવ્યું છે કે ટક્કરને કારણે, ટીએમટી બસને રૂ. ૫૧,૯૪૧નું નાણાકીય નુકસાન થયું હતું અને રૂ. ૩૭,૦૯૧નું દૈનિક આવકનું નુકસાન થયું હતું. તેણે બેસ્ટ પાસેથી કુલ રૂ. ૩,૫૧,૯૪૧નું વળતર માગ્યું હતું. જોકે, મહેસૂલ નુકસાન અથવા વધુ સમારકામ ખર્ચ અંગે દસ્તાવેજી પુરાવાના અભાવે કોર્ટે વળતરને ૧૪,૮૫૦.૩૪ રૂપિયાના એકમાત્ર પ્રમાણિત ઇન્વોઇસ સુધી મર્યાદિત રાખ્યું. ■

## મુંબઈનાં ધાર્મિક સ્થળોની સફાઈની પાલિકાની ઝુંબેશ

### સોમવારથી પખવાડિયું રોજ બબ્બે કલાક આ સ્થળોની સાફસફાઈ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સંપૂર્ણ મુંબઈમાં સ્વચ્છતા ઝુંબેશ હાથ ધર્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકા તરફથી 'વિશેષ સ્વચ્છતા ઝુંબેશ' હેઠળ ધાર્મિક સ્થળોની સફાઈ કરવામાં આવવાની છે, જે અંતર્ગત ૨૮ એપ્રિલથી આગામી ૧૫ દિવસ સુધી મુંબઈના તમામ ૨૪ વોર્ડમાં આવેલા ધાર્મિક સ્થળોની દરરોજ બે કલાક સુધી સફાઈ હાથ ધરાશે.

મુંબઈ મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ત્રણ વર્ષથી પણ વધુ સમયથી મુંબઈમાં નાના-મોટા રસ્તા, ગલીઓ, ખાનગી અને સરકારી હૉસ્પિટલ, મેદાનો, હાઈવે તથા સ્કૂલોમાં 'વિશેષ સ્વચ્છતા ઝુંબેશ' સતત ચલાવવામાં આવી છે. હવે પાલિકાના ઘનકચરા વિભાગે જ્યાં મોટી સંખ્યામાં લોકો હાજર રહેતા હોય એવા ધાર્મિક સ્થળો પર આ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કિરણ દિઘાવકરે જણાવ્યું હતું કે ૧૭ માર્ચ ૨૦૨૨થી માર્ચ ૨૦૨૫ સુધી રોજ રાતના ૧૦થી સવારના છ વાગ્યા સુધી ઈસ્ટર્ન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવની સફાઈ કરવામાં આવી હતી. પહેલી એપ્રિલથી ચાર એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન મુંબઈના મેદાન અને ત્યારબાદ સ્કૂલોમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. હવે મુંબઈના તમામ ધાર્મિક સ્થળો સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાશે, તેમાં માટે સંબંધિત અધિકારીઓને તેમના વોર્ડમાં આવેલા ધાર્મિક સ્થળોને શોધીને તેમના ટ્રસ્ટી અને અધિકારીઓ સાથે સમન્વય સાધીને ત્યાં સફાઈ કરવામાં આવશે, જેમાં મુખ્યત્વે ધાર્મિક સ્થળની આજુબાજુનો પરિસર, તેનો પાર્કિંગ પ્લોટ, મંદિર પરિસરમાં કચરો ભેગો કરવાનું સ્થળ સહિત ત્યાં આવેલી ફૂટપાથ વગેરે સાફ કરવામાં આવશે. એ સાથે જ ત્યાં રહેલા ગેરકાયદે પોસ્ટરો, હૉર્ડિંગ્સ અને પરિસરમાં રહેલી નકામી વસ્તુઓને પણ ત્યાંથી હટાવવામાં આવશે. મંદિરની નજીક રહેલાં શૌચાલયોની પણ સફાઈ કરવામાં આવશે.

પાલિકાની આ ઝુંબેશમાં મુંબઈની બિનસરકારી સંસ્થા, નાગરિકો, પાલિકાના ઘનકચરા વિભાગના અધિકારી-કર્મચારી ભાગ લેશે. સોમવાર, ૨૮ એપ્રિલ, ૨૦૨૫થી નવ મે, ૨૦૨૫ સુધી દરરોજ સવારના ૧૧ વાગ્યાથી બપોરના એક વાગ્યા સુધી સંપૂર્ણ મુંબઈમાં આ ઝુંબેશ અમલમાં મુકાશે. ■

### માર્ગ અકસ્માતમાં યુવકનું મૃત્યુ

## પરિવારને ૩૧.૩૪ લાખનું વળતર

થાણેઃ થાણેની મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલ (એમએસીટી)એ ૨૦૧૯માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા ૧૮ વર્ષના યુવકના પરિવારને ૩૧.૩૪ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલે ટ્રકના માલિક શક્તિવેલ એ. કુંદર અને વીમા કંપની ચોલામંડલમ એમએસ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લિ.ને અરજી કર્યાના દિવસથી આઠ ટકા વ્યાજ સાથે પીડિતના પરિવારને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. ૧૫મી એપ્રિલના આદેશની નકલ શુક્રવારે ઉપલબ્ધ થઇ હતી. તપાસકર્તા પક્ષના જણાવ્યાનુસાર પીડિત પ્રોનોય વિનોદ ઝા ૨૬મી મે, ૨૦૧૯ના થાણેમાં મોટરસાઇકલ ચલાવી રહ્યો હતો ત્યારે ટ્રકે તેની બાઇકને ટક્કર મારી હતી અને યુવક પર ફરી વળી હતી.

અરજદાર તરફથી એફઆઇઆરની નકલ, ઘટનાસ્થળનું પંચનામું, મેડિકલ સહિતના તમામ દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યા હતા. વીમા કંપનીએ એમ કહીને વળતર આપવાનો ઇનકાર કર્યો હતો કે ટ્રક ડ્રાઇવરની ભૂલ જ નહોતી, કારણ કે મોટરસાઇકલ બેદરકારીથી ચલાવવામાં આવી રહી હતી. આ સિવાય યોગ્ય ડ્રાઇવિંગ લાઇસન્સ, ફિટનેસ સર્ટિફિકેટ, ટ્રકના પરમિટ સંબંધિત વીમા કંપનીના અમુક નિયમોનો ભંગ થયો હોવાનું પણ કહ્યું હતું. તેમ છતાં ટ્રિબ્યુનલે તેમની મૌખિક દલીલોને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેની માટે કોઇ દસ્તાવેજી પુરાવાનો આધાર નથી. ■

## ખાનગી પ્રી-પ્રાઈમરી સ્કૂલોને ફરજિયાત નોંધણીનું અલ્ટિમેટમ

મુંબઈઃ રાજ્ય સરકારે ત્રણ થી છ વર્ષના બાળકોને શિક્ષણ આપતી તમામ ખાનગી પ્રી-સ્કૂલોની નોંધણી ફરજિયાત કરવાનો નિર્દેશ જારી કર્યો છે. આ પહેલ ખાનગી સંસ્થાઓનો એક કેન્દ્રીયકૃત ડેટાબેઝ બનાવવા અને આ ક્ષેત્રમાં લાંબા સમયથી ચાલી આવતી માહિતીના અભાવને દૂર કરવાનો પ્રયાસ છે.

હાલમાં, આ વય જૂથના બાળકો માટે પ્રારંભિક શિક્ષણ સરકાર દ્વારા સંચાલિત આંગણવાડીઓ અને બાલવાડીઓ, તેમજ નર્સરી, જુનિયર કેજી, સિનિયર કેજી અને પ્રિ-પ્રાઇમરી વર્ગો જેવા વિવિધ શીર્ષકો હેઠળ કાર્યરત ખાનગી કેન્દ્રો દ્વારા આપવામાં આવે છે. સરકારી કેન્દ્રોનું નિરીક્ષણ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવે છે, ત્યારે ખાનગી પ્રી-સ્કૂલો મોટાભાગે કોઈ દસ્તાવેજો અથવા દેખરેખ વિના કાર્યરત છે.

આ સમસ્યાના ઉકેલ માટે, રાજ્યએ 'પ્રી-સ્કૂલ રજિસ્ટ્રેશન પોર્ટલ' શરૂ કર્યું છે, જેમાં તમામ ખાનગી શાળાઓને પરિપત્ર જારી થયાના સાત દિવસની અંદર નોંધણી કરાવવાની રહેશે. આ પોર્ટલ દરેક સંસ્થાના ડેટા એકત્રિત કરશે, જેમાં મેનેજમેન્ટ માળખું, વિદ્યાર્થી નોંધણી, સ્ટાફિંગ અને માળખાગત સુવિધાઓનો સમાવેશ થાય છે.

શાળા શિક્ષણ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ આ પગલાના મહત્વ પર ભાર મુકતા જણાવ્યું હતું કે, "આ પહેલ ગુણવત્તાયુક્ત, સલામત અને સમાવિષ્ટ પ્રારંભિક શિક્ષણ સુનિશ્ચિત કરવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. એક કેન્દ્રિય રજિસ્ટ્રી સરકારને ધોરણો લાગુ કરવામાં અને વધુ સારી રીતે આયોજન કરવામાં મદદ કરશે,સાથે માતાપિતાને તેમના બાળક માટે શાળા પસંદ કરતી વખતે યોગ્ય માહિતી પૂરી પાડશે.

સત્તાવાળાઓએ તમામ ખાનગી પ્રારંભિક શાળાઓને તાત્કાલિક નોંધણી કરવા વિનંતી કરી છે. ■

## રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન ખોતકરને ધમકીઃ સગીર તાબામાં

જાલનાઃ રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અને શિવસેનાના નેતા અર્જુન ખોતકર તથા પુત્ર અભિમન્યુને સોશિયલ મીડિયા પર કથિત ધમકી આપવા બદલ જાલના જિલ્લાની પોલીસે સગીરને તાબામાં લીધો હતો. આરોપીને અનેક ફેક સોશિયલ મીડિયા અકાઉન્ટ તૈયાર કર્યા હતા અને ખોતકર તથા અભિમન્યુને ધમકી આપી હતી, એમ કદીમ જાલના પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર સિદ્ધાર્થ માનેએ જણાવ્યું હતું. દરમિયાન ખોતકરે દાવો કર્યો હતો કે શહેરમાં ગેરકાયદે પ્રવૃત્તિઓનો પર્દાફાશ કરવાના તાજેતરના તેના પ્રયાસને કારણે તેને ધમકીઓ મળી હશે.

મેં જમીન માફિયા અને આઇપીએલ બૅટિંગ સિન્ડિકેટ સામે અવાજ ઉઠાવ્યો છે. આથી મને ધમકી આપવામાં આવી રહી છે, પણ હું ગભરાઇશ નહીં, એમ ખોતકરે કહ્યું હતું. (પીટીઆઇ) ■

## મુંબઈમાં ગરમી અને ઉકળાટ તો રાજ્યના અમુક વિસ્તારમાં કમોમસી વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં હાલ વિચિત્ર વાતાવરણ જોવા મળ્યું છે. એક તરફ વિદર્ભ સહિત મરાઠવાડામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. તેમાં પાછું વાતાવરણમાં અચાનક પલટો આવવાને કારણે ગરમીની સાથે જ કમોસમી વરસાદ પડી રહ્યો છે, જેમાં શુક્રવારે મોડી રાત મુંબઈના પણ અમુક વિસ્તારમાં વરસાદના ઝાપટા પડી ગયા હતા. જોકે શનિવારે સવારના વાદળિયું વાતાવરણ રહ્યા બાદ આખો દિવસ મુંબઈમાં ગરમી અને ઉકળાટનો અનુભવ થયો હતો.

શુક્રવારે મોડી રાત દક્ષિણ મુંબઈના અમુક વિસ્તારો, ઉપનગર સહિત, થાણે, ડોંબિવલી, કલ્યાણ, નવી મુંબઈ અને પનવેલના વિસ્તારમાં વરસાદના હળવા ઝાપટાં પડી ગયા હતા. શનિવારે જોકે વહેલી સવારે થોડા સમય માટે વાદળિયું વાતાવરણ રહ્યા બાદ આકાશ ચોખ્ખુ થઈ ગયું હતું. મુંબઈમાં દિવસ દરમ્યાન મહત્તમની સાથે લઘુતમ તાપમાનમાં હળવો વધારો જણાયો હતો, જેમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૪ ડિગ્રી તથા વાતવરણમાં ભેજનું પ્રમાણ ૬૦ ટકા નોંધાયું હતું. તો કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૪ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા નોંધાયું હતું.

રાજ્યમાં પણ વિદર્ભ સહિત મરાઠવાડ અને મધ્ય મહારાષ્ટ્રના અમુક જિલ્લામાં આકરી ગરમી વચ્ચે વરસાદના ઝાપટાં પડી જવાને કારણે ગરમીમાં હળવી રાહત મળી હતી. શનિવારે વિદર્ભના બ્રહ્મપુરીમાં અને મરાઠવાડાના પરભણીમાં ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહારાષ્ટ્રના ઉત્તર-દક્ષિણ મરાઠવાડાથી કર્ણાટક અને તમિલનાડુ થઈને મન્નારના અખાત સુધીના આકાશમાં ૦.૯ કિલોમીટરના અંતરે હવાના હળવા દબાણનો પટ્ટો સર્જાયો છે. એ સાથે જ પવની દિશા પણ પૂર્વ-દક્ષિણ-પૂર્વની થઈ ગઈ છે. પૂર્વ-દક્ષિણના પવનો પોતાની સાથે મોટી માત્રામાં ભેજ લાવશે અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાથી વાદળા બંધાઈને વરસાદ પડવાની શક્યતા છે. બદલાયેલા પરિબળોની તીવ્ર અસરને કારણે વાતાવરણના ઉપલા પટ્ટામાં બે વિરુદ્ધ દિશામાં પવનોની ટક્કર થવાની પણ શક્યતા છે. આ કુદરતી પરિબળોની અસર હેઠળ વિદર્ભ સહિત મહારાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં વીજળીના કડાકા સાથે વરસાદ પડવાની શક્યતા છે. વાતાવરણમાં આવેલા પલટાને કારણે વિદર્ભ સહિત મરાઠવાડામાં ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા છે. ■

## કેન્દ્ર સરકારના કાર્યક્રમમાં સુધરાઈના ૪૦૦ એન્જિનિયરોની નિયુક્તિ સામે વધતો વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેન્દ્ર સરકારના કાર્યક્રમ 'વેવ્સ-૨૦૨૫'માં સુધરાઈના ૪૦૦થી વધુ એન્જિનિયર અને મહત્ત્વના ડિપાર્ટમેન્ટના ટેક્નિકલ કર્મચારીઓને તહેનાત કરવા સામે ફરી એક વખત વિરોધ જાગ્યો છે. કર્મચારીઓ યુનિયનની સાથે જ હવે રાજકીય પક્ષોએ પણ તેની સામે નારાજગી દર્શાવી છે.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગેરકાયદે બાંધકામ તોડી પાડનારા એન્જિનિયર સહિતના અધિકારીઓ સામે દબાણ હેઠળ બદલી સહિતનાં આકરાં પગલાં લેવામાં આવી રહ્યા છે, તેની સુધરાઈના અધિકારીઓમાં મોટા પ્રમાણમાં નારાજગી વ્યાપી ગઈ છે. તેમાં હવે સુધરાઈના એન્જિનિયરોથી લઈને અધિકારી-કર્મચારીઓને હવે કેન્દ્ર સરકારના કાર્યક્રમમાં તહેનાત કરવાનો પાલિકા પ્રશાસને નિર્ણય લીધો છે, તેની સામે કર્મચારીઓના યુનિયને વિરોધ દર્શાવ્યો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ આગામી પહેલી મેથી ચાર મે સુધી જિઓ વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં કેન્દ્ર સરકારનો વર્લ્ડ ઓડિયો વિઝયુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (વેવ્ઝ-૨૦૨૫) માટે પાલિકાના લગભગ ૫૦૦ કર્મચારીઓને તહેનાત કરવામાં આવ્યા છે, તેમાંથી ૪૦૦ એન્જિનિયર અને ટેક્નિકલ કર્મચારી છે. આ એન્જિનિયર રોડ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ તથા બ્રિજ ડિપાર્ટમેન્ટના છે. હાલ મોટા પ્રમાણમાં રસ્તાના અને નાળાસફાઈના મહત્ત્વનાં કામ ચાલી રહ્યા છે.

ચોમાસા પહેલાના કામ તેની ડેડલાઈન પર પુરા કરવા આવશ્યક છે. પહેલાથી કર્મચારીઓની અછત હોવાથી એન્જિનિયરો પર કામનું વધારાનું પ્રેશર છે. તેમાં આવી ઈવેન્ટમાં એન્જિનિયરોને કામે લગાડી દેવાથી ચોમાસા પહેલાના મહત્ત્વનાં કામને અસર થઈ શકે છે અને તેની અસર છેવટે સામાન્ય નાગરિકોને જ થવાની છે. ઉપરથી આદેશ આવ્યો હોવાથી ફરજિયાત રીતે એન્જિનિયરો સહિત તમામ કર્મચારીઓને આ કાર્યક્રમમાં ફરજ બજાવી જ પડશે. ■

## 'મી પુન્હા યેઇન' શીર્ષક સાથેનું પુસ્તક લખોઃ અજિત દાદાની ફડણવીસને સલાહ

પુણેઃ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વચ્ચે ખાસ મિત્રતા છે. તેમની મિત્રતા ઘણીવાર કેમેરા સામે દેખાય છે. પુણેમાં એક કાર્યક્રમ દરમ્યાન અજિત પવારે દેવેન્દ્ર ફડણવીસને પુસ્તક લખવાની સલાહ આપી છે. આ પુસ્તકનું શીર્ષક પણ અજિત પવારે જ નક્કી કર્યું છે. આનાથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

તેમણે કહ્યું કે તેઓ મુંબઈ ગયા પછી દેવેન્દ્ર ફડણવીસને ફરી એકવાર પુસ્તક લખવાની સલાહ આપશે. 'ફડણવીસ જ્યારે વિપક્ષના નેતા હતા ત્યારે એક પુસ્તક લખ્યું હતું. હવે તમે બીજું પુસ્તક લખો. 'તેનું નામ' મી પુન્હા યેઇન...' રાખો,' તેમણે ફડણવીસને સંબોધતા કહ્યું.

આ દરમ્યાન,નાયબ મુખ્યમંત્રી અજિત પવારે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા નિર્દોષ ભારતીયોને શ્રદ્ધાંજલિ આપી. આ કાયરતાપૂર્ણ હુમલાની નિંદા કરતા કહ્યું કે તેમનો બદલો શક્ય તેટલી વહેલી તકે લેવો જોઈએ અને તેમને ખતમ કરી દેવા જોઈએ.

તેમણે વધુમાં કહ્યું,મહારાષ્ટ્રમાં એક સમૃદ્ધ રાજકીય અને વૈચારિક પરંપરા છે. સ્વર્ગસ્થ યશવંતરાવ ચવાણના કારણે આપણા રાજ્યને રાજકારણની સુસંસ્કૃતતાનો લાભ મળ્યો છે. સભ્યતા કેવી હોવી જોઈએ, વિચારો કેવી રીતે રજૂ કરવા જોઈએ, અને સામાજિક જ્ઞાનની શક્તિ શું છે? અમે આ બધું યશવંતરાવ ચવાણ સાહેબ પાસેથી શીખ્યા છીએ. આપણે મહારાષ્ટ્રની સભ્યતાનું જતન કરવું જોઈએ. અને તેને આગળ વધારવી જોઈએ. પહેલા રાજકારણમાં એકબીજા પ્રત્યે લાગણી હતી, સ્નેહ અને પ્રેમ હતો. "તાજેતરના સમયમાં આ પ્રકારનો જુસ્સો જોવા મળતો નથી."

તેમણે કહ્યું કે, "મારી જવાબદારીઓ વધી ગઈ હોવાથી, હું હવે પીડીસીસી બેંક પર ધ્યાન કેન્દ્રિત કરી શકતો નથી." તેથી મેં ડિરેક્ટર પદ પરથી રાજીનામું આપ્યું છે.

મેં ૧૯૯૧માં પહેલી વાર ચૂંટણી લડી હતી. તે સમયે મને ભાષણ આપવામાં ડર લાગતો હતો. મને જાહેરમાં બોલવાનો કોઈ અનુભવ નહોતો. ફોર્મ ભરાઈ ગયું અને દગડુશેઠ ગણપતિ પાસે નાળિયેર ફોડીને ભાષણ આપવાની શરૂઆત કરી હતી. મને કઈ બોલતા આવડતું નહોતું. પ્રતિભા કાકી ક્યાંક દૂર ઉભા રહીને જોઈ રહ્યા હતા. પછી તેમણે કહ્યું કે જે થવાનું હશે તે થશે. 'હું બોલવા માટે ઉભો થયો અને અને હવે બધા જોઈ રહ્યા છે કે મેં શું કર્યું છે,' તેમણે ઉમેર્યું. ■

## વૃક્ષ સંજીવની અભિયાનઃ ૮૦૭ ઝાડ કોંક્રીટથી મુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૃક્ષોના સંવર્ધન માટે સુધરાઈએ 'વૃક્ષ સંજીવની અભિયાન ૨૦.૦' હાથ અમલમાં મુક્યું છે, જે હેઠળ છેલ્લા એક અઠવાડિયામાં અત્યાર સુધી વૃક્ષો પરથી ૧,૨૧૩ પોસ્ટરોને હટાવવામાં આવ્યા છે, તો ૮૦૭ વૃક્ષોની આજુબાજુ રહેલા સિમેન્ટ-કોંક્રીટના થરને હટાવવામાં આવ્યા છે.

પાલિકાએ ગયા અઠવાડિયાથી વૃક્ષ સંજીવની અભિયાન હાથ ધર્યું છે, જેમાં ઝાડ પર રહેલાં હૉર્ડિંગ્સ, ખિલ્લા તથા કેબલો હટાવવામાં આવી રહ્યા છે. આ ઝુંબેશ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ સુધી ચાલવાની છે, જેમાં સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ સહિત બિનસામાજિક સંસ્થાઓ પણ જોડાઈ છે. મુંબઈના રસ્તાને લાગીને આવેલા વૃક્ષોને નવજીવન આપવા માટે તથા તેમનું આરોગ્ય જાળવી રાખવા માટે પાલિકાએ આ અભિયાન હાથ ધર્યું છે, જેમાં મુખ્યત્વે રસ્તાની એક તરફ રહેલા વૃક્ષોની આજુબાજુ રહેલા કોંક્રીટના સ્તરને હટાવવામાં આવી રહ્યા છે. કોંક્રીટને કારણે ઝાડના મૂળિયાને પાણી મળતું નથી અને તે ઝાડ સુકાઈને મરી જતા હોય છે. છેલ્લા એક અઠવાડિયામાં મુંબઈના જુદા જુદા વિસ્તારમાં ૮૦૮ વૃક્ષોની આજુબાજુ રહેલા સિમેન્ટ-કોંક્રીટના થરને તેમ જ ઝાડ પરથી ૧,૨૧૩ પોસ્ટરો હટાવવામાં આવ્યા છે. તો કુલ ૩,૯૪૫ વૃક્ષો પરથી અત્યાર સુધી ખિલ્લા, પોસ્ટરો અને કેબલો હટાવવામાં આવ્યા છે. ■

## વિદ્યાર્થીઓની મદદથી મહારાષ્ટ્ર સરકાર પાણી બચાવશે

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકાર ૨૮ મિલિયન ક્યુબિક મીટર પાણીનો સંગ્રહ કરવાની દિશામાં કામ કરી રહી છે. આટલું પાણી મુંબઈ શહેરના સાત દિવસના પુરવઠા સમકક્ષ છે. કોલેજોમાં યુથ એન્ગેજમેન્ટ ફોર વોટર સ્ટુ અર્ડ શિપ (વાયઈડબલ્યુએસ) પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓને સામેલ કરીને પાણીની અછતવાળા ૧૩ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આ જાણકારી એક અધિકારીએ શુક્રવારે આપી હતી. દેશની આર્થિક રાજધાની મુંબઈ દરરોજ લગભગ ૩,૮૦૦-૩,૯૦૦ એમએલડી (મિલ્યન લિટર) પાણીનો વપરાશ કરે છે.

વાયઇડબલ્યુએસ કાર્યક્રમનું નેતૃત્વ રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં યુનિસેફ મહારાષ્ટ્ર, તેમજ સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજ્યુકેશન એન્ડ વ્હાય વેસ્ટના સહયોગથી સાત યુનિવર્સિટીઓની ૧,૫૦૦ કોલેજો સાથે ભાગીદારી કરવામાં આવી છે.

આ કાર્યક્રમ હેઠળ રાજ્યભરમાં એપ્રિલ ૨૦૨૫ સુધીમાં ૧,૯૩,૭૭,૭૧૬ ક્યુબિક મીટર પાણીની બચત થઈ છે જેમાં છેલ્લા ૧૮ મહિનામાં ૫.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને સાંકળીને ૧૩ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ હેઠળ, યુવા સ્વયંસેવકોને પાણીની બચતની પદ્ધતિઓ અને કુદરતી સંસાધનોના સંરક્ષણ દ્વારા બદલાતા વાતાવરણનો પ્રતિસાદ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. (પીટીઆઈ) ■

## ભંડારામાં ડમ્પ યાર્ડમાં લાગી આગ

ભંડારાઃ મહારાષ્ટ્રના ભંડારા જિલ્લાના તુમસરમાં શુક્રવારે કચરાના ડમ્પ યાર્ડમાં આગ લાગી હતી, જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

એક અધિકારીએ જણાવ્યું હતું આગ બપોરે ૧૨.૩૦ પછી લાગી હતી અને કચરો ફેંકવા માટે સ્થળ પર પહોંચેલા કન્ટેનર ટ્રકના એક ક્લીનર દ્વારા અધિકારીઓને જાણ કરવામાં આવી હતી .

"ફાયર ટેન્ડર દ્વારા તરત જ આગને કાબૂમાં લેવામાં આવી હતી. કોઈને ઈજા થઈ હોવાના કોઈ અહેવાલ નથી," અધિકારીએ ઉમેર્યું. (પીટીઆઈ) ■

# એલઓસી પર પાકિસ્તાની સૈન્યએ કર્યું ફાયરિંગઃ ભારતે આપ્યો વળતો જવાબ

શ્રીનગર/નવી દિલ્હીઃ પાકિસ્તાની સૈન્યએ નિયંત્રણ રેખા પર કોઈ ઉશ્કેરણી વિના ફાયરિંગ કર્યું હતું અને ભારતીય સૈનિકોએ તેનો યોગ્ય રીતે જવાબ આપ્યો હતો. સૈન્ય સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું. નોંધનીય છે કે મંગળવારના જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકવાદી હુમલામાં ૨૬ નાગરિકોના મોત બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે સતત બીજી રાત્રે ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

પાકિસ્તાની સૈનિકોએ ગુરુવારે રાત્રે પણ નિયંત્રણ રેખા (એલઓસી) પર ભારતીય સ્થળો પર ગોળીબાર કર્યો હતો અને ભારતે યોગ્ય જવાબ આપ્યો હતો. એક સૂત્રએ જણાવ્યું હતું કે ૨૫ અને ૨૬ એપ્રિલની રાત્રે કાશ્મીરમાં નિયંત્રણ રેખા પર વિવિધ પાકિસ્તાની સૈન્ય ચોકીઓ દ્વારા કોઈ ઉશ્કેરણી વિના નાના હથિયારોથી ગોળીબાર કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતીય સૈનિકોએ નાનાં હથિયારોથી યોગ્ય જવાબ આપ્યો હતો. આ ગોળીબારમાં કોઈ જાનહાનિ થઈ નથી.

પહલગામ હુમલામાં સામેલ આતંકવાદીઓને શોધી કાઢવાના ભારતના દાવાને પગલે પાકિસ્તાની સૈન્યને હાઇ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. પહલગામ હુમલામાં સરહદ પારની સંડોવણીને ધ્યાનમાં રાખીને ભારતે બુધવારે ૬૫ વર્ષ જૂની સિંધુ જળ સંધિને સ્થગિત કરવા, અટારી સરહદ બંધ કરવા અને પાકિસ્તાનીઓને દેશમાંથી હાંકી કાઢવા સહિતના નિર્ણયો લીધા હતા. ભારતે દેશમાં પ્રવેશ કરનારા તમામ પાકિસ્તાનીઓને ૧ મે સુધીમાં દેશ છોડી દેવા પણ કહ્યું.

તેના જવાબમાં પાકિસ્તાને ગુરુવારે તમામ ભારતીય એરલાઇન્સ માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની અને ત્રીજા દેશો સહિત નવી દિલ્હી સાથે વેપાર સ્થગિત કરવાની જાહેરાત કરી હતી. પાકિસ્તાને ભારતના સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના નિર્ણયનો વિરોધ કર્યો હતો અને કહ્યું કે કરાર હેઠળ પાકિસ્તાનના પાણીના પ્રવાહને રોકવા માટેના કોઈપણ પગલાંને 'યુદ્ધની કાર્યવાહી' તરીકે જોવામાં આવશે.

પહલગામ હુમલાને લઇને દેશભરમાં આક્રોશ વચ્ચે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું કે હત્યારાઓનો પૃથ્વીના છેડા સુધી પીછો કરવામાં આવશે કારણ કે તેમણે દરેક આતંકવાદી અને તેમના સમર્થકોની ઓળખ કરવા, તેમને શોધવા અને તેમને સજા આપવાનું વચન આપ્યું હતું. ■



**અંતિમવિધિઃ** વેટિકનમાં શનિવારે સેંટ પીટર્સ સ્કવેર ખાતે પોપ ફ્રાન્સિસની અંતિમવિધિનું હવાઈ દૃશ્ય. (એજન્સી)

# આસામમાં અત્યાર સુધીમાં ૧૧ 'પાકિસ્તાન સમર્થક'ની ધરપકડ

ગુવાહાટીઃ આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાન તરફી કથિત વલણ બદલ વધુ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેનાથી રાજ્યમાં આવી ધરપકડની કુલ સંખ્યા ૧૧ થઈ ગઈ છે.

''પહલગામમાં થયેલા ઘૃણાસ્પદ હુમલાના સંદર્ભમાં પાકિસ્તાનને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન આપનાર અથવા બચાવ કરનાર કોઈપણ વ્યક્તિને આસામ સહન કરશે નહીં,'' એમ તેમણે શુક્રવારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં કહ્યું.

તેમણે એમ પણ કહ્યું કે જો જરૂર પડે તો, આ લોકો પર રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (એનએસએ) હેઠળ કેસ દાખલ કરવામાં આવશે.

સરમાએ અહીં રાજ્ય ભાજપ કાર્યાલયમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે ''ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈ સમાનતા નથી. બંને દેશો દુશ્મન રાષ્ટ્રો છે અને આપણે આવા જ રહેવા જોઈએ.''

તેમણે કહ્યું કે શુક્રવારે કૃષક મુક્તિ સંગ્રામ સમિતિના એક નેતાની 'ભારત વિરોધી ટિપ્પણી' બદલ ધરપકડ કરવામાં આવી હતી અને જે કોઈ આવું વલણ લેશે તેની ધરપકડ કરવામાં આવશે.

''અમે બધી (સોશિયલ મીડિયા) પોસ્ટની તપાસ કરી રહ્યા છીએ, અને જે લોકો અમને લાગે છે કે રાષ્ટ્ર વિરોધી છે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે,'' એમ એમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

ગુરુવારે વિપક્ષી એઆઈયુડીએફ ધારાસભ્ય અમીનુલ ઇસ્લામ સહિત બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે શુક્રવારે રાજ્યભરમાં છ વધુ ધરપકડ કરવામાં આવી હતી, એમ સરમાએ કહ્યું હતું.

એક્સ પરની એક પોસ્ટમાં, સરમાએ કહ્યું કે શુક્રવારે રાત્રે શ્રીભૂમિ જિલ્લામાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ ફેસબુક પર 'પાકિસ્તાન ઝિંદાબાદ' પોસ્ટ કરી હતી. ■

# પોપ ફ્રાન્સિસના અંતિમસંસ્કારમાં અનેક દેશના નેતાઓ હાજર રહ્યા

વેટિકન શહેરઃ પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કારમાં અનેક દેશના નેતાઓ સહિત અંદાજે બે લાખ લોકો હાજર રહ્યા હતા.

કાર્ડિનલ ગિઓવેની બેટીસ્ટાએ જણાવ્યું હતું કે પોપનું દિલ વિશાળ હતું અને દરેક લોકો માટે હંમેશાં ખુલ્લું રહેતું હતું. તેમણે મૃત્યુ પહેલાં બધાને ઇસ્ટરના આશીર્વાદ પણ આપ્યા હતા.

ભારતનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ, અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ જો બાઇડન, યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી, સંયુક્ત રાષ્ટ્રસંઘના મહામંત્રી એન્ટોનિયો ગટેરસ, યુરોપિયન યુનિયનના સભ્ય દેશોના નેતાઓ, પ્રિન્સ વિલિયમ, યુરોપના રાજવી પરિવારના સભ્યો સહિત ૧૬૦ અગ્રણી હાજર રહ્યા હતા. પોપના અંતિમ સંસ્કાર વખતે અનેક હેલિકૉપ્ટર આકાશમાં ચકરાવો લેતા હતા. ઇટલીએ સુરક્ષા વ્યવસ્થા માટે ૨,૫૦૦થી વધારે પોલીસ અને ૧,૫૦૦ સૈનિકને ગોઠવ્યા હતા. અંતિમ સંસ્કાર વખતે કોઇ પણ અનિચ્છનીય બનાવ બને, તો તેનો સામનો કરવા માટે નજીકના કિનારે ટોરપિડો સાથેનું જહાજ પણ તૈયાર રખાયું હતું.

પ્રથમ લેટિન અમેરિકન પોપ ફ્રાન્સિસનું નિધન ૮૮ વર્ષની વયે ઇસ્ટરના સોમવારે પોતાના ઘરે ન્યુમોનિયાની સારવાર લેતી વખતે સ્ટ્રોકને લીધે થયું હતું. (એજન્સી)■

# કુપવાડામાં આતંકવાદીઓના ઠેકાણાનો પર્દાફાશ, વિશાળ માત્રામાં હથિયારો જપ્તઃ પોલીસ

શ્રીનગર : જમ્મુ અને કાશ્મીરના કુપવાડા જિલ્લામાં શનિવારે સુરક્ષા દળોએ એક આતંકવાદી ઠેકાણાનો પર્દાફાશ કરતાં શસ્ત્રો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે, ઉત્તર કાશ્મીર જિલ્લાના મુશ્તાકબાદ માછીલ (સમશા બેહક વન ક્ષેત્ર) ના સેદોરી નાલાના જંગલ વિસ્તારમાં સુરક્ષા દળો દ્વારા શરૂ કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન એક આતંકવાદી ઠેકાણાને સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યું હતું અને તેનો નાશ કરવામાં આવ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે સ્થળ પરથી પાંચ એકે ૪૭રાઇફલ, આઠ એકે ૪૭ મેગેઝિન, એક પિસ્તોલ, એક પિસ્તોલ મેગેઝિન, ૬૬૦ રાઉન્ડ એકે ૪૭ દારૂગોળો, એક પિસ્તોલ રાઉન્ડ અને ૫૦ રાઉન્ડ એમ ૪ દારૂગોળા સહિત શસ્ત્રો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આતંકવાદીઓ આ પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના હેતુથી પ્રવૃત્તિઓ કરવાની તૈયારી કરી રહ્યા હોવાના સંકેતોને ધ્યાનમાં રાખીને આ એક મોટી સફળતા હતી. તેમણે જણાવ્યું હતું કે સુરક્ષા દળો દ્વારા સમયસર કાર્યવાહીથી આવા નાપાક મનસૂબાઓને મોટો ફટકો પડ્યો છે અને નાગરિક જીવન અને જાહેર સલામતી માટેનાં સંભવિત જોખમોને ટાળી દેવામાં આવ્યાં છે. ■

# ઉત્તર પ્રદેશમાં ફટાકડાની ફેક્ટરીમાં ભયંકર વિસ્ફોટ, ત્રણનાં મોત

સહારનપુરઃ ઉત્તર પ્રદેશમાં એક ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટનામાં ત્રણ કામદારોના દાઝી જવાથી મૃત્યુ થયા હતા. આ માહિતી એક અધિકારીએ આપી હતી.

નિહાલ ખેડી ગામમાં વહેલી સવારે થયેલા વિસ્ફોટનો અવાજ લગભગ બે કિલોમીટર સુધી સંભળાયો હતો. સહારનપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ બંસલે પત્રકારોને જણાવ્યું કે આ ઘટના સવારે ૪-૩૦ વાગ્યાની આસપાસ બની હતી. તે સમયે ઘણા કામદારો ત્યાં હાજર હતા. ત્રણ કામદારોના દાઝી જવાથી મોત નીપજ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

આગના બનાવની માહિતી મળતાની સાથે જ પોલીસ કર્મચારીઓ, ફોરેન્સિક ટીમ અને ફાયર ટેન્કરો બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. બંસલે જણાવ્યું કે ફેક્ટરીના ત્રણ સંચાલકોને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. યુનિટ પાસે ફટાકડા બનાવવાનું લાઇસન્સ હતું. પરંતુ ત્યાં બનાવવામાં આવી રહેલા વિશિષ્ટ પ્રકારના ફટાકડાની તપાસ ચાલી રહી છે.

આ દુર્ઘટનામાં મોટા પાયે નુકસાન થયું હોવાની અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી છે. કારણ કે તે સમયે લોકો ફેક્ટરીમાં કામ કરી રહ્યા હતા અને વિસ્ફોટના લીધે ઇમારત ધરાશાયી થઇ હતી. ગ્રામજનોએ દાવો કર્યો હતો કે આ વિસ્તારમાં અનેક ગેરકાયદેસર ફટાકડાના કારખાનાઓ ધમધમી રહ્યા છે અને તે માટે તેઓએ વહીવટીતંત્રની બેદરકારીને જવાબદાર ઠેરવી હતી.■

# સરકાર યુવાનો માટે રોજગારીની તકોમાં વધારો સુનિશ્ચિત કરી રહી છેઃ વડા પ્રધાન મોદી

નવી દિલ્હીઃ તેમની સરકાર રોજગાર અને સ્વરોજગારની તકોમાં વધારો સુનિશ્ચિત કરવા માટે અનેક પગલાં લઇ રહી હોવાનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોમાં ૫૧,૦૦૦થી વધુ ખાલી જગ્યાઓ માટે નિમણૂક પત્રોનું વિતરણ કર્યા બાદ રોજગાર મેળાના ૧૫મા સંસ્કરણને સંબોધતા વડા પ્રધાને જણાવ્યું કે આ યુવાનો માટે અભૂતપૂર્વ તકોનો સમય છે. વર્ચ્યુઅલ કાર્યક્રમમાં તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળે કહ્યું છે કે ભારત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બની રહેશે. તેમણે ભારપૂર્વક કહ્યું કે દરેક ક્ષેત્રમાં રોજગારની તકો વધશે.

મોદીએ જણાવ્યું કે ઓટોમોબાઇલ અને ફૂટવેર ઉદ્યોગોમાં ઉત્પાદન અને નિકાસે નવા રેકોર્ડ સ્થાપ્યા છે. જેનાથી મોટી સંખ્યામાં રોજગારીનુ સર્જન થયું છે. તેમની સરકાર દ્વારા કરવામાં આવેલા પરિવર્તનનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે આંતરિક જળમાર્ગો દ્વારા કાર્ગો અવરજવર ૨૦૧૪ પહેલાના ૧૮ મિલિયન ટનથી વધીને ૧૪૫ મિલિયન ટન થઇ ગઇ છે. જ્યારે રાષ્ટ્રીય જળમાર્ગોની સંખ્યા ૫ થી વધીને ૧૧૦ થઇ ગઇ છે અને તેની લંબાઇ ૨,૭૦૦ કિમીથી વધીને ૫,૦૦૦ કિમી કરતાં વધુ થઇ છે.




**વિતરણઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રોજગાર મેળા યોજના અંતર્ગત શનિવારે ૫૧,૦૦૦ નિમણૂકપત્રનું વર્ચ્યુઅલી વિતરણ કર્યું હતું. (એજન્સી)

વડા પ્રધાને જણાવ્યું કે સૌથી મહત્ત્વની વાત એ છે કે વિકાસ સમાવેશી રહ્યો છે અને દરેક ક્ષેત્રમાં મહિલાઓની ભાગીદારી વધી છે. આ દાયકામાં યુવાનોએ ટેક્નોલોજી, ડેટા અને નવીનતાનાં ક્ષેત્રોમાં ભારતની પ્રગતિને આગળ ધપાવી છે. તેમણે કહ્યું કે દેશ રીઅલ-ટાઇમ ડિજિટલ વ્યવહારોમાં અગ્રેસર છે. વડા પ્રધાને કહ્યું કે મુંબઇમાં યોજાનારી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઇનમેન્ટ સમિટ પણ યુવાનો માટે વૈશ્વિક મંચ પર પોતાનું કૌશલ્ય દર્શાવવાની એક શ્રેષ્ઠ તક બની રહેશે. ■

# ભારતના સૌથી લાંબા રેલવે ટનલ પ્રોજેક્ટ પર મંડરાયો હતો ખતરોઃ અનેક પડકારોનો સામનો કરી મેળવી સફળતા

જનાસુ (ઉત્તરાખંડ) : ઉત્તરાખંડમાં દેવપ્રયાગ અને જાનાસુ વચ્ચે ભારતની સૌથી લાંબી રેલ ટનલનું કામ પૂર્ણ થવામાં અનેક પડકારોનો સામનો કરવો પડ્યો, જેમાં એવી ક્ષણો પર આવી હતી જ્યારે એવું લાગતું હતું કે સુરંગ ધ્વસ્ત થઇ જશે અને સમગ્ર પ્રોજેક્ટ જોખમમાં મુકાઇ શકે છે, લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ (એલ એન્ડ ટી) એ શનિવારે જણાવ્યું હતું.

ટનલ પ્રોજેક્ટના નિર્દેશક રાકેશ અરોરાએ કહ્યું હતું કે 'શક્તિ' નામનું ટનલ બોરિંગ મશીન (ટીબીઓમ) ટનલની અંદર લગભગ પાંચ કિમી અંદર હતું ત્યારે તેને ચારે બાજુથી લગભગ ૧,૫૦૦ લિટર પ્રતિ મિનિટની સ્પીડથી પાણીનો સામનો કરવો પડ્યો હતો. ટીબીએમ ઓપરેટર સિવાય તે સમયે ટનલની અંદર ૨૦૦ લોકો હતા. તે સૌથી મુશ્કેલ ક્ષણોમાંની એક હતી જ્યારે ટનલને પૂર અથવા તૂટી પડવાનો ખતરો હતો. જોકે, અમે તાત્કાલિક સુધારાત્મક પગલાં લીધાં. અરોરાએ કહ્યું હતું કે લગભગ એક મહિના સુધી પરિસ્થિતિમાં કોઈ સુધારો થયો નહોતો. તેમની ટીમે આસપાસના ખડકોને સ્થિર કરવા માટે રસાયણોના મિશ્રણનો ઉપયોગ કરીને તેમ જ સિમેન્ટ ગ્રાઉટિંગનો ઉપયોગ કરીને આને દૂર કરવા માટે લડત આપી હતી અને પરિણામે પાણીનો પ્રવાહ ઓછો થવા લાગ્યો અને ઇજનેરો સફળતાપૂર્વક આંતરિક ભાગોને સ્થિર કરી શકતા હતા. તે સિવાય એવી પણ ક્ષણો આવી જ્યારે આસપાસના નરમ ખડકના ભારે દબાણથી ટનલની પ્રગતિ માટે ગંભીર જોખમ ઊભું થયું હતું જેને ખોદકામને ઝડપી બનાવીને નિયંત્રણ કરવામાં આવ્યું હતું. જે બેન્ટોનાઇટનો ઉપયોગ કરીને ટીપબીએમ શિલ્ડને લુબ્રિકેટ કરીને સફળતાપૂર્વક નિયંત્રિત કરવામાં આવ્યું હતું. ૧૨૫ કિલોમીટર લાંબા ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ લિંક પ્રોજેક્ટ પર ૧૪.૫૭ કિમી લાંબી ટનલને ૧૬ એપ્રિલે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામી અને અન્ય રેલવે અને રાજ્ય અધિકારીઓની હાજરીમાં સફળતા મળી હતી. દેવપ્રયાગ અને જનાસુ ટનલ સૌથી લાંબી હોવા ઉપરાંત, વિશ્વની સૌથી ઝડપી ગતિએ પૂર્ણ થઈ હતી. આ પહેલી વાર હતું જ્યારે હિમાલયમાં પહાડોની ખોદકામ માટે ૯.૧૧-મીટર વ્યાસના સિંગલ શિલ્ડ હાર્ડ રોક ટીબીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રેલ વિકાસ નિગમ લિમિટેડ (આરવીએનએલ) ના જણાવ્યા અનુસાર, ૧૪.૫૭.કિમીમાંથી ૧૦.૪૯ કિમીને ટીબીએમ અને બાકીનું પરંપરાગત ડ્રિલ અને બ્લાસ્ટ પદ્ધતિથી પૂર્ણ થયું હતું. આરવીએનએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર પ્રદીપ ગૌરે પીટીઆઈને જણાવ્યું હતું કે ''સ્પેનમાં ૯.૬૯ મીટર વ્યાસ ધરાવતી કાબરેરા ટનલ ડબલ શિલ્ડ ટનલ બોરિંગ મશીન દ્વારા સરેરાશ ૪૨૩ મીટર પ્રતિ માસના દરે બનાવવામાં આવી હતી અને ૧૦.૪૯ કિમી લાંબી દેવપ્રયાગ-જાનાસુ ટનલ સિંગલ શિલ્ડ ટીબીએમ દ્વારા સરેરાશ ૪૧૩ મીટરના દરે એક મહિનામાં પૂર્ણ કરવામાં આવી હતી. ''હિમાલય ભૂસ્તરીય રીતે સૌથી પડકારજનક હોવાથી તે આખા પ્રોજેક્ટને અત્યંત મુશ્કેલ બનાવે છે. કુલ ૧૨૫ કિમીમાંથી ૧૦૫ કિમી ટનલમાંથી પસાર થાય છે.''



**ઉજવણીઃ** ઉત્તરાખંડના જાનાસુમાં ભારતની સૌથી લાંબી રેલવે ટનલ બનાવવામાં મળેલી સફળતાની ઉજવણી કરી રહેલા એન્જિનિયરો અને સ્ટાફના સભ્યો. ૧૬ એપ્રિલે દેવપ્રયાગ અને જાનાસુ વચ્ચે ૧૪.૫૭ કિ.મી. લાંબી ટનલનું કામ પૂરું કરવામાં સફળતા મળી હતી તે સમયે રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ પણ ઉપસ્થિત રહ્યા હતા. (એજન્સી)

ગૌરે કહ્યું હતું કે ''લગભગ ત્રણ કિમી પુલ દ્વારા અને ચાર કિમી (ઓપનિંગ) અને ક્રોસ માર્ગના માધ્યમથી આવરી લેવામાં આવે છે. ડાબો ભાગ ફક્ત ૧૨ થી ૧૩ કિમી છે જે ૧૨ સ્ટેશન યાર્ડને આવરી લે છે. ટીબીએમના સૌથી મોટો દુશ્મન પાણીના પ્રવેશ અને નરમ સંકોચનીય ખડકો છે જે હિમાલયમાં ટનલ ખોદવાનો પ્રયાસ કરતી વખતે તેમને અવરોધે છે એકવાર ટીબીએમ એક સુરંગની અંદર ફસાઈ જાય તો યોજનાને છોડી દેવામાં આવે છે. ■

# 'હું ભારતની પુત્રવધૂ છું, મને અહીં રહેવા દો', સીમા હૈદરે વડા પ્રધાન મોદીને કરી અપીલ

નોઈડાઃ જમ્મુ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ ભારત સરકારે કાર્યવાહી કરતા પાકિસ્તાની નાગરિકોના વિઝા રદ કરી દીધા હતા. આ નિર્ણય બાદ સીમા હૈદરને દેશનિકાલનો ડર સતાવી રહ્યો છે. તેણે કહ્યું કે 'હું પાકિસ્તાનની પુત્રી હતી, પરંતુ હવે હું ભારતની પુત્રવધૂ છું.'

હૈદર ૨૦૨૩માં ત્યારે ચર્ચામાં આવી હતી જ્યારે તેણીએ તેના ભારતીય બોયફ્રેન્ડ સચિન મીણા સાથે લગ્ન કરવા માટે પાકિસ્તાન છોડી દીધું. તેણી સિંધ પ્રાંતમાં પરિણીત હતી, પરંતુ તે તેના ચાર બાળકો સાથે નેપાળ થઈને ગેરકાયદેસર રીતે ભારતમાં પ્રવેશી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શેર કરવામાં આવેલા એક વીડિયોમાં સીમાએ જણાવ્યું હતું કે ''હું પાકિસ્તાન જવા માગતી નથી. હું પીએમ (નરેન્દ્ર) મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન સીએમ યોગી (આદિત્યનાથ)ને મને ભારતમાં રહેવા દેવાની અપીલ કરું છું.''

હૈદરે દાવો કર્યો હતો કે તેણે સચિન સાથે લગ્ન કર્યા બાદ તેણે હિંદુ ધર્મ અપનાવ્યો હતો. રાષ્ટ્રવ્યાપી ટીકા છતાં તેમના વકીલને આશા છે કે તેમને ભારતમાં રહેવાની મંજૂરી આપવામાં આવશે, કારણ કે તેઓ દાવો કરે છે કે તેઓ હવે પાકિસ્તાની નાગરિક નથી.

હૈદરે કહ્યું હતું કે, ''સીમા હવે પાકિસ્તાની નાગરિક નથી. તેણે ગ્રેટર નોઈડાના રહેવાસી સચિન સાથે લગ્ન કર્યા છે અને તાજેતરમાં જ તેમની પુત્રી ભારતી મીણાને જન્મ આપ્યો છે. તેની નાગરિકતા હવે તેના ભારતીય પતિ સાથે જોડાયેલી છે, તેથી કેન્દ્રનો નિર્દેશ તેના પર લાગુ ન થવો જોઈએ.''

હૈદરે વીડિયોમાં કહ્યું હતું કે, ''હું મોદીજી અને યોગીજીને અપીલ કરું છું કે હું હવે તેમની શરણમાં છું. હું પાકિસ્તાનની પુત્રી હતી, પરંતુ હવે હું ભારતની વહુ છું. મને અહીં રહેવા દો.'' નોંધનીય છે કે પહલગામ આતંકવાદી હુમલાના પગલે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સુરક્ષા પરની કેબિનેટ સમિતિએ પાકિસ્તાની નાગરિકો માટે વિઝા સેવાઓ સ્થગિત કરવા સહિત અનેક વળતા પગલાં લીધા હતા.

વિદેશ મંત્રાલયે પણ જાહેરાત કરી હતી કે પાકિસ્તાની નાગરિકોને જાહેર કરાયેલા તમામ માન્ય વિઝા ૨૭ એપ્રિલથી રદ કરવામાં આવશે. મેડિકલ વિઝા માત્ર ૨૯ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. હાલમાં ભારતમાં રહેલા તમામ પાકિસ્તાની નાગરિકોને તેમના વિઝાની મુદત પૂરી થાય તે પહેલાં દેશ છોડી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. હૈદર કરાચીમાં પોતાનું ઘર છોડીને મે ૨૦૨૩માં ભારત આવી હતી. જુલાઇમાં ભારતીય અધિકારીઓએ ઉત્તર પ્રદેશના ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના રાબુપુરા વિસ્તારમાં મીના સાથે રહેતા તેની ધરપકડ કરી હતી. ૨૦૧૯માં ઓનલાઈન ગેમ્સ રમતી વખતે બંને કથિત રીતે સંપર્કમાં આવ્યા હતા. ■

# યુપી સરકાર રાષ્ટ્રીય સુરક્ષા સામેના કોઈપણ ખતરાનો કડક જવાબ આપશેઃ આદિત્યનાથ

લખીમપુર ખેરીઃ ઉત્તર પ્રદેશ સરકાર રાષ્ટ્રની સુરક્ષા સામેના કોઇપણ ખતરાનો કડક જવાબ આપશે. આ નિવેદન ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શનિવારે આપ્યું હતું. લખીમપુર ખેરી જિલ્લામાં એક જાહેર સભાને સંબોધતા આદિત્યનાથે ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરીને ભાષણની શરૂઆત કરી હતી. જેમાં ૨૬ લોકોના મોત નીપજ્યા હતા. જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. આદિત્યનાથે જણાવ્યું કે હું ઉત્તર પ્રદેશના લોકો વતી આતંકવાદી હુમલાની નિંદા કરું છું અને તમામ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. સમાજમાં આતંકવાદ કે અરાજકતા માટે કોઇ સ્થાન નથી. રાજ્ય સરકારની સુરક્ષા અને વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા મુખ્ય પ્રધાને જણાવ્યું કે ભારત સરકારનું સુરક્ષા અને સુશાસનનું મૉડેલ વિકાસ અને ગરીબોના કલ્યાણ પર આધારિત છે. જો કોઇ આપણી સુરક્ષા સાથે સમાધાન કરવાની હિંમત કરશે તો અમે તેને અમારી ઝીરો ટોલરન્સ નીતિ હેઠળ તે જે સમજે છે એ જ ભાષામાં જવાબ આપીશું.

તેમણે વધુમાં જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળનું નવું ભારત કોઇને ઉશ્કેરતું નથી, પરંતુ જો કોઇ આપણને ઉશ્કેરશે તો તેને બક્ષવામાં નહીં આવે. ઉત્તર પ્રદેશમાં સુરક્ષા સ્થિતિ અંગે બોલતા મુખ્ય પ્રધાને કહ્યું કે વડા પ્રધાન મોદીના માર્ગદર્શન હેઠળ અમે રાજ્યને માફિયા મુક્ત બનાવ્યું છે. અરાજકતા અને રમખાણોથી મુક્ત કર્યું છે અને તેને દેશની અગ્રણી અર્થવ્યવસ્થા બનાવી છે.■

# ગુરુગ્રામમાં રોડ સાફ કરતા સફાઈ કામદારોને પિક-અપ વાહને કચડ્યાઃ છનાં મોત, પાંચ ઘાયલ

ગુરુગ્રામઃ નૂહ જિલ્લાના ફિરોઝપુર ઝીરકા પોલીસ સ્ટેશન હેઠળ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર ઇબ્રાહિમબાસ ગામ નજીક શનિવારે સવારે એક પિક-અપ વાહનની ટક્કરથી થયેલા અકસ્માતમાં ૬ સફાઈ કામદારનાં મોત અને પાંચ અન્ય ઘાયલ થયા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અકસ્માત સવારે ૧૦ વાગ્યાની આસપાસ થયો હતો જ્યારે લગભગ ૧૧ સફાઈ કામદાર એક્સપ્રેસ વે સાફ કરી રહ્યા હતા. અચાનક, એક ઝડપી પિકઅપ વાહને કામદારોને ટક્કર મારી હતી અને તેમાંથી છ લોકોના ઘટનાસ્થળે જ મોત થયાં હતાં, એમ તેમણે જણાવ્યું હતું. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની હાલત ગંભીર છે, એમ તેમણે ઉમેર્યું હતું. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી અને ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં મદદ કરી હતી, એમ તેમણે ઉમેર્યું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મૃતકોની ઓળખ હજુ સુધી થઈ નથી. જોકે, તેઓ ખેરી કલાન ગામના રહેવાસી હોવાનું કહેવાય છે અને એક ઝીમરાવત ગામનો રહેવાસી હોવાનું કહેવાય છે. અકસ્માતના કારણની તપાસ કરવામાં આવી રહી છે અને પિકઅપ ચાલક સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અધિકારીએ ઉમેર્યું હતું કે ''સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓની મદદથી અકસ્માતના સંજોગો જાણવામાં આવશે. ઘાયલોને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે અને અમે તમામ ખૂણાઓથી તપાસ કરી રહ્યા છીએ.'' ■

## મુંબઇ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

### ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઇડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઇડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૪ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૫ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# સરહદી ટેન્શન વચ્ચે સેન્સેક્સે સતત બીજા સપ્તાહે આગેકૂચ જાળવી રાખી, પખવાડિયામાં બંને બેન્ચમાર્કમાં બે ટકા જેવો ઉછાળો

**ફોરકાસ્ટ**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ અમેરિકાના પ્રેસિડેન્ટ ટ્રમ્પે ગુલાંટ મારીને ટ્રેડ વોરની તીવ્રતા ઘટાડવાના સંકેત આપવા સાથે ફેડરલના ચેરમેન પોવેલ સાથેના વિખવાદમાં પણ પાછીપાની કરવાની શરૂઆત કરી હોવાથી વિશ્વભરના શેરબજારોમાં તેજીનો પવન ફૂંકાયો છે અને ભારતીય બજારે પણ તેજીને જોરદાર આવકાર આપ્યો હતો. જોકે, નાપાક પાકિસ્તાન પ્રેરિત પહલગામની આતંકવાદી ઘટા બાદ ભારતે લીધેલા આક્રાં પહલાં બાદ ભયથી ધ્રુજી ઉઠેલા શત્રુ દેશે ઉચ્ચારેલી કાગ ધમકીઓ પાછળ સરહદે તંગદીલી સર્જાતા ગુરુવારથી સેન્સેક્સ અને નિફ્ટીમાં ગુરુવારે પીછેહઠ જોવા મળી હતી. બજારના સાધનો અનુસાર એકધારી સાત દિવસની આગેકૂચ બાદનો આ ઘટાડાનું એક કારણ ઝડપી ઉછાળા પછીનું પ્રોફિટ બુકિંગ પણ છે.

આમ છતાં, ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે બજારમાં બીજા સપ્તાહમાં તેજી જળવાઇ રહી હતી. પહેલગામ આતંકવાદી હુમલા પછી ભૂ-રાજકીય તણાવ છતાં વિદેશી ફંડોની ખરીદી, અમેરિકા-ભારત વેપાર વાટાઘાટોમાંથી સકારાત્મક પરિણામની અપેક્ષા, કોર્પોરેટ સેક્ટરના મિશ્ર પરિણામ જેવા પરિબળોને કારણે ૨૭ એપ્રિલના રોજ પૂરા થયેલા સતત બીજા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં તેજી જળવાઇ રહી હતી.

સમીક્ષા હેઠળના અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ ઇન્ડેક્સ ૬૫૯.૩૩ પોઈન્ટ અથવા ૦.૮૩ ટકા વધીને ૭૯,૨૧૨.૫૩ પર બંધ થયો હતો અને નિફ્ટી૫૦ ૧૮૭.૭ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૨૪,૦૩૯.૩૫ પર બંધ થયો હતો. એપ્રિલ મહિનામાં અત્યાર સુધી, બંને મુખ્ય શેરઆંક બે ટકાથી વધુ વધ્યા છે.

લાર્જ કેપ શેરોમાં વારી એનર્જી, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેક્નોલોજીસ, એલટીઆઇમાઇન્ડટ્રી, મહિન્દ્રા અને મહિન્દ્રા, ડિવિસ લેબોરેટરીઝનાશેરમાં સુધારો નોંધાયો હતો, જ્યારે વરૂણ બેવરેજીસ, સ્વિગી, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન, શ્રીરામ ફાઇનાન્સ, જેએસડબલ્યુ એનર્જી, એનટીપીસી ગ્રીન એનર્જી, એસબીઆઇ કાર્ડ્સ અને પેમેન્ટ સર્વિસિસના શેર ઘટ્યા હતા.

મિડકેપ શેરોમાં એયુ સ્મોલ ફાઇનાન્સ બેંક, ટાટા એલેક્સી, કોફોર્જ, એમફેસીસ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ડેલ્હીવેરી, ઓરેકલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સોફ્ટવેરના શેર ઘટ્યા હતા, જ્યારે ઇન્ડિયન હોટેલ્સ કંપની, એમક્યુર ફાર્માસ્યુટિકલ્સ, એસીસી, બાયોકોન, ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝિસના શેર ઘટ્યા હતા.

સ્મોલ-કેપ ઇન્ડેક્સ નજીવા વધારા સાથે બંધ થયો હતો.

રાજરતન ગ્લોબલ વાયર, થાયરોકેર ટેક્નોલોજીસ, બેસ્ટ એગ્રોલાઇફ પેનિનસુલા લેન્ડ, કેરારો ઇન્ડિયા, એપ્ટેક, ડેક્કન ગોલ્ડ માઇન્સ અને વર્ધમાન સ્પેશિયલ સ્ટીલ્સ ૨૧-૩૨ ટકા વચ્ચે વધ્યા હતા. બીજી તરફ, ગેન્સોલ એન્જિનિયરિંગ, સ્ટરલાઇટ ટેક્નોલોજીસ, પર્લ ગ્લોબલ ઇન્ડસ્ટ્રીઝ, બ્લુ સ્ટાર, સિન્જીન ઇન્ટરનેશનલ, યુનિમેક એરોસ્પેસ અને મેન્યુફેક્ચરિંગ, કેઆર રેલ એન્જિનિયરિંગ, ઇપેક ડ્યુરેબલ્સ, રામકૃષ્ણ ફોર્જિંગ્સ, પીસીબીએલ કેમિકલ, નેલ્કો, ગુજરાત થેમિસ બાયોસિન ૧૦-૨૨ ટકા વચ્ચે ઘટ્યા હતા.

કોર્પોરેટ સેકટરમાં નબળા પરિણામની આગાહી હતી પરંતુ મિશ્ર વલણ જોવા મળ્યું છે. એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સહિતની મુખ્ય કંપનીઓના પરિણામ એકંદરે સારા આવ્યા છે. ત્યારે એચયુએલ સહિતની કંપનીઓના પરિણામ અપેક્ષાથી ઉણાં પણ નિવડ્યા છે.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઇએલ)એ માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થયેલા ચોથા ત્રિમાસિક સમયગાળામાં તેના એકીકૃત ચોખ્ખા નફામાં બે ટકાની વૃદ્ધિ નોંધાવી રૂ. ૧૯,૪૦૭ કરોડનો આંકડો જાહેર કર્યો છે. સમાન સમયગાળામાં કામગીરીમાંથી આવક વાર્ષિક ધોરણે ૧૦ ટકા વધીને રૂ. ૨.૬૪ લાખ કરોડ નોંધાઈ હતી. રિલાયન્સના બોર્ડે નાણાકીય વર્ષ ૨૦૨૫ માટે ઇક્વિટી શેર દીઠ રૂ. ૫.૫૦ના ડિવિડન્ડની દરખાસ્ત કરી છે.

અન્ય કોર્પોરેટ હલચલમાં અગ્રણી કૃષિ-કોમોડિટી ટ્રેડિંગ કંપનીઓમાંની એક ઉમા એક્સપોર્ટ્સ લિમિટેડએ નવી મુંબઈમાં તેની લીઝ્ડ સુવિધા પર તેના કઠોળ ઉત્પાદન કામગીરી શરૂ કરવાની જાહેરાત કરી. નવી સુવિધાનો ટ્રાયલ રન પૂર્ણ કરી તે સંપૂર્ણપણે કાર્યરત કરી છે, જેમાં ૩૬,૦૦૦ એમટીપીએની ઉત્પાદન ક્ષમતાનો ઉમેરો થયો છે. ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટે ચોથા ક્વાર્ટરમાં રૂ. ૧૨૫૯.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જર્મનીની ૬.૪ અબજ યુરોનું કદ ધરાવતી અને ૩૨ દેશમાં હાજરી ધરાવતી કંપની સ્પેશિયાલિટી કેમિકલ્સ કંપની લેન્કસેસ ઇન્ડિયાએ મુંબઈમાં પ્રથમ વિશિષ્ટ સોલ્યુશન્સ ડે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ગ્રાહકો અને સ્ટેક હોલ્ડર્સ એક છતાં નીચે અકત્ર થયા હતા અને કંપનીના એડવાન્સ્ડ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ટરમીડિયેટ્સથી માંડીને લુબ્રિકન્ટ એડિટિવ્સ સહિતના તમામ નવ બિઝનેસ એકમોની માહિતીનું આદાનપ્રદાન થયું હતું.

એલઇડી લાઇટ અને ફિક્સર ઉત્પાદક અને લાઇટિંગ સોલ્યુશન પ્રોવાઇડર, ફોકસ લાઇટિંગ એન્ડ ફિક્સ્ચર્સ લિમિટેડને ગુજરાત સરકારના રોડ એન્ડ બિલ્ડિંગ ડિપાર્ટમેન્ટની ઇલેક્ટ્રિક વિંગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે પેનલમાં સ્થાન આપવામાં આવ્યું છે. વિભાગ દ્વારા કંપનીના પ્રોડક્ટ અને સોલ્યુશનની એસઓઆર સમીક્ષા બાદ તેને પેનલમાં સ્થાન આપાયું છે.

સેકટરલ ધોરણે નિફ્ટી ઇન્ફોર્મેશન ટેકનોલોજી ઇન્ડેક્સ ૬.૫ ટકા, નિફ્ટી ઓટો ઇન્ડેક્સ ત્રણ ટકા, નિફ્ટી રિયલ્ટી અને ફાર્મા ઇન્ડેક્સ ૧.૬ ટકા વધ્યા હતા. જોકે, નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ બે ટકા ઘટ્યો હતો, અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઇન્ડેક્સ લગભગ એક ટકા ઘટ્યો હતો.

આ અઠવાડિયે, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસે તેના બજાર મૂલ્યમાં સૌથી વધુ વધારો નોંધાવ્યો હતો, ત્યારબાદ એચસીએલ ટેક્નોલોજીસ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને ઇન્ફોસિસનો ક્રમ આવે છે. બીજી તરફ, ભારતી એરટેલ, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઇકોનોમિક ઝોન અને હિન્દુસ્તાન યુનિલિવરે તેમના મોટાભાગના બજાર મૂડીકરણમાં ધોવાણ નોંધાવ્યું હતું.

ફોરેક્સ માર્કેટમાં ૧૭ એપ્રિલના રોજ ૮૫.૩૭ ના બંધ સામે, ૨૫ એપ્રિલના રોજ ભારતીય રૂપિયો અમેરિકન ડોલર સામે ૮૫.૪૪ ના સ્તરે નજીવો ઘટાડો દર્શાવે છે. નોંધવું રહ્યું કે, અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે એક વિધાન કર્યું હતું કે ચીનની આયાત પરના ટેરિફ સાવ નાબૂદ તો નહિ જ થાય છતાં, વાટાઘાટોને પગલે તેમાં નોંધપાત્ર ઘટાડો જરૂર થશે.

તેમના આ કથન પછી વેપાર તણાવ હળવો થવાના આશાવાદને કારણે જગતભરના શેરબજારમાં સુધારો આવ્યો હતો અને તેની પાછળ બુધવારે ભારતના બેન્ચમાર્ક શેરઆંક ઊંચા ખુલ્યા હતા. આ ઉપરાંત ટ્રમ્પે યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરોમ પોવેલને બરતરફ કરવાની તેમની ધમકીઓમાંથી પણ પીછેહઠ કરી હતી, જેને પરિણામે આ સપ્તાહની શરૂઆતમાં ત્રણેક વર્ષની નીચી સપાટીએ પહોંચેલા ડોલરમાં નીચા સ્તરેથી રિકવરી જોવા મળી હતી. ■

## અમેરિકામાં મંદીનો તીવ્ર ભયઃ ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં ૧૮૮ મોટી કંપનીઓએ બેન્કરપ્સી નોંધાવી!

નવી દિલ્હીઃ અમેરિકામાં નાદારીમાં જતી કંપનીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ૧૮૮ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ છે. જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર કરતાં ૪૯ ટકા વધુ છે. ૨૦૧૦ પછી એક જ ત્રિમાસિક ગાળામાં નાદારી પામેલ કંપનીઓની આ સૌથી મોટી સંખ્યા છે.

૨૦૨૦ની કોરોના મહામારી દરમિયાન પણ આ સંખ્યા ૧૫૦ને પાર કરી શકી નહોતી. આ રીતે મોટી અમેરિકન કંપનીઓના નાદારીનો ૧૫ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ગયા વર્ષે દેશમાં કુલ ૬૯૪ મોટી કંપનીઓ નાદાર થઈ ગઈ હતી.

૨૦૨૫ના પ્રથમ ક્વાર્ટરમાં અમેરિકામાં ઔદ્યોગિક ક્ષેત્રની ૩૨ કંપનીઓ નાદાર થઈ ગઈ. એ જ રીતે કન્ઝ્યુમર સેક્ટરની ૨૪ કંપનીઓ અને હેલ્થકેર સેક્ટરની ૧૩ કંપનીઓએ પોતાને નાદાર જાહેર કર્યા છે. એવું માનવામાં આવે છે કે વિદેશી વસ્તુઓ પર ટેરિફ લાદવાથી દેશમાં મોંઘવારી વધી શકે છે અને દેશ મંદીમાં સપડાઈ શકે છે.

પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર ૨૪૫ ટકા ટેરિફ લાદી છે. આ કારણોસર, ઘણી અમેરિકન કંપનીઓ ચીનમાંથી પોતાનો બિઝનેસ સમેટી લેવાની તૈયારી કરી રહી છે. જો તેઓ અમેરિકામાં માલનું ઉત્પાદન કરે છે તો તેમના માટે આ બહુ મોંઘો સોદો હોઈ શકે છે. આનો અર્થ એ થયો કે આગામી દિવસોમાં ઘણી વધુ કંપનીઓ નાદાર થવાની શક્યતા છે.

૨૦૧૦ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૨૫૪ કંપનીઓ નાદાર થઈ હતી જ્યારે ગયા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં નાદાર થનારી કંપનીઓની સંખ્યા ૧૩૯ હતી. નિષ્ણાતો કહે છે કે નબળી બેલેન્સશીટ ધરાવતી કંપનીઓ મુશ્કેલીનો સામનો કરી રહી છે. તેમનું દેવું પરિપક્વ થઈ રહ્યું છે અને ઊંચા વ્યાજ દરોને કારણે તે તેને પુનઃધિરાણ કરવામાં સક્ષમ નથી. હવે ટેરિફ વોરના કારણે તેમની સ્થિતિ વધુ ખરાબ થવાની છે. વધતી જતી મોંઘવારીને કારણે લોકો પૈસા ખર્ચવાનું ટાળશે જેના કારણે માંગમાં ઘટાડો થશે. જેનાથી મંદીને વેગ મળશે. ■

## આઈટી અને ટેકનો શેરોની આગેવાનીએ માર્કેટ કેપમાં અંદાજે બે લાખ કરોડ રૂપિયાનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં તેજી અને મંદીના ખેલ વચ્ચે ખાસ કરીને આઈટી અને ટેક ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા હતા અને માર્કેટ કેપમાં રૂ. ૧.૯૮ લાખ કરોડની વૃદ્ધિ થઈ હતી. ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સમીક્ષા હેઠળના સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ગત સપ્તાહના ગુરુવારના ૭૮,૫૫૩.૨૦ પોઇન્ટના બંધથી ૬૫૯.૩૩ પોઈન્ટ્સ (૦.૮૪ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૨૧મી એપ્રિલ, સોમવારે ૭૮,૯૦૩.૦૯ ખૂલી ૨૩મી એપ્રિલ, બુધવારે ઊંચામાં ૮૦,૨૫૪.૫૫ પોઇન્ટ સુધી અને ૨૫મી એપ્રિલ, શુક્રવારે ૭૮,૬૦૫.૮૧ પોઇન્ટ સુધી જઈને અંતે ૭૯,૨૧૨.૫૩ પોઈન્ટ્સની સપાટી પર બંધ રહ્યો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે માર્કેટ કેપિટલ રૂ. ૪૨૧.૫૮ લાખ કરોડ રહ્યું હતું, જે તે અગાઉના સપ્તાહના અંતે રૂ. ૪૧૯.૬૦ લાખ કરોડના સ્તરે હતું. આમ બીએસઇ પર લિસ્ટેડ તમામ કંપનીઓના કુલ માર્કેટ કેપમાં કુલ રૂ.. ૧.૯૮ લાખ કરોડનો વધારો થયો હતો. બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૦.૭૨ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૦.૭૬ ટકા અને બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૦.૭૩ ટકા વધ્યા હતા. બીએસઈ મિડકેપ ૧.૩૧ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૧૨ ટકા વધ્યા હતા. આઈપીઓ ૦.૬૪ ટકા ઘટ્યો હતો જ્યારે એસએમઈ આઈપીઓ ૩.૩૭ ટકા વધ્યો હતો.

સેકટરલ ઈન્ડેક્સમાં બીએસઈ આઈટી ૫.૮૭ ટકા, ટેક ૨.૮૯ ટકા, ઓટો ૨.૮૦ ટકા, રિયલ્ટી ૧.૬૮ ટકા, મેટલ ૧.૧૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૬૫ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૫૫ ટકા અને હેલ્થકેર ૦.૪૫ ટકા વધ્યા હતા જ્યારે પીએસયુ ૦.૫૭ ટકા, પાવર ૦.૪૭ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૨૨ ટકા, એફએમસીજી ૦.૦૯ ટકા અને બેન્કેક્સ ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ટેક મહિન્દ્ર ૧૦.૬૫ ટકા, એચસીએલ ટેક ૮.૯૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૬.૩૯ ટકા, ટાટા મોટર્સ ૫.૦૯ ટકા અને ટીસીએસ ૪.૩૦ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી અધિક ઘટેલા પાંચ શેરમાં અદાણી પોર્ટ્સ ૫.૬૮ ટકા, ભારતી એરટેલ ૪.૦૫ ટકા, એનટીપીસી ૨.૧૯ ટકા, એક્સિસ બેન્ક ૨.૧૮ ટકા અને હિંદ યુનિલવર ૧.૮૫ ટકા ગબડ્યો હતો.

એ ગ્રુપની ૭૧૩ કંપનીઓમાંથી ૩૬૯ કંપનીઓના ભાવ વધ્યા, ૩૪૩ કંપનીઓના ભાવ ઘટ્યા અને એક કંપનીનો ભાવ સ્થિર રહ્યો હતો. બી ગ્રુપની ૧,૨૮૭ કંપનીઓમાંથી ૫૫૭ કંપનીઓના ભાવ વધ્યા, ૭૨૩ કંપનીઓના ભાવ ઘટ્યા અને ૭ કંપનીઓના ભાવ સ્થિર રહ્યા હતા. ■

## સાઉદી અરેબિયા જો ઉત્પાદન વધારશે તો ક્રૂડ ઓઈલના ભાવ ૪૦ ડૉલરની અંદર ઊતરી જશે!

મુંબઈ : ટેરિફ વોરની તીવ્રતામાં થયેલા વધારા અને પાછળથી થયેલા ઘટાડા વચ્ચે ઓપેક દેશોના ઉત્પાદન વધારવાના અને અમેરિકા પાસે ઇન્વેન્ટરીની વધઘટના સમાચાર વચ્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવોમાં પણ અનિયમિત વધઘટ જોવા મળી હતી. તાજેતરના દિવસોમાં ક્રૂડ ઓઇલના ભાવમાં કડાકો બોલાયો જોવા મળ્યો હતો આ ધબડકાની સાથે એક તરફ માગની મંદીની શકયતા અને ઓપેક દ્વારા સાઉદી અરેબિયાની આગેવાનીમાં ક્રુડના ઉત્પાદનમાં વધારો કરવાના આપેલા સંકેત વચ્ચે હવે ક્રુડ ઓઈલના ભાવ ૪૦ ડોલર પ્રતિ બેરલ સુધી ગબડી જવાની આગાહી થવા લાગી છે.

વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ ગોલ્ડમેન સેશે અગાઉ વર્લ્ડ ટ્રેડ વોર વધુ આક્રમક બનતા અને વૈશ્વિક ક્રુડનો પુરવઠો વધવાને કારણે બ્રેન્ટ ક્રુડના ભાવ પ્રતિ બેરલ ૪૦ ડોલરનું લેવલ પણ ગુમાવી શકે છે એવી આગાહી કરી છે. ગોલ્ડમેન સેશનું કહેવું છે કે આત્યંતિક સંજોગોમાં આ પરિસ્થિતિ જોવાઈ શકે છે. આ વિધાનને ટેરિફ વોરની તીવ્રતામાં હાલ થયેલા ઘટાડાને સંદર્ભે સમજવાની જરૂર છે.

ગોલ્ડમેનના વિશ્લેષકોએ ઓઈલના ભાવ કેટલા નીચા જઈ શકે છે? એ શીર્ષકવાળી નોંધમાં જણાવ્યું છે કે, સામાન્ય યુ.એસ. મંદી અને પુરવઠા માટેની બેઝલાઈન અપેક્ષાઓ ધારીને, આ ડિસેમ્બરમાં બ્રેન્ટ પ્રતિ બેરલ ૫૮ ડોલર અને આગામી વર્ષે તે જ મહિનામાં ૫૦ ડોલર જોવા મળી શકે છે.

વૈશ્વિક જીડીપી મંદી અને ઓપેક સહિતના દેશો દ્વારા ઉત્પાદન કાપ સંપૂર્ણ પાછો ખેંચવાની સ્થિતિમાં વધુ આત્યંતિક અને ઓછી સંભાવનાવાળી પરિસ્થિતિમાં, જે બિન ઓપેક પુરવઠાને શિસ્તબદ્ધ કરવાની સ્થિતિમાં ગોલ્ડમેનનો અંદાજ બ્રેન્ટ વર્ષ ૨૦૨૬ના અંતમાં ૪૦ ડોલર પ્રતિ બેરલથી નીચે આવી જશે, એવું યુલિયા ગ્રિગ્સબી સહિતના વિશ્લેષકોએ એક નોંધમાં જણાવ્યું હતું.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વર્લ્ડ ટ્રેડ વોરનું દબાણ, અમેરિકામાં મંદીની વધતી જતી આશંકા, વૈશ્વિક માગનો અભાવ સહિતના પરિબળોએ તાજેતરના દિવસોમાં ઓઈલ માટે અવરોધરૂપ ભૂમિકા ભજવી છે.આટલું પૂરતું નહોતું ત્યાં જ લાંબા સમયગાળા સુધી પુરવઠા પર નિયંત્રણ પછી ઓપેક પ્લસ દેશોએ બજારમાં અપેક્ષા કરતાં વધુ બેરલ ઉત્પાદન સપ્લાય કરવાના આપેલા સંકેતે તૂટતાં ભાવોને ઢાળ આપ્યો છે. પરિણામે, ગોલ્ડમેન સેશ, મોર્ગન સ્ટેનલી જેવા બ્રોકિંગ હાઉસોએ તેમના બેઝ કેસમાં ઓઈલ ભાવ માટેના અંદાજોમાં ઘટાડો કર્યો છે. ક્રુડ ઓઈલના ભાવ બ્રેન્ટ અત્યારે ૬૫ ડોલર પ્રતિ બેરલની ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યા છે. ■

## ડૉલરમાં ઉછાળા-પછડાટને પગલે આરબીઆઇએ ૫૭ ટનથી વધુ સોનું ખરીદ્યું

મુંબઈ : સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ ૫૭.૫૦ ટન સોનાની ખરીદી સાથે ગોલ્ડ રિઝર્વમાં વધારો કરવાનું જાળવી રાખ્યુ હતું. વૈશ્વિક નાણાંકીય અનિશ્ચિતતાને પરિણામે તાજેતરમાં ગોલ્ડના ભાવમાં જોરદાર ઉછાળા પણ આવ્યા છે. માત્ર આરબીઆઈ જ નહીં પરંતુ વિશ્વની મોટાભાગની કેન્દ્રીય બેન્કો સેફ હેવન તરીકે ગોલ્ડની ખરીદી કરી રહી છે.

ડિસેમ્બર, ૨૦૧૭થી જ્યારથી ગોલ્ડ રિઝર્વ ઊભુ કરવાનું શરૂ કરાયું છે ત્યારથી સમાપ્ત થયેલા નાણાં વર્ષની ખરીદી કોઈ એક નાણાં વર્ષની બીજી મોટી ખરીદી રહી હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું. આ અગાઉ નાણાં વર્ષ ૨૦૨૧-૨૨માં રિઝર્વ બેન્કે ૬૬ ટન સોનાની ખરીદી કરી હતી જે અત્યારસુધી સૌથી મોટી ખરીદી રહી હતી. ભૌગોલિક રાજકીય અનિશ્ચતતા, અમેરિકન ડોલરના ભાવમાં વોલેટિલિટી તથા અમેરિકન સરકારના બોન્ડસને લઈને જોવાતી ચિંતાઓને કારણે વિશ્વભરની કેન્દ્રીય બેન્કોને સોનાની વધુ ખરીદી કરવા તરફ વાળી છે.

માર્ચ ૨૦૨૫ના અંત સુધીમાં રિઝર્વ બેન્ક પાસે કુલ ગોલ્ડ રિઝર્વનો આંક ૮૭૯.૬૦ ટન હતો જે માર્ચ ૨૦૨૪ના અંતે ૮૨૨.૧૦ ટન હતો. નાણાં વર્ષ ૨૦૨૦ના અંતે રિઝર્વ બેન્ક પાસે કુલ ૬૫૩ ટન ગોલ્ડ હતું. અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ડોલરમાં ભારે વધઘટ જોવા મળી રહી છે, જેને પરિણામે ગોલ્ડમાં સેફ હેવન આકર્ષણ વધ્યું છે. ભારતના ફોરેકસ રિઝર્વમાં ગોલ્ડનો હિસ્સો વધી રહ્યો છે.

સોનાના ભાવમાં પાછલા એક વર્ષમાં ૩૦ ટકાથી પણ વધુ વધારો થતા ફોરેકસ રિઝર્વમાં સોનાના મૂલ્યમાં વધારો થયો છે. ■

## ટ્રમ્પના તરંગી નિર્ણયોને કારણે ફોરેક્સ માર્કેટમાં પણ હલચલઃ જોકે આરબીઆઇ અસાધારણ અસ્થિરતામાં જ હસ્તક્ષેપ કરશે

મુંબઈઃ ટ્રમ્પના તરંગી નિર્ણયોને કારણે ફોરેક્સ માર્કેટમાં પણ હલચલ સર્જાય છે અને ડોલર સામે રૂપિયો ક્યારેક નબળો કે મજબૂત બનતો જોવા મળે છે. જોકે આં અંગે આરબીઆઇએ તાજેતરમાં જ સ્પષ્ટતા કરી હતી. ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બેંક રૂપિયા અને ડોલર વિનિમય દર માટે કોઈ સ્તર અથવા બેન્ડને લક્ષ્ય બનાવતી નથી, પરંતુ જ્યારે અતિશય અસ્થિરતા હોય ત્યારે જ ફોરેક્સ માર્કેટમાં હસ્તક્ષેપ કરે છે.

તાજેતરમાં એપ્રિલ નાણાકીય નીતિની જાહેરાત પછી પત્રકારો સાથે વાત કરતા, ગવર્નરે કહ્યું કે ચીન અને નાના દેશો સહિત કેટલાક અન્ય દેશોની તુલનામાં ભારત પર અમેરિકન ટેરિફની અસર ઘણી ઓછી છે. આપણે કેટલાક અન્ય દેશો કરતાં વધુ સારી સ્થિતિમાં છીએ. આપણને તુલનાત્મક ફાયદો છે. જોકે મલ્હોત્રાએ એમ પણ સ્વીકાર્યું હતું કે ટેરિફ વૃદ્ધિને માટે અવરોધક છે.

અલબત્ત ટેરિફ વોર હળવી થઇ છે પરંતુ ભારત પરની એકંદર દસ ટકા ટેરિફ હજુ અકબંધ છે. જોકે, એ સમયે તેમણે જણાવ્યું હતું કે, યુએસ ડોલરના સંદર્ભમાં રૂપિયાનું મૂલ્ય બજારના પરિબળો નક્કી કરે છે અને કેન્દ્રીય બેંક ચલણ મૂલ્યની દૈનિક ગતિવિધિથી ચિંતિત નથી.

નાણાં પ્રધાન નિર્મલા સીતારામન અને રિઝર્વ બેંક બોર્ડની બેઠક બાદ પ્રસાર માધ્યમોને સંબોધતા મલ્હોત્રાએ જણાવ્યું હતું કે મધ્યસ્થ બેંક મધ્યમથી લાંબા ગાળામાં રૂપિયાના મૂલ્ય પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે રૂપિયાના અવમૂલ્યન અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું કે, આરબીઆઈના અભિગમમાં કોઈ ફેરફાર થયો નથી. તે કોઈ ભાવ સ્તર અથવા બેન્ડ જોતો નથી. અતિશય અસ્થિરતાને રોકવાનો અમારો પ્રયાસ છે. આપણે દૈનિક ગતિવિધિ અથવા વિનિમય દર પર ધ્યાન આપવું ના જોઇએ.

યુએસ ડોલર સામે રૂપિયાના અવમૂલ્યનની કિંમતમાં વધારા પર થતી અસર અંગે, તેમણે કહ્યું કે પાંચ ટકા અવમૂલ્યન સ્થાનિક ફુગાવાને ત્રીસથી ૩૫ બેસિસ પોઇન્ટની હદ સુધી અસર કરે છે. તેમણે વધુમાં કહ્યું કે આરબીઆઈએ આગામી નાણાકીય વર્ષ માટે વૃદ્ધિ અને ફુગાવાના અંદાજો બનાવતી વખતે વર્તમાન રૂપિયા અને ડોલર દરને ધ્યાનમાં લીધો હતો. ગવર્નરે એમ પણ કહ્યું કે ભારતીય ચલણમાં મોટાભાગનો ઘટાડો વૈશ્વિક મુદ્દાઓ અને ખાસ કરીને યુએસ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ સંબંધિત જાહેરાતોને કારણે ઉભી થયેલી અનિશ્ચિતતાને કારણે છે. આશા છે કે તે શાંત થશે અને તે ફુગાવાના ઘટાડામાં આપણને મદદ કરશે. મલ્હોત્રાએ ખાતરી આપવાનો પણ પ્રયાસ કર્યો કે આરબીઆઇ બેંકિંગ સિસ્ટમમાં પૂરતી તરલતા પૂરી પાડવા માટે તત્પર રહેશે. ■


**વેસ્ટર્ન રેલવે-રતલામ**

**ઓવરહેડ પાવર લાઇનનું અપગ્રેડેશન**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, પશ્ચિમ રેલવે, રતલામ દ્વારા નીચે જણાવેલા કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. ટેન્ડર નં. EL/TRD/58/2025-26/02. તા. ૨૪.૦૪.૨૦૨૫. કાર્યનું નામઃ રતલામ ડિવિઝનમાં અંડર ગ્રાઉન્ડમાંથી ક્રોસિંગ થતી ૩૩/૧૧ ઊંટ ઓવરહેડ પાવર લાઇનનું અપગ્રેડેશન. કાર્યની અંદાજિત કિંમતઃ રૂ. ૧,૪૨,૪૮,૬૪૦/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ/બીડ સિક્યોરિટીઃ રૂ. ૨,૨૧,૩૦૦/-. પૂર્ણ કરવાનો સમયઃ ૧૨ મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ કંઇ નહીં. બંધ થવાની તારીખ અને સમયઃ ૧૯.૦૫.૨૦૨૫ના ૧૫.૦૦ કલાક સુધી. ઓફરની મુદતઃ શરૂ થવાની તારીખથી ૬૦ દિવસ. વેબસાઇટ માહિતીઃ www.ireps.gov.in. નોટિસ બોર્ડનું સ્થળઃ સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) પશ્ચિમ રેલવે, રતલામ-૪૫૭૦૦૧

SNP-09 Sr. DEE/TRD/RTM

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**વેસ્ટર્ન રેલવે-રતલામ**

**૧૪ વિવિધ સ્ટેશન પર ૪૨ લિફ્ટની જોગવાઈ**

રતલામના ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ./પાવર) વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડરના માધ્યમથી ઓપન ટેન્ડર આમંત્રે છે. વિગતો આ મુજબ છેઃ ઈ-ટેન્ડર નંબરઃ EL-2024-25-28R. કાર્યનું નામઃ રતલામ ડિવિઝન- ૧૪ વિવિધ સ્ટેશન પર ૪૨ લિફ્ટની જોગવાઈ. અંદાજિત કિંમતઃ રૂ. 11,70,30,536.92. ડિપોઝિટ કરવાની અર્નેસ્ટ મનીઃ રૂ. 7,35,200.00. પૂરો થવાનો સમયઃ બાર મહિના. સરખા પ્રકારનું કાર્યઃ લિફ્ટની વાર્ષિક જાળવણી કોન્ટ્રેક્ટ/રીપેર/રીહેબિલીટેશન/સપ્લાઈ, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ (એસઆઈટીસી). વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખ ૨૧/૪/૨૦૨૫. ટેન્ડર ખોલવાની તારીખઃ ૨૦/૦૫/૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટિસ, યોગ્યતાનો માપદંડ અને ટેન્ડરના શરતો અને નિયમો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. ટેન્ડરની કિંમત શૂન્ય છે.

ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ./પાવર) રતલામ વેસ્ટર્ન રેલવે

SNP-03

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**પશ્ચિમ રેલવે**

**બ્રિજ અને ટ્રેક વર્કનું સ્ટ્રેટનીંગ**

Sr. Den (સાઉથ), મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ Sr. નં. ૧. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૨૩ તા.૨૧.૦૭.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળ: ચર્ચગેટ - વિરાર સેક્શન : SSE (P. વે) અંધેરી સેક્શન હેઠળ હર્બર લાઈન્સ પર Br. નં. ૨૦ નું સ્ટ્રેટનીંગ. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧,૩૭,૦૬,૫૩૬.૪૮. બારડીઃ ₹ ૨,૧૮,૫૦૦/- ક્ર.નં. ૨. ઈ-ટેન્ડર નોટીસ નં.: BCT/૨૫-૨૬/૨૪ તા. ૨૧.૦૪.૨૦૨૫. કામ અને સ્થળઃ ચર્ચગેટ - વિરાર સેક્શન : SR. DEN (સાઉથ) સેક્શન હેઠળ ૨૪-૨૫માં સેક્શન ટ્રેક વર્કસ સાથેના સંબંધમાં TRR (P)-૭.૪૨૯ Tkm, & TRR (P)-૧૭.૨૧૯ Tkm. કામની અંદાજિત કિંમતઃ ₹ ૧,૫૪,૧૦,૨૯૪.૭૬. બારડીઃ ₹ ૨,૨૭,૧૦૦/-. ઉપરોક્ત ટેન્ડરો બંને માટે, સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૬.૦૫.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૬.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0073

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટિસ**

આથી ખબર આપવામાં આવે છે કે, મારા અસીલમાંના એક **શ્રી શૈલેષ મીઠાલાલ જૈન અને શ્રી આદિ શૈલેષ જૈન**, માલિકો પાસેથી અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વધુ વિગતવાર વર્ણવેલ સદર પ્રીમાઈસીસ ખરીદવા અને સંપાદન કરવા ઇરાદો ધરાવે છે.

**તમામ શખ્સો** જે સદર પ્રીમાઈસીસ કે તેના કોઈપણ ભાગમાં કે તેની સામે વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, એસાઈન્મેટ, લીઝ, સબ-લીઝ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, લીવ એન્ડ લાયસન્સ, ગીરો, લીઅન, ચાર્જ, વારસો, હિસ્સો, વસિયત, ભેટ, જાળવણી, ઈઝમેન્ટ, રીલીઝ, રીલીન્કવીશમેન્ટ, વિકાસ હક્કો અથવા અન્ય કોઈપણ કરારની દ્વારા, ડીડ, દસ્તાવેજ, લખાણ, સમજૂતીના કરાર, ઈચ્છાપત્ર, ડિવાઈઝ, બીક્વેસ્ટ, સક્સેસન, કુટુંબ વ્યવસ્થા / પતાવટ, લીટીગેશન, કાયદાની કોઈપણ કોર્ટની ડીક્રી કે કોર્ટ ઓર્ડર, કોન્ટ્રાક્ટ્સ/એગ્રીમેન્ટ્સ, કે બોજા અથવા બીજી કોઈ રીતે અથવા સદર પ્રીમાઈસીસના સંદર્ભમાં કોઈપણ પ્રકારે કોઈપણ હિસ્સો, હક્ક, ટાઈટલ, હિત અથવા કોઈપણ વાંધા ધરાવતા હોય કે દાવો કરતા હોય તો, આથી સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને તેણીની ઓફિસ, ઓફિસ નં. ૧૦૧, ૧લો માળ, રામ ભુવન રેસીડેન્સી CHSL, પ્રો. વી. એસ. અગાશે પથ, શિવ શંકર મંદિર પાસે, દાદર (પ.), મુંબઈ-૨૮ ખાતે આવા દાવા / વાંધાના સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર મારા અસીલ સદર પ્રીમાઈસીસની ખરીદી સાથે આગળ વધશે અને ત્યાર બાદ કોઈપણ દાવા અને / અથવા વાંધા ત્યજી દિધેલ તરીકે ગણાશે અને વધુમાં એવું માનવામાં આવશે કે આવા કોઈ દાવા, હક્ક, ટાઈટલ કે હિત અસ્તિત્વમાં નથી અને સદર ત્યજી દીધેલ કે છોડી દીધેલ તરીકે ગણાશે અને મારા અસીલ પર બંધનકર્તા રહેશે નહીં.

**અહીં ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ (સદર પ્રીમાઈસીસ)**

ફ્લેટ નં. A-૯૦૧ ભરતમાં ૮૩૫.૫૦ ચો. ફૂટ કાર્પેટ એરિયા, ૯મો માળ, દાદર મનીષ માર્કેટ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પ), મુંબઈ-૨૮, જે સદર સોસાયટીના વિશિષ્ટ નં. ૧૬૧ થી ૧૬૫ (બંને સહિત) ધરાવતા દરેક રૂ. ૫૦/-ના ૫ ફુલ્લી પેઈડ-અપ શેર્સનો સમાવેશ કરતા તારીખ ૨૪મી ડિસેમ્બર, ૨૦૦૦ શેર સર્ટિફિકેટ નં. ૦૩૩ ના સંદર્ભમાં મેમ્બરશીપ હક્કો સાથે નં. P/૭૩ ધરાવતી એક કાર પાર્કિંગ જગ્યા સાથે લોઅર પરેલ ડિવિઝન, મુંબઈ શહેરનો કેડેસ્ટ્રલ સર્વે નં. ૧૩૯૦ (ભાગ) અને ૧/૧૩૯૨ (ભાગ) અને માહિમ ડિવિઝનની T.P.S. IV ના ફાઈનલ પ્લોટ નં. ૪૮૮/૮ અને ૪૮૯ ધરાવતી જમીન પર ઊભેલ છે.

આજ તારીખ ૨૭મી એપ્રિલ, ૨૦૨૫.

સહી/-
ચાર્મી આર. ઠકરાર
એડવોકેટ

# મહારાષ્ટ્રમાં ૫,૦૨૩ પાકિસ્તાની

## શોર્ટ-ટર્મ વિઝાવાળા ૧૦૦૦ને ઘરભેગા થવા કહ્યું

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૫,૦૦૦ પાકિસ્તાની નાગરિક રહે છે અને તેમાંથી ૧૦૦૦ શોર્ટ-ટર્મ પાકિસ્તાની નાગરિકને ૨૭મી એપ્રિલ સુધી ભારત છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો હોવાનું, મહારાષ્ટ્રના પ્રધાન યોગેશ કદમે શનિવારે જણાવ્યું હતું.

અમુક પાકિસ્તાની દેશમાં છેલ્લા આઠથી દસ વર્ષથી રહે છે, અમુકે અહીં લગ્ન કર્યા છે અને અમુક પાકિસ્તાનીએ પોતાના પાકિસ્તાન વિઝા સોંપીને ભારતીય નાગરિકત્વ માટે અરજી કરી છે, એમ કદમે વધુમાં જણાવ્યું હતું.

'મારા અંદાજ પ્રમાણે ૪,૦૦૦ પાકિસ્તાની લોંગ-ટર્મ વિઝા (લાંબા સમયગાળાના વિઝા) પર છે અને

(જુઓ પાનું ૪) ▸▸

### ૧૦૭ પાકિસ્તાનીએ ચિંતા વધારી

રાજ્યના વિવિધ ભાગમાં ૫,૦૨૩ પાકિસ્તાની નાગરિક છે જેમાંથી ફક્ત ૫૧ જણ પાસે અધિકૃત દસ્તાવેજો છે અને ૧૦૭ જણની કોઇ માહિતી જ ઉપલબ્ધ નથી. આ લોકો ક્યાં ગયા, હાલમાં તેઓ શું કરી રહ્યા છે એ અંગે કોઇને કંઇ ખબર જ નથી. ૫,૦૨૩માંથી નાગપુરમાં ૨,૪૫૮, થાણે જિલ્લામાં ૧,૧૦૬ પાકિસ્તાનીઓ છે. ચિંતા હવે ૧૦૭ પાકિસ્તાનીની છે જેઓ વિશે પ્રશાસન પાસે કોઇ માહિતી નથી. ■

## તો પાકિસ્તાન પર તરસ્યા મરવાનો વારો આવશેઃ ફડણવીસ

મુંબઈઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે તમામ રાજ્યના મુખ્ય પ્રધાનોને તેમના રાજ્યના પાકિસ્તાનીઓની ઓળખ કરી તેમને ભારત છોડવા માટે કહેવાનો નિર્દેશ કર્યો છે ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્યમાંથી પાકિસ્તાનીઓને ઘરભેગા કરવાનું કામ ચાલી રહ્યું છે. પહલગામ હુમલા બાદ ભારતે સિંધુ નદી કરાર રદ કર્યા છે. જો તેનું પાણી ભારત રોકી લેશે તો પાકિસ્તાન પર તરસ્યા મરવાનો વારો આવશે, એમ મુખ્ય પ્રધાને કડક શબ્દોમાં કહ્યું હતું.

'જે લોકો વિઝા લઇને અહીં આવ્યા છે

(જુઓ પાનું ૪) ▸▸

## પહલગામનો જડબાતોડ જવાબ અપાશેઃ જે. પી. નડ્ડા

પુણેઃ પહલગામ હુમલા માટે જવાબદાર લોકોને ભારત તરફથી જડબાતોડ જવાબ આપવામાં આવશે, એમ ભાજપના પ્રમુખ જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું.

પુણેમાં શ્રીમંત દગડુશેઠ ગણપતિના દર્શન કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં નડ્ડાએ કહ્યું હતું કે હું અહીંયા ગણપતિ બાપ્પાના આશીર્વાદ મેળવવા માટે આવ્યો છું. જમ્મુ-કાશ્મીરમાં જે પ્રકારે આતંકવાદીઓએ હુમલો કર્યો છે તેનાથી ભારતના લોકો બહુ ગુસ્સે ભરાયા છે અને સંપૂર્ણ દેશને આશા છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ હુમલાનો જોરદાર જવાબ આપશે.

દેશ આ દુઃખદ પરિસ્થિતિનો મજબૂત રીતે સામનો કરી શકે એવી શક્તિ આપવા મારી

(જુઓ પાનું ૪) ▸▸

## એક થવાનો સમય આવી ગયો છેઃ શિવસેના-યુબીટી

મુંબઈઃ મહારાષ્ટ્ર અને મુંબઈના હિત માટે એકત્ર આવવાનો સમય છે અને પક્ષના કાર્યકરો મરાઠીઓના ગૌરવનું રક્ષણ કરવા માટે તૈયાર છે, એમ શિવસેના-યુબીટી દ્વારા શનિવારે જણાવવામાં આવ્યું હતું. શિવસેના-યુબીટીના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરે વર્ષો પછી ફરી એકત્રિત આવવાની અટકળો વચ્ચે ઉક્ત નિવેદન

(જુઓ પાનું ૪) ▸▸

## મારી માતાને બચાવવા માટે મેં મારી જાતને પિતાના સ્થાને મૂકી દીધો : પહલગામ હુમલામાં ભોગ બનનારનો પુત્ર

મુંબઈઃ 'મને એક વાતની ખબર હતી કે મારે શું કરવાનું છે. માતાને બચાવી, તેને સુરક્ષિત જગ્યાએ લઈ જવાની હતી. પિતાએ પણ આમ જ કર્યું હોત' એમ ડોંબિવલીના ૨૦ વર્ષીય હર્ષલ લેલેએ કહ્યું, જેણે તેના પિતાને પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ગુમાવ્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં થયેલા ઘૃણાસ્પદ હુમલાના પાંચ દિવસ પછી, જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા, થાણે જિલ્લાના ડોમ્બિવલીનો ૨૦ વર્ષીય

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

## મુંબઈ પોલીસે આઠ કલાક પૂછપરછ કરી


### રાણાએ ઉડાઉ જવાબ આપ્યા, સહકાર ન આપ્યોઃ પોલીસ

મુંબઈઃ મુંબઈમાં ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી તહવ્વુર રાણાની મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની ટીમે નવી દિલ્હીમાં આઠ કલાક પૂછપરછ કરી હતી. તહવ્વુર રાણા નવી દિલ્હીમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ની કસ્ટડીમાં છે.

ચાર અધિકારીઓની ક્રાઇમ બ્રાન્ચની ટીમે બુધવારે આતંકવાદી હુમલાના કાવતરામાં ભૂમિકા અંગે રાણાની પૂછપરછ કરી હતી. પૂછપરછ દરમિયાન રાણાએ ઉડાઉ જવાબ આપ્યા હતા અને રાણાએ સહકાર આપ્યો

(જુઓ પાનું ૪) ▸▸

પૈસા અને સંપત્તિ : શ્રાપ કે આશીર્વાદ
Money & Wealth : Curse or Blessings




મા સ્વામીની 'પ્રેરણા' મેગેઝિન (મે - જૂન)માં અમેરિકાના દાનવીર દંપતી શ્રી મનુભાઈ અને રીકાબેન શાહ તથા 'જૈના'ના પૂર્વ પ્રમુખ શ્રી મહેશભાઈ અને ઉષાબેન વાધર સાથે શ્રી અજયભાઈ શેઠની સંવાદશ્રેણી સહિત અનેક વિધ સાહિત્ય સામગ્રીનો રસથાળ



લોસ ઍન્જલેસમાં જમણેથી શ્રી મનુભાઈ અને રીકાબેન શાહ, અજયભાઈ શેઠ, ઉષાબેન અને મહેશભાઈ વાધર તસ્વીરમાં નજરે પડે છે.

વિનામૂલ્યે 'પ્રેરણા' મૅગેઝિન ઘેર બેઠાં મેળવવા આપનું નામ, સરનામું, મોબાઈલ No. મોકલો.
Mobile : 8591933848

☛ પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં અમદાવાદમાં 31 મેના શ્રી પ્રેમગુરુદેવની 39મી પુણ્યતિથિ : સ્મૃતિ વંદના
☛ ગોંડલમાં પૂ. ડુંગરગુરુદેવની 205મી પુણ્યતિથિ 12 મે, સોમવારે, સવારે ૯-૩૦ થી ૧૨-૦૦ કલાકે

OM® JEWELLERS

તમારું ફેમિલી જ્વેલર્સ, તમારા આગમનની પ્રતિક્ષા કરે છે!



અક્ષય તૃતિયા ઓફર

પૂરાં 25% ની છૂટ*
ગોલ્ડ જ્વેલરીના મેકિંગ ચાર્જીસ પર

100% સુધીની છૂટ*
નેચરલ ડાયમંડ જ્વેલરી અને અનકટ જ્વેલરીના મેકિંગ ચાર્જીસ પર

100% કિંમત* | 0% ડિડક્શન*
જૂના ગોલ્ડ એક્સચેંજ પર

*નિયમો અને શરતો લાગુ

Om Jewellers | www.omjewellers.com | om_jewellers

એલ ટી રોડ, બોરિવલી (પ.) 📞 022 6158 7000 | આર આર ટી રોડ, મુલુંડ (પ.) 📞 022 2592 7870 | એમ જી રોડ, ઘાટકોપર (પૂર્વ) 📞 022 6931 6000 | 36 ટર્નર રોડ, વાન્દ્રા (પ.) 📞 022 6831 8282

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**